
# દક્ષિણ આફ્રિકાનો

# પુણ્ય પ્રવાસ

(પૂ.શ્રી યોગેશ્વરજીના સાનિધ્યમાં)




(નવેમ્બર ૧૯૮૨ થી માર્ચ ૧૯૮૩)

# - મા સર્વેશ્વરી

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * * * *




<u>e-book</u>

| | |
|---|---|
| Title | : Dakshin Africa no Punya Pravas |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 270 |
| Created | : December 21st 2012. |


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Maa Sarveshwari's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * * * *

## <u>પ્રસ્તાવના</u>



દક્ષિણ આફ્રિકા રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીના જીવન-સિદ્ધાંતોનું આરંભમાં ઘડતર કરનારી કર્મભૂમિ છે. એ ભૂમિને જોવાનો, અને તે ધરતી પર એકસો પચ્ચીસ દિવસો જેટલો સમય ગાળવાનો સુયોગ મને નવેમ્બર ૧૯૮૨ થી માર્ચ ૧૯૮૩ દરમિયાન સાંપડ્યો, જેને મારે મન અમૂલ્ય અવસર ગણું છું. ઈશ્વરકૃપાએ અમારો એ પ્રવાસ સુખદ અને સફળ રહ્યો હતો.

મારો આ દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ પૂ.શ્રી યોગેશ્વરજી સાથે થયો. અમારા દક્ષિણ આફ્રિકાના પ્રવાસ-નિવાસ દરમિયાન ત્યાંના ભિન્ન-ભિન્ન શહેરોમાં પૂ.શ્રીનાં ધર્મનીતિ-બોધનાં વિવિધ વિષયો પરનાં પ્રવચનો થયાં અને અનેક સ્થળે ભાવિક લોકોએ પ્રશ્નોત્તરી દ્વારા ધાર્મિક માર્ગદર્શન મેળવવાનો લહાવો લીધો. આ સત્સંગ-પ્રવૃત્તિમાં મારો પણ યત્કિંચિત્ ફાળો રહ્યો, જે મારે મન સંતોષપ્રદ બાબત છે.

દક્ષિણ આફ્રિકાની ભારતીય અને વિદેશી પ્રજાએ જે ઉત્સાહ દર્શાવ્યો, અને કાર્યક્રમોમાં ઊલટભેર ભાગ લીધો તેથી અમારો પ્રવાસ-હેતુ સાર્થક બન્યો. આ માટે ત્યાંની જનતાને અત્રે અભિનંદન પાઠવવાની તક લઉં છું.

આ પ્રવાસ-પુસ્તક અમારા પ્રવાસ દરમિયાનની નિત્યનોંધરૂપે છે. પ્રવાસના સુખદ ને પ્રેરક સ્મરણો એમાં નોંધાયાં છે. પૂ.શ્રીનાં પચાસેક અંગ્રેજી પ્રવચનો સાંભળવાનો પુણ્યલાભ મને આ પ્રવાસમાં પ્રથમવાર મળ્યો.

આ નોંધપોથીમાં ધર્મ-પ્રચાર પ્રવૃત્તિની નોંધ લેવાઈ છે, સાથોસાથ દક્ષિણ આફ્રિકા વિશેની માહિતીની નોંધ પણ રસિકોને રસપ્રદ નીવડશે એમ માનું છું.

પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરવાનો હેતુ પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ દક્ષિણ આફ્રિકામાં કરેલા કલ્યાણકાર્યનો પરિચય કરાવવાનો છે. આ પ્રકાશનથી એ હેતુ સિદ્ધ થવાનો છે એવી શ્રદ્ધા છે.

**- મા સર્વેશ્વરી**

## પ્રવચન-પ્રવાસની તવારીખ

| તારીખ | સ્થળ |
|---|---|
| ૧૭-૧૧-૮૨ | મુંબઈથી મોરીશિયસ થઈ ડરબન |
| ૨૫-૧૨-૮૨ | ડરબન થી ડન્ડી |
| ૨૮-૧૨-૮૨ | ડન્ડી થી ન્યુ કાસલ |
| ૨૯-૧૨-૮૨ | ન્યુ કાસલ થી એસ્કોટ |
| ૩૦-૧૨-૮૨ | એસ્કોટ થી લેડીસ્મિથ |
| ૩૧-૧૨-૮૨ | લેડીસ્મિથ થી ન્યુ કાસલ |
| ૧-૧-૮૩ | ન્યુ કાસલ થી જોહાનિસબર્ગ |
| ૮-૧-૮૩ | જોહાનિસબર્ગ થી પ્રિટોરીઆ |
| ૧૨-૧-૮૩ | બીનોની |
| ૧૩-૧-૮૩ | પ્રિટોરીઆ થી જોહાનિસબર્ગ |
| ૨૫-૧-૮૩ | જોહાનિસબર્ગથી કેપટાઉન |
| ૨૯-૧-૮૩ | કેપટાઉન થી પોર્ટ ઈલીઝાબેથ |
| ૩૧-૧-૮૩ | પોર્ટ ઈલીઝાબેથ થી યુટનહેગ |
| ૧-૨-૮૩ | યુટનહેગ થી ગ્રેહમ્સ ટાઉન |
| ૨-૨-૮૩ | ગ્રેહમ્સ ટાઉન થી કીંગ વિલિયમ ટાઉન |
| ૩-૨-૮૩ | ઈસ્ટ લંડન |
| ૬-૨-૮૩ | ઈસ્ટ લંડન થી ડરબન |
| ૧-૩-૮૩ | ડરબન થી જોહાનિસબર્ગ |
| ૨-૩-૮૩ | જોહાનિસબર્ગ થી ક્રુગર નેશનલ પાર્ક |
| ૩-૩-૮૩ | ક્રુગર નેશનલ પાર્ક - સ્કુકુઝા કેમ્પ |
| ૪-૩-૮૩ | સ્કુકુઝા થી લીટાબા |
| ૫-૩-૮૩ | લીટાબા થી લુઈસટ્રીકાડ |
| ૬-૩-૮૩ | લુઈસટ્રીકાડ થી જોહાનિસબર્ગ |
| ૮-૩-૮૩ | જોહાનિસબર્ગ થી ડરબન |
| ૨૦-૩-૮૩ | ડરબન થી મોરીશિયસ |
| ૨૧-૩-૮૩ | મોરીશિયસ થી મુંબઈ |

## દક્ષિણ આફ્રિકાનો નક્શો



## યાત્રા પ્રારંભ - દિન ૧

### તા. ૧૭-૧૧-૮૨, બુધવાર, કારતક સુદ બીજ ૨૦૩૯
### મુંબઈથી મોરિશિયસ થઈ ડરબન

આજે સવારે પૂ.શ્રીએ હંમેશ મુજબ યાત્રા માટે પરમશક્તિની આજ્ઞા જાણી લીધી.

'હવે આજે દક્ષિણ આફ્રિકા માટે જરૂર નીકળવાનું છે. જરૂર. જરૂર. દક્ષિણ આફ્રિકા પહોંચીશું આજે આપણે. ઘણો સારો પ્રવાસ રહેશે એ. ત્યાંનો નિવાસ તથા કાર્યક્રમ ખૂબ ખૂબ સારો સુખદ રહેશે. પાછા આવીશું ભારતમાં દક્ષિણ આફ્રિકાથી. આ વખતે થોડીક મુશ્કેલી પડી છતાં બધી રીતે અહીં સારું રહ્યું રહેવાનું. હવે આજે જરૂર આપણે નીકળીશું વિમાનમાં દક્ષિણ આફ્રિકા માટે.'

- યોગેશ્વર

સવારે નવ ને પંદર મિનિટે પરમશક્તિએ ઉપર મુજબનો આદેશ આપ્યો.

અને સાચે જ વિદેશની ધરતી ઉપર દૂર દૂર જવા માટે ૧૧.૧૫ મિનિટે એરપોર્ટ ઉપર આવી ગયાં.

તા. ૧૪નું હવાઈ જહાજ રદ થયું હતું. આજે બુધવાર. એર ઈન્ડીયા ૭૪૫ ના હવાઈ જહાજમાં ૨૪એ અને ૨૪બી ની સીટ ઉપર બેસવાનું બન્યું. એરપોર્ટના અંદરના ભાગમાં શ્રી જીતુભાઈ, શ્રી જે. વી. શાહ, હિંમતભાઈ, ભરત, શ્રી મધુસૂદનભાઈનાં પરિવારે વિદાય આપી. કુ. શાંતાબેન જેઓ અહીંનાં કાર્યકર્તા છે, તેઓએ હવાઈ જહાજના અંદર પ્રવેશવાના પ્રવેશદ્વાર સુધી આવીને વિશેષરૂપે વિદાય આપી.

એક જ વરસમાં બે વાર હવાઈ જહાજમાં બેસવાનું બન્યું. ૨૦મી જાન્યુઆરી, ૧૯૮૨ એ મુંબઈ આવવાનું અમેરિકાથી બન્યું હતું. આજે ૧૭ નવેમ્બર ૧૯૮૨ એ ફરીથી વિદેશયાત્રા શરૂ થઈ.

પૂ.શ્રીએ આજે પણ સૌ ઉપર, સાલમુબારક કહી, સુખી થાઓ એવા આશીર્વાદની વર્ષા ચાલુ જ રાખી.

સતત છ કલાકની યાત્રા પછી મોરિશિયસના એરપોર્ટ ઉપર ઊતર્યા ત્યારે ભારતની ઘડિયાળમાં આઠ વાગ્યા હતા. મોરિશિયસની ઘડિયાળમાં સાત વાગ્યા હતા.

નાનકડું એરપોર્ટ. ૭૪૫નું જ પ્લેન ફક્ત ઊભું હતું. જરૂરી વિધિ, તરત જ ટેબલ ઉપર ચાલુ થઈ. દશ મિનિટમાં એ કાર્ય પૂર્ણ થયું.

ત્યાં તો ડરબનમાં જ વરસોથી રહેતા એક પ્રેમાળ ભાઈ મળી ગયા. તેમણે ખૂબ પ્રેમથી વાતો કરી.

નવ વાગ્યા ભારતની ઘડિયાળમાં ત્યારે એ જ પ્લેન ફરી ઊડ્યું. જેમાં ૧૭ડી, એફ સીટ ઉપર બેઠાં. પૂ.શ્રી એ જીતુભાઈ વડોદરા હવે પહોંચી ગયા હશે એમ કહી એમનું સુખદ સ્મરણ કર્યું.

અહીંથી લગભગ ચાર કલાકની યાત્રા હજી બાકી છે.

પરમશક્તિના આદેશ મુજબ સાચે જ આજે ડરબન પહોંચી જવાનું બનશે.

મોરિશીયસના એરપોર્ટ ઉપર થોડા વરસાદના છાંટાનો અનુભવ થયો.

ડરબન એરપોર્ટ ઉપર ભારતીય સમય પ્રમાણે રાત્રે એક વાગ્યે ઊતર્યા. ત્યારે ડરબનમાં રાતના સાડા નવ થયા હતાં.

વીસાનું કાર્ય પંદર મિનિટમાં પૂર્ણ થયું. ત્યાં તો અહીંના મુખ્ય યજમાન શ્રી શાંતિભાઈ અંદર આવી ગયાં. કસ્ટમમાં બધાંના સામાનનું ચેકિંગ થતું હતું. ત્યાંના અધિકારીઓને પૂ.શ્રીનો પરિચય આપ્યો, જેથી સામાનનું ખાસ ચેકિંગ ન થયું.

બહાર નીકળ્યાં ત્યાં તો દસ-બાર ભાઈઓ અને પાંચ-સાત બહેનો સ્વાગત માટે ઊભાં હતાં.

સંસ્થાના પ્રમુખે પૂ.શ્રીને ફૂલોનો સુંદર હાર અર્પણ કર્યો. એક બહેને સર્વેશ્વરીને ફૂલોનો સુંદર મોટો ગુચ્છો અર્પણ કર્યો.

સંસ્થાના પ્રમુખે સ્વાગત કરતાં કહ્યું, અમારા આમંત્રણને માન આપી આપ બંને અહીં પધાર્યા છો. આપનો પ્રવાસ સફળ થાઓ. આપના આગમનથી અમને સૌને ખૂબ આનંદ થાય છે.

પૂ.શ્રીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, અહીં ત્રણ માસ દરમ્યાન સુંદર કાર્યક્રમ બનાવજો જેથી જનતાને વધુ ને વધુ લાભ મળે. તમારા સૌનો પ્રેમભાવ જોઈ આનંદ થાય છે.

નવું વરસ સૌને માટે સુખકારક બનો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.

નાનકડો વાર્તાલાપ એરપોર્ટ ઉપર ઔપચારિક વિધિ રૂપે થયો.

જેમની ગાડીમાં બેસવાનું બન્યું તેમને ત્યાં અમારો ઉતારો હતો. તે શ્રી છોટુભાઈ નાયક. પતિપત્ની પ્રેમાળ મિલનસાર જણાયાં.

ઉતારો ત્રીજે માળ હતો. ઓટલા ઉપર સાથિયો અને સ્વસ્તિક જોવા મળ્યા.

અંદર પ્રવેશ્યાં તો બેઠકખંડમાં ચારે તરફ પ્રભુનાં વિવિધ સ્વરૂપોની તસવીરો જોવા મળી. ટેબલ ઉપર નાનકડું મંદિર હતું, જેમાં ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ જોવા મળી.

બેઠકખંડમાં એકાદ કલાક બેઠાં. કારણ, એરપોર્ટ ઉપર જે ભાઈબહેનો સ્વાગત માટે આવ્યાં હતાં તે બધાં જ અહીં પણ આવ્યાં હતાં.

પૂ.શ્રીએ પોતાના વિશેષ નિયમની, પોતે કથાકાર નહીં પણ મહાત્મા છે અને પ્રવચન કરે છે એ અંગેની સ્પષ્ટ સમજ આપી.

ત્યાં તો ડરબનની ઘડિયાળમાં સાડા બાર વાગવાની તૈયારી હતી. ભારતમાં સવારના ચાર વાગી ગયા હતાં. સૌએ નમસ્કાર કરી વિદાય લીધી.

પૂ.શ્રીએ દૂધ લીધું. પછી આરામ કર્યો. મુંબઈથી બેઠા ત્યારથી સો માળાનો નિયમ પૂરો કર્યો. સરળ ગીતાનો પૂરો પાઠ કર્યો. થોડીઘણી વાતો કરી.

મુંબઈથી બેઠાં ત્યારે પાસેની સીટ ઉપર એક વોરા કોમનાં બહેન હતાં. તેમની સાથે થોડી વાતો થઈ. તે બહેન મક્કાની હજયાત્રા કરીને જોહાનિસબર્ગ જઈ રહ્યાં હતાં, જેથી તેમના ધર્મની ઘણી વાતો જાણવા મળી. આનંદ આવ્યો.

મોરિશિયસના એરપોર્ટ ઉપર અમારી પાસે જે વોટરબેગ હતી તેનું પાણી અને કાજુ બદામ વિગેરે લીધું. વિમાનમાં અપાતો ખોરાક સ્વચ્છ હોય છે પરંતુ તે લેવાનું પસંદ પડતું નથી.

મુંબઈ ઘરેથી બપોરે ૧૧ વાગ્યે નીકળેલા ત્યારથી મળસ્કે ચાર વાગ્યા પછી એટલે કે સત્તર કલાક પછી પથારીમાં લાંબા થઈને આરામ કર્યો.

પ્રથમ જ દિવસ છે, પ્રથમ જ પરિચય છે, છતાં અહીં વસતી ગુજરાતી જનતા ભાવિક લાગે છે.

જ્યાં ઉતારો છે તે ઘર સ્વચ્છ આહારવિહારવાળું છે. રસોડામાં પણ કડક નિયમો પળાય છે. સાધુસંતોની સેવા આ પરિવાર અવારનવાર કરે છે. પરિવારના મૂળ પુરુષ ૧૯૦૪માં દક્ષિણ આફ્રિકા શિક્ષક તરીકે આવેલા ને અહીં જ વસી ગયેલા. છતાં ધર્મના ચુસ્ત નિયમો પાળતા. જેથી ડરબનમાં આ પરિવારની પવિત્રતા આજે પણ પ્રસિદ્ધ છે.

એવા પવિત્ર ને પ્રસિદ્ધ પરિવારમાં અમારી ઈચ્છા ને ભાવના મુજબ આયોજકોએ ઉતારો ગોઠવ્યો તેમાં પ્રભુની કૃપા માનવી જરૂરી છે.

સંસ્કારી પવિત્ર આહારવાળું બ્રાહ્મણ કુટુંબ વિદેશમાં ભાગ્યે જ જોવા મળે. પૂ.શ્રીના ભોજનના નિયમમાં અહીં સહજ રીતે પ્રભુએ મદદ કરી.

પરમાત્માની મંગલમય યોજના મુજબ દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં આજની પ્રથમ નોંધ પૂર્ણ થઈ.

----------------------

દક્ષિણ આફ્રિકામાં અમારા આગમનની જાણ આવી પત્રિકાઓથી ત્યાંની પ્રજાને કરી હતી




**શ્રી યોગેશ્વરજી શ્રી સર્વેશ્વરી માતા**

**ગુજરાતના સંત મહાત્મા શ્રી યોગેશ્વરજી** - એઓશ્રી ત્યાગી છે, ચિંતક છે, દાર્શનિક છે, વ્યાખ્યાતા છે, અને ગ્રંથકાર છે. સાહિત્યિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ક્ષેત્રે ત્રિવેણી સંગમ છે.

**શ્રી સર્વેશ્વરી માતા** - એમના હૃદયમાંથી નીકળતાં સ્વરચિત ભજનોને સાંભળી મન મુગ્ધ બને છે, ભાવવિભોર થાય છે. એમનું દર્શન પ્રેરક બને બને છે. એમની સરળતા, નિખાલસતા તથા માયાળુતાથી સૌ કોઈ પ્રભાવિત થાય છે.

એઓ તા. ૧૭-૧૧-૮૨ના અત્રે આવવાની વકી છે. એઓની જ્ઞાનગંગામાં લાભ લેવા માટે સર્વને આમંત્રણ છે.

**- શ્રી સંત સેવા સંઘ**

*

* * હરિઃ ૐ * *

## દિન ૨

**તા. ૧૮-૧૧-૮૨, ગુરુવાર કારતક સુદ ત્રીજ ૨૦૩૯**
**ડરબન શહેર**

ઘડિયાળનો સમય હવે ડરબન પ્રમાણે કરી દીધો. અહીં પાંચ વાગ્યે સવારે અજવાળું થઈ જાય છે. જેથી સમયસર ઊઠી સ્નાન કરી પૂ.શ્રીએ અને મેં સો માળાનો નિયમ પૂર્ણ કર્યો. સવારે થોડી નોંધ લખી. પૂ.શ્રીએ એક લેખ લખ્યો.

ગઈ કાલની યાત્રાનો થોડો થાક જણાય છે. જેથી થોડો આરામ જરૂરી જણાય છે.

છતાં આજે શ્રી રામકૃષ્ણ સેન્ટરના દર્શને જવાની પૂ.શ્રીએ ભાવના બતાવી. કાર્યકર્તા ભાઈઓ પૈકી શ્રી રતિભાઈ તે સેન્ટરના સભ્ય હતા. ભોજન બાદ ત્યાં જવાનું બન્યું.

શ્રી રામકૃષ્ણ સેન્ટર ડરબન શહેરમાં આવેલું છે. એસેવીલ નામના વિસ્તારમાં એબેલીયા રોડ ઉપર આ નવું સેન્ટર થયું છે. જૂનું સેન્ટર જરા દૂર હોવાથી નવા સેન્ટરમાં જવાનું હતું.

ઉપર મોટા શિવલિંગના આકારનો ઘુમ્મટ હતો. નીચે વિશાળ ભોંયરામાં આ સ્થાન આવેલું છે. નીચે પ્રવેશતાં જ શ્રી રામકૃષ્ણદેવની સુંદર સમાધિદશાની ઊભી સફેદ પ્રતિમા અહીંના યુરોપીયન કલાકારે બનાવી છે. જાણે સાચે જ શ્રી રામકૃષ્ણદેવ ઊભા છે એવો ભાસ થાય છે.

અંદર વિશાળ હૉલ છે. અને પેલા ગોળ શિવલિંગના આકારના ઘુમ્મટની બરાબર નીચે એટલે કે આ હૉલમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી પ્રતિમાનાં દર્શન થાય છે. પાસે જ શ્રી વિવેકાનંદ અને શ્રી શારદામાતાની તસ્વીરો પણ જોવા મળે છે. હૉલમાં ખૂબ શાંતિ લાગે છે.

અમે પાસે જઈ પ્રણામ કરી દર્શન કર્યા. ત્યાં તો શ્રી રામકૃષ્ણ સેન્ટરના સ્વામી શ્રી શિવપાદાનંદજી આવી ગયાં. અમારી સાથેના ભાઈએ પૂ.શ્રીનો પરિચય કરાવ્યો. સ્વામીજી અંદર એમના કાર્યાલયની ખાસ બેઠક તરફ અમને લઈ ગયાં. ત્યાં થોડું બેઠાં. શ્રી રામકૃષ્ણદેવની, દક્ષિણેશ્વરની, શ્રી રામકૃષ્ણ મિશનના પ્રમુખોની વાતો થઈ.

વિદાય વખતે સ્વામીજીએ પૂ.શ્રીને નીચા નમીને પ્રણામ કર્યા. કાર્યાલયની બીજી બાજુ મા શારદાદેવીની સફેદ પ્રતિમા હતી.

ઉપરના ભાગમાં ગાડી જ્યાં પાર્ક કરી હતી ત્યાં સુધી સ્વામીજી વિદાય આપવા આવ્યા. નમ્રતા, પ્રેમાળ મિલનસાર સ્વભાવ એ સ્વામીજીની વિશેષતા હતી.

સ્વામીજી પૂ.શ્રીનું પ્રવચન અહીં ગોઠવવાની ને ફરી પધારવાની વારંવાર વિનંતિ હાથ જોડીને કરતા હતા. ભગવાં વસ્ત્રધારી એ સ્વામીજીને અમે પણ ભાવભર્યા પ્રણામ કરી વિદાય લીધી.

ડરબન દરિયાકિનારે આવેલું છે. હિન્દી મહાસાગર અને ડરબનની અમગેની નદીનો સંગમ પણ અહીં જોવા મળે છે. અમારી ગાડી દરિયાકિનારે લીધી. ત્યાં થોડી વાર ગાડી ઊભી રાખી. દરિયાનાં મોજાનું

દૃશ્ય ખૂબ સુંદર હતું. હજારોની સંખ્યામાં યુરોપીયન સ્ત્રીપુરુષો શરીરે તદ્દન ઓછાં કપડાં વીંટીને સૂર્યપ્રકાશમાં દરિયાકિનારે સૂતાં હતાં.

ભારતની જેમ અહીં પણ વિવિધ વૃક્ષો ને ફૂલો જોવા મળે છે. પરદેશમાં જોવા મળતી સ્વચ્છતા અહીં પણ જોવા મળી. રસ્તા પહોળા ને વ્યવસ્થિત હતાં.

ભારતીય ભાઈબહેનો અહીંનું નાગરિકત્વ સ્વીકારીને કાયમ માટે અહીં વસી ગયાં છે. કોઈ ત્રીસ, કોઈ ચાલીસ, કોઈ પચાસ વર્ષથી અહીં રહે છે. મોટે ભાગે સૌ વેપારી છે. કાપડની, ચંપલની, અનાજની દુકાનો ધરાવે છે. આર્થિક રીતે એ સૌ સુખી જણાય છે.

અહીં બહુમાળી મકાનોની ઈમારતો જોવા મળે છે. લોકો ફ્લેટમાં રહેતા હોય છે. અહીં ગુજરાતીઓની પણ વિવિધ સંસ્થાઓ છે. અમારા ઉતારાની સામે જ સપ્તાહ મંદિર જોવા મળે છે. વળી, વિવિધ સંપ્રદાયોનાં મંડળો પણ અહીં છે.

ઉતારા ઉપર આવ્યાં ત્યારે બપોરના ત્રણ વાગી ગયા હતાં. આજે એક સત્સંગી ભાઈ પોતાની નવી દુકાનના ઉદ્ઘાટન પ્રસંગે 'અધ્યાત્મ' માસિકના આજીવન સભ્ય બન્યા. તેઓ એ માસિકના ત્રણ વર્ષથી ગ્રાહક હતાં.

સાંજે પાંચ વાગ્યે સત્સંગની બેઠક શરૂ થઈ, જેમાં પૂ.શ્રીએ એક નાનકડો વાર્તાલાપ આપ્યો. પછી પ્રશ્નોત્તરી શરૂ થઈ, જેમાં નીચેના પ્રશ્નોની સુંદર ચર્ચા થઈ.

૧. તંત્ર, મંત્ર, વામમાર્ગ એટલે શું?

૨. ગાયત્રીમંત્ર ઉપર પ્રકાશ પાડશો?

૩. સંત, યોગી, મહાત્મા, અવધૂત એ બધા વચ્ચે શો તફાવત છે?

૪. ધ્યાનમાં શરીર ઉપર ઊઠે છે તો તે ધ્યાનની સ્થિરતા કહેવાય?

૫. કેટલાક કોઈ વસ્તુ કે ખાવાનું હવામાંથી, મોઢામાંથી કાઢે છે તે કઈ વિદ્યા છે?

પૂ.શ્રીએ દૃષ્ટાંતો સાથે પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યાં. સાડા છ થી સાડા આઠ બે કલાક સુધી એ સત્સંગ ચાલ્યો.

જે સંસ્થાએ અમને અહીં બોલાવ્યાં છે તેના કાર્યકર્તાઓ પૂ.શ્રીને છ માસ સુધી રોકવા ઈચ્છે છે. પૂ.શ્રી ત્રણ માસ જ આપનાર છે તેની વાત પણ થઈ. એ સંસ્થા અમારું જાહેર સ્વાગત કરવાનું ગોઠવે છે. આવતા રવિવારે તા. ૨૧મીએ તે કાર્યક્રમ થશે. એની થોડી વાતો થાય છે.

નવ વાગ્યે દૂધ ને ફળ લઈએ છીએ. પછી થોડી વાર ધ્યાનમાં બેઠા પછી આરામ.

દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં આજે બીજો દિવસ આ રીતે પૂર્ણ થાય છે.

* * હરિઃ ૐ * *

## દિન ૩

**તા. ૧૯-૧૧-૮૨, શુક્રવાર કારતક સુદ ચોથ ૨૦૩૯**

**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારે સાડા ચાર વાગ્યે પૂ.શ્રી નિત્યકર્મમાંથી નિવૃત્ત થઈ જાય છે. એકાદ કલાક વ્યાયામ કરે છે. આઠ વાગ્યા સુધી ધ્યાનમાં બેસે છે. દૂધ પીને લેખન શરૂ કરે છે. નિત્યકર્મમાંથી મેં પણ પાંચ વાગ્યે નિવૃત્તિ લઈ લીધી. પછી વ્યાયામ, સો માળા મંત્રજપ કર્યા બાદ નોંધપોથીમાં નોંધ કરી.

સાડા અગિયાર વાગ્યે દાળ, ભાત, શાકનું ભોજન પૂ.શ્રીના ઓરડામાં જ જમીન ઉપર પાટલા પર બેસી લઈ લીધું.

ભોજન બાદ થોડા આરામ પછી ડરબનના દિવ્યજીવન સેન્ટરમાં જવાનું બન્યું. ત્યાંના સ્વામીશ્રી સહજાનંદજીને મળવાનું પણ બન્યું. સ્વામીજીએ પ્રાર્થનાખંડ, પ્રેસ વિગેરે બતાવ્યું. થોડી વાતો કરી. દિવ્યજીવન સેન્ટરમાં પૂ.શ્રીનો ઉતારો થાય એવી પણ તેમણે ભાવના બતાવી. ગુજરાતી પુસ્તકો પણ અહીં છપાય છે. પાંચ પુસ્તકો પણ પૂ.શ્રીને ભેટ આપ્યાં. સ્વાગતમાં દૂધ વિગેરે આપ્યું.

આ સંસ્થા અમગેની નામની નદીના કિનારે આવેલી છે. જગ્યા ખૂબ વિશાળ છે. સાધકોને રહેવાની પણ અહીં સગવડ છે. આ સ્થાન ૫૭૦, ન્યુ જર્મની રોડ, કલેર ઈસ્ટેટ વિભાગમાં આવેલું છે. દિવ્યજીવન સેન્ટરમાંથી વિદાય લઈ અમે શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં ગયાં.

શ્રી રામકૃષ્ણ સેન્ટરનું આ સ્થાન જૂનું છે. ટેકરી ઉપર કુદરતી વનરાજીની વચ્ચે કાચા માર્ગે અમારી ગાડી આગળ વધી. રેડહીલ ઉપરના એ સ્થાનમાં મોર જોવા મળ્યાં. ભારતીય ફળોનાં વૃક્ષો આસપાસ ઊભાં હતાં. આંબો, સીતાફળ, ચીકુનું ઝાડ, રામફળ, જમરૂખ જેવાં વિવિધ વૃક્ષોની વનરાજીમાં એ સ્થાન ઘણું રળિયામણું લાગતું હતું.

એ સ્થાનમાં પ્રવેશતાં જ મોરે બેત્રણ વાર ટહુકા કરી જાણે સ્વાગત કર્યું. ભગવાન શંકરની સફેદ મૂર્તિ ઉપર પાણીનો અભિષેક થયા કરતો હતો તે દૃશ્ય આગળ આવેલા નાનકડા બગીચામાં હતું.

અંદરના ભાગમાં પ્રવેશતાં જ એક નાનકડી ઉંમરના સ્વામી મળ્યા. તેઓએ સ્થાન બતાવ્યું.

પ્રાર્થનાખંડ અહીં પણ હતો. જેમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી પ્રતિમા હતી. હૉલમાં ખૂબ શાંતિ હતી. દસેક મિનિટ ત્યાં ગાળી. હૉલની ઉપરના ભાગમાં આ સેન્ટરના સ્થાપક સ્વામીશ્રી નિશ્ચલાનંદનો એક સ્મૃતિખંડ હતો, જ્યાં સ્વામીજીની તસવીર, પલંગ, પુસ્તકો વિગેરે રાખવામાં આવ્યું હતું. માળ ઉપર એક બીજા ઓરડામાં મ્યુઝિયમ પણ હતું. ત્યાંથી ફરીને નીચે બેઠકના ઓરડામાં બેઠાં. સ્વાગતમાં વિવિધ પદાર્થોને બદલે પૂ.શ્રીએ દ્રાક્ષ જ ગ્રહણ કરી. અહીં પણ રહેવાની સગવડ પૂ.શ્રીની થઈ શકે એવું જણાવવામાં આવ્યું. આ સંસ્થા એક પ્રેસ પણ ધરાવે છે. જે 'જ્યોતિ' નામની એક પત્રિકા પણ બહાર પાડે છે. અહીં પણ સ્વામીજીએ પુસ્તકો ભેટ આપ્યાં.

ફરીથી ઉતારા ઉપર આવી ગયાં. શહેરના મધ્યભાગમાં બહુમાળી મકાનો ૪૦-૪૫ માળનાં પણ જોવા મળે છે. શહેરના બીજા વિસ્તારોમાં છૂટાં ઘરો ટેકરી ઉપર જોવા મળે છે. અહીં દક્ષિણ ભારતનાં ઘણા

ભાઈઓ રહે છે. ૧૨૨ વર્ષ પહેલાં ભારતીય પ્રજા અહીં આવી હતી. શેરડીનાં ખેતરોમાં કામ કરવાની તેમણે શરૂઆત કરી હતી. આજે પણ ભારતીય પ્રજા ખેડૂત તરીકે પણ અહીં કામ કરે છે. અહીં મુસ્લીમોની પણ ઘણી વસ્તી છે.

ઉતારાની સામે જ મુસ્લીમ ભાઈઓની દુકાનો જોવા મળે છે. ઉત્તરપ્રદેશના ભાઈઓ પણ અહીં મોટી સંખ્યામાં વસેલા જોવા મળે છે.

સાંજે ધ્યાનની બેઠક થઈ. ત્યારબાદ 'કળીમાંથી ફૂલ' પુસ્તકમાંથી એક પ્રસંગ વંચાયો. સૌની વિદાય પછી સાંજે બટાકાપૌંઆ અને દૂધનો અલ્પાહાર કર્યો.

આજે રઝી, ઈંગ્લેન્ડથી શ્રી કલ્યાણ પ્રાર્થનામંડળના પ્રમુખનો ફોન હતો. તેમણે પૂ.શ્રીને ઈંગ્લેન્ડ આવવા આમંત્રણ આપ્યું.

ફોનની વાતચીત પછી આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૪

**તા. ૨૦-૧૧-૮૨, શનિવાર. કારતક સુદ પાંચમ, ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારે પૂ.શ્રી ચાર વાગ્યે સ્નાન કરી લે છે. પછી વ્યાયામ, મંત્રજપ ને લેખન શરૂ થાય છે. વચ્ચે દૂધ લેવાનું બને છે. મેં પણ સાડા ચાર વાગ્યે સ્નાન કરી વ્યાયામ, મંત્રજપ ને લેખન કર્યું.

ખીચડી, શાક ને દૂધ, દહીં, કચુંબરનું ભોજન લીધું. ભોજન બાદ મુલાકાતના સમયે એક બહેન સાથે પ્રશ્નોત્તર થયા.

પ્રશ્નોઃ

૧. 'સોઙમ્' ને 'શિવોઙમ્' એ બે મંત્રો વચ્ચે શો તફાવત છે?

૨. દરરોજ જે બાહ્યપૂજા પ્રભુની થાય છે તે કોઈકવાર રહી જાય તો? બહારગામ જઈએ ત્યારે બીજાને સોંપી જઈએ તો?

૩. અવ્યક્તની ઉપાસના કષ્ટદાયક છે?

૪. ડાબા કાનમાંથી અવાજ સંભળાય તે ખરાબ?

૫. બહેનો માટે સાધના કરવાનાં કોઈ સ્થળ છે?

પૂ.શ્રીએ બધા જ પ્રશ્નોના ઉત્તરો આપ્યા, જેથી તે બહેનને ખૂબ સંતોષ થઈ ગયો. ઉત્તરો ટૂંકમાં નીચે મુજબ હતા.

૧. 'સોઙમ્' ને 'શિવોઙમ્' મંત્રના અર્થ તો એક જ છે. બેમાંથી કોઈ પણ જપ કરી શકાય. 'સોઙમ્' એટલે હું તે છું. તે એટલે શિવસ્વરૂપ. વળી 'શિવોઙમ્' એટલે હું શિવસ્વરૂપ છું.

૨. બાહ્ય પૂજા કરતાં કરતાં પણ આગળ જવાનું છે. અંતે એ બધું મૂકીને અંતરના ઊંડાણમાં ડૂબકી મારવા ધ્યાન કરવાનું જરૂરી છે. બાહ્યપૂજાનો સમય ઓછો કરી વધારે ને વધારે ધ્યાનમાં બેસવું. કોઈકવાર કેમ રહી જાય! પેટપૂજા તો દરરોજ સમય કાઢીને પણ કરીએ જ છીએ, તો પ્રભુની પૂજા પણ થવી જ જોઈએને. કોઈક કારણસર ન થાય તો દોષ ના લાગે.

બહારગામ જઈએ ત્યારે આપણી પૂજા બીજા પાસે કરાવીએ, પણ તે આપણા જેવી ભાવભક્તિથી ન પણ કરે. એના કરતાં તે પૂજા તમે સાથે જ લઈ જાઓ. એ મૂર્તિ કે છબી સાથે લઈ જાવ ને પૂજા કરી લો.

જુઓ. અમે વેદાંતમાં માનીએ છીએ, પણ અમે જેને પૂજય માનેલા તે અમારી સાથે જ છે (એમ કહી પૂ.શ્રી પોતાની લેખનની સામગ્રીમાંથી પૂજ્ય જ્યોતિર્મયી માતાની તસ્વીર બતાવે છે). એ અમે જ્યાં જઈએ ત્યાં સાથે જ રાખીએ છીએ. તો કંઈ ભાર લાગે છે? તેમ તમે પણ સાથે લઈ જાઓ.

૩. અવ્યક્તની ઉપાસના કષ્ટદાયક નથી. સહજ રીતે જ એ ઉપાસના થાય છે. 'સોઙમ્' કે ૐ ના જાપમાં બીજા કોઈ વિચાર જ કરવા પડતા નથી, જ્યારે વ્યક્તની ઉપાસનામાં રૂપ, રંગ, વેશભૂષા, બધી જ કલ્પના કરવી પડે છે.

બાળકને રમત ખૂબ ગમે પણ ભણવાનું કષ્ટપ્રદ લાગે, છતાં ભણવું જરૂરી છે. માટે ભણે છે. તેમ અવ્યક્ત કષ્ટપ્રદ લાગે છતાં તે ઉપાસના જરૂરી છે.

૪. સાધના કરતાં કરતાં ડાબા કાનમાં શબ્દ સંભળાય. પછી જમણા કાનમાં પણ સંભળાય. પછી વળી બન્ને કાનમાંથી સંભળાય. તમને હવે તે નાદ સંભળાતો નથી તો આ મુદ્રા કરો. (એમ કહી પૂ.શ્રી ષડ્‌મુખી મુદ્રાની સમજ આપે છે.)

૫. બહેનો માટે બહુ ઓછી સંસ્થાઓ છે, જ્યાં બહેનો સાધનભજન માટે બેસી શકે. ઘરના જ એક ઓરડામાં સાધના ચાલુ રાખો.

આજની પ્રશ્નોત્તરી રસપ્રદ હતી. થોડા આરામ પછી ડરબનથી ૬૦ કિલોમીટર દૂર કીટોરી નામના ગામમાં જવાનું બન્યું. ત્યાં શ્રી હરેકૃષ્ણ ફાર્મ આવેલું છે.

સો એકર જમીન કોઈ યુરોપીયને આ સંસ્થાને ભેટ આપી છે ત્યાં એ સંસ્થા છે. એમાં મંદિર, ભોજનાલય, અનુયાયીઓને રહેવાના ઓરડા વિગેરે જોવા મળે છે. ગૌશાળામાં ૬૦ ગાયો છે, જેમનાં નામ શ્યામસુંદરી, દેવહૂતિ વિગેરે રાખ્યાં છે. લોકો ગાય ખરીદીને શ્રી હરેકૃષ્ણ ફાર્મને ભેટ આપે છે. અહીં યુરોપીયન, અમેરિકન રહે છે. ભારતીય પહેરવેશ, માથે ચોટલી, કાલિદાસ જેવાં ભારતીય નામ, તેમનાં બાળકોનાં નામ ઉષાદેવી વિગેરે છે.

હરેકૃષ્ણ ફાર્મ જોયા પછી થાઉઝન્ડ હીલ્સ નામનું સ્થાન જોયું. હજારો ટેકરીઓ ત્યાં એકસાથે જોવા મળે છે. આ ડુંગરાળ પ્રદેશ લીલાં વૃક્ષોથી છવાયેલો છે. અહીં લોકો ફરવા આવે છે.

તે જોયા બાદ ઉતારા ઉપર આવી ગયાં. માર્ગમાં દક્ષિણ આફ્રિકા વિશે થોડી વાતો થઈ.

ભારતથી ૬૦૦૦ કિલોમીટર દૂર આવેલો છે. અહીં બાર હજાર ગુજરાતીઓ વસે છે. આ દેશ ભારતના એક નાના રાજ્ય જેવડો જ છે. અહીંની ડચ પ્રજા આ દેશમાં જન્મેલી છે. ચાર પ્રાંતોમાં આ દેશ વહેંચાયેલો છેઃ (૧) નાતાલ, (૨) ટ્રાન્સવાલ, (૩) કેપટાઉન, (૪) ઓરેંજ ફ્રીસ્ટેટ. ત્રણ પ્રાંતોમાં ભારતીય ને ડચ પ્રજા રહી શકે. ઓરેન્જ ફ્રીસ્ટેટમાં યુરોપીયનો જ રહે. ત્યાં દેશની મુખ્ય કોર્ટ આવેલી છે. કોર્ટમાં કેસ હોય ત્યારે કોઈપણ પ્રજાને થોડા કલાકો માટે આવવાની પરવાનગી મળે. કોર્ટમાં જવા-આવવાનાં, ત્યાં હાજર થવાના સ્થાન અલગ અલગ હોય છે.

ડરબનમાં પણ ત્રણ વિભાગો છે જ્યાં યુરોપીયન, ભારતીય, ડચ પ્રજા વસે છે. એમનાં અલગ અલગ બજારો, બસ સ્ટેન્ડ, સ્કૂલ, કૉલેજો હોય છે. હોસ્પિટલ પણ અલગ હોય છે. પરંતુ દર્દીની માંદગી પ્રસંગે યુરોપીયન ડૉકટરોની જરૂર પડે તો બોલાવી શકાય છે.

ગુજરાતી પ્રજા એમ માને છે કે વિભાગ પ્રમાણે રહેવાનું, શિક્ષણ લેવાનું બને છે તે સારું છે, કેમ કે તેથી આપણી સંસ્કૃતિ જળવાઈ રહે છે.

રાત્રે ૭ થી ૯ ધ્યાનની બેઠક થઈ. અંતે શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ, બાવની વિગેરે ગાવાનું બન્યું.

પછી મમરા, દૂધ, ફળનો નાસ્તો લઈ આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૫

**તા. ૨૧-૧૧-૮૨ રવિવાર. કારતક સુદ છઠ, ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

ગઈ કાલે રામાયણનું પારાયણ મેં શરૂ કર્યું. સો માળાનો નિયમ ને ડાયરીનું લેખન તો ચાલુ જ છે. જેથી સવારે બધો જ સમય ચોક્કસ રીતે પસાર થઈ જાય છે.

પૂ.શ્રી ચાર વાગ્યે સ્નાન કરી એક કલાક વ્યાયામ કરે છે. પછી મંત્રજપ કરી, દૂધ પીને લેખન ચાલુ કરે છે. 'મહાભારતના મોતી' વિષય ઉપર લેખન શરૂ થયું છે. સાથે આ યાત્રાની નોંધ પણ પૂ.શ્રી લખે છે.

સાડા અગિયાર પછી ભોજન લેવાનું બને છે. સાડા બાર થી દોઢની મુલાકાતમાં નીચે મુજબ પ્રશ્નોત્તરી થઈ.

પ્રથમ તો શ્રી રામકૃષ્ણદેવની શ્લોક-સ્તુતિ, જગદંબાની પૂ.શ્રીએ રચેલી સ્તુતિ પૂ.શ્રીના મુખે ગવાઈ. તે એક ભાઈએ ટેઈપ કરી.

એક પ્રશ્નના ઉત્તરમાં ગાયત્રી મંત્રજપથી થયેલા દર્શનની વાત પૂ.શ્રીએ કરી.

આજે નીચે મુજબના પ્રશ્નો પુછાયા.

**પ્રશ્નો** - નવરાત્રીમાં ઈષ્ટદેવ શંકર હોય તોપણ ગાયત્રી જપી શકાય?

બધા જ મંત્રોની એક એક માળા કરીએ તો?

ગાયત્રીમંત્ર સ્ત્રીઓથી જપી શકાય?

ધ્યાન કરતાં કરતાં કોઈવાર પ્રકાશ દેખાય તે સારું કહેવાય?

ધ્યાનમાં એક જ મંત્રજપ કરવો?

ધ્યાનમાં શ્વાસ બંધ કરવાનો હોય છે?

પ્રશ્નોના ઉત્તરો પૂ.શ્રીએ ટૂંકમાં આપ્યાં.

**ઉત્તર** - નવરાત્રીમાં ગાયત્રી જપી શકાય, પણ તમારો ઈષ્ટ મંત્ર જ વધુ જપો તો વધુ લાભ થાય.

બધા જ મંત્રોની એક માળા ન કરવી, પણ જે મંત્ર વધુ ગમે તેની જ માળા વધારે કરવી.

ગાયત્રીમંત્ર સ્ત્રીઓથી જપી શકાય.

ધ્યાનમાં એકાગ્રતા થાય ત્યારે પ્રાણના દબાણથી પ્રકાશ દેખાય તે સારું ગણાય.

ધ્યાનમાં એક જ મંત્ર જપવો. સહજ રીતે શ્વાસ રોકાય તેટલો રોકવો. પછી છોડી દેવો.

પ્રશ્નોત્તરી બાદ થોડી વાતો થઈ. પછી આરામ.

ચાર વાગ્યે દરરોજ લેવાતો સંતરાનો રસ લીધો.

પછી ડાયરીની નોંધ કરી પૂ.શ્રીએ મહાભારત ઉપર લેખન કર્યું.

સાંજે સાડા સાત વાગ્યે જાહેર સત્કાર સમારંભ હતો. હૉલનું નામ ભારત હૉલ હતું. હિન્દુ એસોસીએશનનો એ હૉલ હતો. હૉલમાં ગાંધીજી, જવાહરલાલ, શ્રી અરવિંદની તસવીરો હતી.

મંચ ઉપર બે બેઠકો હતી. પાછળ પાંચ-છ ખુરશીઓ હતી. સંસ્થાના કાર્યકર્તાઓની ત્યાં બેઠક હતી. સ્વાગત થયું. ત્યારબાદ પ્રવચન. પછી આરામ.

આજના કાર્યક્રમની પ્રચાર પત્રિકા આ મુજબ હતી.

------------------

**શ્રી સુરત હિંદુ એસોસીએશન** તથા **શ્રી સંત પુનિત સેવા સંઘ, ડરબન**

**જાહેર સત્કાર સમારંભ**

અને

**ધાર્મિક પ્રવચન તથા ભજનો**





**શ્રી યોગેશ્વરજી    શ્રી સર્વેશ્વરી માતા**

ઉપરોક્ત બંને સંસ્થાઓ હેઠળ ભારતથી પધારેલા હિમાલયના સાધક તપસ્વી શ્રી પૂજ્ય મહાત્મા યોગેશ્વરજી મહારાજ તથા પૂ. માતા સર્વેશ્વરીનો જાહેર સત્કાર સમારંભ નીચે પ્રમાણે યોજવામાં આવ્યો છે.

**દિવસ** : રવિવાર તા.૨૧મી નવેમ્બર, ૧૯૮૨

**સમય** : રાત્રે ૭-૩૦

**સ્થળ** : ભારત હોલ, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન

શ્રી પૂજ્ય યોગેશ્વરજી અધ્યાત્મ શાસ્ત્રના મોટા વિદ્વાન છે. એમણે હિમાલયનાં તપોવનો અને આશ્રમોમાં રહી વર્ષો સુધી સાધના કરી છે. તેમનાં ધાર્મિક પ્રવચનો ઉત્તર હિન્દુસ્તાનમાં અને ગુજરાતમાં બહુ પ્રખ્યાતિ પામ્યાં છે. તેઓ સરળ અને સુબોધ શૈલીમાં આપણા તત્વજ્ઞાનની સમજ આપે છે. શ્રી યોગેશ્વરજી આધ્યાત્મિક ગ્રંથોના સુપ્રખ્યાત લેખક પણ છે.

પૂ. માતા સર્વેશ્વરી સૂરતની એક સ્કૂલમાં પ્રિન્સિપાલ હતાં. તેઓ અધ્યાત્મ માર્ગે આગળ વધ્યાં છે; અને યોગેશ્વરનો સંપર્ક થતાં તેમનાં અનુયાયી બન્યાં છે, તેમ તેમની સેવામાં કાર્ય કરી રહ્યાં છે. માતા સર્વેશ્વરી સ્વાનુભવનાં ધાર્મિક ભજનો રચે છે. તે તેમના મધુર કંઠે જનતાને સંભળાવે છે, અને શ્રોતાવર્ગને ભક્તિમાં તરબોળ બનાવી દે છે.

આવા સંતોના આ સમારંભમાં પધારવાને અમારું સર્વ ગુજરાતી ભાઈબહેનોને આગ્રહભર્યું નિમંત્રણ છે. તેમની અમૃતવાણીનો લાભ લેવાનું ચૂકશો નહીં.

- બંને સંસ્થાના હોદ્દેદારો તરફથી.

------------------

* * હરિઃ ૐ * *

## દિન ૬

**તા. ૨૨-૧૧-૮૨, સોમવાર. કારતક સુદ સાતમ, ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારે ચાર વાગ્યે પૂ.શ્રી ઊઠી જાય છે. સ્નાન, વ્યાયામ કરી દૂધ પીવાનું બને છે. લેખન શરૂ થઈ જાય છે. મેં પણ સાડા ચારે સ્નાન કરી વ્યાયામ કરી લીધો. વ્યાયામ બાદ સો માળા જપ કરીને લેખન કરતાં પહેલાં રામાયણનો પાઠ કરી લીધો.

મગ, ભાત, શાક, ભાખરીનું ભોજન લીધું. આજે મુલાકાતમાં ખાસ કોઈ નોંધયોગ્ય પ્રશ્નોત્તર ન થયા.

સપ્તાહ મંદિરમાં આજે ૩ થી ૪ વાગ્યે પ્રવચન હતું. સપ્તાહ મંદિર ૨૫ વરસથી ચાલે છે. બહેનોની સંખ્યા વિશેષ હોવાથી સંસારમાં રહીને કર્તવ્ય કરતાં કરતાં પ્રભુભક્તિ કરી શકાય એ વિષયને દૃષ્ટાંત સાથે પૂ.શ્રીએ એક કલાક ન્યાય આપ્યો. હૉલમાં શ્રોતાઓની સંખ્યા સારી હતી.

સપ્તાહ મંદિર પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટમાં જ આવેલું છે. અમારા ઉતારાની સામે જ છે. ત્યાં બધા જ દેવોની સુંદર આરસની પ્રતિમાઓ આવેલી છે. તેમની સેવાપૂજનનું કાર્ય બહેનો જ સંભાળે છે.

શરૂઆતમાં મંદિરના સંચાલિકા બહેને પૂ.શ્રીનું તથા મારું ચંદન-તિલક ને ફૂલહારથી સ્વાગત કર્યું.

પ્રવચન બાદ મંત્ર અંગે પ્રશ્ન પુછાયો. પૂ.શ્રીએ તેનો ઉત્તર આપ્યો. પછી ઉતારા ઉપર આવી ગયા.

સાંજે સાડા છ થી આઠ ધ્યાનની બેઠક થઈ. રસિક ભાઈબહેનોએ એમાં ભાગ લીધો.

આઠ પછી મકાઈનો લીલો ચેવડો, દૂધ વગેરે લીધું. પછી આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૭

**તા. ૨૩-૧૧-૮૨, મંગળવાર કારતક સુદ આઠમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

આજે પૂ.શ્રી પોણા ચાર વાગ્યે સ્નાન કરી લે છે. સ્નાન બાદ નિયમિત વ્યાયામ કરે છે. અહીં ઠંડીની ઋતુ હોય એવું ભારતથી આવનારને લાગે છે. જેથી પૂ.શ્રીએ ૩૦ ને બદલે ૪૦ દંડ ને ૫૦ ને બદલે ૬૦ ઊઠબેઠક કરવાની શરૂ કરી છે.

હાલમાં દક્ષિણ આફ્રિકામાં ઉનાળો ચાલે છે. એમ અહીં વસનારા કહે છે. આ દેશ આખો ડુંગરાળ છે. લીલી હરિયાળી જોવા મળે છે. ભારતનાં બધાં વૃક્ષો અહીં જોવા મળે છે. એકાદ માસમાં પાકી કેરી પણ અહીં મળશે. દરેક શાકભાજી, દરેક ફળ-તડબૂચ, કાકડી, પપૈયું બધું જ મળે છે. આ દેશમાં શેરડી પુષ્કળ થાય છે. પક્ષીઓમાં કબૂતરો જોવા મળે છે.

સાડા ચાર વાગ્યે મેં પણ સ્નાન કરી લીધું. પછી વ્યાયામ અને સો માળા જપ કરી દૂધ પીધું. ત્યારબાદ થોડું લેખન કરી રામાયણનો પાઠ કરી લીધો. આજે ભારત પ્રથમવાર પત્રો લખ્યા.

બપોરની મુલાકાતમાં ખાસ પ્રશ્નોત્તરી ન થઈ. સાંજે ૩ થી ૫ સપ્તાહ મંદિરમાં પ્રવચનનો કાર્યક્રમ હતો. ત્યાં ભારતના મુંબઈમાં રહેતા કથાકાર શ્રી હરિભાઈ મળ્યા.

તેમણે કહ્યું, પૂ.શ્રી યોગેશ્વરજી જેવા સંતોના દર્શન મને અહીં પણ થયા તે મારું સદ્‌ભાગ્ય છે. એમના આશીર્વાદ મારા પર વરસતા રહો, એટલું જ માગું છું. જેટલા દિવસ અહીં છું તેટલા દિવસ હું દરરોજ એમનાં દર્શનનો લાભ લઈશ.

પૂ.શ્રી આવતી કાલે ફીનીક્ષ જનાર છે, તેથી શ્રી હરિભાઈને પણ આવવાનું આમંત્રણ પૂ.શ્રી આપે છે.

સાંજે ધ્યાનની બેઠક થઈ. પછી નાસ્તા બાદ આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૮

**તા. ૨૪-૧૧-૮૨, બુધવાર કારતક સુદ આઠમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારે ૪ વાગ્યે અમે બન્ને સ્નાન કરી લઈએ છીએ, વ્યાયામ પણ નિયમ મુજબ થાય છે. મંત્રજપ પછી લેખન થાય છે. વચ્ચે દૂધ પીવાનું બને છે. સમયસર ભોજન લેવાનું બને છે.

આજની મુલાકાતમાં વિવિધ વિષય ઉપર પ્રશ્નોત્તરી થાય છે.

**પ્રશ્ન -**

આપનો કયો પંથ છે?

આપણે આપણા પતિને જ ગુરૂ માનવા જોઈએ એમ કહેવાયું તેનો શો અર્થ?

ગુરુમંત્ર કોઈને કેમ ન કહેવાય?

ખેચરી મુદ્રા ને ષડ્મુખી મુદ્રા વિશે સમજાવો.

પૂ.શ્રીએ સંતોષકારક પ્રત્યુત્તર પૂરા પાડ્યા. જેનો સારાંશ નીચે મુજબ હતો.

**ઉત્તર -**

બધા જ પંથ અમારા છે. પ્રભુના પંથે અમે કોઈ લેબલ માર્યુ નથી. બધા જ પંથો સારી જ વાત કરે છે. સારા માનવ થાઓ. બીજાને મદદરૂપ થાઓ. અમે પંથના ઝઘડામાં પડતા નથી.

પતિને ગુરૂ માનવા એટલે કે પતિની સેવા કરવી. ઘરનું ધ્યાન રાખવું. આત્મકલ્યાણ કરવું હોય તો પતિ એ અંગે ગુરૂ બનીને દોરી ન શકે, તેથી આત્મકલ્યાણ માટે સત્સંગ ગુરૂ જરૂરી છે.

જેને તેને જ્યાં ત્યાં આપણે શું કમાઈએ છીએ કે આપણે શું ખાધું તે જણાવતા નથી તેમ મંત્ર કયો જપીએ છીએ તે બધાને કહેવાની જરૂર નથી. સંતો પૂછે તો કહો. જેને તેને કહેવાથી ઘણીવાર આપણી શ્રદ્ધા ડગી જાય છે.

ખેચરી મુદ્રા સંતો પણ કરતા નથી. તે ઘણી અઘરી ક્રિયા છે. જીભની અમુક નસ કાપીને જીભનું દોહન કરવું પડે. ષડ્મુખી મુદ્રા આ રીતે થાય એમ કહી પૂ.શ્રીએ માર્ગદર્શન આપ્યું.

થોડો આરામ કરી ત્રણ વાગ્યે અહીંથી ૧૬ કિલોમીટર દૂર ફીનીક્ષ આશ્રમ જોવા નીકળ્યાં.

સૌપ્રથમ શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં ગયાં. ત્યાં કાર્યકર્તા ભાઈ શ્રી રતિભાઈની પુત્રી વીણાનું માટીકામનાં વાસણોનું પ્રદર્શન હતું. તે જોવા માટે જવાનું હતું. શ્રી રામકૃષ્ણ સેન્ટરના સ્વામી શ્રી શિવપાદાનંદજીએ સ્વાગત કર્યું. પોતાની જે બેઠક હતી ત્યાંથી ઊભા થઈ એ જ બેઠક ઉપર આગ્રહ કરીને પૂ.શ્રીને બેસાડ્યા. થોડી વાતો થઈ. સૌ પ્રદર્શન જોવા ગયાં ત્યારે પણ સ્વામીજીએ પ્રેમથી પૂ.શ્રીને ત્યાં જ બેસાડતાં કહ્યું, આપણે અહીં બેસીએ.

સૌ પ્રદર્શન જોઈને આવી ગયાં ત્યાં સુધી પૂ.શ્રી સાથે તેમણે વાતો કરી. સ્વામીજીનો પ્રેમાળ હાસ્યથી ભરપુર ચહેરો કોઈને અજાણ્યું લાગવા દેતો ન હતો. ફરીથી શ્રી રતિભાઈએ વિનંતિ કરી એટલે સ્વામીજી પૂ.શ્રી સાથે પ્રદર્શન જોવા પધાર્યા.

પ્રદર્શનમાં સુંદર કારીગરીવાળાં માટીનાં વિવિધ આકારનાં પાત્રો વીણાએ બનાવ્યાં હતાં. વિવિધ ફૂલદાનીઓ પણ બની હતી. એક વરસમાં તેણે આ તૈયાર કર્યા હતાં. મહેનત ઘણી હતી. કલાકાર વીણાની કલા સાચે જ ધન્યવાદને પાત્ર હતી.

સ્વામીજી અમને પૂ.શ્રી સાથે ઉપર સુધી વિદાય આપવા પધાર્યા. શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં અહીં પણ પ્રવચન આપવાનું પૂ.શ્રીને ફરી આમંત્રણ આપવામાં આવ્યું. નીચા નમીને નમસ્કાર કરી સ્વામીજીએ પૂ.શ્રીને વિદાય આપી. પૂ.શ્રીના જાણે કોઈ છૂટા પડી ગયેલા કોઈ ભક્તાત્મા ન હોય એવું ક્ષણભર તો લાગતું હતું.

શ્રી રતિભાઈ પણ શ્રી રામકૃષ્ણદેવ ઉપર, વિશેષ કરીને મા શારદા ઉપર ભાવભક્તિ રાખનાર પ્રેમાળ પુરુષ છે. તેઓ સંસ્થાના પ્રમુખ છે. તેઓ અમને બન્નેને પોતાની શ્રદ્ધાભક્તિ મુજબ ઘુંટણીએ પડીને નમ્રતા ને પ્રેમથી દરરોજ નમસ્કાર કરે છે. બીજા સૌ નમસ્કાર કરે તેમાં ને શ્રી રતિભાઈના નમસ્કારમાં ઘણો ફેર જણાય છે. શ્રી રતિભાઈ અહીંના મોટા વેપારીઓમાંના એક છે. તેમણે પૂ.શ્રીનું 'યોગદર્શન' પુસ્તક બે વર્ષ ઉપર જ વાંચ્યું છે. શ્રી રતિભાઈ અહીંની ધાર્મિક સંસ્થાઓમાં સક્રિય કાર્યકર્તા તરીકે રસ લે છે.

ડરબન શહેરથી ફીનીક્ષ ૧૬ કિલોમીટર દૂર છે. ગાંધીજીના નામ સાથે આ જગ્યા સંકળાયેલી છે. ગાંધીજી જે મકાનમાં રહ્યા હતાં તે મકાન એ જ સ્થિતિમાં હજી છે. જ્યાં બે નાના ઓરડા, બે મોટા ઓરડા ને બહાર ઓટલો છે. અંદરના ભાગમાં ગાંધીજીના ડરબનના ને બીજા ફોટાઓ મૂકવામાં આવ્યા છે.

મણીલાલ ગાંધી અને સુશીલાબેન આ સંસ્થા પાછળથી સંભાળતા હતાં. તે પૈકી સુશીલાબેન હજી અહીં છે. વળી, ગાંધીજી સાથે કામ કરતા એક ભાઈ શ્રી રાજુ નામે પણ હતાં. તેમની છોકરી અહીં જ રહે છે.

વિશાળ જમીન ધરાવતી આ સંસ્થાનું નામ મહાત્મા ગાંધી ક્લિનિક, ફીનીક્ષ છે. ગાંધીજી ડરબનથી અહીં ચાલતા આવતા હતાં. આ સંસ્થામાં આંબો, દાડમ જેવાં બીજા વૃક્ષો, ગુલાબનાં ફૂલો જોયાં. વળી, એક છોડ પર ત્રણ રંગના ફૂલો થાય જેને અહીં યસ્ટર-ડે, ટુ-ડે, ટુમોરો કહેવામાં આવે છે તે પણ જોયાં.

ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે અહીં એક પુસ્તકાલય પણ ખોલવામાં આવ્યું છે. તેનું મકાન અલગ જ છે. ત્યાં ગાંધીજીની ખુરશી, ટેબલ, કપડાં, વાળ, રૂમાલ વિગેરે અને તે સમયની તસવીરો પણ જોવા મળે છે.

પુસ્તકાલયમાં ગુજરાતી પુસ્તકોનું પ્રમાણ પણ સારું છે. એ પુસ્તકોમાં પૂ.શ્રીનું 'ગાંધીગૌરવ' પુસ્તક પણ કબાટમાં જોવા મળ્યું. પૂ.શ્રીએ કહ્યું: અમે અહીં અક્ષરદેહે તો ક્યારના આવી ગયા છીએ. એ સાંભળીને શ્રી હરિભાઈએ કહ્યું, આજે વળી સ્થૂળદેહે આવ્યા. સૂક્ષ્મ દેહે તો આપ અહીં જ હશોને.

પુસ્તકાલયની બીજી બાજુ એક શાળા પણ જોવા મળી. જગ્યા વિશાળ છે. હરિયાળી છે. આશ્રમમાં રહેવાની જગ્યા પણ છે, જ્યાં અહીં કામ કરનારા રહે છે.

ફીનીક્ષ આશ્રમ જોયા પછી દક્ષિણ ભારતનું એક મંદિર અહીં સૌથી જૂનું છે તેના દર્શને ગયાં. ઈ.સ. ૧૮૯૭માં આ મંદિર બંધાયેલું. એનું નામ શ્રી વૈદ્યનાથમ્ મંદિર છે. દક્ષિણ ભારતનાં મંદિરોમાં જોવા મળતી

મૂર્તિઓ અને દક્ષિણ ભારતનાં મંદિરોમાં અનુભવવા મળતી ધૂપની સુગંધ અહીં પણ હતાં. ઘણું જૂનું મંદિર છે. આસપાસ વૃક્ષો છે. મોરલાઓ પણ જોવા મળ્યા. હનુમાનજી, શિવાલય, જગદંબાનાં મંદિરો પણ એ મેદાનમાં આવેલાં છે. દક્ષિણ આફ્રિકામાં રામકૃષ્ણ મિશનની સ્થાપના, આ મંદિરમાં થતી દર મંગળવારની પ્રાર્થનામાંથી થઈ હતી. અહીં પીપળાના વૃક્ષ ઉપર સુતર વીંટેલું જોવા મળ્યું.

બીજું એક મંદિર ૧૯૦૨ના સપ્ટેમ્બરની ૮મી તારીખે સ્થપાયેલું જોયું. તેનું નામ ઠાકુર દ્વારા. અહીં બહાર વૃક્ષની પાસે દસ-બાર ધજાઓ જોવા મળી. મંદિરમાં જેટલી કથા થાય તેટલી ધજાઓ બહાર મૂકવામાં આવે છે. કોઈ પોતાના ઘરે કથા કરાવે તો તે ઘર પાસેના ઝાડ પાસે ધજા મૂકે છે.

આજે બહાર જવાનું થયું ત્યારે શ્રી હરિભાઈ પણ અમારી સાથે હતાં. તેઓ છ માસથી આ તરફના દેશોમાં કથા માટે ફરે છે. તેઓ પોતાના હાથે ભોજન બનાવી લે છે. એમનો એ નિયમ ઘણો સારો ગણાય. શ્રી હરિભાઈ સાથે પૂ.શ્રીએ સત્સંગની વાતો કરી.

ઉતારા પર આવ્યા ત્યારે સાડા છ થઈ ગયા હતા. આજે ઉતારાની બહેનોને થોડાં આસનો બતાવ્યાં. પછી નાસ્તો, દૂધ લઈ આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૯

**તા. ૨૫-૧૧-૮૨, ગુરુવાર. કારતક સુદ નોમ, ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.**

સવારે સાડા ત્રણે પૂ.શ્રી ઊઠી જાય છે. સ્નાન કરી લે છે. મેં પણ વ્યાયામ કરી ચાર વાગ્યે સ્નાન કરી લીધું. સો માળાના જપ પૂરા કરી રામાયણનો પાઠ કર્યો. પૂ.શ્રીએ વ્યાયામ, મંત્રજપ કરી સાતથી સાડા દશ સુધી લેખન કર્યું. મહાભારત ઉપર લેખન ચાલી રહ્યું છે. થોડો આરામ કરીને સાડા અગિયારે ભોજન લેવાનું બને છે.

જ્યાં અમારો ઉતારો છે તે ઓરડામાં જ અમે ભોજન લઈએ છીએ. ભોજન બાદ થોડું વાંચન-લેખન કરીને થોડો આરામ કરીએ છીએ. આજે મુલાકાતમાં કોઈ આવ્યું નથી જેથી શાંતિ છે.

બે દિવસ ઉપર મને દિવ્ય પ્રકાશકિરણોનો અહીં પણ અનુભવ થયો. સવારે પૂ.શ્રી લેખનકાર્યમાં હતા ત્યારે એ અનુભવ થયો. જ્યારે જ્યારે અંતકરણમાં પ્રકાશની રાહ જોવાય ત્યારે ત્યારે એવો અનુભવ પ્રભુકૃપાએ થાય. મનમાં વિચારો ચાલતા હતા કે સો માળા દરરોજ થાય છે પણ ધાર્યું પરિણામ આવતું નથી. એ વિચારો સામે દિવ્ય કિરણદર્શન રૂપે પ્રભુનો જવાબ મળ્યો. આનંદ આનંદ થાય એ સ્વાભાવિક છે.

સાંજે યોગ સ્કૂલમાં જવાનું બને છે. ત્યાં ભાઈબહેનોના આસનોના વર્ગમાં જવાનું બન્યું ત્યારે ‘શ્રી રામ જય રામ જય જય રામ’ની ધૂન બોલાતી હતી. થોડા આસનોના પ્રયોગો જોયા પછી પૂ.શ્રીને કંઈક બોલવાની આગ્રહભરી વિનંતિ કરી. તેથી પૂ.શ્રીએ અંગ્રેજીમાં પોતાનું વક્તવ્ય આપ્યું જેમાં યોગ શારીરિક, માનસિક ને આધ્યાત્મિક વિકાસ માટે છે એના ઉપર ભાર મૂક્યો. પછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ થયો. જેમાં એક અંગ્રેજ યુવકે ત્રણ પ્રશ્નો પૂછ્યા. વધુ એક પ્રશ્ન પુછાયો. પ્રશ્નોત્તરી સરસ સરળ અંગ્રેજીમાં થઈ. પૂ.શ્રીએ સંસ્થાની વિનંતિને માન આપી લેખિત સંદેશો પણ આપ્યો.

કાર્યક્રમ પૂર્ણ થતાં ઉતારા ઉપર આવીને દૂધ, ફળ, લઈ આરામ કર્યો.

ઉતારાની આસપાસ જ ત્રણ હૉલ છે. એક ભારત હૉલ, બીજો સુરત હિન્દુ એસોસીએશનનો હૉલ અને ત્રીજો સપ્તાહ મંદિરનો હૉલ છે. ઉતારાની નીચે સામે પાછળ બધી દુકાનો છે. દુકાનોના નામ પણ ગુજરાતી છેઃ 'શ્રીમતી', 'ડી. નાનાભાઈ', 'વી. એન. નાયક એન્ડ કંપની', 'હંસા સેન્ટર' વિગેરે. આ ભારતીયોનો વિસ્તાર છે. એટલે દુકાનો પણ ગુજરાતીઓ, મુસ્લીમો વિગેરેની છે. રસ્તા પહોળા છે, એટલે કે ત્રણ મોટર જાય ને ત્રણ મોટર આવે એવા છે. બાંધકામમાં ઘરની ગટર હોય તોપણ તેનું ચેકિંગ થાય. તે યોગ્ય રીતે ગોઠવાય છે કે નહીં તે સરકારી ધોરણે પાસ થાય. પછી જ કોઈ પણ બાંધકામ આગળ ચાલે.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦

**તા. ૨૬-૧૧-૮૨, શુક્રવાર, કારતક સુદ દશમ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારે સાડા ત્રણે પૂ.શ્રી ઊઠી જાય છે. સ્નાન કરી લે છે. વ્યાયામ કરે છે. ચાર વાગ્યે હું પણ ઊઠીને કાર્ય શરૂ કરું છું. પૂ.શ્રી વ્યાયામ પછી મંત્રજપ કરીને લેખન શરૂ કરે છે. લેખન બાદ થોડો આરામ કરે છે. હું તે દરમ્યાન રામાયણનો પાઠ કરું છું.

આજે મગ, ભાતનું ભોજન છે. ભોજન બાદ બિહારની બે બહેનો પૂ.શ્રીને મળે છે. તેઓ સાથે પૂ.શ્રી અંગ્રેજીમાં વાર્તાલાપ કરે છે. તેમના ત્રણ પ્રશ્ન હતા:

૧. ધ્યાન કરતાં શરીર ઉપર ઊઠે તે શું છે?

૨. પ્રભુભક્તિ કરનારને દુ:ખ કેમ પડે છે?

૩. પદ્માસન શરીરને નુકશાન કરે છે?

મુલાકાતના સમય પછી પૂ.શ્રી આરામ કરે છે. સાંજે સંતરાનો રસ લે છે. થોડું લેખન કરે છે. એક અંગ્રેજી પુસ્તકનું થોડું વાચન કરે છે.

આજે વરસાદ શરૂ થયો છે. જેથી વાતાવરણ ઠંડુ છે. બહાર જવાનો કાર્યક્રમ હતો, પરંતુ બંધ રહ્યો.

આજે સત્સંગ થયો. એક ભાઈએ પૂ.શ્રીને ધ્યાન, શાંતિ ને પ્રભુપંથે આગળ વધવા પ્રાથમિક કાર્ય અંગે પ્રશ્નો પૂછ્યા. પૂ.શ્રીએ સુંદર માર્ગદર્શન આપ્યું.

સેવમમરા, ફળ, દૂધનો નાસ્તો લઈ આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૧

**તા. ૨૭-૧૧-૮૨, શનિવાર, કારતક સુદ અગિયારસ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

નિયમ પ્રમાણે પૂ.શ્રી મળસ્કે ૩-૩૦ વાગ્યે ઊઠી જાય છે. નિત્યકર્મમાંથી ચાર વાગ્યે નિવૃત્ત થઈ વ્યાયામ કરી લે છે. હું ચાર વાગ્યે ઊઠી સ્નાનથી નિવૃત્ત થઈ વ્યાયામ કરી લઉં છું. પૂ.શ્રી વ્યાયામ બાદ મંત્રજપની માળા કરતાં કરતાં થોડો આરામ કરી લે છે. પછી લેખન ચાલુ થઈ જાય છે. સાડા ત્રણ કલાક સુધી એકધારું લેખન થાય છે. સો માળાના જપનો મારો નિયમ પ્રભુકૃપાથી નિયમિત રીતે પળાય છે. થોડી ડાયરી-નોંધ લખું છું. વળી, રામાયણનો પાઠ કરવાનો હોય છે, જેથી ઘણો સમય એ પાઠમાં પણ વીતે છે.

આજે શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં પૂ.શ્રીનું અંગ્રેજીમાં પ્રવચન છે. તેથી અમે બધા બપોરે ત્રણ વાગ્યે ત્યાં જવા માટે નીકળીએ છીએ. સમયસર પહોંચી જઈએ છીએ. સેન્ટરની બહાર શ્રી સ્વામી પ્રેમાનંદ પૂ.શ્રીને આવકારે છે. હૉલમાં શ્રી શિવપાદાનંદ પોતાની બેઠક ઉપરથી ઊભા થઈ સામે આવ્યા. પૂ.શ્રીને નમ્રતાથી ભાવથી નીચા નમી પ્રણામ કર્યા. પૂ.શ્રીને તથા મને અમારી બેઠક તરફ તેઓ દોરી ગયા. પછી કાર્યક્રમ શરૂ થયો. આખો હૉલ ભરાયેલો હતો.

પ્રથમ ૐકાર બોલી ધૂન ગવડાવી. ધૂન વિવિધ વાજિંત્રો સાથે સુંદર કર્ણપ્રિય લાગતી હતી. પછી સ્વામી શિવપાદાનંદે આ સ્થાનના ભવિષ્યમાં થનારા સ્વામીજી પાસે પૂ.શ્રીને પુષ્પહાર અર્પણ કરાવ્યો. મને પુષ્પનો ગુચ્છ આપી, પ્રણામ કરી, સ્વાગત પૂર્ણ કર્યું. પછી પૂ.શ્રીનો પરિચય અપાયો. પૂ.શ્રીને પ્રવચન આપવા વિનંતિ કરી. પૂ.શ્રીએ ઊભા થઈને પ્રવચન આપવાની શરૂઆત કરી. કેટલો સમય બોલવાનું છે એવું પૂછતાં, સ્વામી શ્રી શિવપાદાનંદે જણાવ્યું, આપને જેટલું બોલવું હોય તેટલું બોલજો.

આજનો વિષય 'ધ્યાન અને પરમ શાંતિ' હતો. અંગ્રેજીમાં સરળતાથી ભાવવાહી પ્રવાહી શૈલીમાં એક કલાક સુધી એ વિષયને ન્યાય આપ્યો. હૉલમાં અંગ્રેજ ભાઈબહેનો પણ મોટી સંખ્યામાં હતાં. તેમાંના કેટલાક પ્રવચન પોતાની નોટમાં લખતાં હતાં. કેટલાંક પ્રવચનને ટેઈપ કરતાં જોવા મળ્યાં.

પ્રવચનમાં પૂ.શ્રીએ ભગવાન બુદ્ધનો પ્રસંગ, રામકૃષ્ણ કથામૃતનો પ્રસંગ વગેરે પણ વણી લીધા.

પ્રવચન દરમ્યાન ખૂબ શાંતિ હતી. સૌએ એકચિત્તે પૂ.શ્રીની અમૃતવાણીનું શ્રવણ કર્યું, એ વાતની નોંધ અમારા કાર્યકર્તા ભાઈઓએ લીધી.

પ્રવચન બાદ ફરી ધૂન થઈ. અંતે આરતી થઈ. આભારદર્શનમાં સ્વામી શિવપાદાનંદે પૂ.શ્રીનો આભાર માનતા કહ્યું: મહાત્મા યોગેશ્વરજી પોતાના અનુભવને આધારે પ્રવચન આપે છે. ફરીથી પણ આપણે એમને સાંભળીશું. હજી તેઓ અહીં ત્રણ મહિના છે. ત્યાં સુધી ઘણીવાર આપણે મળીશું. એમની પાસેથી દક્ષિણેશ્વરના અનુભવો સાંભળીશું. તમને સૌને પણ આજનું પ્રવચન ખૂબ ગમ્યું હશે. હું સંત સેવા સંઘને વિનંતિ કરું છું કે મહાત્મા યોગેશ્વરજીનો લાભ અમને પણ અપાવે. હવે પછીના કાર્યક્રમ માટે ચોક્કસ અમને સમય આપે, જેથી અમે એમનો વધુ ને વધુ લાભ લઈ શકીએ.

આભારદર્શન બાદ સૌ છૂટા પડતાં પહેલાં અમને બાજુના ઓરડામાં લઈ જવાયાં. જ્યાં પ્રવચનમાં આવનાર સૌ શ્રોતાઓએ આવીને પૂ.શ્રીને પ્રણામ કર્યા. ત્યાં ફળદૂધનો પ્રસાદ લીધો.

ત્યાંથી વિદાય લીધી. વિદાય વખતે પણ સ્વામી શ્રી શિવપાદાનંદજી ગાડી સુધી મૂકવા આવ્યા. ફરી તેઓએ પૂ.શ્રીને નીચા નમી નમસ્કાર કર્યા. સ્વામી શિવપાદાનંદજીની નમ્રતા, પ્રેમ, સરળતા અદ્ભુત હતાં, વંદનીય હતાં. અમે સૌએ નમસ્કાર કરી વિદાય લીધી.

રાત્રે ૭.૩૦ થી ૮.૩૦ પ્રવચનનો બીજો કાર્યક્રમ હતો, ત્યાં જવાનું બન્યું. ત્યાં અંગ્રેજ ભાઈઓ પણ હતા. તેથી પૂ.શ્રીને થોડું અંગ્રેજીમાં પણ બોલાવાની વિનતિ થઈ, જેથી પૂ.શ્રીએ ગુજરાતી ને અંગ્રેજી બંનેમાં પ્રવચન કર્યું.

ત્યાં ગાંધીજીના પુત્ર શ્રી મણીલાલના ધર્મપત્ની સુશીલાબેન મળ્યાં. તેમની સાથે ગાંધીજીની થોડી વાતો થઈ.

ઉતારા ઉપર આવતાં સવા દશ થઈ ગયા. આજે અગિયારશ હતી. તેથી રાત્રે કશું પણ ન લીધું. આરામ જ કર્યો.

આજનું બીજું પ્રવચન ત્યાં ગવાયેલા એક ભજન ઉપર જ થયું. આ વિશ્વ રામની ફૂલવાડી છે એ અર્થનું એક ભજન એક બહેને શરૂઆતમાં ગાયું. એ જ વિષય ઉપર પૂ.શ્રીએ સુંદર સમજ આપી.

આજે ત્રણ થી રાતના ૧૦:૨૦ સુધી એકધારો શ્રમ પડ્યો. થોડો થાક જણાય છે. પણ આરામ થતાં ફરી સ્વસ્થ થઈ જવાશે.

આજે અહીં આવ્યાને ૧૧ દિવસ થયાં. સત્સંગનો આનંદ આવે છે.

* * હરિઃ ૐ * *

## દિન ૧૨

**તા. ૨૮-૧૧-૮૨, રવિવાર, કારતક સુદ બારસ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારે ચાર વાગ્યે પૂ.શ્રી સ્નાનથી નિવૃત્ત થઈ વ્યાયામ પણ કરી લે છે. મંત્રજપ ચાલુ થઈ જાય છે. મારો પણ એ જ ક્રમ રહે છે.

આજે ભાત, શાક, કઢીનું ભોજન લેવાનું બને છે. મુલાકાતમાં એક ભાઈ ધ્યાન અંગે રસિક પ્રશ્નોત્તરી કરે છે.

ત્રણ વાગ્યે શ્રી રામાયણ સભા હૉલના ઉદ્‌ઘાટન વિધિમાં પૂ.શ્રી હાજરી આપે છે. આશીર્વાદ સંદેશ પૂ.શ્રી અંગ્રેજીમાં આપે છે. શ્રી રામાયણ સભા ૧૯૧૧માં સ્થપાયેલી, તેનો હૉલ આ વરસે બંધાયો છે. તે હારબોટલ રોડ, ઓવરપોર્ટમાં આવેલો છે.

પાંચ વાગ્યે શ્રી માંધાતા હિતવર્ધક મંડળના વાર્ષિક મેળાવડામાં અમારા વિશેષ સન્માનનો કાર્યક્રમ હતો, જેથી ભારત હૉલમાં જવાનું બન્યું. એ મંડળની સ્થાપનાને પણ ઘણાં વરસ થયાં હતાં. ત્યાં ફૂલના હાર ને પુષ્પગુચ્છથી સન્માન થયું. ત્યાં પૂ.શ્રીએ યુવાન બાળકોના ભારતીય સંસ્કારો ટકી રહે તે માટે પ્રયત્ન કરવા પર પ્રવચન આપ્યું.

એ મંડળના સાંસ્કૃતિક કાર્યક્રમમાંનું મીરા ને કૃષ્ણનું ભરતનાટ્યમ્ પદ્ધતિનું નૃત્ય ખૂબ સુંદર હતું.

ઉતારા ઉપર આવી સેવમમરાનો હળવો નાસ્તો લઈ, સાડા સાત વાગ્યે પ્રવચન-સ્થળ ભારત હૉલમાં જવાનું બન્યું. શ્રોતાઓની સંખ્યા સારી હતી. ગીતાના ભક્તિયોગ ઉપર પ્રવચનો થયાં. પ્રવચન બાદ આરામ.

ભારતથી આટલે બધે દૂર વસીને ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવાના અહીંની જનતાના પ્રયત્નો અભિનંદનીય છે.

અહીં સપ્તાહ મંદિરમાં શ્રીકૃષ્ણ, રાધા, શ્રી રામ, સીતા, શંકર, જગદંબા, હનુમાન, ગણપતિ - સૌ દેવોની મૂર્તિઓ છે. મંદિરમાં વિવિધ ઉત્સવો ઉજવાય છે. ગઈ કાલે તુલસીવિવાહ ઉજવાયો. આ પ્રસંગે અન્નકૂટ પણ ભરાય છે.

અહીં મુસ્લીમોની વસ્તી પણ ઘણી છે. એ ભાઈઓ પણ પોતાના ઉત્સવો ઊજવે છે. તાબૂત વિગેરે પણ કાઢે છે.

અહીં દરિયાકિનારો છે, જેથી ત્યાં પણ ત્રણ વિભાગમાં વ્યવસ્થા જોવા મળે છે. યુરોપીયનો માટે, આફ્રિકનો માટે, હિન્દીઓ માટે. સ્નાન, બોટિંગ, પાર્કિંગ વગેરેના વિભાગો પણ જોવા મળે છે.

અહીંની અંગ્રેજ સરકારને હવે સમજાયું છે કે આ દેશની વેપાર સમૃદ્ધિમાં હિન્દીઓનો ફાળો મોટો છે. તેથી હવે સરકારી ધોરણે મોટી મોટી લાયકાતવાળી જગ્યાઓ ઉપર પણ હિન્દીઓને લે છે. તેમને પગાર પણ બબ્બે હજાર રેન્ડ મળે છે. અહીં રેન્ડનું ચલણ છે. એક રેન્ડ એટલે ભારતના આઠ કે નવ રૂપિયા.

દક્ષિણ આફ્રિકાની સરકાર વિરુદ્ધ કોઈ કાંઈ બોલે તો તેને ત્રણ માસ સુધી અંધારી ઓરડીમાં સજા મળી જાય છે. પાંચ વરસ સુધી તેને નજરકેદ જેવી સજા પણ થાય છે. પોતાના કામ માટે નોકરીધંધા માટે જ ઘરની બહાર નીકળી શકાય. બીજે ક્યાંય પણ ન જઈ શકાય. ઘરમાં જ રહેવાનું. બીજા શહેરમાં કે બીજા વિભાગમાં જવા માટે પણ સરકારની ખાસ પરવાનગી માગવી પડે છે. તેવી પરવાનગી ભાગ્યે જ મળતી હોય છે. ગાંધીજીના પરિવારના એક ભાઈ એવી સજા પામ્યા છે. દેશની નીતિ અંગે ન્યાયપૂર્ણ વાત કરવા જતાં તેમને એ બંધન મળ્યું છે.

અહીં ગુજરાતીઓ બધા જ સુખી છે એવું પણ નથી. કેટલીક વિધવા બહેનો પાપડ, શાકભાજી વિગેરે વેચીને પોતાનું જીવન ચલાવે છે. જોકે તેવો વર્ગ ઘણો નાનો છે.

વિવિધતાનાં દર્શન આ દેશમાં થઈ રહ્યા છે. સત્સંગનો આનંદ મળ્યા કરે છે.

* * હરિઃ ૐ * *

## દિન ૧૩

**તા. ૨૯-૧૧-૮૨, સોમવાર, કારતક સુદ તેરસ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારના સાડા ત્રણ વાગ્યા છે. પૂ.શ્રી સ્નાન કરવા જાય છે. હાથમાં બ્રશ ને ઊલિયું છે. બીજા હાથમાં બે વારનો સફેદ ટુકડો છે. સ્નાન કરીને તરત પૂ.શ્રી શીર્ષાસન કરવા માંડે છે. નિયમિત, અતિનિયમિત ક્રમ છે. વ્યાયામ, મંત્રજપ, દૂધ પીવું, લેખન એ જ ક્રમ. કોઈ ફેરફાર નહીં.

'મહાભારતના મોતી' નામનું પૂ.શ્રીનું પુસ્તક પ્રગટ થશે. તે પુસ્તકના શ્રીગણેશ આ ધરતી પર મંડાયા છે. એ તેની વિશેષતા ગણાશે. કેટલાયે પ્રસંગો લખાઈ ગયા છે. સાથે સાથે દક્ષિણ આફ્રિકાની પ્રવાસ-નોંધ પણ પૂ.શ્રી લખી રહ્યા છે.

સાડા અગિયાર ને પોણા બારની વચ્ચે ભોજન લેવાનું બને છે. મગ, ભાત, શીરો, શાકનું ભોજન લીધું.

આજે શ્રી રતિભાઈ પૂ.શ્રીને ફરવા લઈ જવા માટે આવે છે. દરિયાકિનારાનું બંદર જોવા માટે જવું જોઈએ. પણ મારે મૌન હોવાથી એ કાર્યક્રમ પૂ.શ્રી બંધ રાખે છે. શ્રી રતિભાઈ સેવાભાવી સજ્જન છે. પૂ.શ્રીની સર્વપ્રકારની સેવા કરવા તેઓ તક શોધ્યા કરે છે. તેઓની સાથે પૂ.શ્રી વાતો કરે છે.

શ્રી રતિભાઈ પૂછે છેઃ આપનું જીવન કેવી રીતે ચાલે છે? કંઈ પણ જરૂરિયાત હોય તો મને જણાવજો.

પૂ.શ્રીએ પ્રશ્નના ઉત્તરમાં પોતાની સાધનાકાળની વાતો કરી કહ્યુંઃ પ્રભુ થોડી કસોટી તો કરે જ. પણ માયાપતિ પ્રભુનું સાચું શરણ લેનાર માટે માયા પણ દાસી બની જાય છે. છેલ્લાં કેટલાંયે વરસોથી હું અનુભવું છું કે અમારું જીવન વણમાગ્યે ખૂબ સારી રીતે ચાલ્યા કરે છે. પ્રભુની પ્રમાણિક નોકરી કરી તો હવે પેન્શન પાકી ગયું હોય એમ લાગે છે.

શ્રી રતિભાઈ સાથે વાતચીતમાં પૂ.શ્રીએ ઉડિયાબાબાનો અનુભવ પણ કહી સંભળાવ્યો. સમય થતાં શ્રી રતિભાઈ વિદાય થયા.

પૂ.શ્રી આજકાલ રામકૃષ્ણ સેન્ટરનું અંગ્રેજી માસિક 'જ્યોતિ' વાંચે છે. પછી થોડો આરામ કરે છે.

ગઈકાલની અને આજની ડાયરીનું લેખન કરી હું રામાયણનો પાઠ કરું છું.

અહીં આવ્યાના બીજા જ દિવસથી સમૂહ ધ્યાનની બેઠક શરૂ થઈ છે. ધ્યાન-સાધનામાં રસ લેનાર ભાઈબહેનો અહીં પણ છે. આજે પણ તે બેઠક સાંજે ૬ થી ૭ થઈ. ધ્યાનમાં એક ભાઈ આજે નવા આવ્યા હતા. પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનો સાંભળ્યા પછી ખૂબ પ્રભાવિત થયા છે. તેમના વિસ્તારમાં એક હૉલ છે. શહેરની બહાર, ત્યાં પૂ.શ્રીનાં પ્રવચનો ગોઠવવા તેઓ માંગે છે. અંગ્રેજી જાણનાર પૂ.શ્રીનો પૂરેપૂરો લાભ લેવાય તે માટે તેઓ કાર્યકર્તાઓને નવાં નવાં સૂચનો કરે છે.

ધ્યાનની આ બેઠકમાં બે ભાઈઓ પગની તકલીફને લીધે ખુરશી ઉપર બેસે છે. બાકી સૌ નીચે પદ્માસન કે અર્ધપદ્માસન કે પલાઠીમાં બેસે છે.

ધ્યાનની બેઠક પછી સાત થી સવાસાત સુધીમાં અમે બટાકાપૌંઆ ને સેવમમરાનો નાસ્તો લઈએ છીએ.

સાડા સાતે ભારત હૉલમાં જવાનું બને છે. મંચ ઉપર એક મોટી ને એક નાની બેઠક છે. મંચની બાજુમાં ગાંધીજી ને જવાહરની તસવીરો છે. વળી, બીજા પણ ઘણા ફોટા છે. ખુરશીવાળા આ હૉલમાં શ્રોતાઓ આવીને બેસી ગયા છે. સમયસર પ્રવચન શરૂ થાય છે. છેવટે આરતી થાય છે. સાડા નવ વાગ્યે કાર્યક્રમ પૂર્ણ થાય છે. ઉતારો નજીક જ છે. આવી જઈએ છીએ. પછી દૂધ પીને આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૧૪

**તા. ૩૦-૧૧-૮૨, મંગળવાર, કારતક સુદ ચૌદશ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

મળસ્કે સાડા ત્રણ વાગ્યે સ્નાન. પછી એક કલાક વ્યાયામ. પછી મંત્રજપ. વળી, સાત વાગ્યાથી સાડા દશ સુધી એકધારા લેખનનો ક્રમ. પછી શરીર થોડો તો વિશ્રામ માંગે જ ને! એટલે પલંગ ઉપર સૂતાં સૂતાં પૂ.શ્રી ફરીથી માળા ફેરવવા લાગે છે. સાથે થોડો આરામ પણ મળી જાય છે.

અહીં આવીને પૂ.શ્રી એકધારા લેખનનો શ્રમ કરી રહ્યા છે. વળી, ઘણીવાર દિવસના ત્રણ-ત્રણ કાર્યક્રમો પણ કરવાના હોય છે. પ્રભુની કૃપાથી શરીર સ્વસ્થ રહે છે.

પૂ.શ્રી આજે વાત કરતાં કહે છે: અંગ્રેજી બોલવાનો મહાવરો નથી. ભારતમાં તો એ થતું જ નથી. અહીં આવીને ચાર વાર અંગ્રેજીમાં વાર્તાલાપ થયો એ પ્રભુની જ કૃપા કહેવાય. વિવેકાનંદ ઉપર પણ એવી જ કૃપા હતી ને ! આ દેશમાં અંગ્રેજીમાં ઘણા કાર્યક્રમ થયા ને હજી થશે.

પૂ.શ્રીનું અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ વિશાળ વાચન, લેખન કે વાતચીતની તાલીમને લીધે નથી. પૂ.શ્રી અંગ્રેજી વાચન પણ ખાસ કરતા નથી. પ્રભુની પૂર્ણકૃપાથી એકધારું પ્રભાવશાળી વક્તવ્ય પૂ.શ્રીના શ્રીમુખેથી વહ્યા કરે છે. એક જ વાર સાંભળનાર બીજા પ્રવચનમાં અવશ્ય હાજર થઈ જ જાય છે. રામાયણ સભા હૉલમાં પૂ.શ્રીએ અંગ્રેજીમાં જ પ્રવચન આપ્યું. ત્યાં ડરબનના અંગ્રેજ મેયર પણ હાજર હતા. તે કાર્યક્રમમાં શ્રોતાઓનો તો પાર ન હતો. પરિણામ એ આવ્યું કે પૂ.શ્રીને રામાયણ સભા હૉલમાં સાંભળનારા કેટલાંયે મંડળોના પ્રતિનિધિઓએ પૂ.શ્રીના અંગ્રેજી કાર્યક્રમની પોતાના વિભાગ માટે માગણી કરી. ત્યાં હાજર રહેલા સમાચારપત્રોના પ્રતિનિધિઓએ પૂ.શ્રીની મુલાકાત લેવાનું વિચાર્યું.

એવા કાર્યક્રમો પાછળ કાર્યકર્તાઓએ કોઈ વિનતિ કે ગોઠવણ કરવાની રહેતી નથી. આપોઆપ જ પૂ.શ્રીની વાણીનો એવો જાદુઈ પ્રભાવ છે કે સામેથી કાર્યક્રમની માગણી થતી રહે છે.

‘ધ લીડર’ નામના અંગ્રેજી સમાચારપત્રના પ્રતિનિધિ આજે સામેથી મળવા આવનાર છે. પૂ.શ્રીની તેઓ મુલાકાત લેશે.

આજે ભોજનમાં દાળ, ભાત, પૂરણપોળી લીધાં.

ભોજન બાદ ‘ધ લીડર’ના પ્રતિનિધિએ બાર થી દોઢના સમયે મુલાકાત લીધી. મુલાકાત લગભગ દોઢ કલાક ચાલી. અંગ્રેજીમાં પ્રશ્નોત્તરી થઈ. તેનો અહેવાલ તા. ૨-૧૨-૮૨ ના પેપરમાં આવશે એવી પણ તેમણે જાણ કરી. આવનાર પ્રતિનિધિએ વિવિધ વિષયો ઉપર અંગ્રેજીમાં પ્રશ્નો પૂછ્યા. પૂ.શ્રીએ તેમને સંતોષ થાય એવા પૂર્ણરૂપમાં ઉત્તરો પ્રદાન કર્યા. વળી તેમણે પૂ.શ્રીની અને મારી તસવીરો પણ લીધી.

આજે સાંજે ગાંધીજીનાં પુત્રવધૂ શ્રી સુશીલાબેન ગાંધીને મળવાનું બન્યું. ગાંધીજીની સાથેના પ્રેરક પ્રસંગોની તેમણે રસલ્હાણ ધરી. તેમણે ફિનીક્ષ આશ્રમમાં ત્રીસમી જાન્યુઆરીએ પૂ. બાપુના નિર્વાણદિને થતા વિશેષ કાર્યક્રમમાં પૂ.શ્રીને એક પ્રવચન આપવાની આગ્રહભરી વિનતિ કરી. પૂ.શ્રીએ એ અંગે હા પાડી.

સાંજે ૬ થી ૭ ધ્યાનની બેઠક થઈ. ધ્યાન-સાધનાના રસિક ભાઈઓએ એમાં દરરોજની જેમ લાભ લીધો. પૂ.શ્રીના સાંનિધ્યે તે સૌને ધ્યાન-સાધનામાં શાંતિ મળે છે, આનંદ આવે છે. તેથી જ આ કાર્યક્રમ નિયમિત રીતે અહીંના આગમનના બીજા જ દિવસથી તેઓએ માંગ્યો હતો, અને તે ચાલ્યા જ કરે છે.

આજે સમયસર ગીતાના ભક્તિયોગ ઉપર ભારત હૉલમાં પ્રવચન થયું. તેમાં પૂ.શ્રીએ સંત એકનાથ, મીરાંબાઈ, કબીર સાહેબ, શ્રી રામકૃષ્ણદેવના જીવનના પ્રેરક પ્રસંગોની ચર્ચા કરી.

પ્રવચન બાદ આયોજકો સાથે પૂ.શ્રી ઉતારા ઉપર આવ્યા. દૂધ લઈ આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૫

**તા. ૧-૧૨-૮૨, બુધવાર, કારતક વદ એકમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

વિદેશની ધરતી ઉપર આજે પંદરમો દિવસ થયો. ઘણા લાંબા સમયથી અહીં રહીએ છીએ એવું અનુભવવા મળે છે.

આ ધરતી રળિયામણી છે. મકાનો એકસરખાં નથી. મકાનોની બહાર ખુલ્લી જગ્યા નથી. તેથી મકાનના જ એક ખુલ્લા ભાગમાં લોકો તુલસીક્યારા ને બીજાં ફૂલનાં છોડ રાખે છે. બહાર મકાનો ઉપર કબૂતરોનો સમૂહ દરરોજ જોવા મળે છે. ઘણાં ઘરોમાંથી કબૂતરોને નિયમિત દાણા નાખવામાં આવે છે.

પૂ.શ્રીનો જે ઓરડામાં ઉતારો છે તેની બારી મુખ્ય માર્ગ ઉપર છે, જેથી બારીમાંથી સૂર્યપ્રકાશ ને વિવિધ દૃશ્યોનું દર્શન સહજ બને છે. સાડા ચાર વાગ્યે તો અજવાળું શરૂ થઈ જાય છે.

પૂ.શ્રી સાડા ત્રણ વાગ્યે સ્નાન કરી નિવૃત્ત થઈ વ્યાયામ પૂર્ણ કરે છે ત્યારે ઘડિયાળમાં સાડા ચાર કે પોણા પાંચ થવાની તૈયારી હોય છે. લેખનમાંથી નિવૃત્ત થઈ પૂ.શ્રી સાડા અગિયાર પછી કંઈક વાંચતા હોય એવું લાગે છે. પલંગ પાસે કોઈ પુસ્તક લઈને ઊભા છે. થોડી જ વારમાં ભોજન લેવાનું બનશે. ભોજન આજ ઓરડામાં નીચે ચાદર પર બેસીને લેવાનું બને છે. આજે પૂ.શ્રી વાચન દરમ્યાન થોડી વાતો કરતાં કહે છે: હજુ તો પંદર દિવસ થયા નથી ત્યાં કેટલા બધા અંગ્રેજી કાર્યક્રમો થયા! બીજા કેટલાયે ગોઠવાઈ ગયા છે ને હજી તો ગોઠવાશે. પ્રભુની કૃપાથી અંગ્રેજી બોલવામાં ખાસ વાંધો આવતો નથી. જ્યારે જ્યારે કોઈ અંગ્રેજી વાર્તાલાપ સાંભળું છું ત્યારે એમ થાય છે કે એ અંગ્રેજી ભાષા તો સાવ સાધારણ છે, આત્મગૌરવથી બોલાયેલી નથી. એટલે જ્યારે પણ મારે અંગ્રેજી ભાષામાં બોલવાનું બને છે ત્યારે તેની પાછળ આત્મગૌરવ ભળે છે અને તેથી જ તે બોલવાનું સફળ થાય છે.

ગઈ કાલે પણ કાર્યક્રમના આયોજકોએ કહ્યું કે આપ વિષયને ખૂબ સારી રીતે ન્યાય આપો છો. તેથી જે સારો વર્ગ છે તે જ પ્રવચનમાં આવે છે. જેમને હલકા મનોરંજનમાં રસ છે તેઓ કદાચ ન આવે તો તેથી શું?

આજે ભોજનમાં કેરીનો રસ, રોટલી, દાળ, ભાત લીધાં.

ભોજન બાદની મુલાકાતમાં એક બહેનના પ્રશ્નના ઉત્તરમાં પૂ.શ્રીએ કહ્યું: બધા પોતાપોતાના કર્મસંસ્કાર લઈને આવે છે. તે બધાને શીખામણ આપવાનો કોઈ અર્થ નથી. શેઠની શીખામણ ઝાંપા સુધી. થપ્પડ વાગશે ત્યારે સૌ પોતપોતાના ઠેકાણે આવશે. આપણે પ્રભુના બની જવું. આપણે જે સત્કર્મ કરીશું તે જ કામ આવશે. આપણે આપણું સાધન-ભજન કર્યા કરવું.

આજે મુલાકાત પછી, શ્રી રતિભાઈના બે દિવસના આગ્રહને માન આપી બહાર ફરવા જવાનું બને છે.

ડોલફીશીયન નામનું સ્થાન, જ્યાં સાડા ચાર રેન્ડની એક ટિકિટ લઈને જોવા જવાનું હોય છે. ત્યાં વિશાળ સ્ટેડિયમ જેવી જગ્યા હતી. સામે પાણીનો હોજ હતો, જ્યાં માછલીઓનો શો બતાવવામાં આવે છે. સી

નામનો દરિયાઈ જીવ કાળા રંગનો નાનકડો લાંબો કૂતરો હોય એવું લાગે છે. સુંવાળી ને પગ જેવા આકારની ચામડી. તેને જુદી જુદી તાલીમ આપી હતી, જેથી તે લપસણી ઉપરથી લપસે, રીંગમાં થઈ કૂદકા મારે, બૉલ રમે, પીપ ગબડાવે, તાળી પાડે. આનંદ વ્યક્ત કરે.

એ જ રીતે મોટી મોટી ત્રણ માછલીઓએ પણ એ રીતે પ્રયોગ કર્યા. માછલીઓ ઈશારાથી અને ભાષાથી સમજપૂર્વક એકસાથે તે પ્રયોગો કરતી હતી.

તાલીમ ઘણી સારી આપેલ હતી. જોનારાંને આનંદ આવે જ. વિશેષ કરીને બાળકોને.

લગભગ એક કલાક શો ચાલે છે. બે-ત્રણ બહેનો આ માછલીઓને, સી નામના દરિયાઈ જીવને તાલીમ આપે છે.

વળી, એ જ મકાનમાં માછલીઘર જોવા મળે છે. જુદા જુદા પાંચ-છ મોટા મોટા પાણીના ઊંડા હોજ હતા. પાણી સ્વચ્છ હતું. તેમાં ઘણી જુદી જુદી જાતની મોટી મોટી માછલીઓ, કાચબા વિગેરે જોવા મળ્યાં.

વળી, સાથે એક દુકાન પણ હતી. જેમાં ડરબનનાં કાર્ડ, શંખ, પુસ્તકો, ઉપરાંત બીજી ઘણી બધી વસ્તુઓ મળતી હતી. ત્યાંથી અમે કાર્ડ લીધાં.

દરિયાકિનારે જ દક્ષિણ આફ્રિકાનું મોટું બંદર આવેલું છે. તે પણ જોવા જેવું છે. વરસો પહેલાં મુંબઈથી દર પંદર દિવસે એક સ્ટીમર આવતી. એકવીસ દિવસની એકધારી અટક્યા વિના મુસાફરી થતી. હવે તો એક જ દિવસમાં મુંબઈથી અહીં અવાય છે. બંદરના અંદરના ભાગમાં અમે ગયાં. જ્યાંથી મુસાફરો, માલ વિગેરે ઊતરે તે સ્થાન જોયાં. અહીં પણ યુરોપીયન, આફ્રિકન, ઈન્ડિયન માટે જુદા જુદા કસ્ટમ ને ઉતારવાની જુદી જુદી જગ્યાઓ જોવા મળી. દરિયાકિનારે જ્યાં સ્ટીમર દાખલ થાય તે જગ્યા પણ જોઈ. દીવાદાંડી ઉપરથી સિગ્નલ અપાય એ રીતે સ્ટીમર અંદર આવે. મોટી સ્ટીમરોએ ક્યાંથી દાખલ થઈ ક્યાં ઊભા રહેવાનું છે તે માટે એક પાયલોટ સ્ટીમર સામે જઈને પેલી સ્ટીમરને દોરવણી આપે.

તે જોયા બાદ ઉતારા ઉપર આવી ગયાં. થોડો આરામ કર્યો. મેં નોંધ લખી.

૬ થી ૭ સુધી ધ્યાનની બેઠક થઈ. ૭ થી ૭:૧૫ સુધીમાં સેવમમરા, ફળનો નાસ્તો લઈ લીધો.

ભારત હૉલમાં સાડા સાતે પહોંચી ગયાં.

આજે ત્યાં શ્રી રામકૃષ્ણ સેન્ટરના સ્વામી શિવપાદાનંદ પણ પધાર્યા છે. તેમની પણ એક ખાસ બેઠક પૂ.શ્રીએ તૈયાર કરાવી હતી. કાર્યકર્તાઓની માન્યતા એવી હતી કે સ્વામીજી તો બધા પ્રેક્ષકોની સાથે નીચે જ બેસશે. પણ પૂ.શ્રીની ઈચ્છા સ્વામીજી સંત તરીકે ઉપર અલગ બેઠક ઉપર જ બેસે એવી હતી. જેથી પૂ.શ્રીએ અલગ બેઠક તૈયાર કરાવી હતી. સ્વામીજી ત્યાં બેઠાં. પૂ.શ્રીએ આજે હિન્દીમાં પ્રવચન આપ્યું. પછી સ્વામીજીને આશીર્વાદ આપવા જણાવ્યું. સ્વામીજીએ અંગ્રેજીમાં આશીર્વચન આપ્યા. પછી, વિદાય થતી વખતે સ્વામીજીને વિદાય આપવા પૂ.શ્રી ઊભા થયા અને ભગવાનની તસવીર ઉપર જે ફૂલનો હાર હતો તે મંગાવી સ્વામીજીને પહેરાવ્યો. સ્વામીજીએ નીચા નમી પ્રણામ કર્યા ને વિદાય લીધી.

સ્વામીજી પૂ.શ્રીને પ્રણામ કરે તે તો કંઈક સમજાય, પણ મને પણ તેઓ ખૂબ નમ્રતાથી નીચા નમીને જ નમસ્કાર કરે છે. જાણે નમ્રતાનો આદર્શ બતાવવા જ આ પૃથ્વી પર શિવપાદાનંદજી પ્રગટ્યા ન હોય! એમની નમ્રતાને ધન્યવાદ ઘટે, એમની નમ્રતાને વંદન જ શોભે.

આવનાર અતિથિ સંતપુરુષને યોગ્ય આસન આપવાનું ને યોગ્ય સત્કાર કરવાનું કાર્ય કાર્યકર્તાઓનું હોવું જોઈએ. કદાચ, જ્યાં કાર્યકર્તાઓ ભૂલે ત્યાં સુયોગ્ય વ્યવહાર કરવાનું પૂ.શ્રી ક્યાંથી ભૂલે? એક સંતપુરૂષનું યથોચિત સ્વાગત કરવું તે સમાજનું કર્તવ્ય છે. એ કર્તવ્યનું પાલન પૂ.શ્રી કરે છે ને કરાવે છે. પૂ.શ્રી યોગેશ્વરજીની એ વિશેષતા છે કે તેઓ કોઈ પણ સંતનો સુયોગ્ય આદરસત્કાર કરે જ છે.

છેવટે ભજન-ધૂન ને આરતી બાદ કાર્યક્રમ પૂર્ણ થયો.

આખો દિવસ પૂ.શ્રી કંઈક ને કંઈક ઉપયોગી વચનામૃત વરસાવતા રહે છે.

માછલીઓનો સમૂહ જોઈને પૂ.શ્રી કહેઃ આ બધાં પ્રભુનામની ધૂન ગાતાં હોય તો? દરેકને મુક્તિ ગમે. આ બંધન-દશામાં, આટલી જ દુનિયામાં ફર્યા કરવાનું કેમ ગમે?

અહીં હવામાન બદલાયા કરે છે એવું સાંભળી પૂ.શ્રી કહેઃ કલિયુગના સાધક જેવી ઋતુ છે. ઘડીમાં વૈરાગ્ય ને ઘડીમાં વિષય. હૉલમાં ભગત બની જાઓ ને પાછા જગતમાં વિષયી થઈ જાઓ!

વળી, મોટર-રસ્તો સહેજ ભૂલી જવાયો ત્યાં પૂ.શ્રી કહેઃ સાધક જેમ જરાક ગાફેલ રહે, જાગ્રત ન રહે, તો સાધનાના માર્ગથી ભ્રષ્ટ થઈ જાય તેમ મોટર પણ માર્ગ ભૂલે.

નાની અમસ્તી વાતને પણ પૂ.શ્રી આધ્યાત્મિક અર્થઘટન સાથે નવી જ રીતે રજૂ કરે છે. એવું તો ઘણી ઘણીવાર જોવા મળે છે.



* * હરિઃ ૐ * *

## દિન ૧૬

**તા. ૨-૧૨-૮૨, ગુરૂવાર, કારતક વદ બીજ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સાડા ત્રણે સ્નાન પછી એક કલાક વ્યાયામ. પછી મંત્રજપ અને લેખન. પૂ.શ્રીનો આ નિયમિત ક્રમ. અગિયાર વાગ્યે આજે સાંઈબાબાની સ્તુતિ બોલ્યા. થોડો આરામ, થોડા આંટા માર્યા.

પછી ભોજનનો ક્રમ. આજ ભોજનમાં દાળ, ભાત, શાક, છાશ લીધાં.

ભોજન બાદ પૂ.શ્રી 'જ્યોતિ' માસિક વાંચે છે. ત્યાં મુલાકાતના સમયે એક બહેન ને બે-ત્રણ ભાઈઓ આવે છે. થોડી વાતચીત થાય છે. સંત સેવા સંઘના પ્રમુખ શ્રી રતિભાઈ દોઢ વાગ્યે આવી જાય છે. તેથી બહાર ફરવા જવાનું બને છે.

બંદર ઉપર જવાનું બન્યું. ત્યાં સૂકી ગોદી જોવા મળી. તે એવું સ્થાન છે જ્યાં આખી સ્ટીમરને એક પ્લેટફોર્મ ઉપર ઊંચકી લેવામાં આવે. બીજી જગ્યા એવી જોઈ, જ્યાં પાણીમાં જ સ્ટીમર જ્યાં હોય ત્યાં જ પાણી વિનાનું તે સ્થાન કરી દે, જેથી સ્ટીમર આખી સૂકા ભાગમાં રહી શકે. પછી ત્યાં સમારકામ થાય.

જુદી જુદી સ્ટીમરો આવે. ત્યાં જ જુદી જુદી કંપનીઓનાં ગોડાઉન હોય. ત્યાંથી માલ ચઢે, ઊતરે, બધો જ વહીવટ સરકાર કરે.

હાવર્ડ કૉલેજ જેને નાતાલ યુનિવર્સિટી પણ કહે છે તે સ્થાન ઘણું વિશાળ છે. દક્ષિણ આફ્રિકાની તે યુરોપીયન યુનિવર્સિટી છે. હવે એમાં હિન્દીઓને પણ આવવાની છૂટ મળી રહી છે. મુખ્ય મકાનનો ઘુમ્મટ સોનાના ગોળાથી શોભી રહ્યો છે. ત્યાં એક-બે તસવીરો લીધી.

એક કલાક ફરવાનો સમય હતો, જેમાં બે સ્થાન જોયાં. શ્રી રતિભાઈ અમને દરરોજ જ ફરવા લઈ જવા માગે છે.

પૂ.શ્રી કહે છેઃ અમને ખાસ ફરવાનો કે જોવાનો રસ નથી. દિવસો સુધી એક જ સ્થાનમાં રહેવાનો કંટાળો પણ નથી. ઠીક છે, આ વળી નવો દેશ છે એટલે જરા જોઈએ.

શ્રી રતિભાઈ કહેઃ તમને જોવાનો રસ નથી પણ અમને બતાવવાનો રસ છે. જેથી અમે તમને લઈ જઈએ છીએ.

સાંજે ધ્યાનની બેઠક દરરોજની જેમ હતી. ધ્યાનની બેઠક પછી પૂ.શ્રીએ પોતાની ધ્યાનની બેઠક વિદ્યાર્થી-અવસ્થામાં કેટલી ને કેવી રહેતી તે અંગે વાત કરી. વળી, માતાજીનું સ્મરણ થયું.

ફળ વિગેરે લીધું. સમયસર પ્રવચન થયું. રાત્રે પોણા દશે ઉતારા ઉપર આવી ગયાં. દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## વર્તમાન પત્રમાં

‘ધ લીડર’ નામના સ્થાનિક અઠવાડિક વર્તમાનપત્રમાં પૂ.શ્રીની મુલાકાતની વાતો એઓશ્રીની તસવીર સાથે તા. ૩-૧૨-૮૩ ના રોજ આ રીતે પ્રકટ થઈ હતી.

### A MAHATMA ON VISIT TO SOUTH AFRICA
**- By Trevor Harris**

"IF I can’t provide something to the society for the bread it gives me, I am a thief." - So says Mahatma Yogeshwarji Maharaj who renounced worldly pleasures at the age of 19, has written more than 80 books in three languages on Indian religion, and who sees part of his role as being to guide India in the social, spiritual and political fields.

He is presently in this country on what he describes as his "South African Pilgrimage" and this will be incorporated into a book he is writing. Mahatma Yogeshwarji also began work on another book since he arrived in Durban a fortnight ago - a Gujarati translation of the Mahabharata.

Intensely nationalistic in outlook - "I am a lover of India", he proclaims. His work has extended beyond the narrow concept of religious work.

PRAYER POWER

"When India was struggling for independence we stayed in the Himalayas and prayed to the Almighty to guide our land to freedom," he says, stressing his firm belief in the power of prayer. His religion is also lived out in visible social action, through the building of a school in the Himalayas and by providing medicines and money to the poor. Several politicians too, came to him and his colleagues for guidance. But, he adds, many are too arrogant to take the advice.

India's saints should lead India in the social, political and spiritual spheres, he says. “If we just inspire and guide we serve the country."

"We have no political ambitions for positions, still, we have a love for our motherland and we know, and can show the way." He hopes to unite India not in the name of language or race but in the name of the betterment of the nation."

COMMON CAUSE

"We must serve the motherland. If we lay the emphasis on this then people will be united. The common cause must be there and that is the betterment and upliftment of the masses."

Mahatma Yogeshwarji said: "We are not political leaders, we don't want to be. We are saints and the duty of saints is to denote the path. Our role is that of saints not politicians and we must speak and write the truth."

Doing this has not always been easy, Religious leaders have been harassed and imprisoned and many have been too afraid to speak out.

The Mahatma himself has not had any such experience, though. During the emergency three years ago, he addressed meetings and stated that he thought the policy was not right.

"I said that there should be a round table conference to hear what all sides had to say. That is our role."

On the social level he says, there should not be any sort of differences. All should have equal opportunities to progress, in the political, educational, commercial and other spheres. There should be no discrimination on the grounds of race, color and creeds or religion and the same policy should apply to all. "We say there must be social equality."

His South African pilgrimage, he says, is not so much to learn as to "behold" and during his two weeks in Durban he has traveled around, and given lectures on yoga, Indian culture, and peace and tranquility.

He has already picked up a few words of Zulu.

The Mahatma briefly visited the Phoenix Settlement started by Mahatma Gandhi, and described the place as "humming with no activity." It was a solitary place and had no outstanding personality there," he added.

But, he enjoyed meeting Mrs. Sushilaben Gandhi there, and noted that a book he had written on Gandhi was at the Settlement library. He said that despite Gandhi's activities here, this country still had discrimination, and perhaps "many Gandhis are needed."

IN CONSCIENCE

"The soul of Gandhi is still working in the conscience of the African people," he said, having enquired whether Black people in South Africa were working for their freedom. Mahatma Yogeshwarji Maharaj felt that the inclination to devote himself to spiritual work at the age of 14 believing that he was being called upon to serve "mankind and lead a saintly life."

At the age of 19 he renounced everything and went to the Himalaya Mountains where he spent the next 20 years. He spent 15 years doing strict penance to attain bliss. Such discipline, he admitted, had not been easy, but he succeeded.

He is greatly optimistic about the younger people in India who are very interested in the speeches he delivers at colleges across the country. "They are interested because I love them, and because I am there as a lover of India and not as a religious teacher," he said.

( Courtesy: THE LEADER dated December 3rd, 1982 )

## દિન ૧૭

**તા. ૩-૧૨-૮૨, શુક્રવાર, કારતક વદ ત્રીજ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

દરરોજનો પૂ.શ્રીનો નિયમિત ક્રમ આજે પણ ચાલુ રહ્યો. આજે લેખન દરમ્યાન પૂ.શ્રીએ માતાજીનું સ્મરણ કર્યું. રાત્રે પૂ. માતાજીનું સ્વપ્નદર્શન થયું, એ વાત કહ્યા પછી બીજી ઘણી ઘણી વાતો કરી. ત્યાં વળી આજે નવો નોકર ઓરડામાં ઓચિંતો સફાઈ માટે આવ્યો. પૂ.શ્રીએ તેને તેની ભાષામાં પૂછ્યું:

ઉનજાની? (કેમ છે? સારું છે ને?)

લુંગી. (હા, સારું છે.)

આવનાર આફ્રિકન નોકર ખુશ થઈ ગયો. હું માળા કરતી હતી. પૂ.શ્રીએ મને ઓળખ આપી. અહીં કામ કરનારી જે બહેન છે જેનું નામ બ્યુટી છે તે આજે આવી નથી. તેની માતા માંદગીને બિછાને છે. તેના સમાચાર પૂ.શ્રીએ આ ભાઈને પૂછ્યા. પછી, પૂ.શ્રીએ પોતાના લેખનના કાગળોમાંથી તેને પૂ. માતાજીની તસવીર બતાવતાં કહ્યુ: આ મારી માતા છે. બે વરસ ઉપર સ્વર્ગવાસ થયો. એ તસવીર પેલા ભાઈએ ભાવપૂર્વક હાથમાં લીધી. તેણે કહ્યું: ભગવાનની દયાથી મારા માતાપિતા જીવે છે. એ ભાઈએ 'ભગવાન' શબ્દ જ કહ્યો. એ ભાઈ 'ૐ નમો ભગવતે વાસુદેવાય' ખૂબ સરસ શુદ્ધ બોલે છે. પૂ.શ્રીએ તેને પ્રસાદમાં બે કેળાં આપ્યા. તે ખૂબ આનંદ પામીને ઓરડો સાફ કરીને વિદાય થયો.

ગઈ કાલે પણ બ્યુટીને પૂ.શ્રીએ પ્રસાદ આપ્યો. ત્યારે તે બહેને ખૂબ ભાવપૂર્વક નીચા નમીને 'થેન્ક યુ' કહીને તેનો સ્વીકાર કર્યો હતો. નાના નોકર વર્ગ સાથે પણ પૂ.શ્રીનો વ્યવહાર આદર્શ હોય છે.

હમણાં હમણાં ગુજરાતમાં પણ જ્યાં જ્યાં જવાનું થાય ત્યાં ત્યાં જે નોકર વર્ગ હોય તેને પૂ.શ્રી પાંચ કે દસ રૂપિયાની રકમ વિદાય થતી વખતે અપાવે છે. સમાજના સામાન્ય વર્ગ પ્રત્યે પણ આદર્શ માનવતાભર્યો સદ્દભાવ બતાવવો એ પૂ.શ્રીનું વિશેષતાભર્યું જીવનપાસું છે.

આજે ભોજન ખીચડીનું હતું.

ભોજન બાદ અહીંની હાવર્ડ યુનિવર્સિટીની વાતો થઈ. દરરોજની જેમ આજે પણ શ્રી રતિભાઈ બહાર લઈ જાય છે. આજે ઈન્ડિયન યુનિવર્સિટીએ જવાનું બને છે.

વેસ્ટવર્લ યુનિવર્સિટી એનું નામ છે. તે સો એકરમાં પથરાયેલી છે. અહીં શિક્ષણની બધી જ શાખાઓ આવેલી છે. મોટી લાયબ્રેરી પણ છે, જેમાં ગુજરાતી પુસ્તકો પણ છે. વિશાળ મકાનો ને અદ્યતન બાંધકામ છે. થિયેટરો પણ છે. હોસ્ટેલો પણ છે. આ યુનિવર્સિટીના પ્રતીક રૂપે જે ચિત્ર છે તેમાં અશોકસ્તંભ પણ છે. અહીં ભારતીય પ્રજા જ અભ્યાસ કરે છે. પ્રોફેસરો પણ ભારતીય જ છે. યુરોપીયન યુનિવર્સિટી કરતાં આનું સ્તર નીચું છે. આ યુનિવર્સિટીની આસપાસ ભારતીય પ્રજાના છૂટા છૂટા સુંદર બંગલાઓ આવેલા છે. સ્વચ્છતા સારી છે. સુંદર વૃક્ષોની વનરાજી વચ્ચે એ સ્થાન આવેલું છે. યુનિવર્સિટી પાસે મોટો તરણકુંડ પણ છે.

એ સ્થાન અંદરથી જોવા જઈએ તો બે કલાક થઈ જાય, જેથી બહારથી જ નજર નાંખીને ગાડી આગળ લીધી.

ડરબનમાં એક મોટો બાગ પણ છે, જેનું નામ જાપાનીઝ ગાર્ડન છે. તે વિશાળ બાગ છે. ગલગોટા જેવાં ફૂલ પણ જોવા મળે. નાનકડી નદી જેવી પાણીની જગ્યા પણ છે. તેમાં બતકો ને બીઝ પક્ષીઓ જોવા મળે છે. વિવિધ વૃક્ષો ને વિવિધ ફૂલો છે. સુંદર નાની નાની ઝૂંપડીઓ પણ છે, જેમાં બેસવાની સગવડ છે.

પાણીના વહેણ પાસે લાકડાના નાના નાના પુલ પણ છે. એક વૃક્ષ નીચે થોડું બેઠાં. થોડી તસવીરો લીધી. પરમશક્તિ પૂ.શ્રીને કઈ રીતે દોરવણી આપે છે તેના થોડા પ્રસંગો સહજ વાત નીકળતાં કહેવાયા. બાગમાં શાંતિ હતી. બાગમાથી ફરીને નીકળતાં હતાં ત્યાં એક આફ્રિકન જેવા નોકરને જોઈ પૂ.શ્રીએ પૂછ્યું: ઉનજાની?

તે ભાઈ તામિલી હતા. તેની સાથે વાત કરતા જણાયું કે એના બાપદાદા ભારતના હતા. તે ભાઈ આ બાગમાં નોકર તરીકે કામ કરે છે. તેણે કહ્યું: તમે ભારતથી આવ્યા છો? પૂ.શ્રીનો પહેરવેશ જ પરિચય આપતો હતો. પછી, તેણે કહ્યુ: મેં હમણાં થોડા દિવસ ઉપર પેપરમાં વાંચેલું તે તમે? ભારત હૉલમાં કાર્યક્રમ છે! તમે અહીં આવ્યા તે ઘણું સારું કર્યું. મને મારો ધર્મ પણ ગમે છે. અહીં તો બધા ખ્રિસ્તી થઈ જાય છે. તમે સારી વાતો કરજો. પોતાનો ધર્મ લોકો પાળે તેવી.

પૂ.શ્રીએ કહ્યું: અમે એટલે જ આવ્યા છીએ. ધર્મની વાતો કરીશું.

પૂ.શ્રીએ તેની સાથે એક તસવીર પણ પડાવી. તે ખૂબ આનંદમાં આવી ગયો. અમે બાગમાંથી વિદાય થયાં.

ફરી ઉતારા ઉપર આવી ગયાં. સાંજે થોડો સત્સંગ થયો. ધ્યાનની બેઠક ન થઈ. ભારતથી અહીં આવતા કથાકારો લોકો પાસેથી પૈસા પડાવે છે, પણ તેનો યોગ્ય ઉપયોગ કરતા નથી તે વાત જાણવા મળી.

આજે સાડા સાતે હૉલમાં ગયાં. પ્રવચન થયું. પ્રવચન બાદ દરરોજ એક વૃદ્ધ સજ્જન બહાર ઊભા રહે અને અમને 'જય શ્રીકૃષ્ણ' કહીને બદામ આપે.

દરરોજનો બદામ આપવાનો તેમનો ક્રમ જોઈને મેં કહ્યું : કોઈવાર આપ ભૂલી જશો તોપણ અમે તો માગીશું. આપે ટેવ પાડી છે એટલે.

પૂ.શ્રીએ કહ્યું : લોકો સિગારેટ લેવા હાથ લાંબો કરે છે તો આ તો પ્રસાદ લેવા હાથ લંબાવવાનો છે, જે સારું તો જ છે.

તે ભાઈએ કહ્યું: હું પણ આજથી નવેક વર્ષ ઉપર સિગોરેટ માટે હાથ લંબાવતો, તે હવે મૂકીને બદામ વહેંચવા માટે હાથ લંબાવવો શરૂ કર્યો છે.

પૂ.શ્રીએ કહ્યું : એટલે જ મેં સિગારેટને યાદ કરી.

પૂ.શ્રીની દૈવી દૃષ્ટિથી શું છૂપું રહી શકે? એ સજ્જને પોતાના વ્યસનને છોડી આ નવો પ્રયોગ કર્યો એ પણ ઉત્તમ છે.

ઉતારા ઉપર આવી, દૂધ પીને આરામ કર્યો.

દક્ષિણ આફ્રિકામાં ચાર જાતની પ્રજાઓ રહે છે. હોલેન્ડથી આવેલા યુરોપીયનો, અહીંના મૂળ આફ્રિકનો, ભારતથી આવેલા હિન્દીઓ અને વર્ણસંકર પ્રજા જેને કલર્ડ પ્રજા કહેવાય છે.

એ ચારે પ્રજા માટે વિવિધ રહેવાના વિસ્તારો, દરિયાકિનારે સ્નાન વિગેરેના વિસ્તારો, યુનિવર્સિટીઓ પણ જુદી, હૉસ્પિટલો પણ જુદી જોવા મળે છે. હવે થોડી થોડી છૂટ સરકારી ધોરણે મુકાઈ રહી છે, જે આનંદની વાત ગણાય.

* * હરિઃ ૐ * *

## દિન ૧૮

**તા. ૪-૧૨-૮૨, શનિવાર, કારતક વદ ચોથ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

આજે પણ સૂર્ય જેટલો નિયમિત ક્રમ રહ્યો. અહીં સાડા ચાર વાગ્યે સૂર્યોદય થઈ જાય છે. પોણા છએ સૂર્યનો પ્રકાશ મકાન ઉપર પ્રબળ રીતે પથરાઈ જાય છે. આઠ વાગ્યે તો જાણે બપોરના બાર વાગ્યાનો તાપ શરૂ થઈ જાય છે. અહીં રસ્તા ઉપર છ વાગ્યાથી મોટરોની આવ-જા શરૂ થઈ જાય છે. સાત વાગ્યે દુકાનો ઊઘડી જાય છે. સાંજે પાંચ વાગ્યે બંધ થાય છે. બપોરે ૧ થી ૨ મરજિયાત રીતે દુકાનોમાં વિશ્રાન્તિ હોય છે.

અહીંના પેટ્રોલ પંપ પણ રાત્રે કામ કરતા નથી. બક્ષિસરૂપે પાંચ રેન્ડ આપીએ તો આપણી પેટ્રોલ વિના અટકેલી ગાડીમાં પેટ્રોલ નાખી આપે.

આજે પૂ.શ્રી લેખનકાર્યમાં ભક્તિ વિષે સુંદર લેખ લખે છે. લેખન બાદ થોડો આરામ કરે છે.

અહીં નાતાલ યુનિવર્સિટી છે, જે હાવર્ડ કૉલેજ નામે ઓળખાય છે. તેમાં યુરોપીયનો જ અભ્યાસ કરી શકે. પણ હવે એમાં આફ્રિકન, ઈન્ડિયન, કલર્ડને પણ તેનું જો શિક્ષણનું સ્તર વ્યક્તિગત રીતે શ્રેષ્ઠ હોય તો પ્રવેશ મળે છે. અહીં શિક્ષણના માળખામાં કૉલેજમાં ત્રણ વર્ષ હોય છે.

અહીં પણ આફ્રિકન ભાષા ફરજિયાત વિષય તરીકે છે. કૉલેજમાં એક વર્ષ નિષ્ફળ થવાય તો પછી બીજા એક જ વર્ષ માટે અભ્યાસની તક મળે છે. જો ત્યારે પણ નિષ્ફળ થાય તો યુનિવર્સિટીમાંથી તે વિદ્યાર્થીનું નામ રદ થાય છે. તે બીજા રાજ્યની યુનિવર્સિટીમાં ધારો કે જાય તોપણ અહીંનો શિક્ષણનો અહેવાલ ત્યાં પ્રથમ જોવાય છે.

કૉલેજમાં પાંચ મિનિટ પણ મોડા પડો તો કૉલેજના દ્વાર બંધ થઈ જાય. પાછા ઘરે જ આવવું પડે. પરીક્ષામાં પણ એ જ નિયમ. અહીં પણ પરીક્ષામાં ચોરી થાય છે.

કૉલેજમાં કોઈક અધિકાર માટે ઉગ્ર ચળવળ થાય ને તેમાં જે કોઈ ભાગ લે તે સૌની સરકારી ધોરણે ધરપકડ થાય. ત્યાં કોર્ટ કંઈ જ ન કરી શકે. અંધારી ઓરડીમાં એકલા ત્રણ માસ સુધી સજા મળી જાય. વળી, એથી વધારે શિક્ષા એ પણ થાય કે તે વ્યક્તિ દેશ છોડી ન શકે. પોતાના ઘરેથી કામ કરવા જાય, પણ પાંચ વરસ સુધી તે દરરોજ સવારના સાતથી સાંજના સાત સુધી જ બહાર નીકળી શકે. એવું બંધન દેશના કોઈ પણ ક્ષેત્રે અધિકારની માગણી સામે મળી શકે છે.

પરીક્ષાઓ રાત્રે લેવાય. કારણ, નોકરી કરનાર વર્ગ માટે દિવસ અનુકૂળ નથી હોતો. આ કૉલેજમાં હિન્દી અધ્યાપકો પણ છે. અહીંનું મેટ્રિકનું શિક્ષણ ઈંગ્લેન્ડ ને અમેરિકામાં પણ માન્ય છે, જેથી એને આધારે ત્યાં પણ ભણી શકાય.

અહીંની ઈન્ડિયન પ્રાયમરી સ્કૂલમાં એક વિષય તરીકે ગુજરાતીને દાખલ કરવાની વિચારણા થઈ રહી છે. આફ્રિકન ભાષા તો ફરજિયાત છે. પણ એ ભાષાની લિપિ અંગ્રેજી જ છે.

ડરબનમાં જ તેર હજાર ગુજરાતીઓ રહે છે. આખા દેશમાં સોળ લાખ ભારતીયો રહે છે, જેમાં મુસ્લીમો, ગુજરાતી, ઉત્તર હિન્દુસ્તાની, મદ્રાસી, તામિલી બધાનો જ સમાવેશ થાય છે.

આજે ભોજન બાદ થોડો આરામ કર્યો.

સાંજે નિયમિત થતી ધ્યાનની બેઠક આજે પણ હતી. પ્રવચન પણ થયું.

સેવમમરા ને દૂધ લઈ આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૯

**તા. ૫-૧૨-૮૨, રવિવાર, કારતક વદ પાંચમ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સવારે આજે પણ પૂ.શ્રી સાડા ત્રણે ઊઠી ગયા. વ્યાયામ, મંત્રજપ, લેખન, દૂધપાન. પછી થોડો આરામ કર્યો. ભોજન કર્યું.

ભોજન બાદ મુલાકાતના સમયે ઈન્ડિયન યુનિવર્સિટીના એક પ્રોફેસર જેઓ પીએચ.ડી. કરે છે તેઓ પૂ.શ્રીને મળવા આવે છે. એમનો અભ્યાસનો વિષય ‘દક્ષિણ આફ્રિકામાં આર્યસમાજ’ છે. તેમના અભ્યાસના થોડા કાગળો તેઓ પૂ.શ્રીને આપે છે. થોડી વાતો કરે છે.

આજે બહાર ફરવા જવાનું બન્યું. ડરબનની બહાર લાલુસી નામના વિસ્તારમાં અને ટોંગાટના સ્થાનમાં દરિયાકિનારે લગભગ બે કલાક ગાડીમાં જ ફર્યા.

દરિયાકિનારો લીલી ઝાડીથી છવાયેલો છે. હજારો યુરોપિયન, ઈન્ડિયન સ્ત્રીપુરૂષો ત્યાં શનિ-રવિ આનંદથી વિતાવવા પોતાનાં વાહનોમાંથી ઊતરી પડે છે. ત્યાં આનંદ કરે છે.

ત્રણ વાગ્યે ઉતારા પર આવી ગયાં. થોડો આરામ કર્યો. લેખન થયું.

સાંજે ધ્યાનની બેઠક થઈ. પછી સેવમમરાનો નાસ્તો લઈ પ્રવચન માટે ગયાં. પ્રવચન બાદ બે ભજનો ગવાયાં. આરતી થઈ. પછી સૌ વિદાય થયાં.

ઉતારા ઉપર આવી, દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૨૦

**તા. ૬-૧૨-૮૨, સોમવાર, કારતક વદ છઠ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

નિયમિત બધો જ ક્રમ. સાડા અગિયારથી પોણા બારની વચ્ચે ભોજન કરી લીધું.

ભોજન બાદ પૂ.શ્રી આજે પોતાની સાધનાભૂમિના પવિત્ર સ્મરણમાં સરી પડે છે. દેવપ્રયાગના શ્રી રામેશ્વર, શ્રી વૈદ્યરાજ વિગેરેની સેવા તથા દેવપ્રયાગના રળિયામણા સ્થાનમાં ભવિષ્યમાં આશ્રમ થાય વિગેરે વાતો કરી.

આજે મુલાકાતના સમયે એક સંસ્થાના સ્થાપક આવ્યા છે. તેઓ અહીં આવનાર સંતોની તથા સંસ્થાના કાર્ય વિષેની થોડી વાતો કરે છે.

આરામ પછી લેખન થાય છે. સાંજે વાતાવરણ બદલાઈ જાય છે. વરસાદ શરૂ થાય છે. જાણે ચોમાસું શરૂ થઈ ગયું હોય એવું લાગે છે. એવા વરસતા વરસાદમાં કોણ આવશે? પણ સમય થતાં ધ્યાનમાં નિયમિત બેસનારા આવી જાય છે. ધ્યાનની બેઠક પછી કાર્યક્રમની થોડી વાતો થઈ. બહારગામનાં પ્રવચનો અંગ્રેજીમાં કરવાનાં છે એની જાણ થઈ.

વરસાદ હતો છતાં શ્રોતાઓની સંખ્યા ઠીક હતી. 'ગુરૂ' ઉપર જ પૂ.શ્રીએ આજનું પ્રવચન આપ્યું.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવ્યાં. આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૨૧

**તા. ૭-૧૨-૮૨, મંગળવાર, કારતક વદ સાતમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

ત્રણ અઠવાડિયાં થઈ ગયાં. પ્રવચનોને લીધે આનંદ આવે છે. વળી, કોઈક કોઈક વાર ફરવા જવાનું બને છે. કાર્યકર્તાઓ તો દરરોજ જ ફરવા લઈ જવા ઈચ્છે છે, પણ દરરોજ કાંઈ ફરવા જવાનું ગમે?

આજે ભોજન બાદ પહેલાં પૂ.શ્રી નવી પાતળી પીળા રંગની બંડી પહેરે છે. તે ઉપરથી વાતો થાય છે.

પૂ.શ્રી કહે છે: આ બંડી પાંચ વરસ ઉપર મસુરી સીવડાવેલી, પણ આજે જ પહેરવાનું બન્યું. પહેલાં તો મસુરીમાં હું લાંબી બાંયનું શર્ટ ને ધોતિયું જ પહેરીને ફરવા જતો. ઉપર ઓઢતો ન હતો. પછી એક વાર સફેદ પેન્ટ ને કોટ પહેરેલાં. લોકો મને મહાત્મા તરીકે ઓળખી ન જાય તે માટે એવો પહેરવેશ રાખતો. પછી પ્રવચન શરૂ થયાં. ૧૯૬૩ માં લગભગ. ત્યાર પછી પણ બે વરસ પછી ઓઢવાનું શરૂ કર્યું. ગુજરાતમાં ઓઢતો, પણ મસુરીમાં ઓઢવાનું પાછળથી ચાલુ કર્યું.

આ બંડી સારી લાગે છે નહીં? આ બંડીનો એક ગુણ છે કે ઠંડા વાતાવરણમાં પણ સહેજ ગરમી લાગે.

મસુરીના પ્રવચન પછી તો ઘણી ખ્યાતિ થઈ. પરિણામે ભારતના જુદા જુદા પ્રદેશોમાં જવાનું બન્યું.

પૂ.શ્રી આજે પોતાની નવી બંડી વિષે નાના બાળકની જેમ આનંદથી વાતો કરે છે.

આજે ભોજનમાં રસ રોટલી હતાં. કેરી ખાવાનું આ દેશમાં મળી રહે છે.

ભોજન બાદ શ્રી રતિભાઈ આવે છે. પણ વરસાદને લીધે ફરવા જવાની પૂ.શ્રી ના પાડે છે. પૂ.શ્રી થોડીવાર તેમની સાથે વાતો કરે છે. પછી તેઓશ્રી વિદાય થતાં પૂ.શ્રી 'જ્યોતિ' નામનું મેગેઝિન વાંચે છે. પછી થોડો આરામ કરે છે.

સાંજે ચાર વાગ્યે પૂ.શ્રી સંતરાનો તાજો રસ લે છે. અહીં જુદાં જુદાં ફળો મળે છે. તે પૈકી એકાદ ફળ લે છે.

છ વાગ્યે ધ્યાનની બેઠક શરૂ થાય છે. દરરોજ આવનાર ભાઈબહેનો નિયમિત રીતે આવી જાય છે. પૂ.શ્રીએ એ અંગેની સમજ આપી દીધી છે, જેથી પાંચ ૐ બોલીને ધ્યાનની બેઠક શરૂ થઈ જાય છે. લગભગ ૨૫-૩૦ મિનિટ પછી ધ્યાન પૂર્ણ થતાં જ પૂ.શ્રી ફરી ૐ બોલે છે.

પૂ.શ્રી પલંગ ઉપર બેઠા છે. હું એમની બેઠક પાસે નીચે ચાદર ઉપર બેસું છું. ધ્યાનમાં બેસનાર ભાઈબહેનો સામેના ગાલીચા ઉપર બેઠા છે. બે ભાઈઓને પગની તકલીફ છે જેથી તેઓ ખુરશી પર બેઠા છે. ધ્યાન પૂર્ણ થતાં સૌ પ્રણામ કરી વિદાય લે છે.

રાત્રે પ્રવચન થાય છે. ત્યાર બાદ આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૨૨

**તા. ૮-૧૨-૮૨, બુધવાર, કારતક વદ આઠમ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

આજે પણ પૂ.શ્રી સાડા ત્રણ વાગ્યે સ્નાન કરી લે છે. પછી મને ઉઠાડે છે. હું ચાર વાગ્યે સ્નાન કરી લઉં છું. પૂ.શ્રી પોતાનો વ્યાયામ પૂર્ણ કરે છે. પછી હું વ્યાયામ કરી લઉં છું. મંત્રજપ પછી પૂ.શ્રી આજે તો ૬:૩૦ વાગ્યે લેખન માટે નીચે બેસી જાય છે. પગ ઉપર ઓશીકું મૂકીને કલમ ચાલુ થઈ જાય છે. મને મંત્રજપની સો માળા ને રામાયણનો પાઠ કરતાં સાડા અગિયાર થઈ જાય છે.

ભોજનમાં આજે ખીચડી, ભાજી, કેરીનો રસ લેવાનું બને છે.

ભોજન બાદ શ્રી રતિભાઈ આવે છે. આજે તેમનો જન્મદિન છે. પૂ.શ્રી તેમને આશીર્વાદ આપે છે.

આજે મુલાકાતના સમયે એક યુવાન ભાઈ આવે છે. તેઓ પોતાના પ્રશ્નો પૂ.શ્રી સમક્ષ રજૂ કરે છે.

તેમણે કહ્યું: હું વરસોથી 'મા'ની ભક્તિ કરું છું. હું ગઈ કાલે મારી સાંજની સ્તુતિ વિગેરે કરતો હતો ત્યારે મા ભગવતીની તસવીરમાંથી એક પ્રકાશનું તેજોમય બિન્દુ નીકળીને પાસે મૂકેલી હનુમાનજીની તસવીરમાં ફરીને અદૃશ્ય થયું. ફરી બે-ત્રણ વાર એ રીતે તેજોમય બિન્દુનું નીકળવું ને હનુમાનજીમાં સમાઈ જવાનું બન્યું, તે શું સુચવે છે? આપ સાધનામાર્ગે આગળ વધ્યા છો એવું આપના પ્રવચન ઉપરથી લાગે છે, તો આપ મને માર્ગદર્શન આપો.

પૂ.શ્રીએ કહ્યું: તમને જે દેખાયું તે સારું કહેવાય. 'મા'ની તસવીરમાંથી નીકળેલું તેજબિન્દુ હનુમાનજીની તસવીરમાં સમાઈ જાય તેના બે અર્થો થઈ શકે. તમારે 'મા'નું જ સાધન-ભજન વધારે કરવાનું અને બીજો અર્થ કે તમે હનુમાનજીની સ્તુતિ, પાઠ વિગેરે પણ કરો.

તે ભાઈએ કહ્યું: એ અનુભવ પછી મેં પ્રણામ કર્યા તો મને આજ્ઞાચક્રમાં ખૂબ ખૂબ પ્રકાશનું દર્શન થયું.

પૂ.શ્રીએ જવાબ આપતાં કહ્યું: એ તો કુંડલિની શક્તિનું જાગરણ થાય ત્યારે એ રીતે પ્રકાશદર્શન થાય.

વળી તે ભાઈએ કહ્યું: મને એવી પ્રેરણા થાય છે કે હું તમારી પાસે મંત્રદીક્ષા લઉં. મને આ માર્ગે વાળનાર એક વૃદ્ધપુરુષ છે. તેમને હું ખૂબ પૂજ્યભાવે જોઉં છું. તેમના થકી હું આગળ વધ્યો છું.

પૂ.શ્રીએ એ યુવાનને માર્ગદર્શન આપતાં જણાવ્યું: તમે મંત્રદીક્ષા એ વૃદ્ધપુરુષ પાસેથી જ લો. તમે તેમને જાણો છો. વળી, તમને ભાવના છે, પૂજ્યભાવ પણ છે. તેથી તેમનું જ માર્ગદર્શન માગો. અને મારી પાસેથી મંત્ર લેવો હોય તો હું પણ આપને મદદ કરીશ.

તે ભાઈએ કહ્યું: મારે મન આપ પણ એવા જ પૂજ્ય છો. આપ આપો તોપણ ચાલે.

પૂ.શ્રીએ કહ્યું: તમે હનુમાનજીના સ્તુતિપાઠ ઉપરાંત બીજું શું કરો છો?

યુવક: આરતી કરું છું.

પૂ.શ્રીઃ જપ નથી કરતા?

યુવકઃ ના.

પૂ.શ્રીઃ તમે હનુમાનજીનો મંત્રજપ કરો. દરરોજ એક માળા તો કરો જ. ને સમય મળે તો પાંચ માળા કરો. એક વરસ સુધી એ જપ કરો. પછી તમને જે પ્રેરણા મળે તે પ્રમાણે કરજો.

એ મંત્ર જપજો. વળી, તમારાં ઈષ્ટદેવી અંબાજી છે, ગાયત્રી નથી. તમારે ગાયત્રીમંત્ર કરવો હોય તો કરો, પણ અંબાજીનો મંત્ર તો પેલા મુરબ્બી પાસેથી લો, ને દરરોજ સવાર-સાંજ ૧૦-૧૦ માળા જપ કરો. સ્તુતિ, આરતી પણ કરો.

'ચંડીપાઠ' મારું લખેલું પુસ્તક છે, તે પણ વાંચો. તમને એથી આનંદ આવશે.

તે યુવાન ભાઈને ખૂબ આનંદ થયો. વિદાય થતાં તેમણે કહ્યું : માતાજીનાં ભજનો દરરોજ પ્રવચન પછી સાંભળીએ છીએ ત્યારે હૈયું ડોલી ઊઠે છે. એ ભજનોનું પુસ્તક મળે ખરું?

તે ભાઈ વિદાય થયા. અમે પણ દોઢ વાગ્યે બહાર જવા નીકળ્યા.

આજે પૂ.શ્રીની રેડિયો સ્ટેશન ઉપર અંગ્રેજી ભાષામાં મુલાકાતો ગોઠવાઈ હતી. બે સ્ટેશન ઉપર આજે તે કાર્યક્રમ હતો. રેડિયો પોર્ટ નાતાલ સ્ટેશન ઉપરથી નાતાલ પ્રાંતમાં તે કાર્યક્રમ રજૂ થવાનો હતો. બીજો કાર્યક્રમ સાઉથ આફ્રિકા બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (એસ.એ.બી.સી.) નામના રેડિયો સ્ટેશન ઉપરનો હતો, જે આખા દક્ષિણ આફ્રિકામાં રજૂઆત પામે છે.

આ દક્ષિણ આફ્રિકાના રેડિયો સ્ટેશન ઉપર મુલાકાતમાં પૂ.શ્રી સાથે પ્રશ્નોત્તરી થઈ. મારી પાસે પણ એક ભજન ગવડાવ્યું. 'વરદ હસ્ત' ભજન ગાયા પછી જ્યારે કાર્યક્રમ પૂર્ણ થયો ત્યારે મુલાકાત લેનાર ભાઈએ કહ્યુંઃ ખૂબ સરસ ગાયું. આટલું મધુર ભજન મેં મારા જીવનમાં પહેલીવાર જ સાંભળ્યું.

ત્યાર પછી બીજા રેડિયો સ્ટેશન રેડિયો પોર્ટ નાતાલ ઉપર ગયાં. ત્યાં પૂ.શ્રીની અંગ્રેજી મુલાકાત થઈ. પછી મારે પણ અહીં એક ગુજરાતી ને એક હિન્દી એમ બે ભજન ગાવા પડ્યાં. આગ્રહને વશ થઈ એ કાર્ય થયું. જીવનમાં મારે પ્રથમવાર આ રીતે રેડિયો પર ગાવાનું બન્યું. એથી એ પ્રસંગ મારે માટે મહત્વનો ગણાય.

મુલાકાત જે સ્થાનમાં થાય છે તે સંસ્થાના મકાનમાં મુલાકાતીઓને પ્રથમ ખંડમાં બેસાડે છે. પણ તે પહેલાં તેમની પાસે એક ફોર્મ ભરાવે છે. પછી થોડીવારમાં જે ભાઈ આપણી મુલાકાત લેવાના હોય તે આપણને લેવા આવે અને ઉપરના એક ઓરડામાં લઈ જાય, જ્યાં કાર્યક્રમ રેકોર્ડ થાય. સામે જ કાચમાંથી બીજો ઓરડો દેખાય છે. જેમાં મોટાં મોટાં બે-ત્રણ મશીનો હોય છે અને તેના એક સંચાલક ભાઈ ત્યાં બેઠા હોય છે. તેઓ ઈશારો કરે છે, ત્યારે આપણા ઓરડામાં માઈક ચાલુ થાય છે. લાલ લાઈટ થાય એટલે રેકોર્ડિંગ શરૂ થાય છે. કાર્યક્રમ પૂર્ણ થતાં ફરી ઈશારો કરવામાં આવતાં મશીન બંધ થાય છે ને લીલી લાઈટ થાય છે.

રેકોર્ડિંગ રૂમમાં એક ટેબલ હોય છે. તેની સામસામે બે ખુરશી હોય છે. વચ્ચે એક લટકતું, જરા જુદી જાતનું માઈક હોય છે. પ્રશ્નોત્તરી સામસામે બેસીને થાય છે આમ, એ બધો જ કાર્યક્રમ માઈકથી રેકોર્ડ થાય છે.

કાર્યક્રમ પૂર્ણ થતાં મુલાકાત લેનાર ભાઈ આપણને નીચે સુધી મૂકવા આવે છે. પૂ.શ્રી તેમની સાથે વાતો કરતાં કરતાં નીચે ઊતરે છે.

વાતચીત દરમ્યાન ખબર પડી કે બન્ને રેડિયો સ્ટેશનના બન્ને મુલાકાતી ભાઈઓ પૈકીના એક ભાઈએ રામાયણ સભા હૉલમાં અને બીજા ભાઈએ શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં પૂ.શ્રીને અંગ્રેજીમાં સાંભળ્યા હતાં.

રેડિયો કાર્યક્રમ આપવો અહીં કેટલો સરળ છે! ત્યાંના સંચાલકો ગુણગ્રાહી છે. સારી વાતોનો સ્વીકાર કરવામાં તે સૌ કશો વિલંબ કરતા નથી.

રેડિયો સ્ટેશન ઉપરથી આવીને અમે આરામ જ કર્યો. ચાર વાગી ગયા હતા, તેથી થોડો આરામ કરી, થોડું લેખન કર્યું.

સાંજે ધ્યાનની બેઠક દરરોજની જેમ થઈ.

આજે અહીંની ગુજરાતી શાળાના વાર્ષિકોત્સવમાં જવાનું હતું. જેની પત્રિકા નીચે મુજબ જનતાને વહેંચાયેલ હતી.

-----------------------

**શ્રી સુરત હિન્દુ એજ્યુકેશનલ સોસાયટી, ડરબન**

**ગુજરાતી શાળાનો વાર્ષિકોત્સવ અને ઈનામી મેળાવડો**

ઉપરોક્ત સંસ્થાના આશ્રયે ચાલતી સૂરત હિન્દુ ગુજરાતી શાળાનો વાર્ષિકોત્સવ અને ઈનામી મેળાવડો બુધવાર તા. ૮ ડિસેમ્બર, ૧૯૮૨ ના રોજ સાંજે ૭-૦૦ વાગે ભારત હોલ, ૧૩૭ પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબનમાં ઊજવવામાં આવશે.

આ ઉત્સવમાં ગુજરાતી શાળાના સાતમા ધોરણમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવશે તથા વાર્ષિક પરીક્ષામાં ઉપલા નંબરે પાસ થયેલ બાળકોને ઈનામોની વહેંચણી શ્રી પરભુભાઈ શંકરભાઈ પટેલ તરફથી કરવામાં આવશે.

**મનોરંજક કાર્યક્રમ**

આ પ્રસંગે ગુજરાતી શાળાનાં બાળકો તરફથી ગરબા, નૃત્ય, નાટિકા, ભાષણ, સંગીત, સમૂહગાન, અભિનયગીત, કવિતાપાઠ વગેરેનો મનોરંજક કાર્યક્રમ પણ રજી થશે, જેમાં હાજર રહી આપણાં બાળકોને ઉત્તેજન આપશોજી.

**મહાત્માજીનાં આશીર્વચનો**

આ પ્રસંગે ભારતથી પધારેલા તપસ્વી, સાધક, વિદ્વાન **પૂજ્ય યોગેશ્વર મહારાજ** આશીર્વચનો આપશે. તેમ જ સૂરતની શાળાનાં એક વખતનાં પ્રિન્સિપાલ **માતા સર્વેશ્વરી** બાળકોને શિક્ષણના ઉદ્દેશ વિષે ઉદ્‌બોધન કરશે તેમ જ ભક્તિભાવવાળાં ભજનો રજૂ કરશે.

આ અપૂર્વ પ્રસંગે ગુજરાતી સમાજનાં સમસ્ત ભાઈ-બહેનોને સમયસર પધારવા વિનંતી છે.

-------------------------

સાડા સાત વાગ્યે હૉલ ઉપર જવાનું બન્યું. પૂ.શ્રીના હસ્તે શાળામાં સાતમા ધોરણમાં પાસ થનાર બાળકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં.

આ ગુજરાતી શાળા ૫૦ વરસથી ચાલે છે. પહેલાં નવસો બાળકો હતાં. આ વરસે ચારસો બાળકો છે. સોળ શિક્ષકો છે. મુખ્ય શિક્ષક ગુરુકુળના વેદાલંકાર છે. શ્રી નરદેવભાઈ તેમનું નામ છે. તેઓએ જનતાને પરિચય આપતાં કહ્યું : "આપણા સદ્‌ભાગ્યે ભારતથી પધારેલા સંતપુરુષ શ્રી યોગેશ્વરજી પણ અહીં આવ્યા છે. તેઓ યોગી છે, જ્ઞાની છે, વિદ્વાન છે અને ભક્તિમાર્ગના શ્રેષ્ઠ અનુભવી મહાપુરુષ છે. તેમણે વરસો સુધી હિમાલયમાં તપશ્ચર્યા કરી છે. તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે. તેમનું હું સ્વાગત કરું છું અને શાળા તરફથી તેમને પુષ્પગુચ્છ અર્પણ કરું છું.

એમની સાથે પધારેલાં સ્ત્રીસંત શ્રી સર્વેશ્વરી માતા છે. સ્ત્રીસંત ભાગ્યે જ જોવા મળે છે.

આપણે હમણાં થોડા વખત ઉપર જ એક સ્ત્રીસંતને જોયેલાં તે તમને સૌને યાદ હશે. તેઓ અને સર્વેશ્વરી માતામાં ઘણો વિરોધાભાસ જોવા મળે છે. જોકે સંતો પોતપોતાની રીતે કાર્ય કરતા હોય છે. સર્વેશ્વરી માતાને પ્રવચનમાં જોઈએ છીએ તો, આવીને તેઓ આસન ઉપર બેસે છે, શાંત-સ્થિર-સ્વસ્થ. પોતાનું ભજન ગાવાનું હોય ત્યારે પણ કોઈ આવેશ નહીં, કોઈ ઉદ્વેગ નહીં. જાણે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોથી યુક્ત એક સાધ્વી સ્ત્રીનાં દર્શન કરતાં હોઈએ એવો પૂજ્યભાવ જાગે છે.

જ્યારે આપણે હમણાં થોડા વખત ઉપર જ જે સ્ત્રીસંતને જોયેલાં તેઓ થોડાં આવેશવાળાં, ઉદ્વેગવાળાં, લોકો સાથે જલદી ભળી જનારાં, બહુ સ્થિરતા નહીં એવા હતાં. એમનાથી આ સ્ત્રીસંત જુદા જ છે. એમને આવકારતાં વિશેષ આનંદ તો એ માટે થાય છે કે અગાઉ તેઓ શાળાનાં આચાર્યા હતાં. તેમને શાળા તરફથી સ્વાગત કરી પુષ્પગુચ્છ અર્પણ કરું છું."

એમ કહી અમને બન્નેને તે મહાનુભાવે પુષ્પગુચ્છ અર્પણ કર્યા. તેઓ માથે હંમેશા સફેદ ખાદીની ટોપી પહેરે છે, જેથી તેઓ જનતાની વચ્ચે તરત જ ઓળખાઈ જાય છે.

સ્વાગત પછી પૂ.શ્રીના હસ્તે બાળકોને પ્રમાણપત્ર અપાયાં. પછી પૂ.શ્રીને આશીર્વચન આપવા જણાવ્યું. પૂ.શ્રીએ પોતાના પ્રવચનમાં શેલી નામના અંગ્રેજી કવિની વાત તથા દતાત્રેયની રસપ્રદ વાતો કરી.

મારે પણ શિક્ષણ વિષે બોલવાનું હતું. મેં પાયાનું શિક્ષણ, સંસ્કારોનું ઘડતર વિષે કહ્યું તથા જીવનમાં પવિત્ર આહાર ઉપરના બે પ્રસંગો કહ્યા. 'સરળ ગીતા'માંથી થોડા શ્લોકો ગાઈ સંભળાવ્યા.

હવે મનોરંજન કાર્યક્રમ શરૂ થવાનો હોઈ અમે મંચ ઉપરથી નીચે પ્રેક્ષકોના વિભાગમાં આવી જઈએ છીએ. છ-સાત નાના નાના કાર્યક્રમો જોયા. તેમાં પ્રાર્થના, ઝંડાગીત, માછીમારનું નૃત્ય, રાધાનું નૃત્ય, એક ગરબો વગેરે જોયું. દશ વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં. પછી આરામ કર્યો.

આજે સવારે પેલા યુવકના મુલાકાત-પ્રસંગમાં પૂ.શ્રીએ આદર્શ ગુરુની ભૂમિકા ઉપર રહીને માર્ગદર્શન આપ્યું. જેને જેને જ્યાં જ્યાં શ્રદ્ધા-ભક્તિભાવ હોય ત્યાં ત્યાં તેને સ્થિર કરવાનું કાર્ય પૂ.શ્રી હંમેશા કરતા હોય છે. આજે પણ તેમણે પેલા યુવાનની જ્યાં શ્રદ્ધાભક્તિ હતી ત્યાંથી જ ગુરુદક્ષિણા લેવાની સલાહ આપી. આદર્શ સંતની શાસ્ત્રોક્ત નીતિ એ જ હોય છે, જેનું પૂ.શ્રી સર્વશ્રેષ્ઠ ઉદાહરણ છે.

* * હરિઃ ૐ * *

## દિન ૨૩

**તા. ૯-૧૨-૮૨, ગુરુવાર, કારતક વદ નોમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

સૂર્યનારાયણના આગમન પહેલાં સાડા ચાર વાગ્યાથી જ પ્રકાશના ઓળા પૃથ્વી પર આવી જાય છે. એટલે ઓરડામાં સાડા ચારથી જ વીજળીનું કાર્ય બંધ થઈ જાય છે.

સ્નાન, વ્યાયામ, મંત્રજપ, લેખન, આ બધો જ ક્રમ અતિનિયમિત ચાલ્યા કરે છે.

બપોરે ભોજન લઈને બહાર ફરવા જવાનું બને છે. દરરોજ શ્રી રતિભાઈ ફરવા લઈ જવા ઈચ્છે છે. ઘણા મોટા વેપારી છે. જવાબદારી પણ પાંચ-પાંચ દુકાનોની છે. છતાં સંતપ્રેમી છે, એટલે ખાસ સમય કાઢીને આગ્રહ કરીને દરરોજ જ ફરવા લઈ જાય છે.

એમનો પ્રેમભાવ, સેવાવૃત્તિ ને ઉત્સાહ જોઈને પૂ.શ્રી એમને ખાસ નિરાશ કરતાં નથી.

આજે પણ ફરવા નીકળ્યાં. દરિયાકિનારે સરપેન્ટ હાઉસ આવેલું છે. તેમાં જુદી જુદી જાતના સાપ, અજગર, કાચબા, મગર જોવા મળે છે. બે રેન્ડની ટિકિટ એક વ્યક્તિની છે. અંદર ઝાડ ઉપર, પાણીમાં, કાચનાં બંધ કબાટોમાં કાળા, લીલા, ચટાપટાવાળા, નાનામોટા, પાતળાજાડા, પાણીમાં રહેનારા, ઝેરી, સામાન્ય એમ વિવિધ પ્રકારના સાપ જીવતા જોવા મળે છે. તે જોયા બાદ, સામે જ એક બીજું સ્થાન છે જેનું નામ મીની ટાઉન છે ત્યાં રસ્તો પસાર કરીને ગયાં.

મીની ટાઉન જવાની ફી પણ વ્યક્તિ દીઠ બે રેન્ડ હતી. મીની ટાઉન એટલે આખાયે ડરબનની નાની આવૃત્તિ. તેમાં બધા જ વિભાગ, રોડ, બાગ, એરપોર્ટ, બંદર, મકાન, સ્કૂલ, હૉસ્પિટલ, ફેકટરી બધું જ, નાના કદમાં જોવા મળે છે. દશબાર તો ઈલેકટ્રિક ટ્રેઈન ફરે છે. વિસ્તાર ઘણો મોટો છે. પાણીના વિભાગમાં સ્ટીમર ફરે છે. વચ્ચે દરિયામાં પૂલ છે તે પૂલ પસાર કરવાનો હોય ત્યારે પૂલ ઊંચકાઈ જાય છે. સ્ટીમર પસાર થઈ જતાં પૂલ પાછો સરખો થઈ જાય છે ને તે પાછો રસ્તો બની જાય છે. ઈલેક્ટ્રિકથી એ બધું ચાલે છે. ઍરપોર્ટ ઉપર પણ દશબાર વિમાનો હતાં. તે પૈકી બે વિમાનો ચાલતાં હતાં અને એક વિમાન ઊડી રહ્યુ હતું. ઊપડવાના અવાજ પણ આવી રહ્યા હતાં. ત્યાં ચર્ચ પણ હતું. તેમાંથી પ્રાર્થના ને સંગીત સંભળાતા હતાં.

આખુંયે મીની ટાઉન ડરબનની નાની પ્રતિકૃતિ હતી. એ પ્રતિકૃતિ જીવંત લાગતી હતી. જોનારાંને ગમે એવી કુદરતી રચના હતી.

દરિયાકિનારે લોકો મોટી સંખ્યામાં સ્નાન કરતાં દેખાય છે. હવે દરિયાકિનારે એક ચોથો વિભાગ ખુલ્લો મુકાયો છે, જેમાં યુરોપીયન, આફ્રિકન, ઈન્ડિયન, કલર્ડ બધા જ સ્નાન કરી શકે છે.

દરિયાકિનારે ઠંડા પદાર્થોની બે ત્રણ સાયકલ લોરી જોવા મળી. દરિયાકિનારે અમગેની નદીનું ને સમુદ્રનું સંગમસ્થાન પણ જોયું.

સરિતા ને સમુદ્રનો એ સંગમ ઘણો રમણીય છે. બે ઘડી ત્યાં બેસીએ તો આનંદ આનંદ થાય ને શાંતિ, શીતળતા, પ્રસન્નતા મળ્યા જ કરે.

ત્યાં ઊતર્યા, થોડીવાર ફર્યા, પછી ગાડીમાં બેસી ઉતારા ઉપર આવ્યાં.

આરામ.

સાંજે ધ્યાનની બેઠક.

ગુરુવાર હોવાથી ફળદૂધ લઈ આરામ કર્યો. સાંઈબાબાની સ્તુતિ તો સવારે બોલી લીધી હતી. પ્રવચન દરરોજની જેમ ભારત હૉલમાં થયું.

* * હરિઃ ૐ * *

## દિન ૨૪

**તા. ૧૦-૧૨-૮૨, શુક્રવાર, કારતક વદ દસમ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

આજની વિશેષ નોંધમાં, માંધાતા મંડળના વાર્ષિક ઉત્સવની ફિલ્મ જોઈ, જેમાં પૂ.શ્રીનું નાનકડું પ્રવચન થાય છે. એ ફિલ્મ સાડા બારથી દોઢ સુધી જોઈ.

શ્રી રતિભાઈ એક કેમેરો લાવે છે અને અમને તે ભેટ આપવા માગે છે. અમે એનો પ્રેમપૂર્વક અસ્વીકાર કરીએ છીએ. જરૂર વિના વધારાની વસ્તુનો સંગ્રહ શા માટે? અહીંની યાત્રા દરમ્યાન તસવીરો પડ્યા જ કરે છે. પછી તે કેમેરાની અમને જરૂર ન હતી.

બપોરે ભોજન બાદ થોડો આરામ પૂ.શ્રીની દિનચર્યા સવારે ત્રણથી શરૂ થાય છે, તેથી બપોરે થોડો આરામ જરૂરી રહે છે.

સાંજે ધ્યાનની બેઠક શરૂ થઈ, તે પહેલાં એક નવાં બહેન ઓરડામાં પ્રવેશે છે. અમને બંનેને તેઓ પ્રણામ કરે છે. પછી તેઓ મારા પલંગ ઉપર બેસી જાય છે. પૂ.શ્રી તરત જ તે બહેનને ઈશારો કરીને સૂચવે છે કે નીચે પાથર્યું છે ત્યાં બેસો. તે બહેન તરત જ નીચે બેસી જાય છે.

પૂ.શ્રી, નાનકડું વર્તન પણ શિષ્ટાચારથી વિરુદ્ધ થતું હોય તો તરત જ, કોઈ પણ હોય તેને, આદર્શ વ્યવહારની રીત શાંતિથી શીખવે છે. અહીં પહેલા દિવસની જ ધ્યાનની બેઠકમાં બે ભાઈઓ ને એક બહેન, નીચે ન બેસી શકે એટલે આવનારા પૈકી એકે કહ્યું કે માતાજીના પલંગ ઉપર એ સૌ બેસશે. પૂ.શ્રીએ તરત જ ના પાડીને કહ્યું કે ત્યાગીના આસનને સંસારીઓએ આદરથી જોવું જોઈએ. જે નીચે નથી બેસી શકતા તેમને અલગ ખુરશીઓ આપો. એમ એ સૂચના મુજબ ખુરશી ઉપર બેસવાનું શરૂ કર્યું.

વાત ભલે ઘણી નાની હોય પણ એમાં આદર્શ વ્યવહાર છે કે નહીં તે પૂ.શ્રી વિચારતા હોય છે.

દરરોજની જેમ ધ્યાનની બેઠક થઈ. પ્રવચન-સ્થળે પ્રવચન પણ થયું.

પ્રવચન-સ્થળેથી પાછાં આવતાં કોઈ પ્રસંગના અનુસંધાનમાં પૂ.શ્રીએ કહ્યું: કોઈને માટે પણ કડવું વેણ શા માટે બોલવું? 'સબસે હિલમિલ ચાલીએ નદી નાવ સંજોગ.' તો કોઈ સાથે મતભેદ થાય જ નહીં. ચર્ચામાં ન ઊતરવું હોય તો નમસ્કાર કરીને ચાલવાનું.

ઉતારા ઉપર આવતાં આવતાં 'ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે' એ પંક્તિઓ પૂ.શ્રીએ સમજાવી.

દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૨૫

### તા. ૧૧-૧૨-૮૨, શનિવાર, કારતક વદ અગિયારસ ૨૦૩૯
### પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર

ત્રણ વાગ્યે ઊઠી, સ્નાન કરી, વ્યાયામ કરીને ચાર વાગ્યે પૂ.શ્રી મને ઉઠાડે છે. એટલે મેં પણ ઊઠીને સ્નાન કરી લીધું. વ્યાયામ થયા પછી મંત્રજપ શરૂ કરી દીધા. સો માળાના જપ, રામાયણ-પારાયણ ને ડાયરીની નોંધ, ઉપરાંત પત્રોનું લેખન વગેરેમાં પોણા બાર તો ક્યારે વાગી જાય તેની ખબર જ પડતી નથી. સવારે સાડા ચારે બારીમાંથી પૂર્ણ પ્રકાશ ઘરમાં આવી જાય છે. આજે સ્નાન પછી હું રસ્તા ઉપરની બારીમાંથી બહાર જોતી હતી. પાંચ મિનિટ થઈ ત્યાં તો પૂ.શ્રીએ કહ્યું: અંદર જોવાનું મૂકીને બહાર શું જોવાનું છે? પૂ.શ્રીની વાત સાચી હતી. તરત જ બારી પાસેથી પલંગ પાસે હું આવી ગઈ.

આજે વાત કરતાં એમણે જણાવ્યું: લોકો આફ્રિકાના દેશને પછાત માને છે પણ અહીં રસ્તાઓ જુઓ, મોટાં મોટાં મકાનો, સ્વચ્છતા, ચોખ્ખાં દૂધ જુઓ. એની સરખામણીમાં ભારત તો મોટો દેશ છે છતાં, ત્યાં કેટલી ગંદકી હોય છે, ને કેવાં ભેળસેળવાળાં દૂધ જોવા મળે છે?

'મહાભારતના મોતી' પુસ્તકનું લેખન ચાલી રહ્યું છે. પૂ.શ્રીએ આજે કચ અને દેવયાનીનો પ્રસંગ લખ્યો. પછી મંત્રજપ સાથે પૂ.શ્રી થોડો આરામ કરે છે.

આજે અગિયારસ છે, જેથી બાર વાગ્યે ફળદૂધ લઈએ છીએ. પછી અહીંના સપ્તાહ મંદિરની રથયાત્રાની ફિલ્મ જોવાનું બને છે. બેઠકખંડમાં જ ટી.વી. ઉપર તે જોવાનું બને છે. વળી, સત્ય સાંઈબાબાની પ્રવૃત્તિ અને સ્વામીનારાયણ અંગેની પણ ફિલ્મ જોવાનું બને છે. ત્રણ વાગ્યા સુધી તે કાર્યક્રમ ચાલે છે.

પછી થોડું લેખન અને આરામ.

સાંજે દરરોજની જેમ ધ્યાનની બેઠક શરૂ થાય છે.

ધ્યાનમાં બેસનારા પૈકી શ્રી શાંતિભાઈને કોઈકે સમાચાર આપેલા કે મહાત્માજી બહાર ફરવા ગયા છે. એથી આવતાંની સાથે તેમણે પૂ.શ્રીને 'હરિ ૐ' કહી હાથ જોડીને આનંદ વ્યક્ત કરતાં કહ્યું: અમે તો સાંભળ્યું હતું કે આપ તો ફરવા ગયા છો!

પૂ.શ્રી: ફરવાનું હવે બંધ થયું છે. ગાડી, મોટરમાં બેસીને જઈએ, પણ મનથી ચોવીસે કલાક પ્રભુમાં જ ફર્યા કરીએ છીએ. એટલે ફરવાનું મનથી બંધ થયું છે. કોઈ પોતાનો બગીચો બનાવે તો તેમાં ફરવા ખાતર ફરવા જવું તેમ ફરવા જવાનું બને છે. બાકી, જન્મમરણનું ફરવાનું બંધ છે.

ધ્યાનની બેઠક પૂર્ણ થતાં ફળ વિગેરે લઈએ છીએ. ત્યાં દાદર ઉપર જ શ્રી શાંતિભાઈ દરરોજની જેમ લેવા આવતા હતા તેઓ મળી જાય છે. વાતો કરતાં કરતાં હૉલ ઉપર જઈએ છીએ.

ભારત હૉલમાં એક મોટી બેઠક ને બીજી એક અલગ બેઠક હોય છે. ત્યાં બેસી જઈએ છીએ. કાર્યક્રમના આરંભમાં દરરોજની રીત પ્રમાણે સૌ ઊભા થઈને ત્રણ વાર સમૂહમાં ગાયત્રીમંત્ર બોલે છે. પછી પૂ.શ્રીનું પ્રવચન થાય છે. મારાં બે ભજનો બાદ સૌ આરતી બોલે છે. પછી સૌ પ્રસાદ લઈને વિદાય થાય છે.

ભારત હૉલમાં પેલા વૃદ્ધપુરૂષ દરરોજની જેમ 'જય શ્રીકૃષ્ણ' કહીને બદામો આપે છે. પૂ.શ્રી તેમને દરરોજ 'કાલે મળીશું' એમ કહે છે. આજે પણ એવું કહીને વિદાય લીધી.

માર્ગમાં શ્રી શાંતિભાઈ વિગેરે સાથે વાતો થઈ. તે સૌ દરરોજ અમારા ઉતારા સુધી વિદાય આપવા આવે છે. તે સૌ 'હરિઃ ૐ' કહીને વિદાય લેતા હોય ત્યારે પૂ.શ્રી તેમને પણ દરરોજની જેમ 'કાલે મળીશું' એમ કહે છે.

મારાં ભજનો ને પરિચય તેમ જ પૂ.શ્રીનો પરિચય ને તેમનાં પુસ્તકોની યાદીની એક નાની પુસ્તિકા આજે બહાર પડી, તે જોઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૨૯

**તા. ૧૨-૧૨-૮૨, રવિવાર, કારતક વદ બારસ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

દરરોજ એકસરખો જીવનક્રમ. એમાં કોઈ ખાસ ફેરફાર નહીં.

બપોરની મુલાકાતમાં બે બહેનો અને એક ભાઈ આવે છે. એ ભાઈ સાધના કરે છે. તેઓ પોતાના અનુભવો કહે છે.

થોડો આરામ કરી, સાંજે સાડા ત્રણ વાગ્યે તૈયાર થઈ જવાનું બને છે. આજે ચાર વાગ્યે શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં પૂ.શ્રીનું પ્રવચન છે.

સમય ઉપર ત્યાં પહોંચવાનું બને છે. હૉલ આખોયે ભરાયેલો હતો. સૌ ધ્યાનમાં બેઠાં હતા. સ્વામી શ્રી શિવપાદાનંદજી અને સ્વામી શ્રી પ્રેમાનંદ પણ ધ્યાનમગ્ન હતા. અમે જ્યારે હૉલમાં પ્રવેશ્યા ત્યારે સ્વામી શારદાનંદનું ધ્યાન અમારા તરફ દોરાયું. પૂ.શ્રીને તેઓ મંચ ઉપર લઈ ગયા. મંચ ઉપર સ્વામી શિવપાદાનંદ બેઠા હતા. આંખો બંધ હતી. તેમની પાસે જ એક બેઠક હતી, જેના પર પૂ.શ્રીને બેસાડવામાં આવ્યા. મંચ પર ઉપરના ભાગે શ્રી રામકૃષ્ણદેવનું મોટું તૈલચિત્ર ગર્ભદ્વારમાં સ્થાપિત થયું હતું.

મંચની નીચે પ્રથમ હરોળમાં સ્વામી પ્રેમાનંદની બેઠક હતી. તેની પાસે જ મારે માટે પણ ભગવી ચાદરવાળી બેઠક તૈયાર હતી. મને ત્યાં બેસાડવામાં આવી.

આખાયે હૉલની રચના વિશાળ દાદરનાં પગથિયાં જેવી ચડતાઊતરતા ક્રમમાં હતી. તેની દરેક પગથિયા જેવી બેઠક ઉપર લોકો સહેલાઈથી એક સાથે પચાસની સંખ્યામાં બેસી શકે તેમ હતું.

અમે બેઠાં. થોડી જ વારમાં 'ૐ' બોલી ધ્યાન પૂર્ણ થયું. તરત જ સ્વામી શિવપાદાનંદજીનું ધ્યાન પૂ.શ્રી તરફ ગયું. તેઓ તરત જ ઊભા થઈ ગયા. નીચા નમીને પૂ.શ્રીને સ્મિતપૂર્વક પ્રણામ કરી આવકાર આપ્યો.

પછી સ્વામી શ્રી શિવપાદાનંદે શ્રોતાઓને અમારો પરિચય આપ્યો અને સ્વાગત કરતાં જણાવ્યું કે, પહેલાં માતાજીનું સ્વાગત કરીએ, પછી પિતાજીનું. એમ કહી હૉલમાં એક નાનકડી બાલિકાને સ્વામીજીએ પાસે બોલાવી તેને ફૂલનો ગુચ્છો આપી સમજ પાડી. તે બાલિકા મારી પાસે આવી. હું ઊભી થઈ ગઈ. મને પુષ્પગુચ્છ આપી તે બાલિકાએ નીચા નમીને નમસ્કાર કર્યા. માઈક ઉપરથી શ્રી શિવપાદાનંદજીએ 'સર્વમાંગલ્ય માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે, શરણ્યે ત્ર્યંબકં ગૌરી નારાયણી નમોસ્તુતે' શ્લોક બોલ્યા. પછી, પૂ.શ્રીનું સ્વાગત પણ એ રીતે હૉલમાંના કોઈ એક ભાઈ પાસે કરાવતાં સ્વામીજી 'શાંતાકારં....' શ્લોક બોલ્યા.

સ્વાગત બાદ ધૂન શરૂ થઈ. અહીંના પ્રવચનની જાહેરાત જનતાને મળી હતી. લગભગ પોણો કલાક ધૂન વિગેરેનો કાર્યક્રમ ચાલુ રહ્યો. જુદી જુદી ધૂન હારમોનિયમ, તબલાં, કરતાલ જેવાં સંગીતનાં અનેક સાધનો સાથે થઈ. વાતાવરણ ખૂબ સુંદર લાગતું હતું. પૂ.શ્રી પણ આંખ મીંચીને તાલ આપતા હતા. સ્વામી શ્રી શિવપાદાનંદજી પણ ધૂનમાં તલ્લીન હતા. શ્રોતાવર્ગ પણ ખૂબ પ્રેમથી તે ધૂનને ઝીલતો હતો.

જુદી જુદી ધૂન પૂર્ણ થતાં જ સ્વામી શ્રી શિવપાદાનંદજીએ પૂ.શ્રીને પોતાનું પ્રવચન આપવા વિનંતિ કરી.

પૂ.શ્રીના પ્રવચનનો આજનો વિષય 'દક્ષિણેશ્વરના મારા અનુભવો' હતો. પૂ.શ્રીએ પોતાના સાધનાકાળના અનુભવો એક કલાક સુધી અંગ્રેજી ભાષાના પોતાના વાર્તાલાપમાં વણી લીધા. વચ્ચે, વળી ત્યારે લખાયેલું ભજન પણ ગુજરાતીમાં ગાઈ સંભળાવ્યું અને તેની અંગ્રેજીમાં સમજ પણ આપી.

પ્રવચન બાદ ફરી ધૂન, ભજન શરૂ થયાં. મને પણ એક ભજન સંભળાવવાની વિનંતિ શિવપાદાનંદજીએ કરી, જેથી મેં એક નવી ધૂન ગવડાવી. છેવટે આરતી થઈ.

આરતી બાદ સ્વામી શ્રી શિવપાદાનંદજીએ ફરીથી શ્રી રામકૃષ્ણદેવને તથા પૂ.શ્રીને ઘૂંટણીએ પડીને પ્રણામ કર્યા.

અંતમાં, સ્વામીજીએ આભારદર્શન કર્યું.

ત્યારબાદ સ્વામીજી સાથે અમે હૉલમાંથી બહાર નીકળી સ્વામીજીની બેઠક તરફ ગયાં. ત્યાં સ્વામીજીની પોતાની બેઠક હતી. તેના ઉપર પૂ.શ્રીને આગ્રહ કરીને બેસાડ્યા. શ્રોતાઓ પ્રવચન પૂરું થયા બાદ અહીં પ્રણામ કરવા આવ્યા હતાં.

ભારત હૉલમાં આજે ગુજરાતી પ્રવચનનો છેલ્લો દિવસ હતો. સમય થઈ જતાં અમારે અહીંથી જલદી વિદાય લેવી પડી.

સ્વામીજીને પૂ.શ્રીએ કહ્યું: આપ અહીં જ બેસો. અમે જઈશું. તમારે ઊઠવાની જરૂર નથી. સ્વામીજી ફરીથી પૂ.શ્રીને ગાડી સુધી સાથે આવીને વિદાય આપે છે. સ્વામીશ્રી શારદાનંદ પૂ.શ્રીને ગાડી સુધી સાથે આવીને વિદાય આપે છે.

ભારત હૉલમાં આજે પ્રવચન સહેજ મોડું શરૂ થાય છે. ત્યાં સુધી ભજનો ગવડાવાય છે. પ્રવચન બાદ ભજન-આરતી થયા પછી ત્યાંથી વિદાય લઈને ઉતારા ઉપર આવી જઈએ છીએ. ઉતારા ઉપર આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૨૭

**તા. ૧૩-૧૨-૮૨, સોમવાર, કારતક વદ તેરસ ૨૦૩૯.**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.**

ત્રણ વાગ્યે તો પૂ.શ્રી ઊઠી જાય છે. સ્નાન બાદ શીર્ષાસન ૧૫ મિનિટ કર્યા પછી મને દરરોજની જેમ ઉઠાડે છે. હું સ્નાન કરીને ઓરડામાં આવું છું, ત્યારે પૂ.શ્રીનો વ્યાયામ પૂરો થવાની તૈયારીમાં હોય છે પછી હું થોડો વ્યાયામ કરું છું.

પૂ.શ્રી મંત્રજપ કરવા માટે પલંગ પર બેસી, પલાંઠી વાળીને હાથમાં માળા લે છે. હું મારા પલંગ પર માળા લઈને બેસું છું. પૂ.શ્રી પોણાસાત વાગ્યે લેખન માટે કલમ ઉપાડે છે. હું આઠ વાગ્યા પછી દૂધ પીધા પછી રામાયણ પાઠ કરું છું.

પૂ.શ્રી અહીં ઠંડુ દૂધ પીએ છે. ઠંડા દૂધમાં ખાંડ નાખ્યા વિના પણ મીઠાશ લાગે છે એમ પૂ.શ્રી માને છે. દૂધ સ્વચ્છ હોય છે.

ભોજન બાદ એક બહેન પોતાના પુત્રો જેઓ વ્યસની થયા છે તેમને સુધારવા પોતે કયો મંત્ર જપે તે અંગે પૂ.શ્રી સાથે વાતો કરે છે.

પૂ.શ્રીએ કહ્યું: તમે મંત્રજપ કરો તે કંઈ આમાં કામ ન કરે. જેઓ વ્યસની છે તેમણે જો સુધરવું હોય તો અમારી પાસે આવે, તો અમે કંઈક કહીએ; મદદરૂપ થઈએ.

ભોજન બાદ આરામ. થોડું લેખન કર્યું. આજે ધ્યાનની બેઠક હતી એમ જાણીને ભાઈબહેનો આવે છે. પૂ.શ્રીના પુસ્તકો ક્યાં ક્યાં મળે છે એ માટે પ્રકાશન-સંસ્થાઓની યાદી અંગે વાતો થાય છે.

શ્રી વી. ગોસાઈએ પૂ.શ્રીનું એક અંગ્રેજી પ્રવચન સાંભળીને, તેથી પ્રેરાઈને પોતાના વિસ્તારમાં એટલે કે ડરબનથી ચૌદ-સોળ કિલોમીટર દૂર રિઝર્વહીલમાં પૂ.શ્રીના ત્રણ અંગ્રેજી પ્રવચનો યોજ્યાં છે. ત્યાં હિન્દી ને ગુજરાતીઓની ઘણી મોટી વસ્તી છે. પાણીનો સંગ્રહ ત્યાં થાય છે, તે માટે ત્યાં મોટી ટાંકીઓ આવેલી છે, જેથી તેનું નામ રિઝર્વહીલ પડ્યું છે. શહેરમાં ફ્લેટમાં રહેતા લોકો પોતાનાં સ્વતંત્ર મકાનો બાંધીને આ વિસ્તારમાં રહે છે.

આજે ત્યાં સમયસર પહોંચવા માટે ઉતારા ઉપરથી સાત વાગ્યે નીકળવાનું છે. તેથી પોણા સાતે સેવમમરાનો નાસ્તો, કેરી વિગેરે લઈએ છીએ.

વીસ-પચ્ચીસ મિનિટમાં ગાડીમાં બેસીને હૉલ ઉપર પહોંચી જવાનું બને છે. માર્ગમાં વરસાદ શરૂ થાય છે. હૉલ ઉપર ઊતર્યા ત્યારે પણ વરસાદ ચાલુ જ હતો.

વરસાદ હતો છતાં શ્રોતાઓની સંખ્યા સારી હતી. વી. ગોસાઈએ સૌની ઓળખાણ કરાવી. પ્રવચન શરૂ થતાં પહેલાં ધૂન ગવાઈ. પછી પૂ.શ્રીનો પરિચય અપાયો. અમારા બન્નેનું સ્વાગત થયું. પૂ.શ્રીને પુષ્પહાર અને મને પ્લાસ્ટિકમાં સજાવેલો સુંદર મોટો ફુલોનો ગુચ્છ અર્પણ થયાં. તે પછી અંગ્રેજીમાં પ્રવચન શરૂ થયું.

પૂ.શ્રી અંગ્રેજી ભાષામાં પણ ગુજરાતી ભાષાની જેમ જ સહજ પ્રવાહી વાણીમાં પ્રવચન આપે છે. એકધારું, સુંદર અને શિષ્ટ અંગ્રેજીમાં પૂ.શ્રી બોલે ત્યારે સહેજેય એવું નથી લાગતું કે પૂ.શ્રીને અંગ્રેજી બોલવાનો અભ્યાસ જ નથી. ૧૯૪૦માં અંગ્રેજી માધ્યમમાં એક જ વરસ ભણેલા. પણ તે સંસ્કારોથી અને વિશેષ તો પ્રભુની પૂર્ણકૃપાથી તેઓ ભાવવાહી ને પ્રભાવશાળી વક્તવ્ય અંગ્રેજીમાં આપી શકે છે.

છેવટે મેં બે હિન્દી ભજનો ગવડાવ્યા. પૂ.શ્રીએ 'સુમિરન કર લે મેરે મના' ગવડાવ્યું. પછી શાંતિપાઠ એના અર્થ સાથે સૌને સમજાવ્યો. પ્રવચન બાદ આરતી થઈ. સૌ છૂટાં પડ્યાં. બહાર વરસાદ હતો. વરસતા વરસાદમાં સૌની સાથે અમે પણ વિદાય લીધી. ઉતારા ઉપર વીસ મિનિટમાં આવી ગયાં. પછી દૂધ પીને આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૨૮

### તા. ૧૪-૧૨-૮૨, મંગળવાર, કારતક વદ ચૌદશ ૨૦૩૯
### પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર

દરરોજની જેમ આજનો પણ ક્રમ રહ્યો. સમયસર ભોજન લીધા બાદ શ્રી રતિભાઈ પૂ.શ્રીને મળે છે. આજે બહાર જવાનું નથી. ખાસ નોંધયોગ્ય વાતો થતી નથી.

સાંજે સાડા છ વાગ્યે પ્રવચન-સ્થળે જવાનું બને છે. અહીંથી નીકળી પોણા સાત વાગ્યે અમે શ્રી રતિભાઈના નિવાસસ્થાને પહોંચી ગયાં. એમના વિશાળ નિવાસસ્થાનમાં બેઠકના ઓરડામાં જવાનું બન્યું. ત્યાં શ્રી રામકૃષ્ણદેવ, શ્રી શારદામાતા અને શ્રી વિવેકાનંદજીની સુંદર મૂર્તિઓ જોવા મળી. પ્રથમ નજરે જ, તેઓ શ્રી રામકૃષ્ણદેવના ભક્ત છે એનો ખ્યાલ આવી જાય છે. ઘરનાં યુવાન બાળકોએ આવીને પૂ.શ્રીને નમસ્કાર કર્યા. ત્યારબાદ એ વિશાળ નિવાસસ્થાન અમને બતાવવામાં આવ્યું. ત્યાં એક દેવસ્થાનનો ઓરડો પણ હતો. ત્યાં પણ વિવિધ દેવો સાથે શ્રી રામકૃષ્ણદેવ ને શ્રી શારદામાતા હતાં. દેવસ્થાનમાં શ્રી રતિભાઈની ભાવનાને માન આપી મારે દીવો પેટાવવાનું પુણ્યકાર્ય કરવાનું થયું.

શ્રી રતિભાઈના ધર્મપત્નીએ પણ સ્વામી ભૂતેશાનંદ પાસે મંત્રદીક્ષા લીધી હતી. એટલે કે પતિપત્નીના ઈષ્ટદેવ એક જ હતાં.

પૂ.શ્રીએ બેઠકના ઓરડામાં પ્રવેશતાં જ કહ્યું કે, વાતાવરણ પવિત્ર લાગે છે.

પૂ.શ્રીની સમક્ષ સ્વાગતમાં વિવિધ ફળો ને દૂધ મૂકવામાં આવ્યાં. પૂ.શ્રીએ એમાંથી કશું જ ન લેતાં દ્રાક્ષની માગણી કરી. પછી સાકરના બે ટુકડા અને કેળાં લીધાં.

પૂ.શ્રીએ બાળકોના નમસ્કાર કરવાના વિનયને ધન્યવાદ આપતાં કહ્યુંઃ માબાપના સંસ્કારો બાળકોમાં ઊતરે જ છે, વડીલોને, જ્ઞાનીઓને, વિદ્વાનોને પ્રણામ કરવા જોઈએ એ વાત જ્યાં મોટા જ જાણતાં નથી ત્યાં નાનાં તો ક્યાંથી તે વાતને અપનાવે? આ બાળકોનો વિનય મોટાંઓએ પણ શીખવા જેવો છે.

સમયસર પ્રવચન-સ્થળે જવાનું બન્યું. અંગ્રેજીમાં અપાયેલ આજનું પ્રવચન ખૂબ જુસ્સાવાળું હતું. પ્રવચન બાદ સૌની વિદાય લઈને ઉતારા ઉપર આવી ગયાં.

આજે વરસાદ ન હતો.

શ્રી રતિભાઈ શ્રદ્ધાભક્તિથી સંપન્ન સત્પુરુષ છે. તેઓ પૂ.શ્રીની સેવા કરવા હંમેશા તત્પર રહે છે. એમની ભાવભક્તિ જોતાં પૂ.શ્રી હવે કદાચ પોતાનો ઉતારો શ્રી રતિભાઈને ત્યાં પણ રાખે એવં લાગે છે. પ્રભુની ઈચ્છા ઉપર બધો આધાર છે.

* * હરિઃ ૐ * *

## દિન ૨૯

### તા. ૧૫-૧૨-૮૨, બુધવાર, કારતક વદ અમાસ ૨૦૩૯
### પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર

આજે પૂ.શ્રીને અહીં એક યોગશિબિર ચાલી રહી છે તેમાં અંગ્રેજીમાં પ્રવચન આપવાનું આમંત્રણ છે.

વળી, દક્ષિણ આફ્રિકાના જાણીતા અખબાર ‘સન્ડે’ના પ્રતિનિધિ આજે પૂ.શ્રીની મુલાકાત લે છે. પૂ.શ્રીના જીવન ને કાર્ય વિષે તથા દક્ષિણ આફ્રિકાની મુલાકાત વિશે તે થોડા પ્રશ્નો પૂછે છે. આ મુલાકાતનો અહેવાલ આ રવિવારે તા. ૧૯-૧૨-૮૨ ના રોજ પ્રસિદ્ધ થશે.

એ પ્રતિનિધિ સાથે શ્રી રતિભાઈ પણ હતા જ. પોતાની વિશાળ ધંધાકીય જવાબદારીમાંથી તેઓ પૂ.શ્રી માટે દરરોજ જ સમય કાઢે છે. અહીં મોટે ભાગે લોકો સવારના સાતથી સાંજના પાંચ સુધી કાર્યરત હોય છે. એમાંથી સમય કાઢીને દરરોજ સંતપુરુષની પાસે આવવાનું કે તેમને ફરવા લઈ જવાનું કાર્ય શ્રદ્ધાભક્તિ વિના થોડું જ થાય છે? એ દૃષ્ટિએ શ્રી રતિભાઈની સેવા ધન્યવાદને પાત્ર છે.

અહીં ગુજરાતી કાર્યક્રમો પણ રેડિયો ટ્રુરો ઉપરથી દર ગુરુવારે પ્રસારિત થાય છે. તે રેડિયો સ્ટેશનનાં મુખ્ય સંચાલક શ્રી જયમતીબહેને પૂ.શ્રીને આજે ગુજરાતી કાર્યક્રમ આપવાની વિનંતિ કરી હોઈ સાંજે પાંચ વાગ્યે ત્યાં જવાનું બને છે.

છેક બારમે માળે તે રેડિયો સ્ટેશન છે, જેનું નામ ટ્રુરો રેડિયો છે. ટ્રુરો નામની સ્ટીમર કે જે દ્વારા ભારતીય પ્રજા પ્રથમવાર આ દેશમાં આવેલી તેથી તેનું એ નામ રેડિયો સ્ટેશનને અપાયેલું છે.

ત્યાં અમારે જવાનું બન્યું. તે સંચાલિકા બહેન ખૂબ નમ્ર, મિલનસાર ને વિનયી હતાં. તેમણે જાણે વરસોનો પરિચય હોય એમ નમસ્કાર ને સ્મિત સાથે પૂ.શ્રીને આવકાર આપ્યો.

પૂ.શ્રીનો તેમને કોઈ પરિચય તો ન હતો. છતાં પૂ.શ્રીની પ્રશંસા સાંભળીને તેઓનો કાર્યક્રમ લેવા તેઓ પ્રેરણા પામ્યાં હતાં. પૂ.શ્રીનો તેમણે અંગ્રેજી કાર્યક્રમ અને ગુજરાતી કાર્યક્રમ પણ લીધો. અંગ્રેજીમાં આત્માસાક્ષાત્કાર વિશે પ્રશ્નોત્તરી થઈ, જ્યારે ગુજરાતીમાં ભગવદ્ ગીતા ઉપર પૂ.શ્રીએ ટૂંકો વાર્તાલાપ આપ્યો.

શ્રી જયમતીબહેને પૂ.શ્રીને દિવાળી ને જનમાષ્ટમીના તહેવારોના મહત્વ ઉપર વાર્તાલાપ આપો એવી પણ વિનંતિ કરી. પૂ.શ્રીએ તેમને હા પાડી. એટલે ફરીવાર ત્યાં જવાનું થયું. વળી, મારી પાસે બે ભજનો પણ ગુજરાતીમાં ગવડાવ્યાં. આજના અંગ્રેજી ને ગુજરાતી બન્ને કાર્યક્રમો તા.૨૫ ને ૩૦ મીએ રજૂ થઈ જશે એવી માહિતી પણ એ બહેને આપી.

ધર્મનું શિક્ષણ રેડિયો ઉપરથી આપવાની પણ શ્રી જયમતીબહેનની ઈચ્છા છે. તે અંગે ભગવદ્ ગીતાનું માર્ગદર્શન પણ પૂ.શ્રી પાસેથી મેળવવા તેઓ આતુર છે.

થોડી વાતો બાદ તે બહેને નમસ્કાર કરી વિદાય આપી.

આજે રિઝર્વહીલમાં ત્રીજું અંગ્રેજી પ્રવચન થયું. આજે શ્રોતાઓની વિનંતિને માન આપી. પૂ.શ્રીએ હિન્દીમાં પણ થોડું પ્રવચન કર્યું.

અંતે આભારદર્શન થયું. ત્યાંથી નીકળી વીસ મિનિટમાં ડરબન શહેરમાં આવી ગયાં.

રિઝર્વહીલ ઘણો ઊંચો વિસ્તાર છે. ત્યાંથી ગાડીમાં બેસીને ડરબન તરફ આવીએ તો દૂરથી વીજળીથી શોભતું ડરબન શહેર દેખાય છે. રસ્તાઓ ઘણા મોટા છે અને તેના ત્રણ ત્રણ વિભાગો પીળા પટ્ટાથી ને નાની લીલી લાઈટથી જુદા પડે છે. માર્ગ ઉપર જ લીલા રંગની લાઈટ જેવા ચળકતા પથ્થર જેવું જડી દીધું હોય છે, તેથી રાત્રે પણ માર્ગ સ્પષ્ટ જોઈ શકાય છે.

ઉતારા ઉપર આવીને દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૩૦

**તા. ૧૬-૧૨-૮૨, ગુરુવાર, માગશર સુદ એકમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

આજે અહીં આવ્યાને એક માસ થઈ ગયો. સમય ઝડપથી પસાર થઈ ગયો. કાર્યક્રમો શરૂ થઈ ગયેલા. જેથી સત્સંગમાં એ સુયોગ્ય રીતે પૂર્ણ થયાં.

એક જ સ્થાનમાં આજે ત્રીસ દિવસ થયાં. જોકે, કાર્યક્રમો તો વિવિધ સ્થળોએ થાય છે.

આજે વળી અહીંથી લગભગ ૮૦ કિલોમીટર દૂર પીટરમેરિટ્સબર્ગ નામના શહેરમાં પ્રવચન માટે જવાનું છે.

દરરોજની જેમ સાડા અગિયારે ભોજન લઈએ છીએ.

સાડા બારની મુલાકાતમાં એક ભાઈ આવે છે. તેમને મંત્ર અંગે માર્ગદર્શન જોઈતું હતું. આપણે ભગવાન પાસે શું માંગવું જોઈએ? ભગવાનનાં દર્શન માટે કેવી રીતે આગળ વધવું? ભગવાનની ભક્તિ માગવી કે ભગવાનના દર્શન માગવા? વિગેરે પ્રશ્નો તે ભાઈ પૂછે છે. પૂ.શ્રી તેમને ઉત્તરો ઉપરાંત ‘શિવમહિમ્નસ્તોત્ર’ આપે છે કારણ, તેઓ શિવના ઉપાસક છે.

દોઢ વાગ્યે પૂ.શ્રી સંતરાનો રસ લે છે. પોણા બે વાગ્યે પીટરમેરિટ્સબર્ગ જવા નીકળીએ છીએ. મોટું મેટાડોર જેવું વાહન છે. તેમાં સૌથી આગળ એક જ સીટ છે તેના ઉપર પૂ.શ્રી બેસે છે. બાકીનાં આઠ પાછળની બે સીટ ઉપર બેસીએ છીએ.

અમારી ગાડી રિઝર્વહીલ તરફથી શ્રી રતિભાઈને લઈને આગળ વધે છે. પાઈનટાઉન નામનો વિસ્તાર માર્ગમાં આવે છે. તે ઔદ્યોગિક વિસ્તાર છે. અહીં મોટી મોટી ફેક્ટરીઓ આવેલી છે.

ગાડીમાં જે પહેલી સ્વતંત્ર સીટ ઉપર બેસે તેણે ફરજિયાત શરીર ઉપર પટ્ટો બાંધવો પડે એવો નિયમ છે. એ અંગે પૂ.શ્રીએ કહ્યું: અમે તો અહીં સૌને મુક્ત કરવા આવ્યા છીએ અને અમને જ આ ગાડીમાં બાંધવાના ? માયાથી બંધાયેલાઓને અમે છોડાવવા આવ્યા છીએ. અમે તો માયાના પતિ છીએ. અમે તો ચાર જન્મોથી મુક્ત જ છીએ. અગાઉ પંજાબ, મહારાષ્ટ્ર, બંગાલમાં અમે હતાં.

વાત ત્યાં જ અટકી જાય છે. માર્ગમાં સૂરત જિલ્લાના સંતો વિશે પ્રશ્ન પુછાય છે.

પૂ.શ્રી કહે છે: સ્વામી તેજાનંદ, શ્રીમન્નૃસિંહાચાર્ય, સ્વામી આત્માનંદ વિગેરે છે. સંતોને શોધવા એ સારી વાત તો છે, પણ છેવટે તો પોતે જ સંત થવું એ જરૂરી છે.

વળી, બીજા પ્રશ્નો પુછાયા: માળામાં ૧૦૮ જ મણકા કેમ હોય છે? બધા સંન્યાસીઓ ૧૦૦૮ નો આંક પોતાના નામ સાથે લગાડે છે તે કોણ આપે છે?

પૂ.શ્રીએ સંતોષકારક જવાબ આપ્યાં. પછી ધૂન-ભજન ગવાયાં. આનંદ આવ્યો.

ડરબનની બહાર પણ ડુંગરાળ વિસ્તાર છે. અહીંની જમીન પથરાળ છે. શેરડી, ટામેટાં, ફ્લાવર, કોબીજ વિગેરેની ખેતી પણ લોકો કરે છે. ખેતરોમાં ગાયો સાથે ઘોડાઓ પણ ચરતા દેખાય છે. ખેતીકામમાં આધુનિક સાધનો સાથે ઘોડા પણ ઉપયોગી બને છે. સરકાર ખેતી માટે ઘણું પ્રોત્સાહન આપે છે.

લગભગ દોઢ કલાકમાં પીટરમેરિટ્સબર્ગ આવી ગયું. ત્યાંના આયોજક અમારી સાથે બેઠા. એ શહેરમાં જોવાલાયક સ્થળો જોવાનાં હતાં.

હાવિક ફેલ્સ નામનો એક કુદરતી ધોધ વહેતો હતો તે જોયો. ઘણી ઊંચાઈ ઉપરથી તે નાનકડો ધોધ વહેતો હતો. એ ધોધ ઉપરથી નીચે કૂદવાની હિંમત કરનાર એક છોકરાને દસ રેન્ડનું ઈનામ મળ્યું હતું. એ જોઈને બીજો છોકરો એવી હિંમતનું ગાંડપણ કરવા ગયો તે મોતને ભેટ્યો હતો.

આજુબાજુ વૃક્ષો ને મેદાનને લીધે એ સ્થળ શોભા આપતું હતું.

ત્યાંથી થોડે દૂર આવેલ ઓરિએન્ટ પાર્ક જોવા ગયાં. તેમાં પ્રવેશ મેળવવાને એક ગાડીનો એક રેન્ડ ફી હતી.

તે ઘણી વિશાળ જગ્યા છે. અમગેની નદીમાંથી જ એક મોટું તળાવ તૈયાર કર્યું છે. આસપાસ ઘણી વિશાળ જગ્યા છે, જેમાં લોકો ઉજાણી કરવા આવે, રહે. વળી, ત્યાં જમીનમાં થોડે થોડે અંતરે ચૂલાઓ પણ ચણેલા છે. તેથી ઉજાણી માટે આવનારને બધી જ સરળતા મળી રહે છે. ઘણી મોટરો ત્યાં જુદી જુદી જગ્યાએ ઊભી હતી. લોકો આનંદમાં જમતાં હતાં, કોઈ રમતાં હતાં, કોઈ હોડીમાં ફરતાં જોવા મળ્યાં.

લોકો તંબુ બાંધીને પણ અહીં રહી શકે છે. વળી, ત્યાં ઘરો પણ ફરનિચર, વાસણ સાથે ભાડે મળે છે, જેનું ઓછામાં ઓછું ભાડુ સાત રેન્ડ છે. વધુ સગવડ ને મોટું મકાન તેમ ભાડું વધારે. પચ્ચીસ-ત્રીસ મકાનો હતાં, પણ બધાં જ ભરાયેલાં હતાં.

શહેરમાં મુંબઈરોડ, મૈસુરરોડ, જેવાં નામ પણ વાંચવા મળ્યાં. સાંજે પાંચ વાગ્યે અમે તે માર્ગ ઉપરથી જ્યારે પસાર થતાં હતાં ત્યારે ત્યાં નમાજનો અવાજ સંભળાયો. જાણવા મળ્યું કે અહીં મુસ્લીમો પણ મોટી સંખ્યામાં છે. મસ્જિદો પણ છે. અહીં ગુજરાતીઓનાં સિત્તેરેક ઘર છે. હિન્દી ભાઈબહેનો ઘણાં છે.

હિન્દી ભાઈઓનાં સહકારથી ગુજરાતીઓ અહીં મંદિર બાંધી રહ્યા છે.

અહીં દિવ્ય જીવન સેન્ટર નામે એક સંસ્થા છે. ત્યાં જ આજનું પ્રવચન છે.

એ સંસ્થાની બાજુમાં જ એક ગુજરાતી ભાવિક ભાઈને ત્યાં અમારો ઉતારો હતો. ત્યાં એક કલાક આરામ કર્યો. ઉતારાનું નામ 'કૃષ્ણવીલા' હતું. ઘરના બધા સભ્યો ભાવિક હતાં. સાત વાગ્યે ફળદૂધ લઈને પ્રવચન-સ્થળે ગયાં. સંસ્થાના હૉલમાં સ્વામી શિવાનંદજીની તસ્વીર હતી. વળી, વિવિધ દેવોની મૂર્તિઓ હતી. મંદિર જેવો એ હૉલ હતો. ત્યાં જ બે બેઠકો તૈયાર હતી, જેના ઉપર અમે બેઠાં. ગુજરાતી સમાજ તરફથી એક મહિલાએ અમારું સ્વાગત કર્યું અને અમારો પરિચય શ્રોતાવર્ગને આપ્યો.

પ્રવચન ગુજરાતીમાં થયું. અંતે ભજનો ગવાયાં. પછી આરતી થઈ.

અમે વિદાય થયાં. ઉતારાના યજમાન ભાઈએ પોતાના આધ્યાત્મિક પ્રશ્નોનું સમાધાન પૂ.શ્રી પાસેથી મેળવ્યું.

ફરીથી એક કલાકની મુસાફરી થઈ. પીટરમેરિટ્સબર્ગ નાતાલ પ્રાંતની રાજધાની છે. આખા દક્ષિણ આફ્રિકાની રાજધાની પ્રિટોરિયા શહેર છે.

દક્ષિણ આફ્રિકાની મોટામાં મોટી નદી વાલ છે. અહીં મુઈ નામની નદી પણ છે. આફ્રિકન ભાષામાં 'મુઈ'નો અર્થ 'સારી' થાય છે. અહીં સરકાર આપણાં મંદિરો, સ્કૂલો માટે જમીનો સસ્તા ભાવે આપે છે. પરિણામે મદ્રેસા, ગુજરાતી શાળા, મસ્જિદો, મંદિરો બનાવવાની લોકોને પૂરેપૂરી તક છે.

અહીંના રાજકીય ક્ષેત્રે ગુજરાતી, હિન્દી કે આફ્રિકનને પ્રવેશ નથી. યુરોપીયન પ્રજા જ એ અધિકાર ધરાવે છે. અહીં આફ્રિકન પ્રજામાં ઘણી ગરીબી છે. જંગલોમાં તેઓ નગ્નાવસ્થામાં રહે છે. ભૂખમરો પણ વેઠે છે. આફ્રિકનોને રાત્રે પાસ વિના શહેરમાં ફરવાનો અધિકાર નથી. આફ્રિકન પ્રજાનું શોષણ ચાલુ જ છે.

દક્ષિણ આફ્રિકાના કોઈ કોઈ વિભાગને નાના પાયા ઉપર સ્વતંત્રતા આપીને તે તે વિભાગના એક એક આફ્રિકન અધિકારી બનાવ્યા છે. જેમ ભારતમાં નાનાં નાનાં રાજ્યો હતાં તેવું. પણ અહીં તેવા વિભાગને ખાસ સ્વતંત્રતા નથી. યુનો તે વિભાગને માન્યતા આપતું નથી.

આ બધી સામાન્ય વાતો કરતાં કરતાં મુસાફરી પૂરી થઈ. અગિયાર વાગ્યે રાત્રે અહીં ઉતારા ઉપર આવી ગયાં. ઘણું મોડું થયું.

આજે મારું રામાયણનું પારાયણ પૂર્ણ થયું. વિદેશની ધરતી ઉપર રામાયણના પાઠનું સત્કર્મ થયાનો આનંદ થયો.

ઉતારા ઉપર આવી આરામ જ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૩૧

**તા. ૧૭-૧૨-૮૨, શુક્રવાર, માગશર સુદ બીજ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

આજે પૂ.શ્રીનો નિત્યક્રમ સાડા ત્રણે શરૂ થઈ જાય છે. જપ, વ્યાયામ, લેખનમાંથી નિવૃત્ત થતાં ભોજન લેવાનું બને છે.

આજે અહીંની આફ્રિકન નોકર બ્યુટીએ પૂ.શ્રીના બંધ ઓરડાનાં દ્વાર 'હરિઃ ૐ' કહીને ખોલાવ્યાં. અમને એ સાંભળી ખૂબ આનંદ થયો. તેણે અંદર આવી ઓરડો સાફ કર્યો. પૂ.શ્રીએ તેને 'હરિઃ ૐ' મનમાં દરરોજ બોલવાની વાત કરી. પછી દરરોજની જેમ બ્યુટીને આજે પણ પ્રસાદ આપ્યો.

પૂ.શ્રી કહે: બધા ફળ વિગેરે ખાઈ શકે છે, પણ આ નોકરવર્ગને કોણ પ્રસાદ આપે, કોણ ફળ આપે?- માટે આપણે એને દરરોજ પ્રસાદ આપીએ.

બે દિવસ ઉપર જ મને એકાએક પ્રકાશનાં દિવ્ય કિરણોનું ફરી દર્શન થયું. એ અલૌકિક પ્રકાશ આપણા શરીરની આસપાસ રાસ લેતો હોય ત્યારે તે દર્શનમાં આપણે સ્થળકાળ ભૂલી જતાં હોઈએ છીએ. ફક્ત પ્રાર્થના થયા કરે: હે પ્રકાશસ્વરૂપ પ્રભુ! તને નમસ્કાર.

એ અલૌકિક પ્રકાશદર્શનથી ખૂબ ખૂબ આનંદ થયો. પૂ.શ્રીને હંમેશની વાતોની જેમ એ અનુભવની વાત કરી અને પ્રકાશમાંથી આકૃતિ-દર્શન ક્યારે થશે એ પ્રશ્ન પુછ્યો. પૂ.શ્રીએ હંમેશની જેમ જવાબ આપ્યો: આકૃતિ જેમાંથી પ્રગટે છે તેનાં મૂળ પ્રકાશસ્વરૂપનાં જ તમને દર્શન થાય છે. પછી આકૃતિની શી જરૂર છે? છતાં તેવા દર્શન કરવાં હોય તો પ્રાર્થના કરવી.

આજે ખીચડી, ભાજીનું શાક ને છાશનું ભોજન લીધું. ભોજન બાદ પૂ.શ્રીએ અંગ્રેજી માસિકનું થોડું વાચન કર્યું. પછી આરામ કર્યો.

સાંજે ફરીથી ગઈકાલના સ્થળે પ્રવચન માટે જવાનું થયું.

પ્રવચન-સ્થળે સમયસર પહોંચી ગયાં. શ્રી રતિભાઈ, શ્રી શાંતિભાઈ, શ્રી ડાહ્યાભાઈ અમારી સાથે હતાં. ત્રણે ભાઈઓ સેવાભાવી ને ધાર્મિક છે, અને અહીંની ધાર્મિક પ્રવૃત્તિઓના પ્રાણ છે. માર્ગમાં સંતોની તથા અહીંના જીવનની વાતો થઈ. આજનું પ્રવચન 'નામજપ' ઉપર હતું.

ફરીથી એક કલાકની મુસાફરી બાદ રાત્રે ડરબન આવી જવાનું બન્યું. ખાસ નોંધવા યોગ્ય કોઈ વાત ન હતી.

* * હરિઃ ૐ * *

## દિન ૩૨

**તા. ૧૮-૧૨-૮૨, શનિવાર, માગશર સુદ ત્રીજ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

ત્રણ વાગ્યે સ્નાન. પછી એક કલાક વ્યાયામ ને તે પછી મંત્રજપ. સાત વાગ્યાથી પૂ.શ્રીની કલમ ચાલુ થઈ જાય છે. સાડા ત્રણ કલાકના લેખન બાદ તેઓ થોડો આરામ કરે છે.

પછી ભોજન. તે પહેલાં, હું આવેલા પત્રો વાંચવા આપું છું.

પૂ.શ્રી કહે છેઃ હવે મને કોઈના પત્રો પણ વાંચવા ગમતા નથી. બધાને પત્રથી મળીને કરવું પણ શું છે?

પૂ. માતાજીની વિદાય પછી પૂ.શ્રીના સ્વભાવમાં વધારે ને વધારે ઉપરામતા આવી રહી છે.

ભોજન બાદ શ્રી રતિભાઈ આવે છે. તેમની સાથે શ્રી રામકૃષ્ણદેવની વાતો થાય છે. આધ્યાત્મિક અનુભવો સમજવા માટે પણ પાત્રતા જોઈએ છે, એ અંગે ચર્ચા થાય છે.

થોડો આરામ કરીને, થોડી મિનિટો વાચન કરે છે.

આજે છને પંદર મિનિટે શિવાનંદ આશ્રમ, રિઝર્વહીલમાં પ્રવચન માટે જવાનું છે. ત્યાં પ્રવચન અંગ્રેજીમાં થશે.

અમગેની નદીને કિનારે દિવ્ય જીવન સેન્ટરના શિવાનંદ આશ્રમમાં જ્યારે અમે પહોંચ્યા ત્યારે ત્યાંના સંચાલકોએ તથા ત્યાં રહેતા ભાઈબહેનોએ નમસ્કાર કરીને સ્વાગત કર્યું. અમને કાર્યાલયમાં લઈ જવામાં આવ્યાં. થોડી જ વારમાં સ્વામી શ્રી સહજાનંદજી આવ્યાં. થોડી વાતો થઈ. સમય થતાં પ્રાર્થના હૉલમાં જવાનું બન્યું.

પ્રાર્થના હૉલમાં એક વિશાળ મંચ હતો. મંચ ઉપર મધ્યમાં સ્વામી શિવાનંદજીની, ખુરશી પર બેઠેલી પુષ્પહારવાળી સ્મિત કરતી તસવીરનું સ્થાપન થયું હતું. એક તરફ હનુમાનજીની તસવીર અને બીજી બાજુ ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ હતી. ત્યાં ત્રણ દીવાઓ મૂક્યા હતા.

હૉલમાં શ્રોતાઓની સંખ્યા સારી હતી. પ્રથમ હરોળમાં જે ભાઈઓ બેઠા તેમની પાસે હારમોનિયમ, મંજીરા, તબલાં વિગેરે હતું. બહેનોની પ્રથમ હરોળમાં અંગ્રેજી બહેન પણ બેઠાં હતાં.

અમારી સાથે જ સ્વામી શ્રી સહજાનંદજી પણ આવ્યા. પણ તેઓ બધા શ્રોતાઓની સાથે જ મંચની નીચે અલગ બેઠક ઉપર બેઠાં. મંચ ઉપર બે બેઠકો તૈયાર હતી. તે બેઠકો ને તકિયા ભગવા રંગવાળાં હતાં.

હૉલમાં પ્રવેશ્યા પછી, મંચ પાસે, શિવાનંદજીની તસવીર સામે પૂ.શ્રી થોડીવાર શાંતિથી ઊભા રહ્યા. હું ધુંટણીએ પડીને નમસ્કાર કરીને બહેનોની પ્રથમ હરોળમાં બેસવા જતી હતી ત્યાં જ સંચાલકોએ મને ઉપર બેસવા જણાવ્યું. તેથી પૂ.શ્રીની બેઠક પાસે જ બેઠક હતી તેના પર, ફરીથી શ્રી શિવાનંદજીને તથા પૂ.શ્રીને નમસ્કાર કરીને બેઠી.

કાર્યક્રમની શરૂઆતમાં સુંદર શાસ્ત્રીય ધૂન થઈ.

જય ગણેશ જય ગણેશ જય ગણેશ રક્ષ મામ્...
શ્રી ગણેશ શ્રી ગણેશ શ્રી ગણેશ પાહિ મામ્...

પહેલાં સ્વાગત થયું. બે ભજનો ગવાયાં. ત્યારબાદ મારે પણ બે ભજનો ગાવાનાં હતાં. ભજન પછી પૂ.શ્રીએ પ્રવચન આપ્યું. 'ભારતીય સંસ્કૃતિ અને સંતો' એ વિષય ઉપર સુંદર ને મનનીય પ્રવચન અંગ્રેજીમાં થયું.

ફરીથી મારે ભજન ગાવાનું હતું, પણ થોડી ધૂન બોલાવીને અમારો કાર્યક્રમ પૂર્ણ કર્યો. આભારદર્શન કરતાં ત્યાંના સંચાલકે કહ્યું કે, ભારતીય સંસ્કૃતિ વિષે સુંદર સમજ આપતું આ પ્રવચન હતું. ત્યાં સ્વામી શ્રી શિવાનંદજીની વાતો પણ જાણવા મળી.

છેવટે આરતી થઈ. અહીં એક નાનકડી બાળા આરતી ઉતારે છે. તે પહેલાં હિન્દીમાં હનુમાન ચાલીસા સમૂહમાં ગવાય છે. વાતાવરણ ખૂબ જ સુંદર લાગે છે.

આરતીની થાળી હૉલના મુખ્ય દ્વાર પાસે રાખવામાં આવે છે. ત્યાં લાઈનમાં આવી સૌ ભાઈબહેનો આરતી લે છે. ત્યાં જ એક ટેબલ ઉપરથી ક્રમબદ્ધ સૌને પ્રસાદની કોથળી અપાય છે.

પ્રવચન બાદ સ્વામી શ્રી સહજાનંદજી હૉલની બહાર ઊભા રહ્યાં. શ્રોતાઓનો મોટો વર્ગ તેમને પ્રણામ કરીને વિદાય થયો.

અમને સંસ્થાના ભોજનાલયમાં લઈ જવામાં આવ્યાં. ત્યાં ટેબલ ઉપર ડીશો, રૂમાલ અને વિવિધ વાનગીઓ હતી. કેરીનો રસ, ભજિયાં, બ્રેડ, લીલાં ને સૂકાં ફળો હતાં.

પૂજ્ય સંતો અહીં પ્રસાદ લે એવો અહીં રિવાજ છે. પૂ.શ્રી ત્યાં ગયા તો ખરા. પણ સ્વામીજીને કહ્યું કે અમે આમાંથી થોડાં ફળો પ્રસાદી તરીકે અમારી સાથે લઈ જઈએ. સ્વામીજીએ પોતાના હાથે પ્લાસ્ટિકની કોથળીમાં ને પ્લાસ્ટિકના ડબ્બામાં ફળોનો પ્રસાદ ભર્યો.

ત્યાં તો સંસ્થાના સંચાલકો પૈકીના બે ભાઈઓ પૂ.શ્રીની પાસે આવીને કહેવા લાગ્યા: આપનું આજનું પ્રવચન ખૂબ જ સુંદર હતું. અમારો આવતીકાલે પણ અહીં સત્સંગ થવાનો છે, તો આપ અમને આવતીકાલે પણ પ્રવચનનો લાભ આપો.

પૂ.શ્રીએ શ્રી શાંતિભાઈ અને શ્રી રતિભાઈ સાથે ચર્ચા કરીને હા પાડી. અમે ત્યાંથી વિદાય થયાં તે પહેલાં આવતીકાલના કાર્યક્રમ માટે પૂ.શ્રીની મંજૂરી મળતાં સૌએ આનંદ વ્યક્ત કર્યો.

ડિવાઈન લાઈફ સેન્ટરથી ઉતારો પંદર-સોળ કિલોમીટર દૂર હતો. પણ અહીં માર્ગ સારા, વાહન સારાં, તેથી પંદર વીસ મિનિટમાં તો અમે ઉતારા ઉપર આવી ગયાં.

અમારી સાથેના સૌ ભાઈઓ છૂટા પડ્યા ત્યારે, તેમને પ્રસાદમાં જે ફળો લીધાં હતાં તે આપ્યાં. એકાદ બે ફળ અમે રાખ્યાં.

ઉતારા ઉપર આવીને આરામ કર્યો. દૂધ પીધું. થોડી વાતો થઈ.

આજના કાર્યક્રમની પત્રિકા શ્રોતાઓને આપવામાં આવી હતી, કેમ કે તેથી અહીંના પ્રવચનની આગળ-પાછળ કેવા કાર્યક્રમો રહે છે તેનો તેમને ખ્યાલ આવે.

શ્રી રામકૃષ્ણ સેન્ટર અને ડિવાઈન લાઈફ સેન્ટર - એ બંને સંસ્થાઓમાં પ્રવચનની પહેલાં ને તે પછી લગભગ એક એક કલાકનો ભજન-ધૂનનો કાર્યક્રમ રહે છે. એટલે ત્રણ કલાકનો એક કાર્યક્રમ થાય. ભજન-ધૂન વિવિધ વાજિંત્રો સાથે હિન્દી ભાષામાં થાય છે. આખોયે કાર્યક્રમ રસપ્રદ રહેતો હોય છે. વિવિધ ધૂનો ને વિવિધ ભજનો સાંભળવાનો થાક કે કંટાળો વરતાતાં નથી. આખાયે કાર્યક્રમ દરમ્યાન શ્રાતાઓનો વિશાળ સમુદાય સંપૂર્ણ શાંતિથી ભાગ લે છે. કાર્યક્રમો શિસ્તબદ્ધ હોય છે.

* * હરિઃ ૐ * *

## દિન ૩૩

**તા. ૧૯-૧૨-૮૨, રવિવાર, માગશર સુદ ચોથ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

આજે રવિવાર હોવાથી બપોરના ધ્યાનની બેઠક માટે શ્રી શાંતિભાઈએ પૂ.શ્રી પાસે મંજૂરી માગી હતી. પરિણામે આજે બપોરે ભોજન બાદ ધ્યાનની બેઠક થઈ. તેમાં ધ્યાનના રસિક ભાઈબહેનોએ બાગ લીધો.

'ગઈ કાલનું પ્રવચન ખૂબ સરસ હતું.' એમ કહીને શ્રી વી. ગોસાઈએ પૂ.શ્રીને પૂછ્યું: તમારો અંગ્રેજી ઉપર ઘણો સારો કાબૂ છે. શું તમે ભારતમાં અંગ્રેજી પ્રવચન આપો છો?

એ સાંભળીને મેં કહ્યું: પૂ.શ્રી મને ગઈ રાતે કહેતા હતા કે 'આજે હું મંચ ઉપર પહોંચ્યો ત્યાં સુધી શું બોલવું તે નક્કી નહોતો કરી શકતો. વિષયમાં શ્રી શિવાનંદજીની વાતો કરવાની હતી. પછી શું બોલવું તે નક્કી જ ન હતું, પણ પછી સહજભાવે શરૂ થયું.'

પૂ.શ્રીએ કહ્યું: જુઓ, ભારતમાં તો ખાસ અંગ્રેજીમાં બોલવાનું થતું જ નથી. વિદેશમાં ૧૯૭૭થી આવીએ છીએ, ત્યારથી અંગ્રેજીમાં બોલવાનું બને છે. તેમાં પણ આટલા મોટા પ્રમાણમાં તો અહીં આવીને જ બન્યું.

હવે બીજી વાત કરું. બધા જ પ્રાર્થના તો કરે જ છે. 'મૂકમ્ કરોતિ વાચાલમ્.' તો, જે મૂંગાને વાણી આપે છે તે જ શક્તિ અહીં પણ કામ કરે છે. પ્રભુની કૃપા છે. સ્વામી વિવેકાનંદને પણ શિકાગોની ધર્મ-પરિષદમાં પ્રભુએ જ શક્તિ આપેલી ને? એ જ પ્રભુ બોલે છે. એની જ પરમશક્તિ કામ કરે છે.

પૂ.શ્રીની અંગ્રેજી વાણીથી સૌ પ્રભાવિત થાય એ સ્વાભાવિક છે. પૂ.શ્રી દરેક પ્રવચનના આરંભે પરમશક્તિને સર્વસમર્પણ કરી મનોમન પ્રાર્થે છે: હે મા! હવે તમે બોલો. આવી પ્રાર્થના પછી પૂ.શ્રીના માધ્યમ દ્વારા પરમશક્તિ જ એકધારા અદ્દભુત વાણીપ્રવાહને વહેવડાવે છે. આ ભૂમિકા સામાન્ય જનતાને ક્યાંથી સમજાય?

પૂ.શ્રી સહજ રીતે જ પોતાના વક્તવ્ય માટે પરમશક્તિને, પ્રભુને જ સઘળો યશ આપે છે. સર્વસમર્પિત આત્મા બીજું શું કરી શકે? પાછળ પરમશક્તિ ઊભી જ છે, એટલું જ નહીં પણ એ પરમ આત્મા સક્રિય બનીને અદ્દભુત કાર્ય કરાવે છે.

થોડી વાતો પછી ધ્યાનની બેઠક થઈ. ત્યારબાદ શ્રી રતિભાઈની ફરવા લઈ જવાની ભાવનાને માન આપી પૂ.શ્રી ફરવા માટે ઉતારા પરથી નીચે ઊતરે છે.

શ્રી રતિભાઈની ગાડીમાં આગળ શ્રી રતિભાઈ અને સાથેની અલગ સીટ ઉપર પૂ.શ્રી બેસે છે. પાછળ હું અને શ્રી શાંતિભાઈ બેઠાં.

સાઉથ કોસ્ટ એટલે શહેરની બહાર દક્ષિણ દિશાના દરિયા તરફ ફરવા જવાનું બને છે. આજે સખત તાપ છે. ભારતની ઉનાળાની ગરમીની યાદ આવી ગઈ. ગાડીમાં ઍરકન્ડીશનની સગવડ હતી, જેથી ઠંડક રહી. ડરબનથી સાઠ કિલોમીટર દૂર એક કલાક સુધી ગાડી એકધારી ચાલુ જ રહી.

માર્ગમાં લીલી ઝાડી હતી. દરિયાનું મનોરમ્ય દૃશ્ય અદ્‌ભુત હતું. કેટલાંક આફ્રિકન બાળકોને ઝાડીમાં ગાયો ચરાવતાં જોયાં. આફ્રિકનો પાસે વાંસની ટોપલી, પર્સ, મોટાં મોટાં સુંદર ડિઝાઈનવાળાં સાધનો બનાવવાની કળા છે. તે કલામાંથી તેઓ પોતાનું જીવન ચલાવે છે. એવી વિવિધ કલાવાળી વસ્તુઓની દુકાનો પણ ત્યાં જોવા મળી.

પાછા ફર્યા. ગાડી એકસો વીસ કિલોમીટર માત્ર ફરવા જ લઈ ગઈ. ક્યાંય પણ ઊતર્યા નહીં. માર્ગમાં એક અકસ્માતનું દૃશ્ય પણ જોયું. દસેક મિનિટ ઉપર જ તે અકસ્માત થયો હતો. પણ ત્યાં પોલીસ તરત હાજર થઈ ગઈ હતી અને તેણે વાહનવ્યવહારની વ્યવસ્થા સંભાળી લીધી હતી. વળી, એમ્બ્યુલન્સ પણ ત્યાં થોડી જ મિનિટોમાં દોડી ગઈ હતી.

ઉતારા ઉપર આવી ગયાં ત્યારે ત્રણ વાગી ગયા હતાં. પછી આરામ જ કર્યો.

સાંજે પાંચ વાગ્યે નીચે ઊતર્યા. આજે રુબી ફોનથી વાત થઈ. પછી બોલ્ટન પણ વાત થઈ.

સમયસર ડિવાઈન લાઈફ સેન્ટરમાં પહોંચી ગયાં. હૉલમાં પ્રવેશતાં જ પૂ.શ્રીએ સ્વામીશ્રી સહજાનંદજીને આગ્રહ કરતાં કહ્યું કે આપ પણ મંચ ઉપર જ બેસો. સ્વામીજીએ એ વાતને માન્ય રાખી.

આજે અમે ત્રણે મંચ ઉપર બેઠાં. કાર્યક્રમ શરૂ થયો. પ્રથમ દોઢ કલાક ભજન-ધૂન જ ચાલ્યાં. પછી પૂ.શ્રીનું પ્રવચન શરૂ થયું. સ્વામી શ્રી સહજાનંદજીએ પૂ.શ્રીને જેટલું પણ પ્રવચન આપવું હોય તેટલું આપવા જણાવ્યું હતું. પૂ.શ્રીએ સિત્તેર મિનિટ એટલે કે એક કલાક ને દશ મિનિટ સુધી ગુરુની જરૂર, ગુરૂ ઉપર શ્રદ્ધા, સમર્પણભાવ એ વિષયને સુંદર રીતે અંગ્રેજીમાં રજૂ કર્યો. આખોયે હૉલ ભરાયેલો હતો. ખૂબ જ શાંતિ રહી. શ્રોતાઓમાં અંગ્રેજ ભાઈબહેનો પણ હતાં.

પ્રવચન બાદ ભજન-કીર્તન અને આરતી થયાં. કાર્યક્રમ પૂર્ણ થયો. સ્વામી શ્રી સહજાનંદજી હૉલની બહાર ઊભા રહ્યા. અમે મંચ ઉપરથી ઊતર્યા કે તરત જ એક અંગ્રેજ મહિલાએ પૂ.શ્રીને ખૂબ ભાવથી ઘૂંટણીએ પડીને નમસ્કાર કર્યા. પછી તો શ્રોતાઓ પૈકીનાં પણ ઘણાં ભાઈબહેનોએ પ્રણામ કર્યા.

અમે બહાર નીકળ્યાં. શ્રી રતિભાઈએ પેલી અંગ્રેજ મહિલાનો પ્રતિભાવ રજૂ કરતાં કહ્યું: એ બહેને મને કહ્યું કે ‘જાણે ભગવાન સ્વયં વાર્તાલાપ આપતાં હોય એવું લાગ્યું. ગુરૂ ઉપરનો વાર્તાલાપ ખૂબ સરસ હતો. હૃદયને ખૂબ શાંતિ મળી.’

આભારદર્શનમાં સંચાલકે હૉલમાં જણાવ્યું: આજના પ્રવચનથી મારી ઘણી ઘણી શંકાઓનું સમાધાન થયું, ઘણા પ્રશ્નોના ઉત્તરો મળ્યા. ગુરુભક્તિના વિષયને શ્રી યોગેશ્વરજીએ વિશાળ સંદર્ભમાં સમજાવ્યો.

પ્રવચન પછી સ્વામી શ્રી સહજાનંદજી સૌપ્રથમ શ્રી શાંતિભાઈને બહાર મળ્યા ત્યારે સ્વામીજીએ પોતાના પ્રતિભાવને વ્યક્ત કરતાં કહ્યું: આજનું પ્રવચન મારા હૃદયને પ્રથમવાર જ સ્પર્શી ગયું. એવું એ અદ્‌ભુત પ્રવચન હતું. મારું હૃદય તો ડોલી ઊઠ્યું. મારા જીવનમાં પહેલી જ વાર આવા અનુભવી, જ્ઞાની ને ઉચ્ચ કોટિના સંતપુરુષને મેં સાંભળ્યાં. મને ખૂબ જ આનંદ થયો.

તમે પુનિત સેવા સંઘવાળાઓએ શ્રી યોગેશ્વરજીને દક્ષિણ આફ્રિકા આવવાનું આમંત્રણ આપીને બોલાવ્યા તે તમારું અદ્‌ભુત કામ છે.

સ્વામી શ્રી સહજાનંદજી ખૂબ જ શાંત પ્રકૃતિની વિભૂતિ છે. આશ્રમમાં પણ ખાસ કોઈની સાથે વાતો ના કરે. ઓછાબોલો સ્વભાવ છે. એટલે આજે સ્વામીજીના આ અભિપ્રાયથી સૌ કોઈએ ખૂબ આનંદ ને આશ્ચર્ય અનુભવ્યાં. કારણ કે, ગમે તેવા પ્રસંગો કે પ્રવચનો હોય તોપણ તેઓ ભાગ્યે જ પોતાનો અભિપ્રાય આટલો જલદી ને આ રીતે વ્યક્ત કરતા હોય છે.

વળી, સ્વામીજીએ આગળ વધીને પૂ.શ્રીને પોતાની સંસ્થામાં રહેવા માટે ખાસ આમંત્રણ આપતાં કહ્યું કે, આપના સત્સંગનો અમને પણ લાભ મળે તે માટે અહીં રહેવા આવો. પછી સ્વામીજીએ પચાસ રેન્ડનો એક ચેક પૂ.શ્રી માટે શ્રી શાંતિભાઈને આપ્યો.

પૂ.શ્રીએ જ્યારે આ વાત જાણી ત્યારે કહ્યું કે, હું એવી રકમ લેતો નથી. સ્વામીજીએ કહ્યું કે, ગરીબો માટે એ વાપરજો. પૂ.શ્રીએ એ ચેક શ્રી શાંતિભાઈને આપ્યો. લગભગ પાંચસો રૂપિયાની એ રકમ થાય.

ત્યાંથી વિદાય થતાં હતાં ત્યારે શ્રી ડાહ્યાભાઈ કહેવા લાગ્યા કે, આજના પ્રવચનમાં વાણીનો જે પ્રકાશ હતો તે તો ભૂમિકા હોય તે જ ઘણો સારી રીતે ઝીલી શકે. વાણી પ્રકાશરૂપે આવતી હોય છે. એ પ્રકાશને ઝીલવાની તાકાત કેળવીએ તો પણો બેડો પાર.

આજના પ્રવચનના વિવિધ ઉત્તમ અને ઉદાત્ત ભાવોને સાંભળીને કોને આનંદ ના થાય? પૂ.શ્રીના વકત્વ્ય પાછળ અદ્‌ભુત જુસ્સો હોય છે. વળી, વિષયને વિવિધ રીતે છણાવટ કરીને સમજાવવાની પૂ.શ્રીની આગવી રીત હોય છે.

આજે પણ પ્રસાદ સ્વીકાર્યો હતો. અમે તે પ્રસાદ ઉતારે આવી, સાથે આવનાર ભાઈઓને આપી દીધો.

ઉતારા ઉપર આવીને કેરી ને દૂધ લઈને આરામ કર્યો.

‘સન્ડે ટાઈમ્સ’ નામના ન્યૂઝ પેપરમાં આજે પૂ.શ્રીની મુલાકાતનો અહેવાલ આવ્યો હતો. અહેવાલ ઘણી સારી રીતે ને વાસ્તવિકતાથી રજૂ થયો હતો.

અહીંના વર્તમાનપત્રો કંઈક સારું જુએ કે સાંભળે તો તેને જનતા સમક્ષ મૂકવા આતુર બને છે. શ્રી કેની નાયડુ ‘સન્ડે ટાઈમ્સ’ના પ્રતિનિધિ છે. એમણે મળવા આવવાની માગણી કરી હતી. પરિણામે પૂ.શ્રીએ સમય આપ્યો હતો. ઘણા બધા પ્રશ્નો એ ભાઈએ પૂ.શ્રીને પૂછેલા. પૂ.શ્રીએ સરળ ને સચોટ ઉત્તરો પ્રવાહી અંગ્રેજી વાણીમાં આપ્યા હતાં. એ ભાઈ ઘણા પ્રભાવિત થયા હતાં. પરિણામે, વાર્તાલાપ જનતા સમક્ષ એમણે નીચે રીતે મૂક્યો હતો.

* * *

**SUNDAY TIMES** **DECEMBER 19, 1982**

### Author of 80 Books visits South Africa

# Swami's Seven Sleepless Years

**-By Kenny Naidoo**

WHEN he was only 14 years old and still at school, Hindu sage and philosopher Saint Mahatma Shri Yogeshwarji Maharaj became interested in, yoga and meditation.

Five years later he dropped out of university and, inspired by the written works of great Indian sages, he began his quest for self realization by living as a hermit in a remote Indian forest.

## HERMIT YEARS IN A FOREST AND THE MOUNTAINS

Shri Yogeshwarji spent seven years living as a hermit in Devprayag Forest meditating and practicing yoga – without once going to sleep.

Shri Yogeshwarji, 62, arrived in Durban last month to begin the first leg of a South African lecture tour. This week he spoke of his life in the forest and of the more than 30 years he spent at an Ashram high up in the remote Himalaya Mountains.

"I went to the forest in order to educate myself further in the spiritual field" 'the sage, who speaks fluent English, said.

'I did not sleep for seven years. I spent 18 hours a day in meditation and, every day at noon I would spend about a half hour relaxing -but only relaxing, not slumbering. Such was my thirst and enthusiasm for self-realization that sleep disappeared automatically."

In the years spent in the forest, the sage rarely saw other people. "The only people I saw were travelers who came to my hut to offer me food." After I left the forest, I went to live at an ashram (temple), high up in the Himalaya Mountains where I practiced meditation and observed strict silence for many years," he said.

"There were many wild animals in the mountains but one who has faith is not afraid. It was very peaceful up in the mountains, there was solitude everywhere."

Shri Yogeshwarji said he left his Himalayan ashram after he felt the need to serve humanity. "I finally realized the Self after so many years of spiritual austerity so I decided to serve humanity."

"In India I travel to many universities and lecture to the students. I talk with them about character building, national outlook and service to humanity."
"My lectures are not merely on religious scriptures although most of it is based on religion."

"I lecture on Indian philosophy to the people who need spirituality. I lecture for the common people, irrespective of creed, sect, or race."

## INSPIRED

Apart from lecturing at Indian university campuses, Shri Yogeshwarji has been on several lecture tours to the United States, Canada, Britain and Zambia.

Shri Yogeshwarji said he was greatly inspired by Mahatma Gandhi who he met at Birla House in Bombay in 1940.

"I was highly impressed by him. What struck me most at first appearance was how simple, humble and straightforward he was. He had sympathy for all and a special sympathy for the poor and his heart burned for the miserable people,"

Shri Yogeshwarji has written 80 books, many of them translations of Hindu religious works. He has also written special commentaries on Hindu religious scriptures.

"Most of our ancient Indian scriptures are written in Sanskrit and many people in India, especially the youngsters, do not read Sanskrit. So I decided to translate books from Sanskrit into Gujarati.

"About 10 to 15 years from now, most people in India will not know Sanskrit because the trend in education nowadays is not to teach it. Sanskrit should not be neglected."

Shri Yogeshwarji began his latest translation of the Mahabharata- when he arrived in South Africa last month. He spends five hours a day on the book, written in longhand and expects to take two years to complete the work.

"I do not merely translate the book; I use old text and give it a modern interpretation. I take the modern man's view when writing; as the problems mentioned in the ancient books have changed since they were written."

He is also busy on a book about his South African visit which will be published when he returns to India.

"I have also written a book of poetic prose in two volumes. It's called "Tunes unto the Infinite" he said.

Accompanying the sage on his South African tour is his long-time devotee and companion Shri Sarveshwari Mata. The former school head mistress, who holds two university degrees, travels with the sage on all his tours. She composes and recites bhajans (devotional songs) and has recently published a booklet of 51 bhajans in Gujarati.

This is the sage’s first visit to South Africa and he is very impressed with the country.

“ I like the land very much, taking into account the cleanliness, the beauty of the nature and the vast oceans. It is very picturesque. Yes, we would like to return if we are invited again.

“Someone in Bombay asked us:’ why do you visit South Africa? We have no sound ties with them and there is some sort of racial discrimination.”

I replied that whatever we visit, we talk about spiritual welfare and the betterment of the masses. Where there is disease, the doctor is near. “People want peace everywhere, light and guidance. The spiritual doctor has to be there, so we will visit.”

“We have faith in the fundamental nobility of all people” he said.

* * હરિઃ ૐ * *

## દિન ૩૪

**તા. ૨૦-૧૨-૮૨, સોમવાર, માગશર સુદ પાંચમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

એક માસ ઉપરના દિવસો ચાલે છે. અહીં આવ્યાને તેત્રીસ દિવસ થઈ ગયા. એક જ ઉતારો. શહેરની મધ્યમાં. પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ એટલે સૂરત, અમદાવાદની નાનકડી કોઈ શેરી નહીં. ત્રણ ગાડી જાય ને ત્રણ ગાડી આવી શકે એટલો પહોળો તો એનો માર્ગ જ છે. સામસામી મોટી મોટી દુકાનો-સાડીની, વાસણની, મિઠાઈની. મકાનો પણ બે માળ, ત્રણ માળ-અરે, નવ ને તેર માળનાં આ સ્ટ્રીટ પર છે.

સ્ટ્રીટનાં એ મકાનો ઉપર પાંચ વાગ્યે તો એકદમ પ્રકાશ પથરાઈ જાય છે. સાત વાગ્યે તો તડકો પણ શરૂ થઈ જાય છે.

આજે પણ પૂ.શ્રીનો નિયમિત ક્રમ રહ્યો. ભોજન બાદ ત્રણ મુલાકાતીઓ આવે છે. અંગ્રેજી પ્રવચન સાંભળીને તેમને થયું કે 'અમે જે મંત્રજપ કરીએ છીએ તે શ્રી યોગેશ્વરજીના શ્રીમુખે જ લઈએ.' એક નાનો સાત-આઠ વર્ષનો બાળક પણ છે. પૂ.શ્રી ત્રણેને મંત્ર આપે છે. પાંચ-પાંચ વાર પૂ.શ્રી મંત્ર બોલાવે છે. મંત્રદીક્ષાની રીત સરળ ને સાદી છે. હવન-યજ્ઞ કે ગુરૂદક્ષિણા પણ એમાં નથી હોતાં. સામાન્ય ગુરુઓ કરતાં પૂ.શ્રીની મંત્ર આપવાની પદ્ધતિ જુદી જ છે.

શ્રી રતિભાઈ પણ આવે છે. તેઓ પૂ.શ્રીને દરરોજ દૂર સુધી ફરવા લઈ જવા ઈચ્છે છે. આજે સાંજે પ્રવચન માટે ફિનિક્ષ, સોળ કિલોમીટર દૂર ફરવા જવાનું જ છે, એટલે પૂ.શ્રી ના પાડે છે.

શ્રી રતિભાઈ વાતચીત કરતાં કહે છેઃ મહાત્માજી ! ગઈકાલે તમારું પ્રવચન સાંભળ્યા પછી મને આખી રાત રોમાંચનો અનુભવ થયો. ખરેખર તમે મહાન પુરુષ છો. હું મારી વાતને શી રીતે કહું તે મને સમજાતું નથી.

પૂ.શ્રી મૌન જ રહે છે. પછી, હનુમાનજીની વાત નીકળે છે. પૂ.શ્રીની પોતાની રચેલી હનુમાનજીની સ્તુતિ તેઓને રસ હોવાથી ગાઈ બતાવે છે. વળી, પૂ.શ્રીની રામાયણના સુંદરકાંડની ગુજરાતી કવિતાની પ્રત જોઈને કહ્યું; હું પાઠ કરવા માટે આની ફોટો-કોપી કરી લઈશ.

પૂ.શ્રીએ કહ્યુંઃ તમને અમે આ જ પ્રત આપીને જઈશું.

એ સ્તુતિ ક્યારે લખી તેની પણ પૂ.શ્રીએ વાત કરી.

શ્રી રતિભાઈ મારી પાસે થોડી સ્તુતિ, શ્લોક, શારદામાની સ્તુતિ વિગેરે ગવડાવવા માગે છે. તેથી આજે ટેઈપ પણ લાવ્યા છે.

સાંજે ફિનિક્ષ જવા માટે સાડા છ વાગ્યે નીચે ઊતરીને શ્રી રતિભાઈની જ ગાડીમાં બેસીએ છીએ. સ્થળ હતું ફિનિક્ષ સિવિક્સ સેન્ટર. ત્યાં દર સોમવારે નાનાં બાળકો, યુવાનો સત્સંગ માટે ભેગાં થાય છે. સ્વામી શ્રી નિશ્ચલાનંદે આ પ્રવૃત્તિ શરૂ કરેલી.

મંચ ઉપર બે બેઠકો છે. મધ્યમાં શ્રી રામકૃષ્ણદેવની સફેદ વસ્ત્રવાળી બેઠેલી કાષ્ઠની પ્રતિછબી છે. તેની પાસે દીવો, ફૂલ ને પ્રસાદ દેખાય છે.

મંચ ઉપર જઈને પ્રતિછબીને પ્રણામ કરીને અમે અમારા સ્થાન ઉપર બેઠાં. કાર્યક્રમ શરૂ થયો. એક મહિલાએ પૂ.શ્રીની અને મારી આરતી ઉતારી. પછી શ્રી રામકૃષ્ણદેવની આરતી ઉતારી.

આરતીના શબ્દો તુલસીદાસની સ્તુતિના હતા -

જય જય સુરનાયક જનસુખદાયક પ્રણતપાલ ભગવંતા;
ગોદ્વિજહિતકારી જય અસુરારિ સિંધુસુતા પ્રિય કંતા;
પાલન સુરધણી અદ્દભુત કરણી મર્મ ન જાને કોઈ;
જો સહજ કૃપાલા દીનદયાલા કરહુ અનુગ્રહ સોઈ.

આરતી બાદ 'ૐ નમો ભગવતે રામકૃષ્ણાય' તથા 'શ્રી રામ જય રામ' ધૂનો ગવાઈ. પછી પુષ્પહારથી અમારું સ્વાગત કર્યું. આરતી બાદ અને સ્વાગત બાદ તેમણે ઘૂંટણીએ પડીને ખૂબ ભાવથી નમસ્કાર કર્યા. ત્યારબાદ પૂ.શ્રીનો પરિચય આપીને તેમને પ્રવચન આપવાની વિનતિ કરી.

પૂ.શ્રીએ મંચ ઉપર શ્રી રામકૃષ્ણદેવની પ્રતિછબી જોઈને આજના પ્રવચનનો વિષય 'શ્રી રામકૃષ્ણદેવનું જીવન' જ રાખ્યો.

પ્રવચન અંગ્રેજીમાં હતું. શ્રોતાઓમાં નાનો વિદ્યાર્થીવર્ગ પણ હતો. છતાં તે સમૂહ ખૂબ શાંતિ ને શિસ્તથી બેઠો હતો.

પ્રવચન બાદ આભારદર્શન થયું. પૂ.શ્રી ફરીથી અહીં આવે ને પ્રવચન આપે એવી માગણી પણ સંચાલકે કરી.

ફરીથી ધૂન શરૂ થઈ. સૌ સમૂહમાં પ્રણામ કરી ઊભા થયાં. મહામૃત્યુંજય મંત્ર ત્રણ વાર સમૂહમાં બોલીને શાંતિપાઠ કર્યો. ફરીથી પૂ.શ્રીની અને શ્રી રામકૃષ્ણદેવની અલગ અલગ આરતીઓ તુલસીદાસની સ્તુતિ સાથે કરી.

મંચ ઉપરથી નીચે ઊતરતાં જ નાના મોટા બધા જ શ્રોતાઓએ શિસ્તબદ્ધ રીતે સાષ્ટાંગ પ્રણામ કર્યા.

બહાર પ્રસાદ ને આરતી લઈને બહેનો ઊભી હતી.

અમે વિદાય થયાં.

અહીં ફિનીક્ષમાં દક્ષિણ આફ્રિકાની સરકારે હિન્દી ભાઈઓ માટે સોસાયટીઓ ઊભી કરી છે. શેરડીનાં ખેતરોમાં ૨૫ થી ૩૦ હજાર મકાનો સરકારે તૈયાર કર્યા છે-નળ, લાઈટ, રસ્તા, સ્કૂલ ને હૉલની સગવડ સાથે, તેમાં વીસ વરસ સુધી ભાડાના રૂપમાં લોન ભરીને રહો તો વીસ વરસે તે ઘરનાં માલિક બની શકાય તેવી સગવડ છે.

આફ્રિકનોને પણ એવી રીતે અલગ વિસ્તારોમાં વસાવ્યા છે. પણ તેમને નવ્વાણું વરસ સુધી લોન ભરવાનો નિયમ લાગુ પડે છે. ઘણી ઘણી બાબતોમાં તેમને અન્યાય થઈ રહ્યો છે.

પૂ.શ્રીએ શ્રી રતિભાઈ ફૂલ લાવ્યા ત્યારે કહ્યું: સવારે ફૂલ ભૂલી ગયા તો શો વાંધો છે? આપણે જાતે જ ફૂલ જેવા બની જવાનું. સુગંધ આપતાં શીખી જવાનું. પછી આવાં ફૂલ હોય તોપણ શું ને ના હોય તોપણ શું?

આજે ‘અધ્યાત્મ’ના પાંચ અંકો મળ્યા. તે પૈકી એક અંક પૂ.શ્રીએ જોયો.

ઉતારા ઉપર આવતાં સાડા દશ વાગી ગયાં.

દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૩૫

**તા. ૨૧-૧૨-૮૨, મંગળવાર, માગશર સુદ છઠ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

ગઈ કાલે ડરબનની ઉત્તર દિશામાં ફિનીક્ષ ગયાં હતાં. આજે ડરબનની દક્ષિણ દિશામાં ઈસ્પીંગો નામના સ્થળે જવાનું છે.

ક્રિસમસના પ્રસંગે અહીં શહેરના રાજમાર્ગ ઉપર, બગીચામાં, દરિયાકિનારે વીજળીની વિવિધ આકારની રોશની કરવામાં આવે છે. ફૂલોનાં વિવિધ મોટાં મોટાં કૂંડાઓ પણ મૂકવામાં આવે છે. ડરબન દરિયાકિનારે છે. તેથી અહીં ઘણાં ઘણાં યાત્રીઓ આવે છે. ગઈકાલે પ્રવચનમાંથી પાછા ફરતાં અમારી ગાડી શ્રી રતિભાઈએ દરિયાકિનારા તરફ લીધી, જેથી રોશનીનો ખ્યાલ આવ્યો.

સવારે સ્નાન, વ્યાયામ, મંત્રજપ, લેખન નિયમિત રીતે થયું.

ભોજનમાં દાળભાત, શાક, રોટલી ને રસ લીધાં. ભોજન બાદ મુલાકાતના સમયે શ્રી રતિભાઈ આવ્યા.

પૂ.શ્રીને દરરોજ બહાર ફરવા લઈ જવાની તેમની ઈચ્છા હોય છે. તેથી જ તેઓ આવે છે.

આજે ફરવા નીકળવાનું છે. બહાર સખત તાપ છે. આ ઘરનાં યજમાન પત્ની કહે છે કે, બહુ તાપમાં ક્યાં ફરવા જશો? પૂ.શ્રીએ તરત જ જવાબ આપતાં કહ્યું: અમે તો તાપ દૂર કરીએ છીએ. તનનો, મનનો ને અંતરનો. ત્યાં વળી અમને આ બહારનો તાપ શું કરી શકે? તમારે એની ચિંતા જ ન કરવાની. અમારે શરણે આવે તેના પણ ત્રણે તાપ અમે દૂર કરીએ છીએ.

આજે દરિયાકિનારે ઉત્તર તરફ એક કલાક સુધી ગાડીમાં જ ફર્યા. માર્ગમાં સત્સંગની જ વાતો થઈ. ગુરુપૂર્ણિમા અંગેની, તેમ જ હાથમાંથી ભસ્મ કાઢનારાઓની વાતો થઈ. અહીંના રાજકારણની વાતો પણ થઈ.

ઉતારા ઉપર આવીને બે કલાક આરામ કર્યો. થોડું લેખન કર્યું. સેવમમરાનો હળવો નાસ્તો લઈ પોણા સાત વાગ્યે નીચે ઊતરીએ છીએ.

અર્ધા કલાકની મુસાફરી બાદ ઈસ્પીંગો નામનું સ્થળ આવી જશે.

એ સ્થળ દક્ષિણ દિશામાં એરપોર્ટ તરફ હિન્દી પ્રજાના વિસ્તારમાં આવેલું છે. એનું નામ ઈસ્પીંગો હિન્દુ સોસાયટી હૉલ, ૭૦, પ્લોટ ડ્રાઈવ, ઈસ્પીંગો હીલ પર છે.

હૉલની બહાર પણ છત ઉપર શ્રીકૃષ્ણની મૂર્તિ અને બે સફેદ હાથીઓ દેખાય છે.

હૉલ વિશાળ છે. મંચ ઉપર બે બેઠક ને તેની પાછળ પીળા રંગની ચાર-પાંચ ખુરશીઓ દેખાય છે. શ્રોતાઓ આવી ગયા છે. અમે મંચ ઉપર જઈએ છીએ. શરૂઆતમાં ધૂન-ભજન થાય છે. અહીં સંચાલકે સ્વાગતના બે શબ્દો કહીને પરિચય આપ્યો.

પૂ.શ્રીના પ્રવચન પહેલાં મારે ત્રણ ભજનો ગાવાં પડ્યાં. પછી પૂ.શ્રીનું અંગ્રેજીમાં પ્રવચન શરૂ થયું. 'ગીતાનો સંદેશ' વિષય હતો. એક કલાકના પ્રવચન બાદ શાંતિપાઠ કર્યો.

આજે ગરમી હતી તેથી મંચ ઉપર પણ ગરમી લાગી. પૂ.શ્રી તો પરસેવાથી રેબઝેબ થઈ ગયા. શ્રોતાઓની ઉપર પંખા ફરતા હતા. નીચે ઊતર્યા ત્યારે ગરમી થોડી ઓછી થઈ.

સંચાલક દક્ષિણ ભારતના હતા. તેમને ખૂબ આનંદ થયો. તેમણે જાહેરમાં તો આભાર માન્યો જ, પણ પૂ.શ્રીની પાસે આવીને પણ હાથ જોડીને કહ્યુઃ આપે આ વિષયને ઘણો સારો ન્યાય આપ્યો. તમારું ભાષા ઉપરનું પ્રભુત્વ સારું છે. ભાવને પકડી રાખવાની આપની આવડત ઘણી સારી છે.

પ્રવચન બાદ એક ભાઈએ પૂ.શ્રીને યુનિર્વસિટીના યુવાનો આગળ એક કાર્યક્રમ આપવાની વિનતિ કરી. પ્રશ્નોત્તરીનો પણ કાર્યક્રમ રાખવો એમ જણાવ્યું. ફેબ્રુઆરીમાં કોલેજ ચાલુ થાય ત્યારે તે કાર્યક્રમ એ ભાઈ ગોઠવશે એવી વાતો થઈ.

ઉતારા ઉપર આવતાં માર્ગમાં થોડી વાતો થઈ. પરસેવો ખૂબ થયો - એમ પૂ.શ્રીને પૂછ્યું ત્યારે પૂ.શ્રીએ કહ્યું કે, મા બાળક માટે નવનવ માસ સહન કરે છે તો આ તો એક જ કલાક તમારે સૌ માટે સહન કરવાનું હતું.

તેવામાં એક ભાઈ કેફી પીણાથી અસ્થિરતા અનુભવતો હતો, તેને જોઈને પૂ.શ્રીએ કહ્યુંઃ આ ભાઈ બહારના દારૂમાં લથડિયાં ખાય છે. બીજા બધા સંસારમાં લથડિયા ખાય છે. બન્નેનું કામ તો સરખું જ છે.

આજે શ્રી શાંતિભાઈ કહેતા હતાઃ દિવ્યજીવન સેન્ટરનાં આપનાં પ્રવચનો સાંભળીને આનંદ વ્યક્ત કરતા ઘણાંના ટેલિફોન મારી ઉપર આવ્યા હતા. વળી, આજે દિવ્યજીવન સંઘની બે બહેનો મને મળી, જેમણે કહ્યું કે અમને તો પ્રવચનો ખૂબ ગમ્યાં. મેં કહ્યું કે, હમણાં સાડા બારથી દોઢ મળી શકે છે. જાઓ મળવું હોય તો.

તો તેમણે કહ્યુંઃ પ્રવચનમાં બધું જ આવી ગયું હતું. અમને તો ઘણી બધી શાંતિ મળી. બધા જ પ્રશ્નોના ઉત્તરો અમને પ્રવચનમાં મળી ગયાં. તેથી હવે અમે શું પૂછીએ?

ઉતારા ઉપર આવતાં દસ વાગી ગયાં.

દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૩૬

**તા. ૨૨-૧૨-૮૨, બુધવાર, માગશર સુદ સાતમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

આજનો ક્રમ પણ નિયમિત. છેલ્લા એક માસથી પૂ.શ્રી પોતાની ગંભીર માંદગી પછી પ્રથમવાર જ આટલા જલદી ઊઠીને નિત્યક્રમમાંથી નિવૃત્ત થાય છે. પ્રભુની કૃપા છે કે થાક લાગતો નથી. શરીર ખૂબ જ સારી રીતે સેવા આપી રહ્યું છે, એવું પૂ.શ્રી ઘણીવાર કહે પણ છે.

શ્રી રામકૃષ્ણ સેન્ટરના સ્વામી શ્રી શિવપાદાનંદજીએ આજે પૂ.શ્રીને ખાસ અંગત આમંત્રણ આપ્યું છે. તેથી આજે સાડા બાર પછી ત્યાં મુલાકાત માટે જ જવાનું છે. સ્વામીજીએ પૂ.શ્રીને આજે સાથે ભોજન લેવાનું પણ પ્રેમપૂર્વક આમંત્રણ આપ્યું હતું. પણ પૂ.શ્રીએ પોતાનો નિયમ જણાવતાં સ્વામીજીએ આગ્રહ કર્યો ન હતો.

શ્રી રામકૃષ્ણ સેન્ટર સ્વામીજીના નેતૃત્વ હેઠળ ખૂબ સારાં કાર્યો કરી રહ્યું છે. ઉપનિષદના શિક્ષણના હિન્દી ભાષાના વર્ગો ચાલી રહ્યા છે. દર શનિ-રવિ સત્સંગ, ભજન-કીર્તન ને પ્રવચનો થાય છે. જનતા એમાં ઘણા મોટા પ્રમાણમાં લાભ લે છે. યુનિવર્સિટીના યુવાનોને ધર્મ પ્રત્યે વાળવાનો આ સંસ્થાનો પ્રયત્ન સફળ થઈ રહ્યો છે. સ્વામીજીના બે સહાયકો સ્વામી પ્રેમાનંદ અને સ્વામી શારદાનંદ યુવાન સંન્યાસીઓ છે. તેઓ પણ સુંદર કાર્ય કરી રહ્યા છે.

શ્રી શિવપાદાનંદજીનો પરિચય આપવો હોય તો તે બે જ વિશેષણોમાં આપી શકાય: પવિત્ર પ્રેમના મૂર્તિમંત સ્વરૂપ અને નમ્રતાના ભંડાર.

સ્વામીજીના અલૌકિક વ્યકિતત્વને લીધે, એમના પ્રત્યેના વિશેષ પ્રેમ ને આદરભાવને લીધે જ પૂ.શ્રી પણ તેમના આમંત્રણનો સહજ રીતે જ સ્વીકાર કરી લેતા જણાય છે.

સ્વામી શ્રી શિવપાદાનંદજી અને પૂ.શ્રી યોગેશ્વરજીનું મિલન શ્રીપ્રભુની પરમ મંગલમયી ઈચ્છા ને યોજનાના એક ભાગરૂપે જ હોય એવું લાગે છે.

આજે સાડા બાર વાગ્યે અમે શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં શ્રી રતિભાઈ સાથે પહોંચી જઈએ છીએ.

સ્વામીજી પોતાની બેઠક ઉપરથી ઊભા થઈને અમને લેવા સામે આવે છે. નમસ્કારવિધિ પૂર્ણ થયો એટલે પૂ.શ્રી બાજુમાં મુકાયેલા બીજા સોફા ઉપર બેસે છે. શિવપાદાનંદજીનું ધ્યાન જતાં તરત જ પોતાની બેઠક ઉપર જ પૂ.શ્રીને આગ્રહ કરીને બેસાડે છે. પોતે પેલા બીજા સોફા ઉપર બેસે છે.

યોગાનુયોગ આજે શ્રી શારદામાતાનો જન્મદિન છે. પૂ.શ્રી એ અંગે વાતો શરૂ કરે છે. પછી, પૂ.શ્રીની રચેલી શારદામણિદેવીની સ્તુતિ કે જે પૂ.શ્રીના 'આરતી' નામના ભજનસંગ્રહમાં છે તે સ્તુતિ ગાવાનું પૂ.શ્રી શરૂ કરે છે. પછી તે સ્તુતિ ગાવાનું હું શરૂ કરું છું.

સ્તુતિની ચોથી લીટી 'શ્રી શારદા નમન હો શતવાર મારા' તો સ્વામીજી અને પૂ.શ્રી પણ ગાવા લાગે છે. સ્વામીજી તો એ લીટી બોલતાં બોલતાં ભાવપૂર્વક હાથ ઊંચા કરી માતાને પ્રણામ કરતા રહે છે.

વચ્ચે વચ્ચે પૂ.શ્રી કોઈ કોઈ પંક્તિઓનો અંગ્રેજી અનુવાદ કરીને સમજાવે છે.

સ્વામીજીને મળવા આવનાર ચારપાંચ ભાઈબહેનો પણ ત્યાં બેઠાં છે. તેઓ પણ આ સ્તુતિ સાંભળે છે.

સ્તુતિ સાંભળીને સ્વામીજી પ્રસન્ન થઈ જાય છે. સ્તુતિ ટેઈપ કરવા, વચ્ચે જ ઈશારો કરીને ટેઇપ-રેકોર્ડર મંગાવે છે.

વળી, પૂ.શ્રી એક ગુજરાતી કાવ્ય અંગ્રેજી અનુવાદ સાથે સંભળાવે છે. એક વાર પૂ.શ્રીએ કહેલું કે હું જરૂર તમને એક-બે ગીતો સંભળાવીશ. એ મુજબ આજે પૂ.શ્રીએ વણમાંગ્યે બે ગીતો સંભળાવ્યા.

ત્યાં તો સ્વામીજી ભોજન માટે તૈયારી કરાવવા લાગ્યા. અમે જ્યાં બેઠાં હતાં ત્યાં જ એક ટેબલ ને ચાર ખુરશી મંગાવવામાં આવ્યાં. એના ઉપર ખાદ્ય પદાર્થો, દૂધ ને ફળ પણ આવી ગયાં.

પૂ.શ્રીએ ફળ-દૂધ જ લેવાની હા પાડેલી તે મુજબ પૂ.શ્રીએ ફળ-દૂધ લીધાં. પૂ.શ્રીએ ભોજન ના લીધું. તેથી સ્વામીજીએ પણ ફળ-દૂધ જ લીધાં. શ્રી રામકૃષ્ણ સેન્ટરના પવિત્ર સ્થળમાં પ્રસાદીરૂપે મારે પણ એક ફળ લેવું પડ્યું. શ્રી રતિભાઈએ પણ અમારી જેમ ફળ-દૂધ જ લીધાં.

ટેબલ પાસે નીચે બે રંગીન પક્ષીઓ ફરતાં હતાં. તે બંને પક્ષીઓ અહીં પોતાની મેળે આવ્યાં છે એમ સ્વીમીજીએ કહ્યું. પક્ષીઓ નિર્ભય રીતે ફરતાં હતાં.

પૂ.શ્રીએ કહ્યું: પહેલાંના કોઈ ભક્ત હશે તો જ અહીં પોતાની મેળે આવે ને!

ફળાહાર બાદ સ્વામીજીએ પૂ.શ્રીને કહ્યું: આપનાં જે અંગ્રેજી પ્રવચનો છે તે અને ગુજરાતી પ્રવચનોનો પણ અનુવાદ કરાવીને અમે પ્રકાશિત કરીએ એ માટે આપ મંજૂરી આપો. પૂ.શ્રીએ સંમતિ આપી. બીજું પણ એકાદ પુસ્તક શ્રી રામકૃષ્ણ સેન્ટર છાપી શકે એવી પણ વાતો થઈ.

સ્વામી શ્રી શિવપાદાનંદજીની સાધના વિષે જાણવાની મને ઈચ્છા હતી, તેથી પૂ.શ્રીએ અંગ્રેજીમાં પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી:

આપે સંન્યાસ ક્યારે લીધો?

શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં કેવી રીતે જોડાયા?

આપના આધ્યાત્મિક જીવન વિશે કંઈક જણાવી શકશો?

સ્વામીજીએ ખૂબ સંકોચ સાથે પ્રેમથી પોતાના આધ્યાત્મિક જીવનની ગુપ્ત વાતો કહી સંભળાવી, જેની મેં નોંધ કરી લીધી.

આજે આખો દિવસ સ્વામીજીએ પૂ.શ્રી માટે ફાળવ્યો હતો, પણ અમે બે કલાક ત્યાં રોકાયા પછી રજા લીધી. સ્વામીજી સાથે હૉલના મુખ્ય ભાગમાં તસવીરો લીધી. વળી, હૉલની બહાર શ્રી રામકૃષ્ણદેવની ઊભેલી સફેદ મૂર્તિ પાસે પણ અમારી એક તસવીર લીધી.

સ્વામીજી સંસ્થાની ઉપર જ્યાં ગાડી પાર્ક કરી હતી ત્યાં સુધી વિદાય આપવા આવ્યાં. ફરીથી અરસપરસ પ્રણામ કરીને અમે વિદાય લીધી.

સ્વામીજીનો પ્રેમભાવ અદ્ભુત હતો. સંસ્થાના સંચાલક તરીકે તેમની પ્રભુએ સુયોગ્ય પસંદગી કરી છે એવું લાગ્યા વિના રહેતું નથી.

અમે સાડા ત્રણ વાગ્યે ઉતારા ઉપર આવ્યા. આરામ કર્યો.

સાંજે ધ્યાનની બેઠક થઈ. બેઠક પછી પૂ.શ્રીએ પાર્વતીની પરીક્ષા ને ભરતનો પ્રસંગ રામાયણમાંથી ગાઈ સંભળાવ્યો.

પૂ.શ્રીએ આલાપ સાથે વિવિધ રીતે કોઈ કોઈ લીટી ગાઈ સંભળાવી. તેથી શ્રી વી. ગોસાઈએ પ્રશ્ન પૂછ્યો કે આપે સંગીતનો અભ્યાસ કર્યો હોય એવું લાગે છે. આરોહ સાથે ગાઓ છો ને!

પૂ.શ્રીએ કહ્યું: આપણો તો એક જ રાગ ચલતી અને પ્રભુનો જ રાગ. શ્રોતાઓનો, સંસારનો નહીં. પ્રભુ સામે ગાવું. પ્રભુ માટે ગાવું. મીરાં પગે ઘૂંઘરું બાંધી નાચી; પણ તે જનતા સામે હૉલમાં નહીં, ઓરડામાંની પ્રભુમૂર્તિ સામે. એવો એક જ રાગ પ્રભુનો.

ભારતથી પરદેશ આવનાર કથાકારો કેવી રીતે પૈસા કઢાવે છે, તેની થોડી વાતો થઈ. પછી, સૌ વિદાય થયાં.

નાસ્તો લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૩૭

**તા. ૨૩-૧૨-૮૨, ગુરુવાર, માગશર સુદ આઠમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

આજે સવારે સાડા ત્રણથી દરરોજની જેમ પૂ.શ્રીનો નિત્યકર્મનો નિયમ ચાલુ થઈ જાય છે.

નિયમિત લેખન ચાલી રહ્યું છે. ભોજન બાદ એક સત્સંગ મંડળના ભાઈ પૂ.શ્રીને મળે છે. તેઓ શાસ્ત્રના અભ્યાસી છે. તેમણે પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનો સાંભળ્યા પછી મળવા આવવાનું નક્કી કર્યું હતું. ભારતીય સંસ્કૃતિ ઉપર વિવિધ વિચારો તેમણે રજૂ કર્યા. સમય થતાં તે ભાઈ વિદાય થયા. તે ભાઈ સાથે પૂ.શ્રીએ અંગ્રેજીમાં જ વાતો કરી.

બપોરે થોડો આરામ કર્યો. લેખન કર્યું. સાંજે દરરોજની જેમ ધ્યાનની બેઠક થઈ. આજે ઈસ્પીંગોમાં પ્રવચનના આયોજકે પૂ.શ્રી અને મારે માટે બબ્બે જોડ ચંપલો મોકલ્યાં. અમે બન્નેએ તેનો અસ્વીકાર કર્યો.

આજે સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમુખ સ્વામીનો જન્મોત્સવ હતો. તેથી પૂ.શ્રીએ એ ઉત્સવમાં પ્રવચન આપવાનું હતું. બારત હૉલમાં સાડા સાત વાગ્યે પહોંચી જવાનું બન્યું.

મંચ ઉપર બે બેઠકો હતી. ત્યાં શ્રી પ્રમુખસ્વામીની પુષ્પહારવાળી તસવીર અને દીવો પણ હતાં.

શરૂઆતમાં પ્રાર્થના થઈ. પછી, એક નાના બાળકે સ્વાગતમાં એક ભજન ગાયું. 'હૃદયમંદિરે પધારો' એવા શબ્દો હતાં. ત્યારબાદ અમારું પુષ્પહારથી સ્વાગત થયું. પૂ.શ્રીનો પરિચય અપાયો. પછી પૂ.શ્રીએ પ્રવચન શરૂ કર્યું.

આજનું પ્રવચન 'સંત' ઉપર જ હતું. સંત દીપક, સૂર્ય, ચંદ્ર જેવા છે. સંતોનો મહિમા, સ્વામીનારાયણના સંતોનાં કાર્યો ઉપર સુંદર પ્રકાશ પાડ્યો.

અંતે મેં પણ ભજનો ગવડાવ્યાં. છેવટે આભારદર્શન થયું. પ્રવચન બાદ 'અધ્યાત્મ'ના આજીવન સભ્યોને પૂ.શ્રીએ 'અધ્યાત્મ'ના અંકો આપ્યા.

શ્રી શાંતિભાઈ સંત પુનિત સેવા સંઘના કાર્યકર્તા છે. તેમને 'અધ્યાત્મ' ને મદદ મળે એવી ભાવના જાગી છે. તેથી 'અધ્યાત્મ' માસિકના અહીં ઘણા આજીવન સભ્યો બને એવી તેમની ઈચ્છા છે. તેમની મહેનતના પરિણામે આજે છ સભ્યો બન્યા છે. 'અધ્યાત્મ' અંગે અમે એમને કશું જ કહ્યું નથી. પોતાની મેળે જ તેમણે એ કામ ઉપાડી લીધું છે. આ નવાઈ પમાડે તેવી હકીકત છે. પ્રભુ જ આ રીતે સારા કાર્યમાં મદદરૂપ થવા કોઈકને ને કોઈકને પ્રેરણા કરતા હોય છે એવું, શ્રી શાંતિભાઈની બાબત જોતાં લાગ્યા વિના રહેતું નથી. શ્રી શાંતિભાઈની ભાવનાને તથા તેમના કાર્યને સાચે જ અભિનંદન ઘટે છે.

ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૩૮

**તા. ૨૪-૧૨-૮૨, શુક્રવાર, માગશર સુદ નોમ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

ચાર વાગ્યે પૂ.શ્રી સ્નાન કરી લે છે. પછી પોણો કલાક વ્યાયામ કરે છે. પરસેવાથી રેબઝેબ થયેલા પૂ.શ્રી થોડા આંટા માર્યા પછી પલંગ ઉપર માળા લઈને બેસી જાય છે. સાત વાગ્યે લેખન શરૂ થઈ જાય છે. પલંગ પાસે નીચે જ એક ચાદર ઉપર બેસી, પગ ઉપર ઓશીકું મૂકી લેખન ચાલુ થાય છે. વચ્ચે આઠ વાગ્યે પૂ.શ્રી ઠંડુ દૂધ લે છે. સાથે મકરધ્વજની નાની ગોળી ને એક ચમચી ચ્યવનપ્રાશ પણ લે છે. દૂધ પીવામાં પાંચ મિનિટ થતી હશે. ત્યારે પણ ખાસ વાતચીત ના થાય. અને કદાચ વાત થાય તો તે મહાભારતના લેખનના કોઈ પ્રસંગની અને તે પણ એક-બે વાક્યમાં જ વાત પૂરી થાય. બાકી મૌન અને શાંતિથી પૂ.શ્રીનો લેખનનો ક્રમ લગભગ અગિયાર વાગ્યા સુધી ચાલુ જ રહે. અગિયાર પછી પલંગ ઉપર સૂઈ જાય છે. પણ સાથે જ હાથમાં માળા ફેરવવાની શરૂ થાય છે. એક-એક મિનિટનો સદુપયોગ કરવાનો મૂક સંદેશ પૂ.શ્રીના આદર્શ આચરણમાંથી મળે છે.

લેખનના સતત શ્રમને પૂર્ણ કરી જપમાં જોડાયેલું મન આરામ મેળવી લેતું હશે.

ભોજનમાં આજે ખીચડી હતી. ભોજન બાદ બે વિદ્યાર્થીઓ મળે છે. તેઓ પૂ.શ્રીના પ્રવચનોમાં આવે છે. હાલ રજા છે. રજામાં તેઓ કેપટાઉન તરફ ફરવા જનાર છે. તો ત્યાં પણ પૂ.શ્રીનાં પ્રવચનોનો લાભ મેળવવાની તેઓની ભાવના છે. એક બહેન અને શ્રી રતિભાઈ પણ આવે છે. ઋષિકેશના કૈલાશ આશ્રમની, શંકરાચાર્યોની વિગેરે વાતો થાય છે. સમય થતાં સૌ દોઢ વાગ્યે વિદાય થાય છે. સાડા બારથી મળવાનો સમય હોય છે. ત્યારબાદ પૂ.શ્રી આરામ કરે છે.

શ્રી રતિભાઈ સંસ્કૃતમાં રામચંદ્રાષ્ટકમ્ તથા રામસ્તવન વિગેરે મારી પાસે ટેઈપ કરાવવા ઈચ્છે છે. તેથી આજે સવારે મેં થોડું તે કાર્ય કર્યું.

સાંજે ભજનોને વાજિંત્રો સાથે ટેઈપ કરવાની યોજના હતી, પણ અનિવાર્ય સંજોગોને લીધે તે બંધ રહી.

સત્કર્મમાં રકમ મળે છે તેને પૂ.શ્રી કેવી રીતે વાપરે છે તેની વાત થાય છે. વળી, સ્વામીનારાયણની વિવિધ શાખાઓની વાતો થાય છે. સાડા આઠ સુધી આવનાર ભાઈઓ સાથે એ રીતનો સત્સંગ થાય છે.

સૌન વિદાય પછી બટાકાપૌંઆ ને કેરી, દૂધનો નાસ્તો કરીને આરામ કરીએ છીએ.

આવતી કાલે ડરબનથી થોડા દિવસો માટે બહારગામ જવાનું છે. તેથી તેની થોડી તૈયારી ચાલે છે. અમારી સાથે બહારગામ પણ શ્રી શાંતિભાઈ, શ્રી રતિભાઈ, શ્રી ડાહ્યાભાઈ આવનાર છે.

* * હરિઃ ૐ * *

## દિન ૩૯

### તા. ૨૫-૧૨-૮૨, શનિવાર, માગશર સુદ નોમ ૨૦૩૯
### પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર

આજે ડરબનથી ડન્ડી નામના શહેરમાં કાર્યક્રમ માટે વિદાય થવાનું છે.

ડન્ડી ડરબનથી 300 કિલોમીટર દૂર છે. સવારનો નિત્યક્રમ એ જ રહે છે. કપડાં જાતે જ ધોઈ નાખવાનું બને છે.

ભોજન બાદ આજે ટ્રુરો રેડિયો ઉપરથી પૂ.શ્રીની અંગ્રેજીમાં પ્રશ્નોત્તરીની મુલાકાત રીલે થનાર હતી તે સાંભળી. વિષય હતો ‘આત્મસાક્ષાત્કાર’. પૂ.શ્રીએ એ કાર્યક્રમ ખૂબ ધ્યાનથી સાંભળ્યો. પછી બોલ્યા: કોઈ કોઈ શબ્દો ખૂબ સરસ હતાં.

ઉતારા ઉપરથી અમે એક વાગ્યે વિદાય થયાં. દોઢ વાગ્યે ગાડી ચાલુ થઈ. અઢી વાગ્યે ડરબનથી પીટ્સમેરીબર્ગ પહોંચી ગયાં. ત્યાં થોડું રોકાઈ આગળ ચાલ્યાં. ત્યાં એસ્કોટ નામનું શહેર આવ્યું. પછી આવ્યું કોલેંગો નામનું શહેર, જે તુંગેલા નદી ઉપર છે. ત્યાં ખનિજ કોલસો પુષ્કળ નીકળે છે.

માર્ગમાં લેડીસ્મિથ નામનું શહેર પણ આવ્યું, જ્યાંથી ગાંધીજીએ સત્યાગ્રહની લડત શરૂ કરેલી. ત્યાં એક પ્રાર્થના હૉલ છે. બહાર મેદાનમાં ગાંધીજીની સુંદર, મોટી, કાળા રંગની ઊભેલી મૂર્તિ જોવા મળી. અમે એ બહારથી જ જોઈ લીધું ને આગળ ચાલ્યાં. એક તરફ ન્યુ કાસલ નામના શહેરમાં જવાનો માર્ગ પણ હતો.

છ વાગ્યે ડન્ડી આવી ગયાં.

માર્ગમાં સત્સંગની જ વાતો થઈ.

ઈન્ડિયન એરિયામાં બજારમાં સોની બિલ્ડીંગ નામ વાંચવા મળ્યું. ત્યાંથી જમણી તરફના ત્રીજા મકાનમાં અમારો ઉતારો હતો. નાના સ્વતંત્ર બંગલા જેવું એ મકાન હતું. બહાર આગળના ભાગે નાનકડો બાગ હતો. પાછળ મોટો વાડો હતો. મકાનમાં એક બહેન અને તેની નાનકડી દીકરી એમ બે જ રહે છે. બેઠકની સામેના પ્રથમ ઓરડામાં જ અમારો સામાન મુકાયો.

દોઢ કલાક પછી અહીં સત્સંગનો કાર્યક્રમ ગોઠવાયો. શરીઆતમાં એક ભજન શ્રી ડાહ્યાભાઈએ ગાયું. પછી મારે ગાવાનું થયું. ‘યોગેશ્વર માવડી રે !’ ભજન ગવડાવ્યું. પૂ.શ્રીએ પ્રભુને 'મા'સ્વરૂપે કોણે કોણે ભજ્યા તે કહ્યું. એમાં ચાંગદેવનો પ્રસંગ પણ પૂ.શ્રીએ વણી લીધો. પછી પ્રશ્નોત્તરી શરૂ થઈ.

પૂ.શ્રીએ ભજન ગવડાવ્યું: મોંઘું જીવન વેગે વહી જાય ... ’.

એમાંથી જ એક પ્રશ્ન પુછાયો: ‘આપ જીવનને મોંઘું કહો છો, જ્યારે મહાત્મા ગાંધીજી જીવનને સસ્તુ કહેતા હતા. તો સાચું શું?’

પૂ.શ્રીએ જવાબ આપતાં કહ્યુ: હું તો મહાપુરુષો ને સંતોને અનુસરું છું. તુલસીદાસે જણાવ્યું છે કે ‘બડે ભાગ માનુષતન પાવા, સુરદુર્લભ સબ ગ્રંથન ગાવા.’ વળી ‘દુર્લભો માનુષો દેહો’ એમ શુકદેવજી કહે છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે પૃથ્વી ઉપર રહીને જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે આ જીવન કીમતી છે.

વળી, તેમણે કહ્યું: ગાંધીજીની વાત પણ સાચી છે. આટલા મોંઘા જીવનને કેવું વેડફી નાખવામાં આવે છે? આજે માનવની કોઈ કિંમત નથી. વાતવાતમાં ખૂન થાય છે. માનવનું અપમાન ઘરમાં પણ કર્યા જ કરીએ છીએ. સામાન્ય મજૂરને પણ તેની મહેનતના પ્રમાણમાં પૂરતી મજૂરી આપતા નથી. તો આ માનવની તમે કેવી સસ્તી ગણતરી કરી? ઘરમાં સ્ત્રી, બહેન, માતા સાથે માનભર્યો વ્યવહાર રાખતા નથી. માનવજીવન આવું સસ્તું છે. ગાંધીજી એમ કહેવા માનતા હતાં.

સાડા નવ થઈ ગયા. થોડી બીજી વાતો થઈ. પછી, દૂધ-ફળ લઈને આરામ કર્યો.

અહીં ઘણી શાંતિ છે. ટી.વી. કે રેડિયોનો કોઈ ઘોંઘાટ નથી. માર્ગ ઉપર પણ રજા હોવાથી વાહનોની અવરજવર ઓછી છે. આજે ડરબનથી નીકળ્યા ત્યારે પણ માર્ગમાં વાહનવ્યવહાર નહીવત્ હતો. રસ્તાની બન્ને બાજુ તારની વાડ હતી. ખેતરોમાં કાળી ને કથ્થઈ રંગની ઘણી ગાયો ચરતી હતી. કોઈ પશુ કે માણસ માર્ગમાં ચાલતું જોવા ન મળે.

ડન્ડીમાં દશ-બાર ગુજરાતી પરિવારો રહે છે. હિન્દીઓ બેએક હજાર હશે. છ હજાર આફ્રિકનો ને નવ હજાર યુરોપીયનો આશરે વસે છે. એવું જાણવા મળ્યું. આજે બપોરથી વરસાદ છે. પરિણામે ઠંડી શરૂ થઈ છે.

હરિઃૐ

===========

ડન્ડી શહેરનાં પ્રવચનોની, આયોજકોએ અહીંના વર્તમાનપત્રમાં જાણ કરી હતી. વર્તમાનપત્રનું નામ ‘નોર્ધન નાતાલ કુરિયર’ છે. નાતાલ રાજ્યના ઉત્તર ભાગનું આ વર્તમાનપત્ર છે.

*

**NORTHERN NATAL COURIER** **24 December, 1982**

**INDIAN NEWS**

## VISITING MONKS

THE HINDU community of Dundee will be blessed with the presence of three very important religious people as from Friday, 24 December 1982 up to and including Tuesday, 28 December 1982.

Mahatma Yogeshwarji and Mother Sarveshwari of India and Swami Premananda of the Ramakrishna Center of Southern Africa.

Swami Premananda who will be a guest at all the Ramakrishna Center Branches in Northern Natal will arrive in Dundee on Friday, 24 December, 1982.

The Swami Premananda will be attending the weekly service held at the Dundeee Hindu Temple on Satuday, 25 December, 1982 at 4 PM.

The Ramakrishna Center, Dundee Branch hold their weekly service on a Satuday afternoon at 4 p.m. and it is hoped that more and more members will join the Ramakrishna Centre in the future.

The Public is requested to join the members of the Ramkrishna Center at the service where the Swamiji will give religious talks and sing Bhajans and Kirtans.

Mahatma Yogeshwarji and Mother Sarveshwarji who hail from the Himalaya Ashram in India will arrive late in the afternoon of Saturday, 25 December, 1982.

The Mahatma, a writer of many religious and Hindu Philosophy books is presently on a world tour.

A very interesting talk is arranged for Monday evening and the public of Dundee and surrounding district are invited to attend this important talk which would be in English.

The function arranged for Monday will be held at the Dundee Indian Civic Centre and the commencing time will be at 7 pm.

Mother Sarveshwari will be rendering Bhajans and Kirtans.

The Public is invited to attend the service on Saturday and talk on Monday as this will give you an opportunity to meet these three religious people.

* * હરિઃ ૐ * *

## દિન ૪૦

**તા. ૨૬-૧૨-૮૨, રવિવાર, માગશર સુદ અગિયારસ ૨૦૩૯**
**વિલ્સન સ્ટ્રીટ, ડન્ડી શહેર**

અતિશય શાંતિ ઘણા દિવસે અનુભવવા મળી. ડરબનનો ઉતારો આખોયે દિવસ રેડિયો ને સંસારી વાતોના ઘોંઘાટથી ગાજતો હતો. અહીં જાણે ભારતના કોઈ એકાંત સ્થાનમાં રહેતાં હોઈએ એવું લાગે છે.

જાહેર માર્ગ ઉપર રજાને લીધે ખૂબ શાંતિ છે. ઘરમાં પણ અતિશય શાંતિ છે. યજમાન પણ ભાવિક છે. અહીં બે દિવસ રહેવાનું છે.

આજે અગિયારસ છે. તેથી ફળ-દૂધ લઈએ છીએ. સાડા અગિયાર વાગ્યે તે કાર્ય પૂર્ણ થાય છે.

આ ઘરના બેઠક ખંડમાં નાનકડું મંદિર છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણની આકર્ષક મૂર્તિ છે. શ્રી રામકૃષ્ણદેવ, શારદામાતા ને વિવેકાનંદ પણ અહીં તસ્વીરો રૂપે છે. નિયમિત સેવાપૂજા થાય છે.

યજમાન બહેન હાથ જોડીને પૂ.શ્રીને કહે છેઃ આપ આપનું ઘર છે એમ માનીને જેટલું રહેવું હોય તેટલું રહો. બીજે પ્રવચનો છે ત્યાં ના ફાવે તો અહીં જ આવજો.

શ્રી રતિભાઈ, શ્રી શાંતિભાઈ, શ્રી ડાહ્યાભાઈ આવે છે. પૂ.શ્રી તેમને 'હરિઃ ૐ' કહે છે. પછી પૂ.શ્રી કહે છેઃ અમે 'હરિઃ ૐ' કહીને શંકરદાદાને, યોગીઓના યોગીને યાદ કરીએ છીએ.

આજે ફળાહારમાં સીંગદાણા પણ હતાં. કેળાની છાલ ઉતારી તે કેળા ઉપર સીંગદાણા લગાડીને પૂ.શ્રી ખાવા માંડે છે. મને કહ્યુંઃ એકલાં કેળા ના ભાવે. જુઓ, આ રીતે સ્વાદ જ બદલાઈ જાય છે. મને હસતી જોઈને પૂ.શ્રી કહે છેઃ જુઓ, મહાત્મા કાંઈ અમસ્તા થયા? કેટલી બુદ્ધિ હશે, કેટલો સંયમ હશે, ત્યાગ ને તપ કેવાં હશે? સગાંવહાલાંથી દૂર રહેવાની કેવી કેવી તૈયારી હશે?

સમય જતાં અમે બેઠક ખંડમાં જઈએ છીએ.

રતિભાઈ કહે, ડન્ડીમાં કોલસાની ખાણ જોવા જેવી છે. મહાત્માજી! આપણે થોડું બહાર ફરી આવીએ. કોલમાઈન જોઈ આવીએ.

પૂ.શ્રીએ કહ્યુંઃ આ તો કોલમાઈન. મને એમ કે ગોલ્ડમાઈન જોવાની છે. ગોલ્ડમાઈન તો આપણી જોડે જ ફરે છે. સોનાની ખાણ મળે નિર્ધનને જેવી, મોંઘેરી જિન્દગી મળી આપણને તેવી.

શ્રી રતિભાઈ કહેઃ મહાત્માજી! જેમ મૌનથી મોં બંધ થાય તેમ કાન બંધ થાય કે નહીં?

પૂ.શ્રી કહેઃ હા સમાધિમાં થાય. પણ જુઓ. કાનથી સંભળાય છે તેમાં કાંઈ નુકસાન છે? જોવામાં કઈ નુકસાન છે? ના. જે જોવાનું છે તે સપાટી ઉપરથી દેખાય છે? આ તમારું કપાળ, વાળ, પેન્ટ દેખાય છે, પણ એની અંદર જે જોનારો છે તે દેખાયો?

અમે તો રહીએ છીએ, ફરીએ છીએ, જોઈએ છીએ, પણ તે બહારની સપાટીથી જોતા નથી. તેથી આનંદ છે. કાનથી સાંભળીએ છીએ તે પણ આત્માનો અવાજ. સ્પર્શ થાય છે તો તેનો જ સ્પર્શ માનીએ છીએ. તો જુઓ, સદા આનંદ છે.

પછી વળી હરિદ્વાર, મસુરીની વાતો થાય છે. બહાર ફરવા લઈ જવાની શ્રી રતિભાઈની ભાવના અહીં પણ જીવંત જ હતી. પરિણામે બહાર નીકળ્યાં.

ડન્ડી શહેરનું નામ સ્કોટલેન્ડના એક શહેરનું નામ છે. સ્કોટલેન્ડથી અંગ્રેજ પ્રજા આવીને અહીં રહેતી હતી. તેથી સ્કોટલેન્ડનું એ ડન્ડી નામ તેમણે અહીં પણ આપ્યું. ન્યુ કાસલ નામ પણ સ્કોટલેન્ડનું જ છે.

ડન્ડીની બહાર કોલસાની ખાણ જોવા જવાનું બને છે. પથ્થરના પર્વતો દૂરથી દેખાતા હતા. નજીક પહોંચ્યા તો જોયું કે એ જ કોલસાની ખાણ હતી. ઘણો મોટો પર્વત. એ પર્વતને નીચેથી તોડેલો હતો. જે કાળા રંગનો ભાગ દેખાતો હતો તે ખનિજ કોલસો હતો. પથ્થરને તોડીને પર્વતમાં અંદર ભોંયરા જેવું બનાવ્યું હતું. તેમાં માલગાડી જઈ શકે અને એમાં કોલસા ભરાઈને બહાર આવે. એક ઈલેક્ટ્રિક મોટી લપસણી જેવું સાધન પણ ત્યાં હતું. એનાથી પણ ખાણનો કોલસો બહાર આવતો હતો.

એક તરફ હજારોની સંખ્યામાં કોથળાઓમાં તે કોલસો ભરાયેલો જોવા મળ્યો.

ડન્ડીમાં આવી તો બે-ત્રણ ખાણ છે. અહીં બે તળાવ પણ છે, જ્યાંથી ડન્ડીને પીવાનું પાણી મળે છે. ત્રણ વરસથી અહીં ખાસ વરસાદ જ નથી. તેથી આ વખતે હજી પણ વરસાદ ના આવે તો પાણીની તંગીનો અનુભવ થશે.

અહીં મકાઈનો પાક થાય છે. ચોખા, ઘઉં થતાં નથી. અહીં ઠંડી ઘણી પડે છે. બરફ પણ પડે છે.

અહીં અંગ્રેજો અને સમગ્ર જનતાને માટે એમ બે અલગ હોસ્પિટલો છે. સામાન્ય હોસ્પિટલમાં યુરોપીયન તથા ભારતીય ડૉકટરો છે, જ્યારે અંગ્રેજોની હોસ્પિટલમાં અંગ્રેજ ડૉકટરો છે. છતાં, અહીંના ડિસ્ટ્રિકટ સિવિલ સર્જન ડૉ. ચૌહાણ મુસ્લીમ છે.

આ શહેર પણ સ્વચ્છ છે. રસ્તાઓ પહોળા છે. સોસાયટી જેવાં મકાનો પણ છે.

દોઢ કલાક ફર્યા પછી ઉતારા ઉપર આવી ગયાં. અમારી સાથેના ત્રણે ભાઈઓએ ડરબન જવા માટે વિદાય લીધી.

ઉતારા ઉપર આવીને આરામ કર્યો. અહીંના બેઠક ખંડમાં પુસ્તકો પણ છે. એમાંથી સ્વામી શિવાનંદનું અને સ્વામી વિવેકાનંદનું એમ બે પુસ્તકો મેં લીધાં. પૂ.શ્રીએ એ પુસ્તક જોયા પછી સ્વામી શિવાનંદના જીવન અને વ્યવહારની વાતો કરી. પૂ.શ્રી તેઓને પહેલાં મળ્યાં હતાં.

પૂ.શ્રીનો અનુભવ એવો હતો કે આધ્યાત્મિક રીતે આગળ વધેલા સંતપુરુષો પોતાના શિષ્યો સિવાય બીજા સાધકોને ભાગ્યે જ કોઈ પ્રેરક પ્રોત્સાહન પ્રદાન કરતા હોય છે. કોઈ સાધકના સર્વોત્તમ અનુભવને પણ તેઓ ભાગ્યે જ સાંભળતા હોય છે.

પૂ.શ્રીની વાતો સાંભળવાની જ હતી. મૌન હોવાથી મારે કોઈ પ્રશ્ન પૂછવાનો ન હતો.

આધ્યાત્મિક રીતે સર્વોત્તમ શિખરે પહોંચેલા પૂ.શ્રીનો વ્યવહાર તો સામાન્ય, અસામાન્ય, પરિચિત, અપરિચિત કોઈ પણ સાધક હોય તોપણ તેની સાથે તટસ્થ રહીને સાચું માર્ગદર્શન પૂરું પાડવાનો હોય છે. તેથી પૂ.શ્રી પાસેથી કોઈ પણ પંથ કે ધર્મ યા સંપ્રદાયનાં ભાઈ-બહેનોને સાચું માર્ગદર્શન મળે છે. આદર્શ વ્યવહારની દૃષ્ટિએ પૂ.શ્રીનો વ્યવહાર ઉત્તમ હોય છે.

સાંજે છ વાગ્યાથી સાડા આઠ સુધી પ્રવચનનો કાર્યક્રમ થયો. આજનું પ્રવચન ‘મૂકમ્ કરોતિ વાચાલમ્’ ઉપર હતું.

પ્રવચન બાદ નાના મોટા સૌ નમસ્કાર કરીને પ્રસાદ લઈને છૂટા પડ્યા.

આજે આ ઉતારાના યજમાન બહેનનો પરિવાર બહારગામથી રજા માણવા આવ્યો હતો. અમારો ઉતારો અહીં હતો તેથી અમને ખલેલ ન પડે તે માટે તેમણે અગાઉથી જ તેમની વ્યવસ્થા બીજે કરી હતી. ભોજનની પણ બીજે જ સગવડ કરી હતી.

પરદેશમાં એક સંતપુરુષ માટે આવું ભાગ્યે જ કોઈ કરી શકે, પણ આ યજમાન બહેને આદરભાવને લીધે તેમ કરી બતાવ્યું. અમને તો એ વાતની પાછળથી ખબર પડી.

આ યજમાન બહેનના પતિ હાલમાં ભારતમાં છે. આ ઘરમાં લસણ-ડુંગળી વપરાતાં નથી. એટલા ચુસ્ત આહારવિહારવાળું આ ઘર છે.

"આપ બીજા શહેરમાં પ્રવચન માટે જશો ત્યારે ત્યાં ન ફાવે તો અહીં જ આવી જજો." આ શબ્દો આજે પણ યજમાન બહેને પૂ.શ્રીને કહ્યાં. સંતો પ્રત્યેના આદરભાવ વિના કોણ આવું કરી શકે?

આ ઉતારો પૂ.શ્રીને પણ સર્વપ્રકારે અનુકૂળ છે. ગુજરાતીઓનાં ઘરો ૧૦-૧૨ જ છે. બધા જ પ્રવચનમાં આવે છે. લોકો ભાવિક છે.

* * હરિઃ ૐ * *

## દિન ૪૧

**તા. ૨૭-૧૨-૮૨, સોમવાર, માગશર સુદ બારસ ૨૦૩૯**
**વિલ્સન સ્ટ્રીટ, ડન્ડી શહેર**

અહીં પણ પૂ.શ્રી ચાર વાગ્યે સ્નાન કરી લે છે. આજે તો મધરાતે પણ પૂ.શ્રી ધ્યાનમાં બેઠા હતાં. સવારે નિયમિત લેખનકાર્ય કરી લે છે.

પૂ.શ્રીનું જીવન જ પરિવ્રાજક સંતપુરુષ જેવું છે, એટલે અનેક યજમાનો, અનેક સ્વભાવનાનો પૂ.શ્રીને પરિચય થયેલો. સૌ પોતપોતાની શ્રદ્ધાભક્તિ ને શક્તિ પ્રમાણે આદરભાવના દર્શાવે. યજમાન બહેનની ભાવનાને પૂ.શ્રીએ વખાણતા કહ્યુ: જુઓ, સંસ્કારોની વાત જુદી જ છે. એમાં કોઈને શીખવવું પડતું નથી. આ બહેનની ભાવના અદ્‌ભુત છે. ભાવિક ને સંસ્કારી હોય તેની તો તરત જ ખબર પડી જાય.

આ દેશમાં આજથી અમારે હાથે ભોજન બનાવવાનું શરૂ થશે. આજે પૂ.શ્રીએ ખીચડી બનાવવાનું સૂચન કર્યું છે. પૂ.શ્રીનો પ્રિય ખોરાક ખીચડી છે.

આજે અહીંના આયોજક શ્રી મણીભાઈએ કહ્યું: મહાત્માજી! હવે પછી તમારે જ્યાં જ્યાં જવાનું છે ત્યાં ત્યાં અહીંથી પણ જઈ શકાય છે. તમને જ્યાં પણ ન ફાવે ત્યાંથી અમને તરત જ ફોનથી ખબર આપજો, જેથી અમે સવાર, બપોર, સાંજ - જ્યારે પણ તમે કહેશો ત્યારે તરત જ લેવા આવીશું. અહીં જ આવી જજો.

વિશેષની ધરતી ઉપર જ જન્મેલા શ્રી મણિભાઈની ભાવના તો જુઓ, કેવી અદ્‌ભુત છે! પૂ.શ્રીએ તેમને કહ્યું: જરૂર. અમને નહીં ફાવે તો અમે જણાવીશું.

ખીચડીમાં પૂ.શ્રીએ જ મીઠું-હળદર નાખ્યાં. એ જ રીતે વટાણાના શાકમાં પણ પૂ.શ્રીએ જ મીઠું-હળદર નાખ્યાં અને મંત્રોચ્ચાર કર્યા. એકાદ કલાકમાં તો ભોજન તૈયાર થઈ ગયું. રસોડામાં જ વિશાળ જગ્યા હતી. વળી, બીજા કોઈની અવરજવર ન હતી. તેથી રસોડામાં જ નીચે આસનો મૂકીને ભોજન કરી લીધું. ખીચડી સાથે પૂ.શ્રીએ દૂધ લીધું. મેં દહીં લીધું. વળી, બીટરૂટ ને બાફેલી મકાઈ પણ ખાધા.

ભોજન બાદ યજમાન બહેને પણ અમારી ખીચડી થોડી વધી હતી તે લીધી. તેમણે કહ્યું: દશેક વર્ષ ઉપર વીરપુરમાં ખીચડી ખાધેલી અને તેનો જે સ્વાદ હતો તેવો જ સ્વાદ આજની આ તમારી ખીચડીમાં મળ્યો. સંતો હોય એટલે જુદું જ હોય ને!

સાચી વાત છે. જેને જેને જેવી ભાવના તેવી તેવી તે લાગણી અનુભવે.

ભોજન પછી મુલાકાતના સમયે એક યુવાન બહેન આવે છે. તેમને યોગમુદ્રા તથા એક બીજી કસરત પૂ.શ્રી સૂચના આપીને બતાવે છે. વળી, અહીંની સ્કુલના આફ્રિકન હેડમાસ્તર પૂ.શ્રીને મળવા આવે છે. પૂ.શ્રી તેમની સાથે અંગ્રેજીમાં વાતો કરે છે. રાધાકૃષ્ણનનાં, પોલ બ્રન્ટનનાં પુસ્તકો અને એની બેસન્ટની અંગ્રેજી ગીતા વાંચવાની ભલામણ કરે છે. ખ્રિસ્તી ધર્મમાં કશું નવું નથી એમ તે હેડમાસ્તર કહે છે. પૂ.શ્રીએ એ અંગે પણ વાતો કરી.

આજે સાંજે થોડો આરામ કરીને બહાર ફરવા ગયાં. ડન્ડી શહેરની પોસ્ટ ઑફિસ મોટી છે. ત્યાં બહાર નવ જેટલાં ટેલિફોનનાં લાલ રંગના મોટાં મોટાં બોક્ષ જોવા મળ્યાં, જ્યાંથી પૈસા નાખીને ફોન થઈ શકે છે.

વળી, પોલીસ સ્ટેશન પણ જોયું. પોલીસની નોકરીમાં ઈન્ડિયન, યુરોપીયન, આફ્રિકન બધાને જ સરકાર લે છે.

છેવટે ધિ હિન્દુ સિવિક્સ હૉલ, જે ૧૯૭૨માં બંધાયેલો છે ત્યાં સમયસર પહોંચી ગયાં.

હૉલમાં શ્રી રામકૃષ્ણ સેન્ટરના સ્વામી પ્રેમાનંદજી મળ્યા. મંચ ઉપર ત્રણ બેઠકો હતી, જેના ઉપર અમે બેઠક લીધી.

પૂ.શ્રી આજે ઔપચારિક વિધિ પછી પોતાનું પ્રવચન આપવા ઊભા થયા. ઊભા ઊભા જ પ્રવચન આપવાનું આજે પૂ.શ્રીએ વિચાર્યું. આજનો વિષય હતો 'મનનુષ્યત્વમ્, મુમુક્ષત્વમ્ અને મહાપુરુષનો સમાગમ.' અંગ્રેજીમાં એ વિષયને પૂ.શ્રીએ સુંદર રીતે ન્યાય આપ્યો.

હંમેશની જેમ પ્રવચન પછી શ્રોતાઓ પૈકી કેટલાંકે આવીને કહ્યું: આપનું અંગ્રેજી વ્યાકરણ ઘણું સરસ છે. આજના પ્રવચનથી અમને ઘણું જાણવાનું મળ્યું. ખૂબ સરસ રીતે આપ અંગ્રેજી જાણો છો.

પેલા આફ્રિકન હેડમાસ્તર તો ખૂબ પ્રસન્ન થઈ ગયા અને 'આવતી કાલે ન્યુ કાસલ નામના બીજા શહેરમાં પ્રવચન છે ત્યાં સાંભળવા આવીશ' એમ કહેવા લાગ્યા.

પ્રવચન બાદ શ્રોતાઓ પૈકી કેટલાંકે નજીક આવીને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં.

ફળ-દૂધ લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૪૨

**તા. ૨૮-૧૨-૮૨, મંગળવાર, માગશર સુદ તેરસ ૨૦૩૯**
**ડન્ડી શહેરથી ન્યુ કાસલ શહેર**

સવારે ચાર વાગ્યે સ્નાન, વ્યાયામ, મંત્રજપ અને લેખન. એ નિયમિત ક્રમ પછી સાડા દશ વાગ્યે પૂ.શ્રી રસોડામાં આવે છે. ખીચડી ને શાક બની રહ્યા હતાં, તેમાં પૂ.શ્રી મીઠું ને હળદર નાખીને ચાલ્યા જાય છે. પૂ.શ્રી કહે છે કે હું શરૂઆત કરાવી દઉં પછી તમારે રસોડું કરવું. સંતપુરુષનો સંસ્પર્શ પામીને ઘર તો પાવન બનતું જ હશે, એમાં રસોડું પણ શા માટે બાકી રહે?

ગઈ કાલની જેમ જ રસોડામાં નીચે બેસીને ભોજન લઈ લીધું. ભોજન બાદ મેં મારું અધ્યાત્મનું કાર્ય કર્યું. પૂ.શ્રી ત્રણ-ચાર ભાઈ-બહેનો મળવા આવેલાં છે તેમને મુલાકાત આપે છે.

થોડો આરામ કર્યો.

સાંજે ચાર વાગ્યે પૂ.શ્રી થોડું દૂધ લે છે. ત્યાં તો ન્યુ કાસલ શહેરના યજમાન ભાઈ લેવા માટે આવી જાય છે. અમને તે ભાઈએ નીચા નમીને પ્રણામ કર્યા.

તે ભાઈ મિલનસાર સ્વભાવના હોય તેવું લાગ્યું. તેમણે બેસતાંની સાથે જ પ્રવચન અંગેની વાતો શરૂ કરી.

ડન્ડીથી વિદાય થયાં ત્યારે ત્યાંનાં યજમાન ભાઈ-બહેને કહ્યું કે, સેવામાં કંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો અને ત્યાં ના ફાવે તો અમને તરત જ જણાવજો. અમે લેવા આવી જઈશું.

ડન્ડી નાનું શહેર. ગુજરાતીઓ ઓછા. લોકો ભાવિક, ને યજમાન તો વળી અતિપ્રેમાળ ને સેવાભાવી. ગઈ કાલે પાડેલા ફોટાઓ પણ તૈયાર કરીને લઈ આવ્યા. વળી, પૂ.શ્રી માટે ફળના રસની વાત થઈ તો બે ત્રણ જાતના જ્યુસ તરત જ બજારમાંથી મંગાવી દીધા. સેવાની ભાવના અદ્‌ભુત હતી. એવા પ્રેમાળ યજમાનને છેવટે તો છોડવાના જ હતા ને, જેથી વિદાય લીધી.

પોણા કલાકમાં જ ડન્ડીથી ન્યુ કાસલ શહેરમાં આવી ગયાં. માર્ગમાં ન્યુ કાસલના પ્રવચનના આયોજક શ્રી બી. પ્રભુએ પૂ.શ્રી સાથે સંતોની વાતો કરી. પછી, પૂ.શ્રીને કહ્યું, "આપ અમારે ત્યાં આવવાના જ છો, પણ જે કાંઈ સમય મળે તેમાં મારે તમારી પાસેથી હમણાં જ તમારા આધ્યાત્મિક અનુભવો સાંભળવા છે. તો કહો." પૂ.શ્રીએ કહ્યુંઃ કાલે મુલાકાતના સમયે જરૂર આવજો. ત્યારે વાતો કરીશું.

ન્યુ કાસલમાં અમારો ઉતારો એમના નાના ભાઈ શ્રી સી. પ્રભુને ત્યાં હતો. તે અંગે શ્રી બી. પ્રભુએ પોતાના ઘરે માંદગી છે તેથી પોતાને સેવાનો લાભ ન મળ્યો તેનો અફસોસ વ્યક્ત કર્યો.

સોસાયટી જેવા વિસ્તારમાં એક નવા જ મકાનમાં, શ્રી રામકૃષ્ણદેવના જ ભક્ત શ્રી સી. પ્રભુને ત્યાં ઉતારો થયો. બેઠક ખંડમાં જ શ્રી રામકૃષ્ણદેવ, શ્રી વિવેકાનંદ અને શ્રી શારદામાની તસ્વીરો જોવા મળી. વળી, એક ટેબલ ઉપર પણ શ્રી રામકૃષ્ણદેવ હતા. રસોડામાં શ્રી શારદામા હતાં. ઘરના એક અલગ દેવસ્થાનના ઓરડામાં શ્રી શારદામા ને શ્રી રામકૃષ્ણદેવની મૂર્તિઓ હતી.

થોડી વાતો કર્યા બાદ આરામ કર્યો.

શ્રી રામકૃષ્ણ સેન્ટર અહીં છેલ્લાં ૨૫ વરસથી ચાલે છે. સ્વતંત્ર મંદિર સાથે હૉલ પણ છે. મંદિરમાં શ્રી રામકૃષ્ણ, ભગવાન રામ, ભગવાન કૃષ્ણ, ભગવાન શંકર, હનુમાનજી વિગેરેની મૂર્તિઓ હતી. હૉલ વિશાળ છે. ત્યાં અમે પહોંચ્યા ત્યારે ધૂન ચાલતી હતી. નાની નાની યુવતીઓ હારમોનિયમ, મંજીરા, કિરતાલ સાતે કીર્તન કરતી હતી. અહીં દર મંગળવારે હિન્દીમાં હનુમાન ચાલીસાનો પાઠ ને કીર્તન થાય છે. હૉલ ભરાયેલો હતો.

પૂ.શ્રીનું અહીં પ્રવચન હતું. અંગ્રેજીમાં 'સાક્ષાત્કાર અને શ્રી રામકૃષ્ણદેવ' વિષય ઉપર બોલો તો સારૂં, એવી આયોજકની ઈચ્છાને ધ્યાનમાં રાખીને પૂ.શ્રીએ એ વિષયને સુંદર રીતે ન્યાય આપ્યો. શરૂઆતમાં મારી પાસેથી ભજન ને ધૂન સાંભળવાની ચાહના કરી, જેથી મેં ભજન ને ધૂન ગાયાં.

આપનું પ્રવચન ઘણું અદ્‌ભુત હતું, એમ યજમાન શ્રી સી. પ્રભુએ બે વાર કહ્યું અને હૉલમાં શુક્રવારે ફરીથી પૂ.શ્રીના એક પ્રવચનનું આયોજન થયું.

પૂ.શ્રી આજે તો ભક્તિયોગ ઉપર બોલવાનું ઈચ્છતા હતા. તેથી પ્રવચન કરવા ઊભા થતી વખતે પણ શું બોલવું તે અંગે આયોજકને ફરી પૂછ્યું. તેમની ઈચ્છા 'આત્મસાક્ષાત્કાર' વિષયની હતી. જેથી પૂ.શ્રીએ એ વિષય પર પોતાનું પ્રભાવશાળી પ્રવચન આપ્યું.

પૂ.શ્રી કોઈ પણ વિષય ઉપર સરસ બોલી શકે છે. પરમશક્તિની એમના ઉપર પરમકૃપા છે.

પૂ.શ્રી પણ કહે છે કે, મા જ બોલાવે છે. એને જે કહેવું છે તે મારી દ્વારા કહેવડાવે છે. એનું નામ જ કૃપા.

ઉતારા ઉપર આવી ગયાં. અહીં એક જ દિવસ રોકાવાનું હોવાથી, પૂ.શ્રીએ યજમાનના એક પ્રશ્નના ઉત્તરમાં 'આપણે એ ચર્ચા દૂધ પીધા પછી બેસીને કરીશું' એમ કહ્યું.

દૂધ-ફળ લીધા પછી પૂ.શ્રી બેઠકના ઓરડામાં બેઠા છે. ઘરનાં યજમાન બહેન ને તેમની દીકરી પણ તરત જ ત્યાં આવી જાય છે. પૂ.શ્રીએ સોફા ઉપર બેઠક લીધી. બંડી ને નીચે દોઢ વારનો સફેદ ટુકડો પહેર્યો છે. બેઠક ઉપર પૂ.શ્રી સહેજ આરામ મળે એ રીતે બેઠા છે. ચર્ચા શરૂ થાય છે.

શ્રી સી. પ્રભુ: આપણે મંત્રજાપ કરીએ તો માળા બહારની બાજુએ ફેરવવી જોઈએ. આપણે કોઈકને કંઈક આપીએ તો જ આપણને મળે. એટલે માળા હાથમાં લઈએ પણ હૃદય તરફ ફરવાને બદલે નીચેથી ઊંચે ફેરવવી જોઈએ. હું તો એ જ રીતે ફેરવું છું.

પૂ.શ્રી તેમને સમજાવતાં કહેવા લાગ્યા: આ તો મંત્રજપ છે. પ્રભુ અંદર બેઠો છે, તો આ તરફ જ ફેરવો. વળી, મંત્ર કોઈને આપવાના નથી. આપણે જ તે મંત્રજપ ભેગા કરીને કૃપા માગવાની છે. છેવટે મંત્ર ભગવાનને અર્પણ કરીને કહેવાનું છે—'હે પ્રભુ! મેં તમારૂં નામ લીધું. તમારી વધુ ને વધુ કૃપા વરસાવો ને દર્શન આપો, જેથી અમારૂં જીવન ધન્ય બને.'

શ્રી સી. પ્રભુ: કૃપા માગવી એ પણ એક ઈચ્છા જ છે ને?

પૂ.શ્રીઃ જુઓ, ઈચ્છા બે જાતની છે. – દુન્યવી ઈચ્છા ને પ્રભુની ઈચ્છા. તમે ધનની, પ્રતિષ્ઠાની, ઘરની, સંપત્તિની ઈચ્છા કરો તો તે બંધનકારક છે; જ્યારે પ્રભુની ઈચ્છા – દર્શનની, ભક્તિની, કૃપાની ઈચ્છા કરો તો તે સારી ઈચ્છા છે. તે બંધનમાંથી મુક્ત કરનારી ઈચ્છા છે.

વળી, ઈચ્છા તો કરવી જ પડે ને? વિવેકાનંદ ઈચ્છા વિના અમેરિકા ગયા? ના. હિન્દુધર્મના પ્રચારની સારી ઈચ્છા લઈને ગયા. રામકૃષ્ણદેવ પોતે પ્રાર્થના ઈચ્છા વિના કરતા? ના. તેઓ કહેતા કે, મા ! મને તમારાં દર્શન આપો. એટલે સારી ઈચ્છા તો કરવી જ જોઈએ.

શ્રી સી. પ્રભુઃ કલિયુગમાં કર્મયોગ કરવો ખૂબ કઠણ છે. ભક્તિ જ બરાબર છે ને?

પૂ.શ્રીઃ કલિયુગમાં કર્મયોગ આચરનાર એક મહાપુરુષે દક્ષિણ આફ્રિકાની ધરતી ઉપર કર્મયોગ શરૂ કર્યો હતો - મહાત્મા ગાંધીએ. મનથી રામનામ અને શરીરથી આઝાદી અપાવવાનું સેવાનું કામ. તેમણે કર્મયોગ કરતાં કરતાં નીડરતા, કામક્રોધ પર સંયમ, બુદ્ધિથી સારા-નરસાં કામનો વિવેક દાખવીને જ્ઞાનયુક્ત કર્મો કર્યા. તેમણે નિયમિત પ્રાર્થના પણ કરી. તેમણે પોતાના જીવનમાં કર્મ, ભક્તિ ને જ્ઞાનનો સમન્વય કરી બતાવ્યો. મનમાં જ્ઞાન તથા વિવેક, હૃદયમાં પ્રભુનો પ્રેમ અને શરીરથી સેવાનાં કામ. આપણે પણ એવી રીતે કર્મ, જ્ઞાન, ભક્તિનો સમન્વય કરી શકીએ.

ચર્ચા ખૂબ જ રસપ્રદ હતી. પણ સમય દશ વાગવા તરફ જઈ રહ્યો હતો, અંતે ચર્ચા બંધ રહી. આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૪૩

**તા. ૨૯-૧૨-૮૨, બુધવાર, માગશર સુદ ચૌદશ ૨૦૩૯**
**ન્યુ કાસલથી એસ્કોટ શહેર**

સવારે નિયમિત ક્રમ રહ્યો. દસ ને ત્રીસે અમે રસોડામાં જઈએ છીએ. અમારા ઓરડાની સામે જ રસોડું છે. આજે મગની દાળ ને ભાત બનાવવાનાં છે. પૂ.શ્રી ૧૫મો અધ્યાય બોલવાનું શરૂ કરે છે. મેં પણ તેમાં સૂર પુરાવતાં દાળ ને ભાત ધોઈને ઈલેક્ટ્રિક ચૂલા ઉપર મૂક્યાં. પૂ.શ્રી દસ-પંદર મિનિટ રસોડામાં જ રહ્યાં. પછી ફરી પોતાના ઓરડામાં ગયા. મગની દાળ, ભાત ને વટાણા-રીંગણનું શાક તૈયાર થઈ જતાં અમે નીચે ચાદર પાથરીને ભોજન કરી લીધું.

ભોજન બાદ અહીંના આયોજક શ્રી બી. પ્રભુ પોતાને ત્યાં સ્વામીજી સાથે બીજા ચાર-પાંચ મહેમાનો હોવા છતાં પૂ.શ્રીને મળવા આવે છે.

પૂ. શ્રી તેમની ભાવના પ્રમાણે તેમને પોતાના અંગત આધ્યાત્મિક અનુભવો કહી સંભળાવે છે. તેમને એ સાંભળી આનંદ થાય છે.

તેઓએ કહ્યું: કોઈ પણ સંતપુરુષના લખેલાં પુસ્તકો વાંચીએ એના કરતાં તેમના શ્રીમુખે તેમના અનુભવો સાંભળીએ એનો તો જુદો જ આનંદ હોય છે. ગઈ કાલનું તમારું પ્રવચન પણ સરસ હતું. મારે તમારાં હવે આઠ દિવસનાં પ્રવચનો રાખવાં છે. જોહાનિસબર્ગથી પાછા આવો ત્યારે અમને સમય આપજો. હૉલમાં પણ અમે લોકો પાસેથી સાંભળ્યું કે પ્રવચન સરસ હતું. મને એમ હતું કે તમને વિષય તો આપ્યો પણ લોકોને તે વિષય સમજવો કઠિન થઈ પડશે, પણ તમે તે વિષયને સારી રીતે ન્યાય આપ્યો.

થોડી બીજી વાતો કરીને પછી આરામ કર્યો.

ન્યુ કાસલ મોટું શહેર છે. અહીં કોલસાની ખાણો હતી. સ્ટીલના અને ફ્રીજ, ઈલેકટ્રિક ચૂલા વિગેરે બનાવવાનાં અહીં કારખાનાં છે.

અહીં છ-સાત હજાર હિન્દી ભાઈબહેનો વસે છે. ગુજરાતીઓનાં તો ફક્ત સાત-આઠ જ ઘર છે. મુસ્લીમો છે. મસ્જિદ પણ છે. અહીં મોટે ભાગે મુસ્લીમો વેપાર કરે છે.

અહીં મુખ્ય સત્સંગ-સ્થાન શ્રી રામકૃષ્ણ સેન્ટર છે. શહેરમાં એક જૂનું શિવમંદિર છે, પણ ત્યાં કોઈ પ્રવૃત્તિ ચાલતી નથી. બીજાં બે ત્રણ નાનાં નાનાં મંદિરો છે.

અમારો ઉતારો છે તે ઈન્ડિયન એરિયા છે. લેનેકસ્ટીન નામના આ વિસ્તારમાં કોલસાની ખાણ હતી. તેથી અમુક જગ્યાએ જ ઘરો બાંધવાની પરવાનગી મળે છે. ખાણને લીધે નીચે જમીનમાં પોલાણ હોય છે.

આ ઘરનાં યજમાન પતિપત્ની સવાર-સાંજનું ભોજન પ્રાર્થના કર્યા પછી લે છે. ટેબલ ઉપર જ બે શ્લોકો બોલીને ભોજન લે છે. એ નિયમ સારો કહેવાય.

ફરી અહીં પરમ દિવસે પણ આવવાનું છે. એક પ્રવચન શુક્રવારે ગોઠવાયું છે.

ગઈ સાંજે અહીં આવ્યા પછી અહીં રોકાવાની ઈચ્છા ન હતી, પણ પરમશક્તિની સૂચના, આજ્ઞા ને ઈચ્છાથી અહીં જ રહેવાનું બન્યું.

આજે અહીંથી સાંજે નીકળીને બે કલાકની મુસાફરી કરી એસ્કોટ નામનાં શહેરમાં પ્રવચન માટે જવાનું છે. ત્યાં જ રોકાવાનું થશે. ત્રણ વાગ્યે લેવા આવનાર ભાઈ છેક સાડા ચાર વાગ્યે આવ્યાં. તેથી લગભગ પોણા પાંચ વાગ્યે અમે એસ્કોટ જવા નીકળ્યાં.

પોણા સાત વાગ્યે તો ત્યાંના ઉતારા ઉપર પહોંચી ગયાં. પ્રવચનનો સમય થઈ ગયો હોવાથી પ્રવચન-સ્થળે ગયાં.

પૂ.શ્રીનું આજનું પ્રવચન ગુજરાતીમાં હતું. 'નામસ્મરણ અને અલિપ્તતા' ઉપર પૂ.શ્રીએ સુંદર વિવેચન કર્યું.

એસ્કોટ શહેરમાં પ્રવેશતાં જ ઈન્ડિયન એરિયા આવે છે. એટલે ત્યાં હિન્દી ભાઈઓ, ગુજરાતી ભાઈઓ, મુસ્લીમ ભાઈઓની મોટી મોટી દુકાનો આવેલી છે. જમણી બાજુ એક મોટો માર્ગ છે. ત્યાં મોટી સોસાયટી જેવો વિસ્તાર છે. તેમાંના એક ઉતારામાં અમારે પ્રવેશવાનું બન્યું. ત્યાં તે બંગલાના મેદાનમાં બાવળનું ઝાડ પણ જોવા મળ્યું. બીજાં પણ ફળનાં વૃક્ષોથી તે છવાયેલું હતું. ઘરમાં નાનકડું મંદિર હતું. તેમાં ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ હતી.

ન્યુ કાસલથી આવતાં માર્ગમાં યજમાન ભાઈએ દક્ષિણ આફ્રિકાની જાણવા જેવી વાતો કરી.

દક્ષિણ આફ્રિકામાં ચાર લાખ યુરોપીયનો છે, બાર લાખ આફ્રિકનો છે, એક લાખ હિન્દીઓ અને એક લાખ વર્ણસંકર છે. યુરોપીયન પ્રજા આ દેશ ઉપર શાસન કરે છે. આફ્રિકન પ્રજાને શિક્ષિત કરવામાં પોતાને જોખમ છે એ યુરોપીયનો સારી રીતે જાણ છે. તેથી ત્યાં આફ્રિકનોને શાળામાં ઈતિહાસ ભણાવાતો નથી.

અહીં સાઠ-પાંસઠ વર્ષનાં કોઈ પણ સ્ત્રી-પુરુષ પેન્શન મેળવી શકે છે. દર મહિને યુરોપીયનને એકસો એકવીસ રેન્ડ, ઈન્ડિયનને એંશી રેન્ડ, આફ્રિકનને સાઠ રેન્ડ પેન્શન તરીકે જોઈએ તો સરકારી ધોરણે તે મળે છે. ગરીબ વિધવાને પણ જો ન્યાયાધીશ લખાણ આપે તો મહિનાનું રેશન દુકાનમાંથી મળે. જેનું બિલ સરકાર ચૂકવી દે. કેમ્બ્રિજ મેટ્રિક સુધી શિક્ષણ મફત છે. પુસ્તકો, પેન-નોટ બધું જ મફત મળે છે.

એસ્કોટ શહેર ડરબનથી બે કલાકના મોટર-માર્ગે આવેલું છે, અહીં દશ-બાર ગુજરાતીઓનાં ઘર છે. બધા મળીને બાવન વ્યક્તિઓ આ શહેરમાં ગુજરાતીઓ છે. આ શહેર પર્વતોની વચ્ચે તળેટીમાં આવેલું છે.

પ્રવચવ બાદ ઉતારા ઉપર આવી ગયાં. કેરી, કેળાં, પ્લમ નામનાં ફળ લીધાં. દૂધ લીધું. એક જ દિવસનું અહીં રોકાણ છે, તેથી થોડું બેઠાં. ત્યારે યજમાન ભાઈએ કહ્યું કે તમે જોહાનિસબર્ગ અને કેપટાઉન થઈને આવો ત્યારે ફરીથી અહીં પ્રવચન માટે ચાર દિવસ પણ આવો તો અમને આનંદ થાય. તે ભાઈની સાથે, ભારતમાં ગરીબી કેમ છે એ અંગે પણ ચર્ચા થઈ.

દક્ષિણ આફ્રિકામાં કોઈ પણ ઘર બાંધે તો પાયો ખોદાય ત્યારથી સરકારી ઈન્સપેક્ટર ચેકિંગ કરે. પાયો ખોદાયો તે જમીનનું માપ, ઊંડાણ બરાબર છે ખરાં, પછી પાયાનું ચણતર થાય તો ઈંટ, રેતી, સિમેન્ટ પૂરી રીતે વપરાયાં છે કે નહી વિગેરે જોવામાં આવે. પછી ભીંતો, અંદરના ઓરડાની લંબાઈ, પહોળાઈ સરકારી નિયમ પ્રમાણે છે કે નહીં તેનું પણ ચેકિંગ થાય. આખાયે ઘરના ચણતરમાં સિમેન્ટનો વપરાશ પૂરી

રીતે થયો છે કે નહીં તેનું ચેકિંગ કરવામાં આવે. ઘરની ગટર-યોજનાનું પણ ચેકિંગ થાય. સર્ટિફિકેટ મળે તો જ ગટર કરી શકાય. આખુંયે ઘર તૈયાર થઈ જાય ત્યારે આપણે તેમાં રહેવા જવાનું બને તે પહેલાં ફરીથી છેલ્લું ચેકિંગ થઈ જાય. પછી જ આપણને એ ઘરમાં રહેવા માટે ચાવી મળે. પરિણામે ભારતનાં ગેરકાયદેસર બાંધકામ ને કોન્ટ્રાક્ટરોની છેતરવાની વૃત્તિનો અહીં સર્વથા ત્યાગ જોવા મળે છે. બધું જ સરકારી ધોરણે થાય. તેથી બધાં જ નાનાં ગામ પણ વ્યવસ્થિત બાંધકામવાળાં જોવા મળે છે. વળી, શહેરના ગીચ વિસ્તારમાં પણ બે મકાનોની ભીંતો અલગ અલગ ચણવામાં આવે છે. આમ, બે મકાનો વચ્ચે નાનકડો પેસેજ રહે છે, જેનાથી બે મકાનોની હદ જુદી પડે છે.

આફ્રિકામાં બીજાદેશો જેવી જ વ્યવસ્થિતતા, સ્વચ્છતા જોવા મળે છે. આપણી સંસ્કૃતિને ટકાવવા મંદિરો બાંધવા દે છે. વળી, રથયાત્રા જેવા ઉત્સવો પરવાનગી લઈને શહેરનાં જાહેર માર્ગ ઉપર ઊજવી શકાય છે.

યજમાન પતિપત્ની ભાવિક છે. ‘આવતી કાલે બપોરે આપણે શહેરમાં થોડું ફરવા જઈશું.’ એમ પણ તેઓએ આગળ પડીને કહ્યું. તેમનાં શુભનામ શ્રી બી. મગન અને શ્રી લક્ષ્મીબહેન હતાં.

દરરોજ નવાં શહેર, નવાં યજમાન, નવી ઓળખાણ. નવો ક્ષણિકનો સંગ. કહો કે, ‘કાળની કેડીએ ઘડીક સંગ.’



* * હરિઃ ૐ * *

## દિન ૪૪

**તા. ૩૦-૧૨-૮૨, ગુરુવાર, માગશર સુદ પૂનમ ૨૦૩૯**
**એસ્કોટથી લેડીસ્મિથ શહેર**

આજે સાંજે વળી લેડીસ્મિથ નામના શહેરમાં જવાનું છે.

આ ઉતારો પણ સારો છે. ભોજન હાથે બનાવી લેવાનું છે. તેથી મનગમતું ભોજન બનાવવામાં આનંદ રહે છે. આજે ખીર ને કઠોળનું ભોજન બનાવીને લીધું.

મુલાકાત સમયે ખાસ ચર્ચા ન થઈ. એસ્કોટ શહેરની આસપાસ ગાડીમાં ફરવા જવાનું થયું.

દરેક શહેરની બહાર દૂર આફ્રિકન એરિયા હોય છે. અહીં પણ સરકાર મકાનો બનાવે છે ને મહિને ત્રણ રેન્ડના ભાડે આપે છે. આફ્રિકન એરિયામાં આપણાથી મંજૂરી વિના ના જવાય. ત્યાં જવાનું ખાસ કામ તો ન પડે, પણ આપણે ત્યાં કોઈ ઉત્સવ હોય ને ભોજન વધારે બન્યું હોય તો આફ્રિકન શાળામાં તે આપવા માટે જવાનું બને તો ત્યાંના આચાર્ય જ તે મંજૂરી મેળવી લે છે.

આફ્રિકન નોકર આપણા ઘર કે દુકાનમાં કામ કરતો હોય તો તેનું સરકારમાં રજિસ્ટ્રેશન આપણે કરાવવું પડે છે. રજિસ્ટ્રેશન વિના કોઈ નોકર આપણે ત્યાં રહે તો દંડની શિક્ષા થાય છે. રજિસ્ટ્રેશનને લીધે આફ્રિકનોની ગુનાવૃત્તિથી ઈન્ડિયનોને થોડું રક્ષણ મળે છે.

આફ્રિકન એરિયાને દૂરથી જોયા બાદ અહીં નદી ઉપર મોટો બંધ બંધાયો છે તે જોવા જવાનું બન્યું. ત્યાં લોકો ઉજાણી નિમિત્તે રહે પણ છે. તે માટે બધી જ સગવડો ત્યાં હોય છે.

આ ઉતારાની આસપાસ બાગ છે, જેમાં બદામ, અંજીર, પ્લમ, લીંબુ વિગેરે ફળોનાં વૃક્ષો આવેલાં છે. વળી, બાવળનું વૃક્ષ પણ છે. તેમાંથી ચાર દાતણ અમને આગ્રહ કરીને આપે છે. દક્ષિણ આફ્રિકામાં લીલા બાવળનાં દાતણ પણ થાય છે.

આજે પણ ગઈ કાલની જેમ અહીંથી વિદાય લેવાની છે. લેડીસ્મિથ નામનું શહેર અહીંથી એક કલાકના મોટરમાર્ગે છે. ત્યાંથી યજમાન પોતાની ગાડી લઈને લેવા આવી જાય છે. તેથી સાડા ચાર વાગ્યે અહીંથી વિદાય થઈએ છીએ.

સાડા પાંચ વાગ્યે લેડીસ્મિથ નામના શહેરમાં આવી જઈએ છીએ. આ શહેર મહાત્મા ગાંધીજીના જીવન-કાર્ય સાથે સંકળાયેલું છે. ગાંધીજી જે નાનકડા મકાનમાં રહેતા હતા ત્યાં એક મોટો હૉલ ને મંદિર છે. બહાર મેદાનમાં ગાંધીજીની ઊભી પ્રતિમા છે. અહીં ટ્રસ્ટ બન્યું છે. સેવાની નાની પ્રવૃત્તિઓ થાય છે. હૉલમાં એક તરફ વિશાળ મંચ ને સામે ખુરશીઓ છે. મંચની બીજી બાજુ પ્રવેશતાં જ મંદિર છે, જેમાં વિષ્ણુ, કૃષ્ણ, રામ, જગદંબાની મૂર્તિઓ છે.

અમે ગયાં ત્યારે મંદિરમાં દીપ પ્રગટી રહ્યા હતા. કેટલાક શ્રોતાઓ સામેની ખુરશીઓ ઉપર, તો કેટલાક નીચે ડનલોપની નાની નાની ગાદીઓ ઉપર બેઠા હતા. અમને વિચાર આવ્યો કે અમારે ક્યાં બેસવાનું હશે. આયોજક અમારી સાથે હતા તેઓ પણ એક ખુરશી ઉપર બેસી ગયાં. આખરે અમે પૂછ્યું કે,

અમારે ક્યાં બેસવાનું છે તો આયોજક કહે કે તમારે જ્યાં બેસવું હોય ત્યાં. એમ કહી ખુરશીઓ લાવીને મૂકી. અમે ખુરશી ઉપર તો બેઠાં, પણ ખુરશીઓ નાની હતી ને પગ તો નીચે લટકતા હતાં. બે કલાકમાં તો પગ દુઃખી જાય. પલાંઠી વળે એમ ન હતું.

પૂ.શ્રીએ થોડી વાર પછી પૂછ્યું કે આપ વ્યાસપીઠ જેવું કંઈ નથી બનાવતા? તોપણ કોઈએ એ ટકોરની નોંધ ન લીધી. ત્યાં તો એક ભાઈ બહારથી આવ્યા. પૂ.શ્રીને પ્રણામ કરી પૂછવા લાગ્યાઃ અમારું દક્ષિણ આફ્રિકા આપને ગમ્યું? ગરમી કેવી લાગે છે? પૂ.શ્રીએ તેમને જવાબ આપ્યા પછી તે આવનાર ભાઈને પણ વ્યાસપીઠ અંગે વાત કરી, તો તે ભાઈએ વળી ત્રણચાર ગંદી ગાદીઓ ત્યાં ગોઠવાવી દીધી. પૂ.શ્રીએ કહ્યું કે, આના ઉપર ધોયેલી ચાદર હોય તો લાવો. તે ભાઈએ તે પણ મંગાવી લીધી. તે દરમ્યાન આયોજકે કે યજમાન પતિ-પત્નીએ કે શ્રોતાઓના કોઈ પણ વર્ગે એ મહત્વની વાતની નોંધ પણ ન લીધી.

છેવટે ગાદી ઉપર ચાદર પથરાવીને પૂ.શ્રી બેઠા. પૂ.શ્રીએ કહ્યું કે, વ્યાસપીઠ ના બનાવતા હોય તો આપણી તેમને શીખવવાની ફરજ છે.

જ્યારે સામાન્ય શિષ્ટાચાર પણ ઘણીવાર આ દેશમાં દેખાતો નથી ત્યારે પૂ.શ્રી શિષ્ટાચારની સમજ પ્રેમપૂર્વક આપતા રહે છે. સંતોનું કાર્ય જ માનવને આદર્શ બનાવવાનું છે.

જેની પાસેથી પ્રવચન સાંભળવાનું છે, જ્ઞાનની કે સત્સંગની બે વાતો શીખવાની છે તેને બેસવાનું સ્થાન ક્યાં ને કેવી રીતે આપવું એની સામાન્ય ગતાગમ પણ જ્યારે નથી હોતી ત્યારે તેવા સંજોગોમાં તે ચલાવી ના લેતાં તેમને આદર્શ વાત શીખવવી એ સંતોની ફરજ છે. તેવી ફરજ પૂ.શ્રી હિંમતપૂર્વક બજાવી શકે છે. અત્યાર સુધી અહીં આવતા સંતો કે કથાકારો અહીંની જનતાની જે રીતભાત છે તેને કદાચ મૂંગે મોઢે સ્વીકારી લેતા હશે, આમ, એમને સાચી રીતભાતની સમજ કોણે પૂરી પાડે? પૂ.શ્રી જેવા કોઈક જ એવી હિંમત કરી શકે. જેને આદર્શ રીતભાત ગમે તે જ બીજાને પણ શીખવી શકે ને!

પ્રવચન ગુજરાતીમાં થયું. અહીં હજારોની સંખ્યામાં હિન્દીભાષી ભાઈબહેનો વસે છે, પણ તેમને તેનો લાભ ના મળ્યો. ફક્ત ગુજરાતીઓ માટે જ એ કાર્યક્રમ રાખ્યો હતો. શ્રોતાઓ પૈકી બે ભાઈઓએ કહ્યું કે આજે આપનો અંગ્રેજી કાર્યક્રમ હોત તો ઘણા બધા લાભ લઈ શક્યા હોત. પૂ.શ્રીએ કહ્યુંઃ એ બધું તો ગોઠવનાર પર આધાર રાખે છે. અમે તો જનતાને વધુ લાભ મળે એવું જ ઈચ્છીએ.

પ્રવચન બાદ પ્રશ્નોત્તરી થઈ. તેમાં નીચેના પ્રશ્નો શ્રોતાઓમાંથી પુછાયાઃ

(૧) જીવનમાં સુખ ને દુઃખ મળે છે તે પૂર્વ કર્મને લીધે મળે છે. તો હવે એ દુઃખો ના મળે તે માટે શું કરવું?

(૨) મોક્ષ પછી માનવ કેટલો વખત ત્યાં રહી શકે?

(૩) કેટલાક જ્ઞાનની દુનિયામાં વહેલા જાગે છે, તો કેટલાક મોડા જાગે છે. આનું શું કારણ?

(૪) માનવજન્મ પછી આપણો બીજો જન્મ શાનો થાય?

પૂ.શ્રીએ સંતોષકારક જવાબો આપ્યા. છેવટે આરતી થયા બાદ સૌ વિદાય થયાં.

* * હરિઃ ૐ * *

## દિન ૪૫

**તા. ૩૧-૧૨-૮૨, શુક્રવાર, માગશર વદ એકમ ૨૦૩૯**
**લેડીસ્મિથ શહેરથી ન્યુ કાસલ શહેર**

લેડીસ્મિથમાં મળસ્કે ચાર વાગ્યે કૂકડાનો અવાજ સંભળાયો. ભારતમાં પણ કૂકડાઓ મળસ્કે જગાડતા હોય છે. જાણે કે એક જીવતુંજાગતું એલાર્મ ઘડિયાળ ! અહીં બાજુના કમ્પાઉન્ડમાંથી તે અવાજ આવતો હતો. આ ઈન્ડિયન એરિયામાં અહીંની મ્યુનિસિપાલિટીએ ભારતનાં શહેરોનાં નામ અહીંના જુદા જુદા માર્ગોને આપ્યાં છે. પૂના રોડ, મદ્રાસ રોડ વગેરે. અમારો ઉતારો લાહોર રોડ ઉપર હતો. મુસ્લીમો જ આ રોડ ઉપર રહેતા હશે એવું લાગે છે.

ગઈ કાલે એસ્કોટમાં પણ ઈન્ડિયન એરિયામાં બે વિભાગ જોયા હતા. જેમાં મકાનો સરકારી હોય અને ઈન્ડિયનો ભાડે રહે અને અમુક વરસે તેઓ માલિક થાય તે વિભાગને બંગલાદેશ કહેતા હતા; જ્યારે ઈન્ડિયનો પોતે જમીન લે અને પોતાની રીતે સ્વતંત્ર રીતે મકાનો બનાવે તે વિભાગને અપનાદેશ કહેતા હતા. ત્યાં બધા માર્ગોના નામ આ દેશનાં જુદાં જુદાં ફૂલોનાં નામ પરથી હતાં.

સવારે નિત્યક્રમ એ જ રહ્યો. ભોજન અહીં પણ જાતે બનાવી લીધું. ખીચડી ને શાકનું ભોજન લઈ, મુલાકાત સમયે યજમાન સાથે બેઠાં. ભારતનાં રાજકારણની, ધર્મની, આર્યસમાજની વાતો થઈ.

મુલાકાત બાદ આરામ.

સાંજે લેડીસ્મિથથી ન્યુ કાસલ જવા માટે ગાડી આવી ગઈ હતી. ૧૦૦ કિલોમીટરની મુસાફરી શરૂ થઈ. માર્ગમાં ધાર્મિક ચર્ચા અંગ્રેજીમાં થઈ. જેમ કે, હવનમાં ઘી શા માટે? ધ્યાન ક્યાં ને કેવી રીતે ધરવાનું? વિગેરે વાતો થઈ. અમને લેવા આવનાર બન્ને યુવાનો હતા. તેમને ઘણો આનંદ આવ્યો.

ફરી લેનેકસ્ટીનના વિસ્તારમાં આવી ગયાં. ભારે વરસાદ હતો. પણ ગાડી તો એ જ ઝડપથી ચાલતી હતી.

સાંજે શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં ‘ભક્તિયોગ’ ઉપર પૂ.શ્રીનું અંગ્રેજી પ્રવચન થયું. ‘ભક્તિની સાચી સમજ જરૂરી હતી અને આજે આપે પ્રવચનમાં એ જ વિષયની સુંદર ચર્ચા કરી. ઘણું જાણવાનું મળ્યું’ વિગેરે વાતો પ્રવચન બાદ સાંભળવા મળી.

પ્રવચન બાદ ફરી ઉતારા ઉપર આવી ગયાં. દૂધ-ફળ લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૪૬

**તા. ૧-૧-૮૩, ગુરુવાર, માગશર વદ બીજ ૨૦૩૯**
**ન્યુ કાસલ શહેરથી જોહાનિસબર્ગ**

આજે સવારે પૂ.શ્રી ચાર વાગ્યે સ્નાન કરીને પોતાનાં કપડાં ધોઈ નાખે છે. બહાર વાડામાં તાર ઉપર તે કપડાં સૂકવી દેવાનું બને છે, જેથી જલદી સુકાઈ જાય છે.

આજે વઘારેલી ખીચડીનું ભોજન હાથે બનાવીને લીધું.

ડરબનથી શ્રી રતિભાઈ ગાડી લઈને સાડા ત્રણ કલાકની મુસાફરી બાદ બપોરે પોણા બારે ન્યુ કાસલ આવી જાય છે. તેઓ પૂ.શ્રીનો એક અઠવાડિયાનો સત્સંગનો લાભ લેવા આવેલા છે. એમની જ ગાડીમાં આજે અમારે જોહાનિસબર્ગ જવાનું છે.

બપોરની મુલાકાતમાં પૂ.શ્રીના અનુભવો સાંભળવાની ઈચ્છા અહીંના આયોજકો શ્રી બી. પ્રભુ અને શ્રી રામલખનની હતી. તેથી પૂ.શ્રી પોતાનો એક અનુભવ કહી સંભળાવે છે.

વિદાયવેળા ઘરનાં સૌ નમસ્કાર કરે છે. ત્યાં પૂ.શ્રીને શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ અને સંસ્કૃત શ્લોકો યજમાનને ટેઈપ કરાવવાનાં હતાં તે યાદ આવે છે. તેથી યજમાન તરત જ ટેઈપ-રેકોર્ડર લાવે છે. અમે સ્તુતિ ગાઈએ છીએ. આ યજમાન શ્રી રામકૃષ્ણદેવના ભક્ત છે. તેમને પૂ.શ્રીએ લખેલી 'અધર્મ જ્યારે' સ્તુતિ આજે પૂ.શ્રીના શ્રીમુખે જ ગવાયેલી મળી રહી છે તેનો આનંદ છે.

ન્યુ કાસલથી સાડા ત્રણ વાગ્યે વિદાય થઈએ છીએ. અહીંથી ત્રણસો કિલોમીટરની યાત્રા શરૂ થાય છે.

જોહાનિસબર્ગ અહીં 'જોબર્ગ'ના ટૂંકા નામથી જાણીતું છે. ત્યાં જવા માટે બે હાઈ-વે છે. એક હાઈ-વે એવો છે જે દરેક શહેરની બહારથી પસાર થાય છે. બીજા હાઈ-વેમાં વચ્ચે વચ્ચે શહેરો આવે છે. અમે શહેરોમાંથી પસાર થતાં જૂના હાઈ-વે ઉપર પ્રયાણ કરીએ છીએ.

ડુંગરાળ પ્રદેશ શરૂ થાય છે. ભયંકર વળાંકો છે. પણ રસ્તાઓ ખૂબ પહોળા એટલે ગાડી ધીમી ન પડે. આસપાસના પર્વતો જોતાં બદરીનાથનું સૌંદર્ય યાદ આવે. થોડી જ વારમાં સપાટ રસ્તાઓ આવે છે. ત્યાં આસપાસ મકાઈનો પાક જોવા મળે છે. ઘણાં સ્થાનોમાં ગાયોનાં ટોળાં ચરતાં જોવા મળે છે. ક્યાંક ક્યાંક ગાયો સાથે ઘેટાંઓ પણ જોવા મળે છે. આંખને ગમે તેવાં કુદરતી દૃશ્યો જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં જોવા મળે છે.

માર્ગમાં સ્ટાન્ડર્ડટોન નામનું મોટું શહેર આવ્યું. ચાર્લ્સટાઉનથી નાતાલ પ્રાંતની સરહદ પૂરી થતી હતી. વાલક્રસ્ટથી ટ્રાન્સવાલ પ્રાંતની સરહદ શરૂ થઈ હતી.

આ સરહદ ઐતિહાસિક છે. નાતાલ પ્રાતમાંથી એક જમાનામાં ટ્રાન્સવાલ પ્રાંતમાં પ્રવેશવાની મનાઈ હતી. ત્યારે અહીં ગાંધીજીએ સત્યાગ્રહ કરીને અહિંસક લડત આપી હતી. ગાંધીજી ને એમના સાથીદારોને પકડી લેવામાં આવ્યા હતાં. એવી માહિતી શ્રી રતિભાઈએ આપી.

માર્ગમાં જ્યાં શહેરો આવે ત્યાં ખેતરોમાં દૂર દૂર મોટાં મોટાં પતરાના દશ-બાર પીપ જેવું કંઈક દેખાય છે. ખેડૂતો મકાઈનો જે પાક લે તે પાક સહકારી મંડળીને વેચે છે. તે પાકને મંડળીઓ આ પીપ જેવાં સાધનોમાં સંગ્રહ કરીને રક્ષણ આપે છે. દૂરથી મોટાં મોટાં ઊંચા મિલનાં પહોળાં ભૂંગળાં દેખાય તેવો તેનો આકાર હોય છે.

માર્ગમાં ખેતરો જોવા મળે, પણ ક્યાંયે કૂવા જોવા ન મળે. ખેતરોને પાણી પાવા એક મોટું લાંબુ તાર જેવું સાધન હોય છે, જેમાંથી પાણીના ફુવારા છૂટે ને આખાયે ખેતરમાં પાણી છંટાઈ જાય છે.

વચ્ચે વળી ક્રેલિંગસ્ટાર્ટ નામનું ગામ આવ્યું. આફ્રિકન ભાષામાં સ્ટાર્ટ એટલે શહેર. બાલકોરમાં શ્રી રતિભાઈના ભાઈની દીકરી રહે છે. એકધારી અઢી કલાકની મુસાફરી પછી આરામ મળે તે હેતુથી ત્યાં જવાનું બન્યું. તે પરિવારના વડીલ ૧૯૨૩માં અહીં આવેલા. ત્યાં પાડોશીઓએ પૂ.શ્રીનો પરિચય પેપરમાં વાંચ્યો હતો. તેઓ પૂ.શ્રીને મળવા આવ્યા છે. સૌ પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. પાડોશી પરિવારના એક સભ્ય પૂ.શ્રી માટે ખાસ ઝાડ ઉપરથી ઉતારેલા તાજાં જ ફળો લાવે છે. તે ભાઈની ભાવનાને ધ્યાનમાં રાખીને પૂ.શ્રી ફળ લે છે. દૂધ પણ લે છે. ત્યાંથી એક કલાક પછી વિદાય લઈએ છીએ.

અહીં ધોધમાર વરસાદ ચાલુ થઈ જાય છે. વળી, બરફના મોટા મોટા કરાની વર્ષા પણ ચાલુ જ રહે છે. જોહાનિસબર્ગ પહોચ્યાં ત્યાં સુધી વરસાદ ચાલુ જ રહ્યો.

માર્ગની બાજુમાં બીનોની શહેર પણ આવી ગયું.

અંતે રાત્રે પોણા આઠે જોહાનિસબર્ગ આવી ગયાં. વીજળીથી ચળકતું, મુંબઈ કે ન્યૂયોર્કની યાદ આપે એવું એ શહેર હતું. મોટી મોટી ઈમારતો જોવા મળી. રસ્તાઓ સુંદર, રસ્તાની બન્ને બાજુ નીચે થોડે થોડે અંતરે પીળા રંગના નાના નાના ગોળ પથ્થરો જોવા મળે, જેના ઉપર લાઈટ પડે એટલે ચળકાટ પામે અને તેથી અંધારામાં પણ રસ્તો ક્યાં પૂરો થાય છે, ક્યાં એની હદ જુદી પડે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય.

જોહાનિસબર્ગ શહેરમાંથી પસાર થઈ અમે લેનેશિયામાં આવી ગયાં. શહેરથી લગભગ ૨૫ કિલોમીટર દૂરનો આ ઈન્ડિયન એરિયા છે.

જોહાનિસબર્ગમાં ઉતારો શ્રી મગનભાઈને ત્યાં હતો. ઘરમાં અમે જ્યારે પહોંચ્યા ત્યારે અમારું ફૂલની કલગીથી સ્વાગત થયું. ઘરનાં નાનાં મોટાં સૌએ સાષ્ટાંગ પ્રણામ કર્યા. એ નોંધપાત્ર ઘટના હતી.

ઘર ઘણું મોટું, દશ-બાર ઓરડાવાળું હતું. અમારો ઉતારો દેવસ્થાનની પાસેના ઓરડામાં, ઘરનાં એક ખૂણામાં હતો, જ્યાં બન્ને દીવાલો કાચની બારીવાળી હતી. બે પલંગ હતા. વળી, પૂ.શ્રી લેખન કરે છે એમ જાણી એક મોટું ટેબલ ને બે ખુરશીઓ પણ મૂકેલી હતી. પૂ.શ્રી પોતાના જ ઓરડામાં નીચે બેસીને ભોજન લે છે એવું જાણીને ચાર પાટલા પણ આ ઓરડામાં મૂકેલા.

ઘરનાં સંડાસ ને બાથરૂમ બતાવતાં યજમાન ભાઈએ કહ્યું કે, આ બન્ને ફક્ત તમારે જ વાપરવાનાં છે. તેનો ઉપયોગ અમે કોઈ કરીશું નહીં.

યજમાન શ્રી મગનભાઈ અમારા પરિચિત તો ન હતા, પણ સંતોની સેવાની ભાવના તેમના એકે એક બોલમાં જણાઈ આવતી હતી. તેમની દીકરી આવતી કાલે જ ઝામ્બિયા જનાર હતી, તેથી તેને અને તેના નાના બાળકને પૂ.શ્રી આશીર્વાદ આપે તેવી તેમની ભાવના હતી. પૂ.શ્રીએ તેને ગુલાબનું ફૂલ આપીને ‘જીવન

ખૂબ સુખી થાઓ' એવા આશીર્વાદ આપ્યાં. વળી, 'સરળ ગીતા' પુસ્તક આપ્યું. એ બહેન ગીતા વાંચે છે, તેથી તેને એ પુસ્તક ગમ્યું.

ઘરમાં દેવસ્થાનનો એક અલગ ઓરડો છે. તેમાં શીરડી સાંઈબાબાની પ્રતિમા ને રાધાકૃષ્ણની પ્રતિમા જોવા મળી. અમારા ઓરડામાં પણ સાંઈબાબા ને શ્રીકૃષ્ણની મૂર્તિઓ હતી. બેઠકના ઓરડામાં ભગવાન શ્રીકૃષ્ણનું મોટું ચિત્ર ને મહારાષ્ટ્રના સંત શ્રી ગજાનંદ મહારાજનો ફોટો પણ હતાં.

જોહાનિસબર્ગના પ્રવચનના આયોજકોએ પૂ.શ્રીનાં 'યોગદર્શન', 'આત્મકથા', 'ભગવાન રમણ મહર્ષિ' વિગેરે પુસ્તકો વાંચેલા છે. અહીંની લાયબ્રેરીમાં એ પુસ્તકો વરસોથી આવી ગયેલાં છે. પરિણામે આવતી કાલે તેઓએ ભગવાન રમણ મહર્ષિની ૧૦૩મી જન્મજયંતી નિમિત્તે અહીં પૂ.શ્રીનું એ જ વિષય ઉપર પ્રવચન રાખ્યું છે. વળી, પૂ.શ્રી પાસે ધ્યાનના, પૂ.શ્રી સાથે પ્રશ્નોત્તરીના કાર્યક્રમો રાખી જેટલો પણ લાભ લેવાય એટલો લેવા તેઓ આતુર છે. જનતા ભાવિક લાગે છે.

સૌની વિદાય પછી, અમે રાત્રે સાડા દશે દૂધ લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૪૭

**તા. ૨-૧-૮૩, રવિવાર, માગશર વદ ચોથ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ**

જોહાનિસબર્ગ સોનાની ખાણો માટે જગતમાં જાણીતું છે. આ દેશની આર્થિક સમૃદ્ધિનો પાયો સોનાની, હીરાની ખાણો છે, જે આ શહેરની આસપાસના પર્વતોમાં આવેલી છે.

જોહાનિસબર્ગના આ ઉતારામાં, આજે રવિવાર છે છતાં ટી.વી. કે રેડિયોનો કોઈ ઘોંઘાટ નથી. ઘરમાં પણ ખૂબ શાંતિ રહે છે.

સવારે અમારો નિત્યક્રમ યથાવત્ રહે છે.

આજે 'શ્રી રમણ મહર્ષિઃ જીવન અને કાર્ય' ઉપર એક પ્રવચન સવારે સાડા અગિયારથી સાડા બાર સુધી અહીંના શ્રી રામકૃષ્ણ હૉલમાં રાખેલું છે.

સવારે અગીયારે હૉલમાં જવા માટે નીકળીએ છીએ. તે પહેલાં દશેક મિનિટ બેઠક ખંડમાં જવાનું બને છે. ત્યાં યજમાન ભાઈ શ્રી મગનભાઈ અમને બન્નેને ગુલાબનાં ફૂલ આપીને પ્રણામ કરે છે. થોડી વાતો બાદ અમે ગાડીમાં બેઠાં.

હૉલ નજીક જ હતો. બહાર આયોજક ઊભા જ હતા. હૉલમાં ભજન ગવાઈ રહ્યું હતું. ખુરશીઓવાળા વિશાળ હૉલમાં શ્રોતાઓ બેઠા હતા. મંચ પર મહાપુરુષોની વિવિધ તસવીરોનાં દર્શન થયાં, જેમાં ભગવાન રમણ મહર્ષિ, સ્વામી વિવેકાનંદ, શ્રી રામકૃષ્ણદેવનો સમાવેશ થતો હતો. ત્યાં સવારે હવન થયો હતો, જેની સામગ્રી પણ ત્યાં હતી. મંચ ઉપર અમારે માટે બે બેઠકો તૈયાર જ હતી. ત્યાં અમે બેઠાં. સંચાલકોએ પૂ.શ્રીને પોતાનું પ્રવચન અંગ્રેજીમાં જ આપવાનું કહ્યું. પૂ.શ્રીએ પ્રવચનની શરૂઆતમાં મારી પાસે ભજન ગવડાવ્યું. પછી, અંગ્રેજીમાં પ્રવચન શરૂ કર્યું.

'ભગવાન રમણ મહર્ષિ : જીવન અને કાર્ય' ઉપર આજનું પ્રવચન હતું, જેમાં ત્રણ-ચાર અનુભવો પણ પૂ.શ્રીએ કહ્યા. વળી, મહાપુરુષો અસાધ્ય રોગથી પીડાતા જણાય છે, પણ તેઓની માનસિક અવસ્થા કેવી અલિપ્તતા જાળવે છે તે પણ તેમણે સમજાવ્યું.

પ્રવચન પૂરું થતું હતું ત્યાં સંચાલક ભાઈએ પૂ.શ્રીને ગુજરતીમાં પ્રવચનનો સાર-ભાગ કહેવા વિનંતી કરી. તેથી પૂ.શ્રી વીસેક મિનિટ ગુજરાતીમાં બોલ્યા. છેવટે શાંતિપાઠ થયો.

શ્રોતાઓનો કેટલોક વર્ગ મંચ ઉપર આવીને પ્રણામ કરીને વિદાય થયો. સંચાલકો સાથે અમારી એક સમૂહ તસવીર પણ લીધી. સંચાલકોએ 'પ્રવચન સરસ હતું' એવો અભિપ્રાય આપ્યો. આજના પ્રવચન પછી અંગ્રેજી જાણનાર વર્ગ કદાચ બીજાં પ્રવચનોની માગણી આપોઆપ કરશે, એમ પણ એક સંચાલકે જણાવ્યું.

પ્રવચન બાદ, પાછળ જ લક્ષ્મીનારાયણનું મંદિર હતું. ત્યાં પણ દર્શન માટે જવાનું બન્યું. મૂર્તિ સુંદર હતી. શ્રી રામકૃષ્ણ હૉલની સાથે જ તે સ્થાન હતું.

આજના અંગ્રેજી પ્રવચન અંગે નીચે મુજબ પત્રિકા વહેંચાઈ હતીઃ

==================

BHAGWAN SRI RAMANA MAHARSHI CENTENARY COMMITTEE will celebrate the 103rd Anniversary of the great sage : SRI RAMAN MAHARSHI on SUNDAY, 2nd January 1983 from 9:30 a.m. to 1.00 p.m. at the RAMAKIRISHANA HALL, Lenasia.

A visiting sage **MAHATMA YOGESHWARJI** From India will speak on "The Life and Teaching of SRI RAMANA."

MAHATMA YOGESHWARJI is an author of numerous books and has won an award for his writings on Ramana Maharshi.

**ALL WELCOME**

**Programme** : Havan • kirtans • Bhajans

==================

હૉલ ઉપરથી ઉતારા ઉપર આવતાં માત્ર પાંચ જ મિનિટ થઈ.

આજે હજી ભોજન બનાવવાનું હતું. તેથી કપડાં બદલીને પૂ.શ્રી ને હું રસોડામાં ગયાં. મગ, ભાત ને થોડો શીરો બનાવ્યાં.

યજમાન શ્રી મગનભાઈ પણ હવે જમવાના હતાં. તેમની ભાવના એવી હતી કે અમે ભોજન કરીએ પછી જ ભોજન કરવું. તેથી તેમને પૂ.શ્રીએ પ્રથમ શીરો ને મગ પ્રસાદમાં આપ્યાં. પછી અમે અમારું ભોજન ઓરડામાં લઈ આવ્યાં. ઓરડામાં નીચે પાટલા ઉપર બેસીને અમે અમારું ભોજન લીધું. પછી જ ઘરનાં સભ્યોએ ભોજન લીધું.

સાડા ત્રણ વાગી ગયા હતા. તેથી ભોજન બાદ થોડો આરામ કર્યો.

સાંજે છ વાગ્યે ફરીથી બેઠકના ઓરડામાં પ્રશ્નોત્તરીની બેઠક હતી. બેઠકનો ઓરડો ઘણો મોટો હતો. જિજ્ઞાસુ ભાઈબહેનો આવીને બેઠેલાં હતાં.

પૂ.શ્રીએ કહ્યું કે, કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં પોતે એક ભજન ગવડાવશે.

પ્રભુપ્રેમ જાગી ગયો મારા પ્રાણમાં;
પ્રેમ-પાવો વાગી ગયો મારા પ્રાણમાં ... પ્રભુપ્રેમ.

નામના જપમાં જોડાયું ચિત્તડું,
જૂનું સંભળાયું સુરતાનું ગીતડું;
મંગલ મૂર્તિ રમે મારા ધ્યાનમાં ... પ્રભુપ્રેમ.

રોમરોમ રંગાયાં રંગભીના રાગથી,
અંજાયો આતમ અનેરા અનુરાગથી;
હંસલો લાગી ગયો એના તાનમાં ... પ્રભુપ્રેમ.

બંધન તૂટી ગયાં સર્વ છેવટે
ક્રંદન છૂટી ગયાં ભવને તટે;
અંતર ડૂબી ગયું રસપાનમાં ... પ્રભુપ્રેમ.

પછી, પૂ.શ્રીએ જાહેર કર્યું કે હવે જેમણે પ્રશ્નો પૂછવા હોય તે પૂછે પણ તે પહેલાં મા સર્વેશ્વરી પાસેથી એક ભજન સાંભળીએ. તેથી મારે એક ભજન ગાવું પડ્યું.

ભજન બાદ પ્રશ્નોત્તરી શરૂ થઈ.

ભાઈબહેનો તો ઘણાં બેઠાં હતાં. તેમાંથી એક ભાઈએ પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી. તે પ્રશ્નો ટૂંકાણમાં સારરૂપે નીચે મુજબ હતાં:

**પ્રશ્ન:** ઘણીવાર જ્ઞાની પુરૂષો પણ અયોગ્ય વર્તન કરતા જણાય છે. શું એ પૂર્વકર્મનું બંધન હશે?

**પૂ.શ્રી:** મોટામાં મોટું કારણ તો મનનું છે. મહાભારતમાં દુર્યોધન કહે છે કે,

જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિઃ ।
જાનામ્યધર્મમ્ ન ચ મે નિવૃત્તિઃ ॥

(અર્થાત્ ધર્મ જાણું છું છતાં તે પાળી શકતો નથી, અધર્મ જાણું છું છતાં તે છોડી શકતો નથી.) ઘણા ક્રોધ કરવો એ સારું નથી એમ જાણે છે, અરે! એના ઉપર પ્રવચન પણ આપી શકે છે, છતાં સંજોગો ઊભા થાય તો તેઓ ક્રોધ કરી નાખે છે. એ મનનું કારણ છે.

ગમે તેવું પૂર્વકર્મનું બંધન હોય, પણ માનવ નવાં કર્મ કરવા તો સંપૂર્ણ સ્વતંત્ર છે.

દારૂની દુકાન જોઈને થયું – મારું કર્મનું બંધન જ એવું છે એટલે દારૂ પી નાખ્યું, ને પછી અંદર જઈને પી આવે. એમાં મન જ જવાબદાર છે. મન ઉપર સંયમ હોય તો એમાંથી સુધરવાના પ્રયત્ન શરૂ થાય.

જેઓ પુસ્તકિયા જ્ઞાનવાળા પંડિતો, જ્ઞાની, વિદ્વાનો છે તેઓ જ આવી ભૂલો વધારે કરતા હોય એવું લાગે છે. જે જ્ઞાનીઓ જીવનમાં જીવી જાણનારા છે તેઓ તો જીવીને શીખે છે. જીવનનું જેમને ભાન છે તે ઓછી ભૂલો કરે છે, ને તેઓ ભૂલોને સુધારવા પ્રયત્ન પણ કરે છે. 'નર કરણી કરે તો નર કા નારાયણ હોઈ.'

**પ્રશ્ન:** સામાન્ય માનવે કેવી રીતે સાધના કરવી?

**પૂ.શ્રી:** સામાન્ય માનવીની સાધના તો સરળ છે. 'સાધના' શબ્દથી ડરવાની જરૂ નથી. કબીર સાહેબે ખૂબ સરસ માર્ગ બતાવ્યો છે. એમના એક પદમાં તેઓ લખે છે : 'મત કર મોહ તૂ.'

પહેલી જ વાત તેઓ મોહ ના કરવાની કરે છે.

'હરિ ભજન કો જાન રે' – પ્રભુને ભજો.

'નયન દિયે દરશન કરનેકો' – આંખથી સારું જુઓ.

'શ્રવણ દિયે સુન જ્ઞાન રે' – કાનથી જીવન-વિકાસની જ વાતો સંભળો. મુખથી હરિનામ-કોઈને મદદરૂપ થવાની વાત જ કરો. હાથથી દાન કરો. પદ, પ્રતિષ્ઠા, બુદ્ધિ, ધનથી બીજાને મદદરૂપ થાઓ. – આ થઈ બહારની સાધના.

કબીરજીએ 'ઘૂંઘટકા પટ ખોલ'માં અંતરની સાધના પણ બતાવી છે.

**પ્રશ્ન :** કેટલાક એકાંતમાં રહેનાર સંતો માનવસેવામાં માનતા નથી ?

આ પ્રશ્ન અંગ્રેજીમાં હતો. પૂ.શ્રીએ અંગ્રેજીમાં ઉત્તર આપ્યો.

**પૂ.શ્રી :** સંતો માનવસેવામાં માને છે. સેવા તો ઘણી રીતે થાય. આમ-તેમ ફરવાથી જ સેવા થાય તેવું નથી. જુદા જુદા માર્ગે સેવા થાય, જે સેવા ઘણીવાર દેખાતી નથી. ફૂલ સુગંધથી સંપન્ન બને તે પછી જ તે સુગંધ આપવાની સેવા કરે છે. દીવો, નદી પણ શક્તિથી સંપન્ન બને પછી જ સેવા કરે છે.

રામકૃષ્ણદેવે વરસો સુધી પ્રાર્થના કરી. દયાનંદે પણ ગુરૂ પાસે રહીને જ્ઞાન મેળવ્યું. ઈશુ ખ્રિસ્તે પણ ગુફામાં તપ કર્યું. સમર્થ રામદાસે બાર વર્ષ ગોદાવરી-તટે મંત્રજપ કર્યા. આ બધા સંતો શક્તિથી સંપન્ન બન્યા પછી સેવા કરવા પાછા ફર્યા.

કેટલાક સંતો એક સ્થાને બેઠા તો ત્યાં બેસવું પણ જરૂરી હતું. ત્યાંથી પણ તેઓ સેવા જ કરતા હતા.

**પ્રશ્ન :** કલિયુગ ક્યારે પૂરો થશે?

**પૂ.શ્રી :** (અંગ્રેજીમાં પ્રશ્ન પુછાયો, જેથી પૂ.શ્રીએ અંગ્રેજીમાં ઉત્તર આપ્યો) શાસ્ત્રની વાતોને નવી દૃષ્ટિથી વિચારવી જોઈએ. જ્યારે મનમાં ક્લેશ, અશાંતિ, ક્રોધ, રાગ, દ્વેષ જાગે ત્યારે આપણા જીવનમાં કલિયુગ જાગે; પણ જ્યારે મનમાં શાંતિ, પ્રસન્નતા, પ્રેમ જાગે ત્યારે આપણા જીવનમાં સતયુગ જાગે. તમારે કયા યુગમાં જીવવું છે તે તમારે જાતે જ નક્કી કરીને જીવવાનું છે. એટલે આપણે માટે તે જ યુગ ચાલુ થશે.

**પ્રશ્ન :** પ્રભુની કૃપા વિના સંતોનાં દર્શન ન થાય?

**પ્રશ્ન :** કુંડલિની શક્તિમાં આપ માનો છો?

**પ્રશ્ન :** ભય ને ચિંતાની વૃત્તિ છોડવા શું કરવું?

પૂ.શ્રીએ એ પ્રશ્નોના લંબાણથી ઉત્તરો આપતાં જણાવ્યું : તુલસીદાસ, શંકરાચાર્ય, બધા જ સંતો કહે છે કે, સત્સંગ દુર્લભ છે. પ્રભુની કૃપા વિના તે મળતો નથી.

કુંડલિની શક્તિને શાસ્ત્રમાં જુદા જુદા નામે ઓળખાવી છે. તે શક્તિ ગુરુકૃપાથી, નામજપથી, આસનથી, પ્રાર્થનાથી જાગે છે. તેનાં લક્ષણો જે હમણાં પ્રચલિત થયાં છે તે, શાસ્ત્રોક્ત નથી. એ શક્તિની જાગૃતિનો અનુભવ થઈ શકે છે.

ભય ને ચિંતા પ્રભુમાં વિશ્વાસ હોય તો ના થાય. જ્યાં ભેદ અનુભવાય ત્યાં ભય જાગે; ને પ્રભુમાં પૂર્ણ શ્રદ્ધા હોય કે તે મારી રક્ષા કરે જ છે, તો ચિંતા ના રહે. એ માટે પ્રાર્થના-જપ કરવાં.

પ્રશ્નોત્તરી દરમ્યાન એક ભાઈ એવા પણ બેઠા હતા, જેઓ અહીંની લાયબ્રેરીમાંથી પૂ.શ્રીની આત્મકથા 'પ્રકાશના પંથે' મેળવીને વાંચે છે. તેમને મેં પૂછ્યું કે, તમારે પણ કાંઈ પૂછવું હોય તો પૂછો.

તે ભાઈએ કહ્યું કે, મને આમાંથી જ પ્રકાશ મળ્યા કરે છે, એટલે મારે કશું પૂછવાનું રહેતું નથી. મેં આ પુસ્તકનાં ૨૧૯ પાનાં વાંચ્યાં છે. એમાંથી ઘણું જાણવાનું મળી રહે છે.

આજનો કાર્યક્રમ પૂરો થયો ત્યારે ઘડિયાળમાં સાડા આઠ વાગી રહ્યા હતા. છ થી સાડા આઠ સુધીનો આ કાર્યક્રમ રસપ્રદ રહ્યો. છેવટે સૌએ પ્રણામ કરીને વિદાય લીધી.

અમે ફળ ને દૂધ લીધાં. આ ઉતારાના વાડામાં થયેલાં તાજાં ફળો આજે અમને આગ્રહ કરીને શ્રી મગનભાઈએ આપ્યાં. વધુમા લીલી દ્રાક્ષ, પાકી કેરી, સક્કરટેટી પણ હતાં.

બધાં જ ફળો આ દેશમાં મળે છે. તેથી ફક્ત ફળ-દૂધ ઉપર રહેવું હોય તોપણ રહી શકાય તેમ છે.

ફળ-દૂધ લઈને થોડું વાંચન કર્યું.

આ યજમાન પરિવાર શ્રી ગજાનંદ મહારાજને માને છે. તેમની પાસે તેમના જીવનચરિત્રનું પુસ્તક છે, જે મળવીને આજે મેં વાંચવાનું શરૂ કર્યું.

વાંચન બાદ આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૪૮

**તા. ૩-૧-૮૩, સોમવાર, માગશર વદ પાંચમ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ-લેનેશિયા વિસ્તાર**

આજે સવારે યજમાન પરિવાર દૂધ સાથે ગુલાબનાં બે ફૂલો પણ અંજલિરૂપે મોકલે છે. આખોયે પરિવાર સંસ્કારી છે. સંતો પ્રત્યે આદરભાવ રાખનારો છે. અહીંથી ૫૦, ૬૦, ૧૦૦ માઈલ દૂર પ્રવચનો રાખ્યાં છે. 'ત્યાં પણ આપણે અહીંથી જ જઈશું. જેથી આપની સેવાનો અમને લાભ મળે.' એવું શ્રી મગનભાઈએ કહ્યું ત્યારે પૂ.શ્રીએ કહ્યું: અમને પણ અહીં ફાવી ગયું છે. આ ઘર ખૂબ પવિત્ર લાગે છે. અમને અહીં સારું લાગે છે. તેથી તમારી ભાવના પ્રમાણે અમે અહીં જ રહીશું. અમારાં હૃદયમાં જે પ્રતિભાવ પડ્યા તે જ અમે તો તમને જણાવીએ છીએ કે, અમને અહીં સારું લાગે છે.

બપોરે વઘારેલી ખીચડી બનાવીને ભોજનમાં લઈએ છીએ.

ભોજન બાદ મુલાકાતમાં એક ભાઈ મળવા આવે છે, જેઓ કર્મકાંડી બ્રાહ્મણ છે. તેમણે યોગદર્શન, ગીતાદર્શન, રામાયણદર્શન જેવાં પૂ.શ્રીનાં પુસ્તકો વાંચ્યાં છે. તેઓની સાથે વાતો થાય છે.

મુલાકાત બાદ શહેરમાં ફરવા લઈ જવા શ્રી રતિભાઈ આગ્રહ કરે છે. પરિણામે આજે ફરવા જવાનું બને છે. સાથે યજમાન પણ આવે છે.

લેનેશિયાથી ગાડી આગળ ચાલે છે. બહાર સખત તાપ છે, પણ રતિભાઈની ગાડીમાં એરકન્ડિશનની સગવડ છે તેથી ઠંડક રહે છે.

શહેર નજીક આવતાં જ બન્ને બાજુ પીળી માટીવાળા ઢગલા અમને બતાવ્યા, જે માટીમાંથી સોનું નીકળ્યું હતું. હજી પણ એ માટીના ઢગલામાંથી કોઈક બીજી ધાતુઓ મળી રહી છે, તેથી પર્વતમાંથી નીકળેલી એ માટીનું ફરીથી શોધન થઈ રહ્યું છે.

ખાણમાંથી નીકળેલી એ માટીના ઢગલાનો આકાર પર્વત જેવો જ હતો. એના ઉપર બહારની ધૂળ ન લાગે તે માટે અમેરિકાથી બી મંગાવીને એના ઉપર ઘાસ ઉગાડ્યું છે, જેથી તે માટીના ઢગ ઢંકાઈ ગયા છે.

ખાણ અંદરથી જોવા જઈ શકાય છે; પરંતુ મંજૂરી લેવાની હોય છે.

આગળ જતાં શહેરનાં અંદરના ભાગમાં દુનિયાની જાણીતી યુનિવર્સિટી જોવા મળી. દક્ષિણ આફ્રિકાની તે સૌથી મોટી યુનિવર્સિટી છે.

વળી, ઈન્ડિયનો શહેરમાં વેપાર-ધંધો કરતા તેમને ત્યાંથી ખાલી કરાવી દશેક વર્ષ ઉપર શહેરની બીજી બીજુએ વેપારી મથક બંધાવીને ત્યાં ખસેડ્યા તે ઘણી વિશાળ જગ્યા પણ જોઈ. સરકારે ત્યાં હજારોની સંખ્યામાં દુકાનો બાંધી છે, જ્યાં ઈન્ડિયનોનો સારો ધંધો ચાલે છે.

ત્યાં પણ ગાડીમાં જ બેઠાં બેઠાં નજર નાખી લીધી. સિટી હૉલ, સિવિક્સ સેન્ટર, પચાસ માળનાં મકાનો પણ જોયાં. જોહાનિસબર્ગ ડરબન કરતાં દશ ઘણું મોટું છે. આખાયે શહેરમાં આપણે ગમે ત્યાં ફરી શકીએ. જોકે આખોયે વિસ્તાર યુરોપીયનો માટેનો જ હતો. અહીં જે ઈન્ડિયન વિસ્તાર છે તે લેનેશિયા નામે

ઓળખાય છે. એશિયા શબ્દ અહીંના લેનેસ નામના સ્ટેશન સાથે જોડી દીધો છે. અહીં રોડનાં નામ પશુ-પંખીઓનાં નામથી આપેલાં છે.

ઉતારા ઉપર આવી આરામ કર્યો.

સાંજે ધ્યાનની સમૂહ બેઠક હતી. તેમાં પંદર-વીસ ભાઈબહેનોએ ભાગ લીધો. પૂ.શ્રીએ અડધો કલાક સમજ આપી. પછી વીસ મિનિટ સૌ ધ્યાનમાં બેઠાં. થોડી પ્રશ્નોત્તરી પણ થઈ. સૌ વિદાય થયાં. પછી, અમે સાંજના અલ્પાહારમાં ફળો લીધાં.

રાત્રે આઠ વાગ્યે હૉલમાં પ્રવચન હતું. મોટા એરકન્ડિશન થિયેટર જેવો તેનો દેખાવ હતો અને તેમાં વિશાળ મંચ હતો. બે સોફા ઉપર બેસવાનું બન્યું. શરૂઆતમાં પરિચય અપાયો. ત્યારબાદ ફૂલનાં હાર ને કલગીથી સ્વાગત થયું. પૂ.શ્રીએ પોતાનું પ્રવચન ગુજરાતીમાં આપ્યું.

આ દેશમાં દરરોજ ફૂલહારથી સ્વાગત કરવાને બદલે કાર્યક્રમના પ્રથમ દિવસે જ એ રીતે સ્વાગત થાય; અને પછીના બધા જ કાર્યક્રમો, તે કોઈ પણ સંસ્થાના હોય તોપણ ત્રણ વાર ગાયત્રીમંત્ર સમૂહમાં બોલીને જ શરૂ થાય. તે આ દેશની વિશેષતા છે.

પ્રવચન બાદ ભજન, ધૂન ગવાયા બાદ આરતી થઈ. પછી સૌ વિદાય થયાં. કેટલાંક મંચ ઉપર પ્રણામ કરવા આવ્યાં. કેટલાંક ભાઈ બહેનો સો કિલોમીટર દૂરથી પ્રવચન સાંભળવા આવ્યાં હતાં. તેઓ પૂ.શ્રીને મળે છે.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. ધ્યાનની બેઠક અંગે ખાસ જાહેરાત નથી કરી છતાં તેમાં સંખ્યા સારી હતી. તેથી, હવે જાહેરાત કરીને હૉલમાં ધ્યાનનો વર્ગ ચાલુ કરવાની વાત વિચારવામાં આવી.

ઉતારા ઉપર આવી, દૂધ પીને આરામ કર્યો. જોહાનિસબર્ગની ગુજરાતી જનતાએ આજે ઘણી મોટી સંખ્યામાં હૉલમાં હાજરી આપીને પૂ.શ્રીના પ્રવચનનો લાભ લીધો. આ શહેરમાં પૂ.શ્રીના ઘણાં પુસ્તકો વંચાયા છે. એનો ઉલ્લેખ પણ આજના પરિચયમાં સંચાલકે કર્યો હતો. જનતા પણ ભાવિક છે, પ્રેમાળ ને શ્રદ્ધાભક્તિથી સંપન્ન છે. પૂ.શ્રીએ પણ જનતાના ઉત્સાહને જોઈને કહ્યું : આવાં સ્થળોએ પ્રવચનો વધારે ગોઠવવા જોઈએ, જેથી જનતાને વધુ ને વધુ લાભ મળે.

* * હરિઃ ૐ * *

## દિન ૪૯

**તા. ૪-૧-૮૩, મંગળવાર, માગશર વદ છઠ ૨૦૩૯**
**લેનેશિયા- જોહાનિસબર્ગ**

આજે પણ સવારે દૂધ સાથે સુંદર ગુલાબનાં બે ફૂલો યજમાન પૂ.શ્રી પ્રત્યેના આદરભાવને વ્યક્ત કરવા મોકલે છે. વળી, સાડા બાર વાગ્યે પૂ.શ્રી સાથે અમે બેઠક ખંડમાં જઈએ ત્યારે પણ સૌ ફૂલો આપીને જ પ્રણામ કરે તે જુદું. પ્રેમભાવ વિના કોણ આવું કરી શકે? વળી, દરરોજ પૂ.શ્રી ભોજન કરે તે પછી ઘરનાં બધાં જ ફૂલ આપીને પ્રણામ કર્યા બાદ જ ભોજન કરવાનો આગ્રહ રાખે છે. ધન્ય છે એમની ભાવનાને.

આજે પણ નિત્યકર્મ પછી, હાથે જ ખીચડી બનાવી લીધી.

ભોજન બાદ મુલાકાત શરૂ થઈ. આજે બેઠકના ઓરડામાં દશ-બાર ભાઈબહેનો બેઠાં છે. સૌ પ્રણામ કરે છે. કેટલાંક ફૂલ આપીને પ્રણામ કરે છે. ત્યાં જ લગભગ દરરોજ ફોનથી મળતા શ્રી શાંતિભાઈનો ડરબનથી ફોન આવે છે. તેઓ અમે ગમે ત્યાં હોઈએ તોપણ એ રીતે ભાવપ્રેમથી મળે છે.

ફોનની વાતચીત બાદ, અહીં શ્રી સાંઈબાબા સત્સંગ મંડળ ચાલે છે તેના સંચાલક ને તેમનાં પત્ની પણ અમને મળવા આવ્યાં છે. તેમની સાથે પૂ.શ્રીએ અંગ્રેજીમાં જ વાતો કરવી પડે છે. રોમન કેથોલિક ધર્મનાં તે દંપતી છે.

તેમણે પ્રશ્નો અંગ્રેજીમાં પૂછ્યા.

**પ્રશ્ન:** મેં રોમન કેથોલિક ધર્મ છોડ્યો ને હિન્દુ ધર્મ અપનાવ્યો, તો ઘણાં કહે છે કે મેં ભૂલ કરી છે. મને તો તે ભૂલ લાગતી નથી.

**પૂ.શ્રી:** જુઓ ધર્મ તો બહારની બાબત છે.

તમે ચર્ચમાં જાઓ કે મંદિરમાં જાઓ, બન્ને સરખું જ છે. આત્માને તો કોઈ મંદિર કે કોઈ ચર્ચ નથી. માર્ગ તો તમારો પ્રભુનો જ છે. અને તે તમારા હૃદયને જો સાચો લાગ્યો છે તો તેને જ વળગી રહો.

હજારો યુરોપીયનો હરેકૃષ્ણ ચળવળમાં જોડાય છે. ઘણાં હિન્દુઓ ખ્રિસ્તી બને છે. તો, તમારા પર કોઈએ બળજબરી તો કરી નથી. તમે જાતે જ જોડાયા છો, તેથી તેમાં કશું જ ખોટું નથી.

**પ્રશ્ન :** હું શાકાહારી બન્યો છું. લોકો એ અંગે પણ ટીકા કરે છે.

**પૂ.શ્રી :** તમે પશ્ચિમના જ ડૉક્ટરોના રિપોર્ટ વાંચશો તો માંસાહારથી શરીરમાં વિવિધ રોગો થાય છે એવું જણાશે.

મહાપુરુષોમાંના એક મહાપુરુષ ગાંધીજી સંપૂર્ણ શાકાહારી હતા, છતાં એમના જીવનમાં ને કાર્યમાં કેવી શક્તિ હતી! દયાનંદ સરસ્વતી, અરવિંદ, રામકૃષ્ણદેવ, તિલક વિગેરે શાકાહારી જ હતા અને કેવી આધ્યાત્મિક શક્તિથી તેઓ સંપન્ન હતા તે સૌ જાણે છે.

લોહી પીવું ને માંસ ખાવું તે તો વાઘ-સિંહનો ખોરાક છે. અનાજ, શાકભાજી, ફળો, ચોખ્ખું દૂધ બધું જ મળે છે ત્યારે આપણે તો તે જ ખાવું જોઈએ.

**પ્રશ્ન:** મૃત્યુ પછી શું થાય? શાંતિ મળે ખરી?

**પૂ.શ્રી** : મૃત્યુ પછીની શાંતિ માટે સ્વપ્નાં ના સેવો. જીવતાં જ એવા પ્રયત્ન કરો કે શાંતિ મળે. તે જ શાંતિ આગળ પર કામ આવે એ માટે આજથી કાર્યક્રમ બનાવો.

તમારા ખિસ્સામાં આજે રેન્ડ(નાણું) છે તો એ જ રેન્ડથી તમે ધંધામાં આવતી કાલે આગળ વધી શકશો. આ જીવનમાં તમે શાંતિ મેળવશો તો બીજા જન્મે પણ તમને શાંતિ મળશે જ.

**પ્રશ્ન** : અમે બન્ને ધ્યાન-ભજન કરીએ છીએ, પણ અમારું બીજું બાળક છે તે ખૂબ તોફાની છે. તો શું કરવું?

**પૂ.શ્રી:** એ તો તમારો પરીક્ષક છે. પ્રભુએ તમારા ઘરમાં બાળકના રૂપે પરીક્ષક મોકલ્યો છે. તમે સેન્ટર ચલાવો છો, લોકોનાં જીવન બદલો છો, તો બાળક કહે છેઃ તમે મારા જીવનને બદલી તો જુઓ. તમારા ક્રોધની, તમારા સિદ્ધાંતની પરીક્ષા થઈ રહી છે.

બાળક તો નિર્દોષ હોય છે. તે પોતાના પૂર્વસંસ્કારોને લઈને આવે છે. આપણે તેને સમજપૂર્વક સન્માર્ગે વાળીએ, પ્રેમથી વાળીએ.

શ્રીકૃષ્ણનું નામ તમે સાંભળ્યું છે?

-હા. તેમનું પુસ્તક આજે સાથે જ લાવ્યો છું. એમાં મારે આપના હસ્તાક્ષર આશીર્વાદરૂપે જોઈએ છે. પછી એ પુસ્તક હું વાંચવાનો છું.

પૂ.શ્રીઃ શ્રીકૃષ્ણ બાળપણમાં ખૂબ તોફાની હતા. નાનપણથી જ તેઓ પોતાની ફરજો બજાવતા. માખણ લાવીને ગરીબોને ખવડાવતા.

આટલી વાતચીત થાય છે ત્યાં તો અમેરિકાથી શ્રી વિનોદભાઈનો ફોન આવે છે. પૂ.શ્રી ફોન પર વાતો કરે છે. પછી, પાછા બેઠકના ઓરડામાં આવીને બેસે છે, ત્યારે બીજા એક ભાઈ પૂ.શ્રીને અંગ્રેજીમાં પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન** : અહંકાર ધ્યાન કરવાથી ઓછો થાય?

**પૂ.શ્રી** : જરૂર. અહંકારને દૂર કરવાની બીજી પણ રીતો છે. સમજપૂર્વક વિચાર કરવાથી તે પણ દૂર થાય.

આપણને અહંકાર થાય ત્યારે આપણી જાતને આપણે જ પૂછવું કે, અહંકાર શેનો થાય છે? જ્ઞાનનો? તો વિચારવું કે મારા કરતાં તો ઘણા મોટા જ્ઞાનીઓ જગતમાં વસે છે. પૈસાનો અહંકાર થયો છે? તો વિચારવું કે વિશ્વમાં મારાથીયે ચડિયાતા ઘણા પૈસાદારો છે. આધ્યાત્મિક અહંકાર? ઘણા સંતોના જીવન વાંચીએ-સમજીએ તો જણાશે કે આપણે તો કંઈ જ મેળવ્યું નથી. આ રીતે વિચારવાથી અહંકાર ઓછો થશે.

વળી, જેમ જેમ ધ્યાનની સાધના આગળ ચાલશે તેમ તેમ અંતઃકરણ શુદ્ધ થતું જશે ને તેમ તેમ અહંકાર ઓગળતો જશે.

રોમન કેથલિક બહેન પ્રશ્ન પૂછે છેઃ  મહાત્માજી! ઉપાસનાની શ્રેષ્ઠ રીત કઈ કહેવાય?

**પૂ.શ્રી** : હૃદયથી પ્રભુને ચાહો તે. જીભથી બોલો કે આંખ મીંચીને પ્રભુસ્મરણ કરો, પણ હૃદયમાં તેને માટે સાચો પ્રેમ જોઈએ જ.

**પ્રશ્ન :** સત્ય સાંઈબાબા એ શીરડી સાંઈબાબાનો અવતાર છે?

**પૂ.શ્રી :** જુઓ, હું એવા અંગત અભિપ્રાયમાં, ચર્ચામાં પડતો નથી.

તમે તેમને એ રીતે માનતા હો તો તે ચાલુ રાખો. તેમાં શંકા ન કરો. ગમે તે હોય પણ આખરે તેઓ નિઃસ્વાર્થી સંત તો છે જ ને? તેઓ અવતાર હોય કે ન હોય પણ તેમનું હમણાંનું જીવન જુઓ તોપણ તેઓ આપણાથી મહાન જ લાગશે. આપણી શક્તિ, સાધના જ જ્યાં અલ્પ છે ત્યાં આપણે કોઈ સંતને કેવી રીતે ઓળખી શકીએ?

આપણે તો જે શ્રદ્ધાથી જોઈએ તે શ્રદ્ધા જ ચાલુ રાખવી.

અરે! તમે બધા જ અવતાર છો. સત્ય સાંઈબાબા જ છે એવું નથી. તમે બધા જ, આ બેઠા છો તે બધા જ, સચ્ચિદાનંદ પરબ્રહ્મના અવતાર છો. પણ તમે તે ભૂલી ગયા છો. જ્યારે મહાપુરુષો તે ભૂલતા નથી.

તમે તમને તમારા આ શરીર ને નામથી ઓળખો છો કે, હું આ છું. જ્યારે સંતો કહે છે કે અમે અવતાર છીએ, પ્રભુના અંશ છીએ, 'સોઙમ્'.

વળી, આપણને કોઈ પણ મહાપુરુષની સાથે કોઈ જાણીતા મહાપુરુષના નામને જોડીએ તો જ સંતોષ થાય છે. જાણે સ્વતંત્ર રીતે કોઈ સંત થઈ જ ન શકે એવું માનવાની આપણને ટેવ પાડી છે!

મને પણ પૂછનારા પૂછે છે કે, યોગેશ્વરજી! તમે કોના અવતાર છો? હું કહું છું કે, મારું અત્યારનું જે જીવન છે તે જ જુઓને ભાઈ!

**પ્રશ્ન :** તમને ઘણાં દિવ્યદર્શનો થયા છે એવું મેં સાંભળ્યું છે, તો અમને તે અનુભવો હમણાં કહોને?

**પૂ.શ્રી :** આજે તો હવે એટલો સમય નથી, છતાં એક અનુભવ કહી સંભળાવું

એમ કહી પૂ.શ્રીએ ઉપવાસ દરમ્યાન થયેલો શીરડી સાંઈબાબાનો અનુભવ અને શીરડીમાં આરતી સમયે સાંઈબાબાના તૈલચિત્રમાં જગદંબાના દર્શનનો થયેલો અનુભવ કહી સંભળાવ્યો.

સૌને ખૂબ ખૂબ આનંદ થયો. પ્રશ્ન પૂછનારાઓને સૌને સંતોષ થઈ ગયો. આજે પ્રશ્નોત્તરીનો આખોયે કાર્યક્રમ અંગ્રેજીમાં જ થયો.

પૂ.શ્રી એકધારું અંગ્રેજી બોલી શકે છે. વાતચીત વચ્ચે કોઈ શબ્દો શોધવા અટકવું પડતું નથી. ચાલીસ વર્ષ ઉપર જ્યારે અંગ્રેજી શિક્ષણ લીધેલું તે વિદ્યાર્થી-અવસ્થાને બાદ કરતાં ક્યાંયે અંગ્રેજી બોલવાનો મહાવરો નથી મળ્યો છતાં પ્રભુકૃપા જેના ઉપર પૂર્ણપણે વરસે તેને ભાષાનાં બંધન ક્યાં નડે છે? આ રીતે પૂ.શ્રી કૃપાપાત્ર સંતપુરુષ છે એમાં શંકા નથી.

મુલાકાત દોઢ કલાક ચાલી. સુંદર ચર્ચા થઈ. હવે સમય બે વાગ્યાનો સંકેત કરતો હતો.

એક ગુજરાતી ભાઈને સિત્કારી પ્રાણાયામ તેમના આરોગ્ય માટે શીખવવાનો હતો, તેથી પૂ.શ્રી સૌની વિદાય લઈને પોતાના ઓરડામાં જઈ તે ભાઈને તે પ્રાણાયામ શીખવે છે.

ત્યારબાદ થોડો આરામ કરે છે. વળી, સાંજે થોડું લેખન કરે છે.

છ ને પંદર મિનિટે એક ભાઈને તેમના મંત્રજપ માટે મુલાકાત આપવાની છે તેથી પૂ.શ્રી તે ભાઈ સાથે તેમની મંત્ર-મૂંઝવણની ચર્ચા કરીને તેમને માર્ગદર્શન આપે છે.

સાડા છ વાગ્યે ધ્યાનની સમૂહ બેઠક થાય છે. એમાં ગુજરાતી જાણનાર વર્ગ ઓછો હતો. તેથી આખીયે સમજ અંગ્રેજી ભાષામાં જ પૂ.શ્રીએ આપવી પડી. ધ્યાનની બેઠકમાં ગઈ કાલ કરતાં આજે સંખ્યા વધુ હતી. બેઠક બાદ શ્રોતાઓએ પ્રશ્નો અંગ્રેજીમાં જ પૂછ્યા.

પ્રશ્ન: ધ્યાન આજ્ઞાચક્રમાં જ ધરવાનું કે બીજે ધરી શકાય?

શરૂઆતમાં ૐકાર મોટેથી જ બોલવાનો?

ધ્યાનમાં શ્વાસ કેટલો સમય રોકવાનો?

ઈષ્ટદેવ રામ હોય ને ગુરુમંત્ર કૃષ્ણનો હોય તો કોનું ધ્યાન કરવું?

ગુરૂ ને શિવ, એ બેમાં કોનું ધ્યાન કરવું?

શ્વાસમાં લાંબો મંત્ર કેવી રીતે વહેંચવો?

એક દિવસ આજ્ઞાચક્ર ઉપર, બીજે દિવસે હૃદયપ્રદેશ ઉપર – એ રીતે દરરોજ જુદા જુદા સ્થાન પર ધ્યાન કરી શકાય?

ધ્યાનમાં શરીર ધ્રુજે તે કુંડલિનીનું લક્ષણ છે?

બધા જ પ્રશ્નોના ઉત્તરો પૂ.શ્રીએ સરળ રીતે સમજાવ્યા.

પ્રશ્નોત્તરી બાદ સૌ વિદાય થયાં. અમે ફળ વિગેરે લીધું. આઠ વાગ્યે ‘ધી પાટીદાર હૉલ’માં પહોંચી ગયાં.

ગઈ કાલ કરતાં આજે સંખ્યા ઘણી હતી. હૉલ આખોયે ભરાયેલો હતો. આજે પણ ફૂલનાં હાર ને કલગીથી અમારા બન્નેનું શરૂઆતમાં સ્વાગત થયું.

આજે પૂ.શ્રીની આજ્ઞાથી પ્રથમ મારે ભજન ગવડાવવાનું બન્યું. પૂ.શ્રીએ ગુજરાતીમાં પોતાનું પ્રવચન શરૂ કર્યું. તેમાં મુખ્યત્વે પ્રાર્થના ઉપર ભાર મૂક્યો. છેવટે એક ભજન બાદ પૂ.શ્રીએ આખાયે પ્રવચનનો સાર ટૂંકમાં અંગ્રેજીમાં કહી સંભળાવ્યો. તેથી જે વર્ગ અંગ્રેજી ભાષા જ જાણતો હતો તેને માટે સમજવાનું સરળ બન્યું.

છેવટે આરતી થઈ. સૌ વિદાય થયાં. અમે પણ ગાડીમાં બેસીને ઉતારા ઉપર આવી ગયાં. ઉતારાથી હૉલ એટલો બધો નજીક નથી. ગાડીમાં દશબાર મિનિટ તો લાગે જ છે.

ઉતારા ઉપર આવીને પાંચ મિનિટ સુધી પૂ.શ્રીએ અહીંના કાર્યક્રમો અંગે વાતો કરી. પછી અમે દૂધ પીધું. થોડું ધ્યાનમાં બેઠાં.

પછી આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૫૦

**તા. ૫-૧-૮૩, બુધવાર, માગશર વદ સાતમ ૨૦૩૯**
**લેનેશિયા- જોહાનિસબર્ગ**

સવારે સાડા ત્રણે પૂ.શ્રી સ્નાન કરીને વ્યાયામ કર્યા બાદ સાડા ચાર વાગ્યે મને ઉઠાડે છે. સ્નાન બાદ અમે ધ્યાન બેઠાં. મંત્રજપ કર્યા. ત્યારબાદ લેખન શરૂ થઈ ગયું. વચ્ચે ઠંડુ દૂધ આઠ વાગ્યે પીધું. લેખનનો એ ક્રમ લગભગ સાડા દશે પૂર્ણ થયો. ત્યાર પછી પૂ.શ્રી જપ કરતાં કરતાં આરામ કરે છે.

પોણા અગીયારે પૂ.શ્રી સાથે રસોડામાં જવાનું બને છે. ભોજનની બે વાનગી બનાવી લઈએ છીએ. ભોજન લઈએ છીએ.

મુલાકાત પહેલાં યજમાન પરિવારના સભ્યો સાથે, મંત્ર અંગેની મૂંઝવણની ચર્ચા પૂ.શ્રીએ કરી. મુલાકાતીઓએ થોડી રાહ જોવી પડી.

આજે પંદર-સોળ ભાઈબહેનો પૂ.શ્રીની મુલાકાત માટે આવીને બેઠાં છે. અમે જ્યારે બેઠકના ઓરડામાં ગયાં ત્યારે દશેક ભાઈબહેનો નીચે જમીન ઉપર કારપેટ ઉપર બેઠેલાં ને પાંચ-છ ભાઈઓ સોફા ઉપર બેઠેલાં હતાં. સૌએ વ્યક્તિગત રીતે પાસે આવીને અમને પ્રણામ કર્યા.

આજે પ્રશ્નોની શરૂઆત એક ગુજરાતી ભાઈએ જ કરી.

**પ્રશ્ન :** હવેનો  પુનર્જન્મ શું માણસનો થાય?

**પૂ.શ્રી :** તમારે જે થવું હોય તે તમારા જ હાથમાં છે. જેવા સંકલ્પ કરશો તેવાં વર્તમાન ને ભવિષ્ય નક્કી થશે.

**પ્રશ્ન :** આ માનવ જન્મ પણ પૂર્વકર્મના ફળરૂપે છે?

**પૂ.શ્રી :** એ તો ખરું જ. પણ આ જન્મમાં નવા સંકલ્પ, નવાં કર્મબુદ્ધિ વગેરે પણ ઉમેરાય. કેટલીક બાબતો આપોઆપ - આપણને ગમે કે ન ગમે છતાં - મળી છે, જેમ કે માબાપ, ઘર, ગામ, સુખ ને દુઃખ પણ. આ જન્મે આપણને સત્સંગની ઈચ્છા થાય, તપની, દાનની, ધ્યાનની સદ્‌બુદ્ધિ જાગે તો તે બધાં આ જન્મનાં નવાં કર્મો છે. એ નવા કર્મોને આધારે આપણને આગળનો જન્મ મળે છે.

આટલી વાતો પૂ.શ્રી ગુજરાતીમાં કરે છે. પણ આજે મુલાકાતીઓમાં અંગ્રેજી જાણનાર વર્ગ પણ છે. તેઓ ગુજરાતી ન સમજી શકે તેથી પૂ.શ્રીએ તેમને અંગ્રેજીમાં વાત કરતાં પૂછ્યું: તમને આ સમજાયું?

- ના.

તો પછી તમારા પૈકી એક ભાઈ આમને ટૂંકમાં અંગ્રેજીમાં સમજાવો. પૂ.શ્રીની આ સૂચનાથી એક ભાઈએ ઉપરના બે પ્રશ્નોના પૂ.શ્રીના ઉત્તરો અંગ્રેજીમાં કહી સંભળાવ્યા.

હવેનો ત્રીજો પ્રશ્ન તો અંગ્રેજીમાં જ પૂછાયો.

**પ્રશ્ન :** બૌદ્ધિક જ્ઞાન ને આત્મજ્ઞાનમાં શો ફેર?

**પૂ.શ્રી** : ભારતમાં પાકશાસ્ત્ર નામનું પુસ્તક મળે છે, જેમાં વિવિધ વાનગીઓ કેમ બનાવવી તેની માહિતી હોય છે. તે વાંચીને કેટલાંકના મોંમાં પાણી છૂટે, પણ તેટલાથી પેટ ન ભરાય. એ માટે તો તે વાનગી રસોડામાં જઈને તૈયાર કરવી પડે, ખાવી પડે, તો જ પેટ ભરાય. ફક્ત વિચારવાથી કે વાંચવાથી તૃપ્ત ના થવાય.

ભારત વિશે ઈતિહાસમાં વાંચ્યું હોય, નક્શામાં જોયું પણ હોય, ત્યાં રહેતા સંતો વિશે જાણ્યું-વાંચ્યું હોય તો તે બધી બૌદ્ધિક માહિતી છે. પણ આપણે જાતે ભારત જઈએ ને દેશ જોઈએ, સંતોના દર્શન કરીએ ત્યારે જ તેનો સાચો ખ્યાલ આવે, અનુભવ થાય.

ઋષિઓએ પોતાનું જ્ઞાન પુસ્તકોમાં લખ્યું છે. પણ તે જ્ઞાનને અનુભવવા આપણે તપ, ધ્યાન આદિ કરવું પડે. આપણે પુસ્તકો વાંચીએ તેથી માહિતી-જ્ઞાન મળે, પણ તેને અનુભવીએ તો જ તે અનુભવનું જ્ઞાન મળે.

વિવેકાનંદને પહેલાં માહિતી હતી પણ અનુભવનું જ્ઞાન ન હતું. તેથી તેઓ અનુભવપૂર્ણ જ્ઞાનીની શોધમાં હતાં. શ્રી રામકૃષ્ણદેવ એક એવા અનુભવી જ્ઞાની મળ્યા. તેમણે કહ્યું કે, મેં ઈશ્વરને જોયો છે એટલું જ નહીં પણ ઈશ્વરનાં દર્શન માટે તને પણ મદદ કરી શકું તેમ છું. કારણ, શ્રી રામકૃષ્ણદેવ પૂર્ણ અનુભવી જ્ઞાની હતાં.

પૂ.શ્રીને અંગ્રેજીમાં જ પ્રશ્નો પુછાયા. પરિણામે અંગ્રેજીમાં જ ઉત્તરો આપવાનું પૂ.શ્રીએ શરૂ કર્યું.

**પ્રશ્ન** : ભગવાનને પ્રસાદ કેમ ધરાવીએ છીએ?

**પૂ.શ્રી** : ભગવાનનો તો 'પ્રસાદ ધરાવજો' એવો પત્ર આવ્યો નથી! એ તો ભક્તોએ ચાલુ કર્યું છે. ભગવના તો એવું કશું જ ઈચ્છતા નથી. પણ એ બહાને માનવ સમર્પણ કરતાં શીખે છે.

પ્રભુને દરેક વસ્તુ ધરો, ને પછી તેના માલિક નહીં પણ સંરક્ષક બનીને તે વાપરો. સારા કામમાં જ વાપરો. પૂ.શ્રીએ વિસ્તારથી મીરાંબાઈની વાત કરીને આ વિશેની સમજ આપી.

**પ્રશ્ન** : ગુરૂ જીવંત ન હોય તો નવા ગુરૂ કરવા?

**પૂ.શ્રી** : હું તમને પૂછું છું, તમારે માતાપિતા હતાં? પિતા મૃત્યુ પામે પછી તમને કોઈ પૂછે, તમારા પિતા કોણ? તો તમે કોઈ નવા પિતાનું નામ આપો કે પછી તમારા જે પિતા હતા તેમનું જ નામ આપો?

જુઓ, ગુરૂ હંમેશા જીવંત જ છે. તેઓ કદી મરતા નથી. બધા જ ગુરુઓ શરીરથી આ પૃથ્વી પરથી આગળ કે પાછળ જવાના જ છે. મૂળ વાત એ છે કે આપણી શ્રદ્ધા ન જવી જોઈએ.

**પ્રશ્ન** : સ્ત્રી ગુરૂ કરી શકે? કે પછી પતિને જ ગુરૂ માનવા?

**પૂ.શ્રી** : આત્મિક કલ્યાણ માટે તો પતિએ પણ ગુરૂ કરવા જ પડે છે. એ રીતે સ્ત્રીએ પણ ગુરૂ તો કરવા જ પડે.

**પ્રશ્ન** : ગુરૂ વિના મોક્ષ ના થાય?

**પૂ.શ્રી** : એવું કશું નથી. જુઓ કોઈ માનવ-ગુરૂ ના મળે તો પ્રભુ જ આપણા ગુરૂ છે એમ માનવું.

**પ્રશ્ન** : ગુરૂ એક હોય કે અનેક હોય?

**પૂ.શ્રી** : જ્યાં જ્યાંથી સારું શીખવાનું મળે તે તે આપણા શિક્ષા-ગુરૂ. પણ દીક્ષાગુરૂ, મંત્ર આપનાર ગુરૂ એક જ હોવા જોઈએ. બધા જ ગુરૂ એક જ ગુરુનું સ્વરૂપ છે એમ માનીને એકમાં જ શ્રદ્ધા દૃઢ કરવી.

લગભગ એક કલાક સુધી પૂ.શ્રીએ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ અંગ્રેજીમાં જ ચલાવ્યો.

બે વાગી ગયા. સૌએ પ્રણામ કરીને વિદાય લીધી.

આજે લગભગ અઢી વાગ્યે અહીંથી ચાર-પાંચ કિલોમીટર દૂર લોલી નામના વિસ્તારમાં ગાડીમાં જવાનું બન્યું.

૧૯૧૨માં ગાંધીજી આ વિસ્તારમાં આવીને ટોલસ્ટોય ફાર્મમાં રહ્યા હતા. એ સ્થાન જોવાનું હતું.

તે સ્થાન કાચા રસ્તે જંગલમાં આવેલું હતું. ગાંધીજી નામને છાજે એવી કોઈ પ્રવૃત્તિ ત્યાં થતી નથી. એક જ જૂનું મકાન અને તે પણ જર્જરિત થયેલું છે. સંપૂર્ણ રીતે ઉપેક્ષા પામેલું એ સ્થાન હતું. એ સ્થાન ટ્રસ્ટીઓના હાથમાં છે. એવું સ્થાન જોતાં દુઃખ થાય, છતાં ઐતિહાસિક સ્થાન તરીકે તે જોવાનું હતું. સત્યાગ્રહની લડતનાં બીજ અહીં મંડાયા હતાં. અહીંથી દરરોજ લગભગ ૩૦ કિલોમીટર ચાલીને ગાંધીજી જોહાનિસબર્ગ શહેરમાં જતાં.

આ ઉપેક્ષિત સ્થાનમાં સ્મૃતિરૂપે ફોટાઓ લીધા.

ત્યાંથી ફરીથી ઉતારા ઉપર આવી ગયાં. પછી થોડો આરામ કર્યો.

સાંજે ધ્યાનની બેઠક હતી. આજે પણ ધ્યાનની આ બેઠકમાં સંખ્યા સારી હતી. પૂ.શ્રીએ આજે લોમ-અનુલોમ પ્રાણાયામ, સિંહમુદ્રા વિગેરે બતાવ્યાં. સાડા સાત વાગ્યે ધ્યાનની બેઠક પૂરી થઈ. પછી, અહીંની જનતાને પૂ.શ્રીનાં પ્રવચનોનો લાભ મળે તે હેતુથી ત્રણ અંગ્રેજી પ્રવચનો ગોઠવવાની ચર્ચા થઈ.

સમયસર સાંજના પ્રવચન-સ્થળે પહોંચી ગયાં. આજે પણ અહીં ફૂલહારથી સ્વાગત થયું. શરૂઆતમાં એક ભજન ગવાયું. આજના પ્રવચનમાં પણ શ્રોતાઓની હાજરી ઘણી સારી હતી.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. દૂધ પીને આરામ કર્યો.

જોહાનિસબર્ગની જનતા ભાવિક છે. જનતાના વિશાળ વર્ગ પાસે પૂ.શ્રી પુસ્તકો દ્વારા તો પહોંચી જ ગયેલા છે. અહીં ઘણા પંથો છે અને તેમના મંડળો છે. દરેક પોતાની રીતે કાર્ય કરે છે.

દશ વર્ષ ઉપર ઈન્ડિયનો જોહાનિસબર્ગ શહેરમાં જ રહેતા હતા અને વેપાર પણ ત્યાં જ કરતા હતા. પણ સરકારે તેમની દુકાનો ને ઘરો ખાલી કરાવ્યાં અને શહેરમાં જ એક બીજી જગ્યાએ નવું વેપારી મથક બંધાવીને બધાની દુકાનો ત્યાં ખસેડાવી તથા જોહાનિસબર્ગથી ૨૫ કિલોમીટર દૂર લેનેશિયા નામના વિસ્તારમાં ઈન્ડિયનો પોતાનાં ઘરો બાંધીને રહી શકે એવી યોજના બનાવી. પરિણામે, ઈન્ડિયનોએ આ વિસ્તારમાં જમીન ખરીદીને પોતાની માલિકીના સુંદર મોટા બંગલાઓ બાંધ્યા છે. ભારતમાં મોટા મોટા મિલમાલિકોના બંગલા હોય છે તેવો આ વિસ્તાર છે. અહીં બધી જ સગવડો સુલભ છે.

* * હરિઃ ૐ * *

## દિન ૫૧

**તા. ૬-૧-૮૩, ગુરુવાર, માગશર વદ આઠમ ૨૦૩૯**
**લેનેશિયા- જોહાનિસબર્ગ**

એકાવનમો દિવસ છે. આ ધરતી પર રહેવાનો કંટાળો આવ્યો નથી. આનંદ આવે છે. છ શહેરો જોયા. હજી તો કેટલાંયે જોવાનાં છે. જોવાનાં છે એટલું જ નહીં, પણ સત્સંગનો લાભ પૂ.શ્રી તે બધાં શહેરોને આપવાના છે.

આ દેશમાં સ્વચ્છતા ને શાંતિ ધ્યાન ખેંચે એવી બાબત છે. બહાર હોર્ન કે બીજા કોઈ અવાજનો ઘોંઘાટ જ ન મળે. હજારો ગાડીઓ હાઈ-વે ઉપર ઝડપથી પસાર થાય, પણ શાંતિ. નિયમપાલનની શિસ્ત ધન્યવાદને પાત્ર છે.

સવારે પૂ.શ્રી સાડા ત્રણ કલાક લેખન કરે છે. થાક, આળસ, કંટાળા વિના એમનો લેખનનો યજ્ઞ નિયમિત ચાલે જ છે. મહાભારતના કેટલાયે પ્રસંગોને પૂ.શ્રી પોતાની રીતે નવા દૃષ્ટિકોણથી જનતા સમક્ષ મૂકી રહ્યા છે. ભયંકર માંદગીમાંથી પ્રભુકૃપાથી જીવન મળ્યું, તો જનતાની વધુ ને વધુ સેવા કરવી એવી પૂ.શ્રીની ભાવના છે. પરિણામે, 'શ્રીરામચરિતમાનસ' ને ગુજરાતી કાવ્યમાં ઉતારવાનું ભગીરથ કાર્ય કર્યું. હવે એવું જ 'મહાભારત' વિષેનું પોતાનું પ્રદાન પણ જનતા જનાર્દનને ચરણે ધરશે.

ભોજન હાથે જ બનાવવાનો આનંદ છે. મનગમતા ભોજનમાં ખીચડીનું સ્થાન પૂ.શ્રીના જીવનમાં મહત્વનું છે. આજે પણ ખીચડી જ બની.

બપોરની મુલાકાતમાં એક ભાઈ શ્રી જયપ્રકાશ નારાયણના આધ્યાત્મિક વિચારો અંગે પૂ.શ્રી સાથે ચર્ચા કરે છે. વળી બીજા એક ભાઈ ગુરૂ અંગે માર્ગદર્શન માંગે છે.

**પ્રશ્ન** : આપણે ગુરૂ કર્યા હોય, પછી તેમનાથી સંતોષ ન હોય, તેમના મંત્રમાં પણ શંકા રહ્યા કરતી હોય તો ગુરૂ કે મંત્ર બદલવામાં દોષ લાગે ખરો?

**પૂ.શ્રી** : ના. ગુરૂ કરવામાં આપણાથી કેટલીક વાર ઉતાવળ થઈ ગઈ હોય ને પાછળથી આપણને એમ થાય કે એ સાહસ હતું. તેમનો મંત્ર પણ આપણા હૃદયને શાંતિ આપવાને બદલે ડંખ્યા કરતો હોય તો આપણા આત્મિક કલ્યાણ માટે પાછળથી આપણને કોઈક સારા માર્ગદર્શક મળી જાય તો તેમનો મંત્ર સ્વીકારવામાં ને તેમને ગુરૂ માનવામાં વાંધો નથી.

**પ્રશ્ન** : ગુરૂ મંત્ર આપતી વખતે જ દોષ લાગશે એવો ડર બતાવતા હોય છે!

**પૂ.શ્રી** : એવા ગુરુને તમારા આત્મિક કલ્યાણમાં રસ નથી. આદર્શ ગુરૂ તો કહે, "તમને મારામાં કે મેં આપેલા મંત્રમાં રસ કે શ્રદ્ધા નથી તો તમે બીજાને માર્ગદર્શક બનાવી શકો છો. એટલું જ ઈચ્છીએ કે તમે પ્રભુપંથે ગમે તે રીતે આગળ વધો."

ઘેટાં-બકરાંના ટોળામાંથી બે-ચાર ઘેટાં-બકરાં બહાર જતાં હોય તો ભરવાડ લાકડી લઈને પાછાં પોતાના ટોળામાં ભેગાં કરી દે છે. આ રીતે આધ્યાત્મિક ક્ષેત્રે ઉચિત નથી. શિષ્યને બીજા માર્ગે રસ છે, શ્રદ્ધા છે તો તે માર્ગેથી પોતાના તરફ બળજબરીથી વાળવાનો ગુરુનો પ્રયત્ન યોગ્ય નથી જ.

આજે એકાદ-બે પ્રશ્નો જ પુછાયા. પછી દર ગુરુવારે શીરડી સાંઈબાબાની સ્તુતિ જે અમે બોલીએ છીએ તે આજે મુલાકાત સમયે ગાઈ સંભળાવી. યજમાન પરિવારે તેને ટેઈપ કરી લીધી.

પછી થોડો આરામ કર્યો. આજે રેડિયો લોટસના પ્રતિનિધિએ પૂ.શ્રીની મુલાકાત લીધી, જેમાં અંગ્રેજીમાં જ પ્રશ્નોત્તરી થઈ.

સાંજે પૂ.શ્રી થોડું લેખન કરે છે. સાંજની ધ્યાનની બેઠકમાં રોજેરોજ સંખ્યા વધતી જ જાય છે. પૂ.શ્રીએ આજે ધ્યાનની સમજ હિન્દીમાં આપી.

આજે પ્રવચન સમયસર થયું.

અન્ય કાંઈ ખાસ નોંધપાત્ર ન હતું.

ઉતારા ઉપર આવીને દૂધ-ફળ લઈ આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૫૨

**તા. ૭-૧-૮૩, શુક્રવાર, માગશર વદ નોમ ૨૦૩૯**
**લેનેશિયા- જોહાનિસબર્ગ**

આજે પણ દરરોજની જેમ જ ક્રમ રહ્યો. ભોજન હાથે બનાવીને કરી લીધું.

આજની મુલાકાતમાં પૂ.શ્રીએ મુલાકાતીઓ તરફથી પુછાયેલા નીચે મુજબના પ્રશ્નોના ઉત્તરો આપ્યા. આખોય વાર્તાલાપ અંગ્રેજીમાં જ થયો.

**પ્રશ્ન:** ક્રોધને દૂર કરવા શું કરવું જોઈએ?

**પૂ.શ્રી :** પોતાની જાતનું નિરીક્ષણ કરો.

**પ્રશ્ન :** મંદિર કે ચર્ચમાં ઘંટ કેમ હોય છે?

**પૂ.શ્રી :** કેટલાક એમ માને છે કે ભગવાનને ઘંટનાદથી જગાડીએ, પણ ઘંટ તો યોગશાસ્ત્રનું પ્રતીક છે. સાધના કરતાં કરતાં સાધક આગળ વધે છે, એટલે આપોઆપ અંતઃકરણમાંથી શક્તિ જાગ્રત થતાં દસ પ્રકારના નાદ સંભળાય છે. તેમાં એક આ ઘંટનો નાદ પણ છે. મંદિર તો યુનિવર્સિટી છે. પણ એ બધાં પ્રતીકોને કોણ સમજે છે? દીવો પણ આત્માનું પ્રતીક છે, માટે જ દીવો કરવામાં આવે છે.

**અન્ય પ્રશ્નો:**

આત્મા, પરમાત્માને પરબ્રહ્મમાં શો તફાવત?

મૃત્યુ પછી શું થાય તે યોગીઓ જાણી શકે?

ભગવાન કૃષ્ણ જ પરબ્રહ્મરૂપ હતા?

પ્રાર્થના સ્નાન વિના થઈ શકે?

નાનાં બાળકોનાં મૃત્યુ થાય છે તે શું પૂર્વકર્મોને લીધે?

ગાયત્રીમંત્ર વિશે પ્રકાશ પાડશો?

મારા ગુરૂ ભારતમાં દરરોજ નવ વાગ્યે દર્શન આપે છે, તે સમયે અહીં પાંચ વાગ્યા હોય છે. તેથી હું ત્યારે ધ્યાનમાં કૃપા મેળવવા બેસું છું પણ ઘણીવાર તે સમય ચૂકી જવાય છે. તેથી મારા ઉપર કૃપા ન થાય?

આ વિવિધ પ્રશ્નોના ઉત્તરો પૂ.શ્રીએ ખૂબ વિસ્તારથી આપ્યાં.

આજે ભોજન બાદ, મુલાકાત પહેલાં. આ બંગલાની આસપાસ બાગ જેવું છે તેમાં યજમાન પૂ.શ્રીને ફરવા લઈ જાય છે. ત્યાં ફળોનાં વૃક્ષો જોયાં.

બપોરે શહેરમાં થોડું ફરવા જવાનું હતું, પણ તેમાં તો અઢી કલાક વીત્યા! પૂ.શ્રીને ફરવા જવાનો રસ નથી. શ્રી રતિભાઈના આગ્રહથી જ પૂ.શ્રી ફરવા જવા તૈયાર થાય છે.

આજે પચાસ માળના મકાન ઉપર લિફ્ટમાં ચઢવાનું બન્યું. બીજે બધે તો ગાડીમાં જ ફર્યા.

લેનેશિયામાં હજારોની સંખ્યામાં બંગલાઓ બંધાય છે. અહીં બે માળનું મકાન બાંધી શકાતું નથી. કારણ, જમીન પોલી છે. માર્ગમાં એક મોટી જેલ બંધાઈ રહી છે. તેમાં ભોંયરા-માર્ગે કેદીને કોર્ટમાં લઈ જઈ શકાય એવી યોજના છે.

સાંજે ધ્યાનની બેઠકમાં પચાસ ભાઈ-બહેનોએ ભાગ લીધો. પૂ.શ્રીએ આજે અંગ્રેજીમાં જ સમજ આપી. કારણ કે અંગ્રેજી જાણનારાઓની સંખ્યા વધુ હતી.

આજે ગુજરાતી પ્રવચનોની પૂર્ણાહુતિ થઈ. આવતી કાલે અહીંથી પ્રિટોરીઆ નામના શહેરમાં જવાનું છે.

સાંજે બટાકાપૌંઆ ને દૂધ લીધું. પછી આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૫૩

**તા. ૮-૧-૮૩, શનિવાર, માગશર વદ દશમ ૨૦૩૯**
**લેનેશિયાથી પ્રિટોરીઆ**

સવારે નિયમિત ક્રમ રહ્યો : સ્નાન, વ્યાયામ, મંત્રજપ ને લેખન. દૂધ પીવું એ ક્રમ પણ અતિનિયમિત.

બપોરે ખીચડીનું ભોજન બનાવી લીધું. સાથે મકાઈ પણ બાફી, જે ભોજન સાથે લીધી.

ભોજન બાદ મુલાકાતનો સમય થઈ જતાં બેઠક ખંડમાં ગયાં. બે અલગ સોફા હતાં. વચ્ચે ટેબલ હતું. અમે બેઠક લીધી એટલે સૌ મુલાકાતીઓ વારાફરતી ઊભા થઈને, નજીક આવી ઘૂંટણીએ પડીને નમસ્કાર કર્યા.

આજે શરૂઆતમાં પોણો કલાક ગુજરાતીમાં જ પ્રશ્નોત્તરી થઈ.

**પ્રશ્નો:**

મરણ પછી શ્રાદ્ધ કરવું જોઈએ?

શ્રાદ્ધ ક્રિયામાં ફાનસ વિગેરે બિનજરૂરી વસ્તુઓ પણ મુકાવે છે તે મૂકવી જોઈએ?

ગરીબો સમાજમાં પ્રતિષ્ઠા ખાતર શ્રાદ્ધનો મોટો ખર્ચ કરતાં જણાય છે, તો શું તે યોગ્ય છે?

એ બધી ક્રિયાઓ મૃતાત્માને પહોંચે છે?

મૃતાત્માની શાંતિ માટે બીજો કોઈ માર્ગ છે ખરો?

કાગવાસ નાખવા પાછળ શું રહસ્ય છે?

પૂ.શ્રીએ આ બધા જ પ્રશ્નોની છણાવટ કરી. પૂ.શ્રીએ જે કહ્યું તે ટૂંકમાં નીચે મુજબ હતું.

મરણ પાછળની ક્રિયા ખોટી નથી. તે કરવી જોઈએ. પણ તેનું સ્વરૂપ બદલવું જોઈએ. જેમ કે, આપણે સમાજના ધરાયેલા વર્ગને ભોજન આપીએ છીએ, એના કરતાં ગરીબ, અનાથને ભોજન આપીએ અને ભોજનને બદલે ગરીબ વિદ્યાર્થીઓને કપડાં, ચંપલ, છત્રી આપીએ તો તે શ્રાદ્ધ જ થયું કહેવાય.

ગરીબોને લગ્ન-પ્રસંગે જે ખર્ચા થાય છે તે જોતાં તો એમ ન લાગે કે તેઓ ગરીબ હશે. શ્રાદ્ધક્રિયાના રિવાજથી ગરીબ પણ થોડામાંથી થોડું સમાજને ઉપયોગી સેવાકાર્ય કરે. બાકી, કોઈ એમને એમ જ સેવા કરતું નથી. શ્રાદ્ધ નિમિત્તે માનવ થોડો ઉદાર થાય છે. શ્રાદ્ધક્રિયા એટલી બધી મોંઘી નથી હોતી. તેમાં પણ વિધિ કરાવનાર ભૂદેવ સાથે આપ-લેની વાત સમજીને કામ લેવામાં આવે તો તે શ્રાદ્ધક્રિયા બોજારૂપ થતી નથી.

મૃત્યુ પછી તે જીવ તરત જ બીજો જન્મ લે છે, એવું નથી. તેથી, તે સૂક્ષ્મરૂપે છે એમ માનીને એ ક્રિયા કરવામાં નુકશાન નથી. તે ક્રિયાથી જીવતાને તો લાભ થાય જ છે અને કર્મકાંડી બ્રાહ્મણોને એ રીતે મદદ મળે છે.

પ્રાર્થનાથી પણ શાંતિ મળે છે. કાગવાસ તો પિતૃઓને તે પહોંચે એવી કલ્પના જ છે.

આ પ્રશ્નોત્તરી ઘણી લાંબી હતી. એ પછી અંગ્રેજીમાં પ્રશ્નો થયા.

**પ્રશ્ન** : હમણાં જ મારો મિત્ર જે ખૂબ ભક્તિ કરે છે તેને અકસ્માત થયો તો તે પૂર્વનું કર્મ હશે? તે ભક્તિ કરે છે છતાં તેને કેમ એવું થયું?

**પૂ.શ્રી** : તે જીવે છે ને?

તે ભાઈ: હા, બચી ગયો.

**પૂ.શ્રી** : ભક્તિ કરતો હતો તેથી જ ઈશ્વરે કૃપા કરી તેને બચાવી લીધો. તે તેના પૂર્વના કે આ જન્મના કર્મનું પણ ફળ હોઈ શકે.

**પ્રશ્ન** : તે ભાઈ, ધારો કે મૃત્યુ પામે તો શું સમજવું?

**પૂ.શ્રી** : તો પ્રભુનો આભાર માનવાનો કે, હે પ્રભુ! તારી કેટલી કૃપા છે! કોઈ પણ જાતની લાંબી દુઃખદ માંદગી ભોગવ્યા વિના તેં એને તરત જ તારી પાસે બોલાવી લીધો. આપણે જો સુખી થવું હોય તો દરેક પ્રસંગે પ્રભુની કૃપા જ જોવી.

માણસને દરેક વાતમાં જો અસંતોષ રહે તો તે દુઃખી થયા કરે; પ્રભુને ફરિયાદ કર્યા જ કરે, જો મહિને એક હજાર રેન્ડનો પગાર કોઈને મળતો હોય તોપણ ફરિયાદ જ કરે: મને આટલો જ પગાર? જો પાંચસો રેન્ડ પગાર વધે તોપણ ફરિયાદ જ કરશે: આટલો જ વધાર્યો? પરંતુ એ જ માણસ જો સંતોષી હોય તો પ્રભુનો આભાર માનતાં કહે કે, પ્રભુ ! તારો ખૂબ આભાર. તેં મને એક હજાર રેન્ડ જેટલી રકમ આપી, તેં મને પાંચસો રેન્ડ જેટલો મોટો વધારો આપ્યો. પ્રભુ ! તારી ખૂબ કૃપા છે. આ રીતે વિચારીએ તો આપણે સુખી થઈએ ને આનંદથી જીવીએ.

સમય પૂરો થવા આવ્યો. ત્યાં જ, બે વાગ્યે ‘સ્ટાર’ નામના દૈનિક વર્તમાનપત્રના પ્રતિનિધિ શ્રી નાઝીર પૂ.શ્રીની મુલાકાત લેવા આવી પહોંચ્યાં.

મુલાકાતીઓ પ્રણામ કરીને વિદાય થયા. અખબારના પ્રતિનિધિએ પૂ.શ્રીને અંગ્રેજીમાં પ્રશ્નો પુછવાની શરૂઆત કરી.

**પ્રશ્ન** : આપને અમારો દેશ કેવો લાગ્યો?

આપના જીવન વિશે પ્રકાશ પાડશો?

આવા વિવિધ પ્રશ્નો તે ભાઈએ બે કલાક સુધી પૂછયા જ કર્યા. પૂ.શ્રી તરફથી તરત જ મળતા ઉત્તરોથી તે ભાઈ વચ્ચે વચ્ચે ‘ખૂબ સરસ’, ‘ખૂબ સુંદર’, ‘બરાબર છે’ જેવા આનંદના ઉદ્‌ગારો કાઢતા હતા. પ્રતિનિધિને પૂ.શ્રી સાથે વાતો કરવામાં ખૂબ આનંદ આવ્યો. નવા જ દૃષ્ટિકોણ સાથે મળેલા વિવિધ ઉત્તરોથી તે ભાઈને ખૂબ સંતોષ થયો.

છેવટે તે ભાઈએ અમારા ફોટા લીધા. પૂ.શ્રીએ સવા ચાર વાગ્યે આરામ લીધો.

પાંચ વાગ્યે તો અહીંથી નીકળીને આજે પ્રિટોરીઆ નામના જાણીતા શહેરમાં જવાનું હતું. ત્યાં ત્રણ દિવસનો કાર્યક્રમ હતો.

શ્રી રતિભાઈની ગાડી તૈયાર જ હતી. યજમાન પરિવારનાં સૌ સભ્યોએ પ્રણામ કરીને વિદાય આપી. ફરી જલદી જલદી આવતા રહેજો, એવા એમના વિદાયના શબ્દો હતા. બહાર ગાડી સુધી સૌ વિદાય આપવા

માટે આવ્યાં. ત્યાં તો એ ઘરનો નાનકડો પુત્ર પ્રશાંત જે ત્રણ વરસનો છે તે દોડતો આવીને અમને પ્રણામ કરીને અંગ્રેજીમાં કહેવા લાગ્યો: મહાત્માજી! જલદી આવજો.

યજમાન પરિવારના દરેક સભ્યના પવિત્ર સંસ્કારો સાચે જ અભિનંદનીય હતાં.

સાંજે ૬:30 વાગ્યે એકાદ કલાકના રળિયામણા માર્ગે થઈને અમે પ્રિટોરીઆ શહેરમાં આવી ગયાં. અમારો ઉતારો અહીંના જાણીતા સેવાભાવી એવા પવિત્ર પરિવારમાં હતો. શ્રી પ્રીતમભાઈ, જેઓ એ પરિવારના મુખ્ય સભ્ય છે તેઓની સાથે રાજકોટ વિષે થોડી વાતો થઈ. તે ભાઈ પૂ.શ્રીની આત્મકથામાં આવતા ચંપકભાઈના પાત્રને ઓળખતા હતા.

થોડી વાર ઘરમાં બેઠાં. ઘણી વાતો થઈ. પછી પ્રિટોરીઆ શહેરમાં રાતે એક આંટો મારવા જવાનું બન્યું. શ્રી રતિભાઈના અતિઆગ્રહને માન આપવું પડ્યું.

પ્રિટોરીઆ શહેર દક્ષિણ આફ્રિકાની રાજધાની છે. અહીંથી આખા દેશનો કારોબાર થાય છે. કેપટાઉનમાં આ દેશની પાર્લામેન્ટની બેઠક થાય છે, પરંતુ કાયદાઓનો અમલ અહીંથી જ થાય છે. શહેર ઘણું મોટું છે.

રાતે એક ઐતિહાસિક કિલ્લા જેવા સ્થળે જવાનું બન્યું. તે સ્થળ દિલ્હી પાર્લામેન્ટ હાઉસનું સ્મરણ કરાવે એવું છે. ત્યાંથી આખુંય પ્રિટોરીઆ શહેર દેખાય છે. એ સ્થળમાં ગાંધીજી પણ તેમના આફ્રિકા-વાસ વખતે ગયેલા હતાં.

રાતે આવીને દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૫૪

**તા. ૯-૧-૮૩, રવિવાર, માગશર વદ અગિયારસ ૨૦૩૯**
**પ્રિટોરીઆ શહેર**

લોઢિયમ નામનો ઈન્ડિયન એરિયા છે. ત્યાં લોકો સ્વતંત્ર રીતે પોતાના બંગલા બાંધીને રહે છે. હજારોની સંખ્યામાં અહીં બંગલાઓ છે, જેમાં ગુજરાતી, મુસ્લીમ તથા ઉત્તર ને દક્ષિણ ભારતના લોકો વસ્યા છે. શહેરથી દશ-પંદર મિનિટના માર્ગે આ સ્થાન આવેલું છે.

અમારો ઉતારો એવા જ એક સ્વતંત્ર બંગલામાં હતો. તે પરિવારના મૂળ પુરુષ શ્રી મોહનલાલ જોષી દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના કલાર્ક તરીકે પ્રથમવાર આવેલા અને પછી ત્યાં જ વસી ગયેલા. તેઓ મૂળ રાજકોટના હતા. તેમના પુત્ર શ્રી પ્રીતમલાલ જોષી ત્યાં રહે છે. તેમનો મળતાવડો સ્વભાવ કોઈને પણ અજાણ્યું લાગવા ન દે. અમને પણ એ રીતે આ પરિવારમાં અજાણ્યું ના લાગ્યું.

સવારે પૂ.શ્રી સ્નાન કરી લે છે. વ્યાયામ પણ કરે છે. બધો જ ક્રમ એકધારો ચાલ્યા કરે છે. આજે અગિયારસ છે જેથી ફળ ને દૂધ બાર વાગ્યે લઈએ છીએ. સાડા બારથી બે વાગ્યા સુધી સત્સંગની વાતો થાય છે. રાજકોટના વિવિધ સંતોની વાતો પૂ.શ્રી કરે છે.

બે વાગ્યે કેનેડાથી શ્રી સુરેશભાઈનો ફોન આવે છે. તેમણે ક્યાંથી કેવી રીતે અમારા ઉતારાનો ફોન શોધી કાઢ્યો તેની ખબર ના પડી. તે ભાઈ સાથે પૂ.શ્રીએ પ્રેમથી વાતો કરી. મારે મૌનવ્રત હતું, જેથી મારે વાતો ન થઈ.

શ્રી રતિભાઈ દોઢ વાગ્યાથી ઊભા થઈને પૂ.શ્રીને બહાર લઈ જવા તૈયાર થઈ ગયા હતા. પણ પૂ.શ્રી કહેઃ હજી વાર છે. થોડીવાર પછી જઈશું. થોડીવાર પૂ.શ્રી પોતાના ચંપલ પહેરીને પણ યજમાન સાથે વાતો કરવા ઊભા રહે છે. ત્યાં જ કેનેડાથી ફોન આવે છે. પૂ.શ્રીનો વિલંબ સહેતુક હતો એવું પાછળથી અનુભવાયું.

બહાર જવા માટે યજમાન પરિવારની અને બીજી અન્ય પ્રેમી પુરુષની ગાડી હતી. પૂ.શ્રી બેસે છે. શહેરમાં સૌપ્રથમ મોન્યુમેન્ટ જોવા જવાનું બને છે. માર્ગમાં એક નાના ગામ જેવડી હોસ્પિટલ જોઈ, જેમાં ભોંયરામાં ત્રણ માળ ને ઉપર ત્રણ માળ છે. તેમાં આખાયે દેશના ઘવાયેલા સૈનિકોને તરત જ હેલીકોપ્ટર દ્વારા લાવવામાં આવે છે. સરકારી ખાણમાં કામ કરતા મજૂરો અકસ્માતનો ભોગ બને તો તેમને પણ અહીં સારવાર અપાય છે. અંગ્રેજ, આફ્રિકન, ઈન્ડિયન-કોઈ પણ અહીં સૈનિક તરીકે પ્રવેશ પામી શકે છે.

પ્રિટોરીઆ શહેરમાં પ્રવેશતાં જ દૂર દૂરથી મોન્યુમેન્ટની ભવ્ય ઈમારત દેખાય છે. ૧૮૩૮ની ૧૬મી ડિસેમ્બરે આફ્રિકન પ્રજાને હરાવીને ડચ પ્રજાએ શાસન શરૂ કર્યું હતું. તે યુદ્ધના ડચ પ્રજાના શહીદોના સ્મરણાર્થે આ મોન્યુમેન્ટ-સ્મારક બંધાયેલું છે. ડચ પ્રજા આ દેશમાં પ્રવેશી ત્યારે તેમનાં જીવન કેવાં હતાં તેની સ્મૃતિ કરાવતું મ્યુઝિયમ પણ અહીં છે.

આ મોન્યુમેન્ટ કે મ્યુઝિયમમાં ફક્ત સફેદ ચામડીવાળાઓને જ જોવા જવાનો પ્રવેશ મળતો હતો, પણ હવે થોડી છૂટ મુકાઈ છે.

આ દેશમાં ડચ પ્રજાએ આફ્રિકનોને સમજાવ્યું કે, ઈશ્વરે અમને અહીં મોકલ્યા છે. કાળી પ્રજાને સુધારવાનું કામ અમને ઈશ્વરે સોંપ્યું છે.

ડચ પ્રજાના હુમલા સામે આફ્રિકનો પાસે સંરક્ષણનાં સાધનોમાં ભાલા, તીરકામઠાં જ હતાં. પરિણામે લોહી આફ્રિકનોનું રેડાયું, પણ સ્મારક ડચ પ્રજાનું થયું. કેવી બલિહારી!

મ્યુઝિયમમાં, આ દેશનો ડચ પ્રજાનો ઈતિહાસ ચિત્રોમાં જોવા મળે છે. ત્યાં એ મ્યુઝિયમની માહિતી, કાર્ડ વિગેરે પણ વેચાય છે. એક અંગ્રેજ સ્ત્રી એ કામ સંભાળતી હતી. તેણે પૂ.શ્રીનો પહેરવેશ જોઈને આશ્ચર્ય અનુભવ્યું. તે સ્ત્રીએ શ્રી રતિભાઈને પૂ.શ્રીનો પરિચય પૂછ્યો, જે જાણીને તે સ્ત્રીએ કહ્યું: મારે એમને મળવું છે ને પ્રણામ કરવા છે. શ્રી રતિભાઈએ ‘મ્યુઝિયમમાંથી પાછા આવતાં હું મહાત્માજીને તમારી પાસે લાવીશ.’ એમ જણાવ્યું.

છેવટે તે ટેબલ પાસેથી જ મ્યુઝિયમની બહાર નીકળવાનું હતું. ત્યાંથી અમે પસાર થયાં ત્યારે તે સ્ત્રીએ પૂ.શ્રીને પ્રણામ કરીને આનંદ વ્યક્ત કર્યો. વળી, તેણ થોડી વાતો કરી અને કહ્યું: હું દુઃખી છું. આપ મને આશીર્વાદ આપો. અને મારે માટે આપ પ્રાર્થના કરશો?

પૂ.શ્રીએ તે સ્ત્રીને અંગ્રેજીમાં જ જવાબ આપતાં કહ્યું: જરૂર અમે પ્રાર્થના કરીશું, તમે પણ ઈશુનું સ્મરણ કરજો. સવારે ઊઠતી વખતે ને સાંજે સૂતી વખતે પવિત્ર નામ જપજો. ઈશુ કહે છે કે, ‘સ્વર્ગનું રાજ્ય તમારી અંદર જ છે.’

તે સ્ત્રી પૂ.શ્રીના ઉત્તરથી ખૂબ પ્રસન્ન થઈ. તેણે ફરી પ્રણામ કર્યા. એ પછી અમે વિદાય લીધી.

ત્યાંથી પાર્લામેન્ટ હાઉસ જેનું નામ યુનિયન બીલ્ડીંગ છે ત્યાં ગયાં. ત્યાંના બગીચામાં ફોટાઓ પણ લીધાં.

સાડા ચાર વાગ્યે ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

સાંજે પૂ.શ્રીને મસૂરીમાં રહેતા ગુજરાતી પરિવારનાં એક બહેન મળે છે.

શ્રી હિન્દુ સેવા સમાજના વિશાળ હૉલમાં મંચ ઉપર સોફાની બે બેઠક તૈયાર છે. એ જ ચોગાનમાં મંદિર પણ છે, જેમાં રામ, લક્ષ્મણ, સીતા, શંકર, પાર્વતીની ઊભી મૂર્તિઓ મોટી ને આકર્ષક છે. એ મંદિર ૧૯૭૧માં બંધાયું હતું. વળી એ જ ચોગાનમાં એક મોટી ગુજરાતી શાળા પણ હતી. શરૂઆતમાં અમે મંદિરમાં ગયાં. પછી, હૉલમાં ગયાં. અમારો પરિચય અપાયો. સ્વાગત થયું. પછી પ્રવચન થયું. મૌન હોવા છતાં બે ભજનો મેં ગવડાવ્યાં. એ પછી ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૫૫

**તા. ૧૦-૧-૮૩, સોમવાર, માગશર વદ બારસ ૨૦૩૯**
**પ્રિટોરીઆ શહેર**

સવારે નિયમિત રીતે પૂ.શ્રી પલંગનો ત્યાગ કરીને સ્નાન માટે બાથરૂમમાં જાય છે. ત્યારે શરીર ઉપર બંડી પહેરી લે છે. પૂ.શ્રી પોતાના ખુલ્લા શરીરને કોઈ જુએ તે પસંદ કરતા નથી. શરીરના નીચેના ભાગે દોઢ વારનો લાંબો સફેદ ટુકડો છે. એક હાથમાં ધોયેલું સફેદ વસ્ત્ર છે. બીજા હાથમાં બ્રશ ને ઊલિયું છે. સ્નાન કરીને આવ્યા પછી પ્રથમ શીર્ષાસન કરે છે. ત્યારબાદ બીજાં આસનો કરે છે. આસન દરમ્યાન બંડી પહેરતા જ નથી. છેક આઠ વાગ્યે બંડી પહેરી લે છે. વ્યાયામ કર્યા બાદ મંત્રજપ માટે માળા લઈને પોતાના પલંગ ઉપર પલાંઠી વાળીને બેસે છે. કોઈવાર વળી, થોડી વાર સૂતાં સૂતાં પણ માળા કરે.

માળા પૂર્ણ થતાં જ બંડી પહેરી લે. માથામાં ઘસીને તેલ નાખે. વાળમાં મધ્યમાં પાંચ પાચવાર કાન તરફથી ઊભી જ કાંસકી ફેરવે. ઘણીવાર વળી, એક, બે, ત્રણ, ચાર, પાંચ એમ બોલે પણ ખરા. કાંસકી સાફ કરી જ્યાં હોય ત્યાં ફરી વ્યવસ્થિત મૂકી દે. પછી, પલંગ ઉપરથી ઓશીકાં લઈને નીચે ગરમ ધાબળો કે જાડો રૂમાલ ગડી વાળીને મૂક્યો હોય તેના ઉપર બેસી જાય. પગ ઉપર ઓશીકાં મૂકી, પલાંઠી વાળીને, ઉપર પુસ્તક ને લખવાની નોટ મૂકે ને કલમ ચાલુ થઈ જાય. ત્યારથી ત્રણ કે સાડા ત્રણ કલાક સુધી, ઓરડામાં કોઈ પણ હોય છતાં વાતો ન કરે. બીજું તો ઓરડામાં કોણ આવે? પહેલાં માતાજી હતાં. હવે હું છું. પણ વાતો કોઈ સાથે નહીં. શાંતિથી લેખન ચાલ્યા જ કરે.

લેખનમાં હાલ 'મહાભારત' ચાલે છે. એટલે કોઈકવાર એમાંથી સળંગ ફકરો ઉતારવાનો હોય તો લેખન બાદ તેઓ મને તે બતાવે ને કહેઃ તમારાથી આ લેખન થાય તો કરજો, નહીં તો હું કાલે કરી લઈશ. તમારે પણ કામ હોય ને?

આઠ વાગ્યે હું રસોડામાંથી ઠંડા દૂધની મોટી બાટલી ને પ્યાલા લાવું. પૂ.શ્રી સાથે હું પણ દૂધ લઉં. પણ કોઈ વાતો ના થાય.

લેખન બાદ પૂ.શ્રી ફરી માળા લઈને જપ કરે. પલંગ ઉપર સૂતાં સૂતાં અથવા ઓરડામાં આંટા મારતાં મારતાં જપ કરે.

પોણા બારે ઉતારાના ઓરડામાં જ ભોજનની થાળી લઈ લઈએ.

સાડા બાર વાગ્યે મુલાકાત માટે ઉતારાના બેઠકના ઓરડામાં જઈએ છીએ. અહીં આવનાર મુલાકાતીઓ પ્રણામ કરે છે.

એક યુવાન બહેન આવે છે, જેઓ અમને ડરબનમાં મળ્યાં હતાં અને પ્રિટોરીઆ આવવાનું અમને આમંત્રણ આપ્યું હતું. વળી, જે દિવસે તે બહેન ડરબનમાં મળેલાં ત્યારે મારે મૌન હતું. એ જાણીને આ યુવતીને પણ પ્રેરણા મળેલી ને તેમણે ત્યાર પછીની ત્રણ અગિયારશોએ મૌન પાળ્યું હતું. એ વાત તે બહેનના પતિ તરફથી જાણવા મળી. તે બહેને જપ અંગે બે-ત્રણ પ્રશ્નો પૂછ્યાં.

ત્યારપછી ઘરના યજમાન શ્રી પ્રીતમભાઈએ વિવિધ પ્રશ્નો પૂછ્યા.

**પ્રશ્ન** : ગુરૂ દરેકે કરવા જ પડે?

**પૂ.શ્રી** : બધાં બાળકો શાળામાં ભણ્યા વિના પાસ થતાં નથી. કોઈક બાળક ઘરે વાંચીને પાસ થાય. તેમ ૯૯ ટકા માણસોને ગુરુના માર્ગદર્શનની જરૂર રહેવાની જ. કોઈક જ પોતાની મેળે આગળ વધી શકે, જેને અપવાદ કહી શકાય.

**પ્રશ્ન** : સાક્ષાત્કાર એ વિચારોનું પ્રતિબિંબ છે?

**પૂ.શ્રી** : ના. દર્શનના ઘણાં પ્રકારો છે. કોઈને સ્વપ્નમાં દર્શન થાય, પણ તે બળવાન ના કહેવાય. કોઈને ધ્યાનમાં દર્શન થાય; કોઈને સમાધિ દશામાં દર્શન થાય; કોઈને જાગૃતિમાં દર્શન થાય. જાગૃતિમાં જે દર્શન થાય તે દુર્લભ. એને માટે ઘણી કઠોર સાધના જોઈએ, જે આ જમાનામાં ઘણું અઘરું છે.

**પ્રશ્ન** : અષ્ટાંગ-યોગનાં પગથિયાં એક પછી એક ચઢવાં?

**પૂ.શ્રી** : તમે ભોજનની થાળીમાં એક પછી એક ખાઓ છો?

પ્રીતમભાઈ: ના. બધું જ થોડું થોડું સાથે ખાઈએ છીએ.

પૂ.શ્રી: એ જ રીતે યમ, નિયમ સાથે થાય. વળી, સવારે આસન કરો, ધ્યાનમાં બેસો. જેમ જેમ અંતઃકરણ શુદ્ધ થાય તેમ તેમ આગળ વધો. ધ્યાન ને ધારણા એ આંબાના નાના નાના મરવા છે. સમાધિ એ પાકી કેરી છે. તે કેરીથી જ બ્રહ્માનંદનો રસ પિવાય છે.

**પ્રશ્ન** : અષ્ટાંગયોગનો સાર સારા બનો ને સારું કરો એમાં આવી જાય છે?

**પૂ.શ્રી** : સારું કરનારના ભોજનની થાળી ઘણીવાર બરાબર હોતી નથી. સજ્જનો હોય ખરા પણ તેઓ હિંસક પદાર્થો ખાતા હોય છે. યમમાં તો અહિંસા પાળવાની હોય છે, તે તેવાઓથી કેવી રીતે પળાય ?

**પ્રશ્ન** : સમાધિના કેટલા પ્રકાર છે?

**પૂ.શ્રી** : એમ તો બે જ પ્રકાર છે-જડ સમાધિ ને ચેતન સમાધિ. જડ સમાધિમાં કોઈ અનુભવ નહીં. ઊંઘ જેવી જ અવસ્થા. જડ સમાધિમાંથી પંદર વરસે જાગે તોપણ એવા જ રાગ, દ્વેષ, કામ ક્રોધ રહે. જીવનનું સાચું પરિવર્તન ન આવે.

જ્યારે ચેતન સમાધિમાં આત્માનો અનુભવ સમાધિ દરમ્યાન પણ થાય અને જગત આખાને આત્મવત્ જોવાની ટેવ પડે. જેથી જીવનનું સાચું પરિવર્તન થાય.

**પ્રશ્ન** : ઘણા કહે છે - "પરમેશ્વર 'નેતિ નેતિ' છે" એટલે શું?

**પૂ.શ્રી** : એને ગોળની જેમ કહી શકાય. ગોળ કેવો ? મધ જેવો, શેરડી જેવો, ખાંડ જેવો? પણ છેવટે આપણે ચાખીએ ત્યારે જ સાચેસાચ ગોળ કેવો છે તેની ખબર પડે.

ઋષિઓ કહે છે કે અમે તો અમારા કેમેરા પ્રમાણે તેને જોઈએ છીએ. એક જ ઘરના જુદા જુદા ફોટાઓમાં પણ ઘર આખું સમાઈ જતું નથી. ઘણું તેમાં રહી જાય છે. તેમ પરમેશ્વરનું જે પણ દર્શન થાય તે તો પરમેશ્વરનાં વિવિધ પાસાંઓનું અમુક જ દર્શન થાય છે.

**પ્રશ્ન** : બધાંને જુદાં જુદાં દર્શન થાય?

**પૂ.શ્રી** : જેની જેવી ભાવના તેને તેવાં દર્શન થાય.

**પ્રશ્ન :** પુનર્જન્મ માણસનો જ થાય?

**પૂ.શ્રી :** જેવાં જેના કર્મો.

**પ્રશ્ન :** ચોર્યાસી લાખ યોનિ છે?

**પૂ.શ્રી :** ઘણીવાર શાસ્ત્રમાંથી શબ્દાર્થ નહીં, ભાવાર્થ લેવાનો હોય છે. ચોર્યાસી લાખ એટલે અનંત કોટિ અથવા ચોર્યાસી જાતની યોનિ. નાની મોટી અનંત યોનિઓ છે.

જુઓને, ડરબન અમને રતિભાઈ સાપનું ઘર જોવા લઈ ગયેલા, ત્યાં સાપમાં જ કેટલી બધી જાતો છે. કાળા, લીલા, જમીન પર ચાલનારા, ઝાડ પર રહેનારા, પાણીમાં રહેનારા. તો એ રીતે બીજી પણ કેટલી બધી યોનિઓ હશે?

**પ્રશ્ન :** જન્મ-મરણ પાછળ કોઈ વ્યવસ્થિત તંત્ર હશે?

**પૂ.શ્રી :** હા. ભગવાનનું સેક્રેટરીએટ હશે જ. અને તે ખૂબ સારી રીતે કામ કરતું હશે.

પ્રશ્નોત્તરી ઘણી લાંબી ચાલી. સમય તો અઢી વાગ્યા એમ બતાવતો હતો. તેથી હવે આરામ માટે પૂ.શ્રી ઓરડામાં પધારે છે.

સાંજે ધ્યાનની સમૂહ બેઠક રાખી હતી. પૂ.શ્રીએ સૌને માર્ગદર્શન આપ્યું.

આજે પણ હૉલમાં પ્રવચન થયું, જેની મૂવી ફિલ્મ ઉતારાઈ. પ્રવચન બાદ તે જોવા પણ મળી.

રાત્રે ફળ-દૂધ લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૫૬

**તા. ૧૧-૧-૮૩, મંગળવાર, માગશર વદ તેરસ ૨૦૩૯**
**પ્રિટોરીઆ શહેર**

ગઈ કાલે જેવો જ આજે પણ ક્રમ રહ્યો. આ ઉતારો જે પરિવારમાં છે તે સંસ્કારી પરિવાર છે. એમના પરિવારમાં સાધ્વી જીવન જીવનાર દયાબહેન નામે એક બહેન થઈ ગયાં. તેઓ સ્વામીનારાયણ સંપ્રદાયને માનનારાં હતાં. તેથી અહીં પણ એક અલગ ઓરડો દેવસ્થાનનો છે, જેમાં શ્રીકૃષ્ણની મૂર્તિ અને સ્વામીનારાયણ પંથના સંતોની તસવીરો છે. આ ઘરમાં નિયમિત દેવપૂજા થાય છે. ભગવાનને ભોજનનો થાળ પણ દરરોજ અર્પણ થાય છે. પવિત્ર આચારવિચારવાળા ઘરમાં અમારો ઉતારો છે.

આજે ખીચડીનું ભોજન લીધું. ભોજન બાદ મુલાકાતનો સમય થયો. મુલાકાત માટે મસૂરીમાં પૂ.શ્રીને અગાઉ મળેલાં તેવાં એક બહેન આવ્યાં છે, જેથી શરૂમાં મસૂરીની થોડી વાતો થાય છે. પછી પ્રશ્નો શરૂ થાય છે.

**પ્રશ્ન :** મારું બાળક મંદબુદ્ધિનું છે. તો આપશ્રી આશીર્વાદ આપો.

**પૂ.શ્રી :** સરસ્વતીદેવીની પ્રાર્થના કરો. તે વાંચે તે પછી વારંવાર લખે તો તેથી યાદ રહેશે.

**પ્રશ્ન :** હું રાતે ગમે ત્યારે જાગું ત્યારે ધ્યાનમાં બેસું છું એટલે વિઘ્નો આવે છે, પણ 'મા'ના જપ કરવા બેસું છું ત્યારે વિઘ્નો નથી આવતાં!

**પૂ.શ્રી :** રાતે બેસવા કરતાં તમે સવારે બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાનમાં બેસો ને ધ્યાનમાં 'મા'ના જપ કરો, તો વિઘ્નો નહીં આવે. તમને 'મા'ના જ જપ વધુ અનુકૂળ પડશે.

**પ્રશ્ન :** હું ધ્યાનમાં ગુરુમંત્ર જપું છું, ને પછી મારાં કુળદેવીનું સ્મરણ કરું છું.

**પૂ.શ્રી :** કુળદેવીને ના ભૂલવાં. તેમનું જ સ્મરણ વધારે કરો. ધ્યાનમાં બેસો ત્યારે પગે ખાલી ચઢે ત્યારે એમ માનો કે, મા પોતાના બાળકને મીઠી ટપલી મારીને સૂચવે છે કે, મને ભૂલીને ધ્યાન કરવા બેઠો છે. તેથી ધ્યાનમાં પણ માના જ જપ કરો.

**પ્રશ્ન :** મરણ પાછળ શાંતિ માટે ભાગવત બેસાડે છે એનું રહસ્ય શું?

**પૂ.શ્રી :** એ તો રિવાજ છે. બાકી, ભાગવત સપ્તાહ જીવતાં જ સાંભળો, તો શાંતિ મરણ પછી મેળવવાની ન રહે, જીવતાં જ મળી રહે.

**પ્રશ્ન :** ભાગવત સપ્તાહમાં વાંસ કેમ રાખે છે?

**પૂ.શ્રી :** વાંસની ગાંઠ એ અવિદ્યાની ગાંઠ છે. આપણા જીવનમાં રાગની ગાંઠ, દ્વેષની ગાંઠ, મમતાની ગાંઠ, કામ-ક્રોધ-ભયની ગાંઠો છે તેમને આપણે તોડવાની છે.

પ્રશ્નોત્તરીનો સમય પૂરો થઈ ગયો. આજે તો પૂ.શ્રી દોઢ વાગ્યે ઊભા થઈ જાય છે.

બહાર ફરવા લઈ જવા શ્રી ઝીણાભાઈ તૈયાર જ હતા.

શહેરમાં પ્રાણીઓનું સંગ્રહસ્થાન જોવા મળ્યું. પર્વતો ઉપર જે કુદરતી જંગલ છે તેમાં જુદાં જુદાં પ્રાણીઓને રાખ્યાં છે. આખાયે પ્રાણી-સંગ્રહસ્થાનનો વિસ્તાર એક ગામ જેવડો છે. તેને ઉપરથી આકાશમાર્ગે જોવા માટે રોપ-વે છે. તેમાં ચાર વ્યક્તિ બેસીને સામેના પર્વત ઉપર જઈ શકે છે. નીચે બધાં પક્ષી-પ્રાણીઓ, ઉપર બેઠાં બેઠાં દેખાય છે. સામે પર્વત ઉપર ગુફા જેવું પણ બનાવ્યું છે. જેમાં ગોળાકારે સળિયાની બારીઓ છે. એ બારીઓમાંથી જંગલમાં પર્વતની ખીણમાં રહેતાં પ્રાણીઓ વાઘ, સિંહ વગેરે જોઈ શકાય છે.

પૂ.શ્રીને આ બધું જોવામાં જરા પણ રસ નથી, છતાં ફરવા આવે છે. કોઈકવાર ઉપરામતા પણ વ્યક્ત કરે છે.

સંગ્રહસ્થાનની બહાર ફૂટપાથ ઉપર દુકાનો છે, જેમાં આફ્રિકન મોતીકામની વસ્તુઓ વેચાય છે. કાચનાં વાસણ ઉપર, રૂમાલ ઉપર, સૂકાયેલી દૂધી ઉપર, પ્રાણીનાં છૂટાં શીંગડા ઉપર સુંદર મોતીકામ કરે છે. બંગડી, માળા, વગેરે પણ મોતીઓથી ભરે છે. આ ગૃહઉદ્યોગ એમનો જીવન-આધાર છે.

અહીંની આફ્રિકન પ્રજા ભંયકર ગરમીના દિવસોમાં પણ શરીર ઉપર ગરમ ધાબળો ઓઢે છે. નાનો ધાબળો શાલની જેમ જુદી જુદી રીતે પીન મારીને ઓઢે છે. પૈસાપાત્ર આફ્રિકનો પગમાં મોતીના, પથ્થરનાં ઘરેણાં જેવું પહેરે છે. વળી, ગળામાં પણ કપડાના જાડા મોટા પટ્ટા જેવું પહેરે છે.

ફરીને ઉતારા ઉપર આવી ગયાં. થોડો આરામ કર્યો. ત્યાં તો ધ્યાનની બેઠકનો સમય થઈ ગયો. તેથી ધ્યાનની પદ્ધતિ બતાવવામાં આવી.

નિશ્ચિત સમયે પ્રવચન થયું. પ્રવચનનો આજે છેલ્લો દિવસ હતો. અહીં ત્રણે ત્રણ દિવસની વિડીયો ફિલ્મ ઉતારાઈ હતી.

પ્રવચન બાદ થોડી વાતો થઈ. અહીંના યજમાનના આગ્રહથી આવતીકાલે સાંજે બીનોની નામના શહેરમાં પ્રવચન માટે જવાની વાત નક્કી થઈ. અહીંનાં સૌને સત્સંગની બેઠકનો વધુ લાભ મળે તે હેતુ હતો.

પ્રિટોરીઆના આ લોઢિયમ નામના વિસ્તારમાં પાંચસો ગુજરાતી પરિવાર વસે છે. કુલ વીસ હજાર ભારતીય પ્રજા વસે છે. પર્વતોથી વીંટળાયેલું આ શહેર ઘણું મોટું છે.

* * હરિઃ ૐ * *

## દિન ૫૭

**તા. ૧૨-૧-૮૩, બુધવાર, માગશર વદ ચૌદશ ૨૦૩૯**
**પ્રિટોરીઆ - બીનોની**

આજે પ્રવચન પ્રિટોરીઆમાં નથી પણ બીનોની નામના શહેરમાં છે, જે અહીંથી સાઠ કિલોમીટરના અંતરે આવેલું છે. ત્યાં રહેવાનો કાર્યક્રમ અમારા નિયમને અનુકૂળ ન હતો, તેથી માત્ર પ્રવચન માટે જ ત્યાં જવાનું નક્કી થયું છે. તે મુજબ આજે સાંજે ત્યાં પ્રવચન માટે જઈશું ને પછી અહીં જ પાછાં આવી જઈશું.

સવારે નિયમિત લેખનનો ક્રમ શરૂ થયો. બરાબર આઠ વાગ્યે દૂધ લેવામાં આવે છે. દૂધ ઠંડુ જ. અંદર થોડી ખાંડ નાખવાની. તે દૂધ પૂ.શ્રી લેખન માટે બેઠા હોય ત્યાં જ પ્યાલામાં મૂકવાનું. પૂ.શ્રી પોતાના હાથે જ દૂધ લે. સાથે વિટામીનની એક ટીકડી ને એક મકરધ્વજવટી લે છે. ફરીથી તરત જ લેખન-કાર્ય ચાલુ થઈ જાય છે. લેખનનો ક્રમ એકધારો ચાલ્યા જ કરે છે.

ત્રણ કે સાડા ત્રણ કલાકના લેખન બાદ, માળા લઈને સૂતાં સૂતાં જપ ચાલુ કરે છે.

પોણા બાર વાગ્યે અમે અમારા ઓરડામાં જ ભોજન લીધું. ભોજન બાદ મુલાકાત શરૂ થઈ. આજે જ્યોતિષ, ભૂતપ્રેત, આસન વગેરે વિષે પ્રશ્નો પુછાયા. પૂ.શ્રીએ સૌને સંતોષકારક ઉત્તરો આપ્યાં. આજે ઉતારાના બગીચામાં યજમાન પરિવાર સાથે ફોટા લીધાં. ત્યારબાદ આરામ.

સાંજે અહીંથી બીનોની નામના શહેરમાં પ્રવચન માટે જવાનું નક્કી હતું. સાંજે સાડા છ વાગ્યે નીકળીને સવા સાતે તો તે શહેરમાં પહોંચી ગયાં.

ઈન્ડિયન એરિયામાં જ્યારે અમારી ગાડી પ્રવેશે ત્યારે દિલ્હી સ્ટ્રીટ, કરાંચી સ્ટ્રીટ, હીરા સ્ટ્રીટ, પટેલ સ્ટ્રીટ, મિસ્ત્રી સ્ટ્રીટ વગેરે નામો વાંચવા મળ્યાં. સ્વતંત્ર બંગલાઓમાં ઈન્ડિયનો વસતા હતાં. અહીં પણ આશરે ૫૦૦ જેટલા ગુજરાતી પરિવારો છે. મંદિર પણ તૈયાર થઈ રહ્યું છે, જેમાં વિશાળ હૉલ, ગુજરાતી શાળા, સાધુસંતોને રહેવાની સગવડ વિગેરે થશે. કોઈ મોટી ફેકટરીનું બાંધકામ ચાલી રહ્યું હોય એવો તેનો ભવ્ય દેખાવ હતો.

આજના પ્રવચન પહેલાં ફૂલહારથી સ્વાગત થયું. આજે 'નામસ્મરણ' ઉપર જ પ્રવચન આપ્યું. મારે શરૂઆતમાં એક અને પ્રવચન પછી બે ભજનો ગવડાવવાનું બન્યું.

પ્રવચન બાદ ફરી પ્રિટોરીઆ આવવાનું બન્યું ત્યારે રાતના પોણા બાર થઈ ચૂક્યા હતાં. આ રીતે ચાર દિવસ આવ-જા કરવાની છે.

ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૫૮

**તા. ૧૩-૧-૮૩, ગુરુવાર, માગશર વદ ચૌદશ ૨૦૩૯**
**પ્રિટોરીઆ શહેર**

સાડા ત્રણે સ્નાન કરી, વ્યાયામ કરી, સાડા ચારે પૂ.શ્રી મને ઉઠાડે છે. થોડી આળસ આવે છે કારણ કે રાતે સૂવાનું મોડું થાય છે. પૂ.શ્રી પ્રેમથી ફરી ઉઠાડતાં કહે છેઃ ઊઠો, ભાઈ! આપણે તો યોગી બનવાનું છે.

અન એ રીતે ઊઠી જવાનું બને છે. સ્નાન બાદ વ્યાયામ કરીને મંત્રજપ કરી લેવાનું બને છે. દૂધ પીધા બાદ ડાયરીની નોંધ કરી લઉં છું.

આજે મુલાકાતમાં એક ભાઈએ પૂ.શ્રી પાસે આશીર્વાદ માગતાં જણાવ્યું : હું ગઈ કાલે રાત્રે અગિયાર વાગ્યે દરરોજના નિયમ પ્રમાણે મંત્રજપ કરવા બેઠો હતો. મારી આંખ મીંચેલી હતી. થોડી વારમાં જ દિવ્ય પ્રકાશ થયો અને એમાં, મહાત્માજી ! આપનું તથા મા સર્વેશ્વરીનું તેજોમય સ્વરૂપે દર્શન થયું.

પછી વળી એ દર્શન બંધ થયું. મેં ધ્યાનમાંથી ઊઠીને આંખ ખોલી, તો ખુલ્લી આંખે મને ફરીથી આપ બન્નેનાં દિવ્ય સ્વરૂપોનું દર્શન થયું.

પછી હું પલંગ ઉપર સૂવા ગયો, તો ત્યાં મને બંધ આંખે એકાંતમાં એક મંદિરનું દર્શન થયું. મંદિરમાં ખૂબ અંધારું હતું. નાની બારીમાંથી મેં અંદર જોયું તો હનુમાનજીની આરસની પ્રતિમાનાં દર્શન થયાં. પછી તે પ્રતિમામાંથી એક સાપ નીકળ્યો ને તે મારી સામે આવ્યો. મારા આ હાથ ઉપર જાણે ડંખ માર્યો. મેં એકદમ ગભરાઈને હાથ ખેંચી લીધો.

ત્યારે મા સર્વેશ્વરી ફરીથી દિવ્યરૂપે દર્શન દઈને કહેવા લાગ્યાં કે, ગભરાઈશ નહીં. આ તો આશીર્વાદ આપે છે. તને નહીં કરડે. સર્વેશ્વરીનું તેજ એટલું બધું હતું કે મારાથી સહન ન થયું. મેં આંખ ખોલી નાખતાં હાથ જોડીને કહ્યું કે, મા ! હવે બસ કરો.

મા સર્વેશ્વરીનું સ્વરૂપ જગદંબા જેવું જ અલૌકિક હતું. મહાત્માજી મને શંકર ભગવાનના સ્વરૂપ જેવા તેજસ્વી લાગ્યાં.

એ ભાઈએ પોતાને થયેલા અનુભવનું વર્ણન પૂર્ણ કર્યુ અને પૂ.શ્રી પાસે કોઈ મંત્રની માગણી કરતાં કહ્યું કે, આપ મને મંત્ર આપો. મારા ઘરે હનુમાનજીની સ્થાપના છે, ત્યાં આપનાં પુનિત પગલાં પાડીને આશીર્વાદ આપો.

પૂ.શ્રીએ કહ્યુંઃ આશીર્વાદ તો છે જ. ઘરે આવવાનું તો અશક્ય છે.

આજની મુલાકાતમાં એક બહેનને સૂચના મુજબ આસન કરાવ્યાં. વળી, સર્વમંગલ ટ્રસ્ટની પ્રવૃત્તિ વિષે થોડી વાતો થઈ.

સૌ ભાઈબહેનોની ઈચ્છા મારી પાસે ભજન ગવડાવવાની હતી, તેથી પૂ.શ્રીએ મને ભજન ગાવાનું કહ્યું, ને સાથે સાથે જણાવ્યું કે મા સર્વેશ્વરી પોતાના અનુભવોના વાર્તાલાપ પણ આવે છે.

એ સાંભળી તરત જ સૌએ એ અનુભવો સાંભળવવાની વિનંતિ કરી.

પરિણામે મેં અડધો કલાક વાર્તાલાપ આપ્યો. પછી શંકર ભગવાનની સ્તુતિ ગાઈ સંભળાવી. વળી, પેલા ભાઈને પૂ.શ્રીએ લખેલી હનુમાનજીની સ્તુતિ પણ ગાઈ સંભળાવી.

જેમને અનુભવ થયેલો તે ભાઈ વરસોથી હનુમાનજીના ઉપાસક છે. છેક બાળપણથી રામ ને હનુમાનજીને ભજે છે. પ્રિટોરીઆમાં એ ભાઈને લોકો છગનભાઈના નામ કરતાં હનુમાનજીના નામે વધારે જાણે છે. તેઓ રામાનંદી સંપ્રદાયના બાવાજી છે. તેમણે મારી સાથે વાત કરતાં પાછળથી જણાવ્યુંઃ હું ચાલીસ વરસથી હનુમાનજીના જ જપ કરું છું. મને ઘણીવાર આવા દિવ્ય અનુભવો થાય છે. મા! તમે પણ મારા ઉપર કૃપા કર્યા કરજો. તમે મારા વતી મહાત્માજીને વિનંતી કરજો કે તેઓ મારા ઘરે પગલાં પાડે. તેથી મને ખૂબ ખૂબ આનંદ થશે. દિવ્યરૂપે તો આપ આવ્યાં જ છો. બંને આ રીતે પણ આવો તો મને ઘણું બળ મળે.

વાતો પૂરી થતાં હું ચાલવા માંડી, તો તે ભાઈએ કહ્યુંઃ તમે ઊભાં રહો. મારે પ્રણામ કરવા છે. આશીર્વાદ લેવા છે. એમ કહી તે ભાઈ અને તેમની સાથે રશ્મિબહેન નામનાં એક બહેન હતાં એ બન્નેએ સાષ્ટાંગ પ્રણામ કર્યા.

બપોરે મુલાકાત બાદ એક બહેન મળે છે. તે બહેનની મુશ્કેલી એ હતી કે તેમના પતિ કહે કે, હું જ તારો ગુરૂ ને હું જે મંત્ર આપું તે જ તારે જપવાનો, પણ એ મંત્ર પત્નીને ફાવતો ન હતો. પૂ.શ્રીએ તેને સરળ માર્ગદર્શન આપ્યું. તે બહેન બસો રેન્ડ પૂ.શ્રીને ભેટ ધરવા માગતાં હતાં. તેમણે ખૂબ આગ્રહ કર્યો. પણ પૂ.શ્રીએ ના પાડી. તેમને સંતોષ થાય તે માટે પૂ.શ્રીએ નાછૂટકે પાંચ રેન્ડની એક નોટ લીધી ને બાકીની બધી રકમ પાછી આપી દીધી.

ગઈ કાલે એક વૃદ્ધ બહેનનો ફોન હતો કે, મારે શ્રી યોગેશ્વરજીના માસિકના આજીવન સભ્ય થવું છે. પણ તેઓ મારે ઘરે પધારે ત્યારે લવાજમની રકમ તેમના જ હાથમાં આપવા માંગુ છું. પૂ.શ્રીએ તેમને કહેવડાવ્યું કે, સભ્ય થવું હોય તો થાઓ, પણ મારાથી ઘરે નહિ અવાય.

પૂ.શ્રીની આવી નિર્લોભ વૃત્તિ જોઈને છેવટે તે બહેન જ ઉતારા ઉપર આવીને સભ્ય બની ગયાં.

પ્રિટોરીઆથી આજે વિદાય થવાનું હતું. શ્રી પ્રીતમભાઈના પવિત્ર પરિવારના પ્રેમભર્યા સ્મરણ સાથે અમે વિદાય લીધી. બીનોની આજે પ્રવચન હતું. પ્રવચન પછી એક કલાકની મુસાફરી બાદ જોહાનિસબર્ગના લેનેશિયા વિસ્તારમાં અમારા જૂના ને જાણીતા ઉતારા ઉપર આવી ગયાં. રાત્રે પોણા બાર વાગી ગયા હતાં. તેથી દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૫૯

**તા. ૧૪-૧-૮૩, શુક્રવાર, માગશર વદ અમાસ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ – લેનેશિયા**

આજે સવારે એ જ નિયમિત ક્રમ રહ્યો. બે દિવસથી રાત્રે ૧૨ વાગ્યે સૂવાનું બને છે. પ્રવચન બાદ ઘણી લાંબી મુસાફરી હોય છે, છતાં પૂ.શ્રી નિયમિત ૩-૩૦ વાગ્યે મળસ્કે સ્નાન કરી લે છે. વ્યાયામ, મંત્રજપ, લેખન બધું જ નિયમિત.

આજે ભોજનમાં ખીચડી લીધી. ખીચડી ખાતાં ખાતાં પૂ.શ્રીએ કહ્યું કે, આપણે હાથે રસોઈ બનાવીએ તેમાં કેટલો બધો આનંદ ને મીઠાશ હોય છે! આજે પણ એમાં મીઠાશ છે. બધે જ આપણે હાથે જ ભોજન બનાવવું જોઈએ. બ્રાહ્મણ હોય ત્યાં પણ આપણે જ રસોઈ બનાવીએ તો ચાલે કે નહીં?

ભોજન બાદ મુલાકાત સમયે બેઠકખંડમાં ગયાં. ઘરનાં સૌ સ્ત્રીપુરુષો ફૂલ આપીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. આજે તો અધ્યાત્મની જ વાતો થાય છે. જાહેર મુલાકાત ના હોવા છતાં એક અંગ્રેજભાઈ પૂ.શ્રીને મળવા આવે છે. પૂ.શ્રી સાથે તે પ્રશ્નોત્તરી કરીને વિદાય લે છે.

બપોરે આરામ કર્યો. સાંજે વરસાદ શરૂ થયો. ધોધમાર વરસાદમાં અહીંથી એક કલાકના માર્ગે સ્પ્રિંગ નામના શહેરમાં જવાનું બન્યું. ત્યાં નહેરુ હૉલમાં છેક સાડા આઠે પ્રવચન શરૂ થયું. આજના પ્રવચનનો મુખ્ય સાર પ્રભુને અર્પણ કરવાની રીતની સમજૂતી હતી.

પ્રવચન બાદ ફરીથી એક કલાકની મુસાફરી કરીને વરસતા વરસાદમાં રાતે સાડા અગીઆરે ઉતારે આવી ગયાં. આવીને દૂધ પીધું. પૂ.શ્રીએ આરામ કર્યો.

પછી અધ્યાત્મ-ચિંતનની નોંધનું કાર્ય પૂર્ણ કરી એક વાગ્યે મેં પણ આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૬૦

**તા. ૧૫-૧-૮૩, શનિવાર, માગશર સુદ એકમ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ – લેનેશિયા**

આજે સંપૂર્ણ આરામ હતો. જાહેર મુલાકાત ન હતી. કોઈ પ્રવચન પણ ન હતું. છતાં પૂ.શ્રીનો જાગવાનો, સ્નાન કરવાનો, મંત્રજપ ને લેખનનો ક્રમ તો નિયમિત જ રહ્યો.

આજે ભોજન બાદ પંદર-વીસ મિનિટ મુલાકાતના ઓરડામાં બેઠાં. પછી ઘણા દિવસે લગભગ ત્રણેક કલાક આરામ કર્યો.

સાંજે થોડું લેખન કર્યું. સાંજે અહીંના એક સેવાભાવી ડૉકટર મળવા આવે છે. તેઓ તથા યજમાન શ્રી મગનભાઈ પૂ.શ્રીને ફરવા લઈ જવા ઈચ્છે છે. પૂ.શ્રી હા પાડે છે.

પરિણામે અહીંથી અર્ધા કલાકની યાત્રા પછી શહેરમાં પહોંચી ગયાં. ત્યાં મ્યુઝિકલ ફાઉન્ટેનનું સ્થાન હતું. વિવિધ સંગીતના તાલ સાથે, નાના-મોટા અવાજ પ્રમાણે ફૂવારા ઊડતા હતાં. એ એની વિશેષતા હતી. સંગીત મોટેથી વાગતું હતું. સંગીત બંધ પડે એટલે ફૂવારા બંધ પડે. સંગીત ધીમું પડે તો ફૂવારા ધીમા પડે. સંગીતના અવાજ મુજબ ચાલીસ-પચાસ જેટલા રંગબેરંગી ફૂવારા ઊડે.

સૌને ગમી જાય એવું એ સ્થાન હતું. તેથી ઘણાં ઘણાં માણસો ત્યાં બેઠેલાં જોવા મળ્યાં. બાળકોને એ જોવાની ખૂબ મઝા પડતી હતી. ત્યાંથી વિદાય લઈ, ટેલિફોનનું મુખ્ય મથક બહારથી જ જોઈને ઉતારા ઉપર આવી ગયાં.

દૂધ-ફળ લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૬૧

**તા. ૧૬-૧-૮૩, રવિવાર, માગશર સુદ બીજ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ – લેનેશિયા**

આજે મુલાકાત બંધ હતી. યજમાન પરિવાર સાથે અહીંના સમાજજીવનની વાતો થઈ.

યજમાન પરિવાર સવારે દૂધ સાથે ગુલાબનાં બે સુંદર ફૂલો દરરોજની જેમ મોકલે છે. પૂ.શ્રી સવારે કોઈક વાર જો નાના બાળકની પણ નજરે પડે તો તે પણ પોતાનાં ચંપલ, બૂટ કાઢીને તરત જ સાષ્ટાંગ પ્રણામ કરે છે. સંસ્કારની સુવાસ આ ઘરના નાનામાં નાના બાળકમાં પણ જોવા મળે છે.

પોણા અગિયાર વાગ્યે જ્યારે ભોજન બનાવવા મારે ભોજનાલયમાં જવાનું બને છે ત્યારે પણ ઘરના સભ્યો ખૂબ પ્રેમભાવથી નાની મોટી સેવા કરવા તત્પર હોય છે. નાનાં મોટાં સૌ રસોડામાં સાષ્ટાંગ પ્રણામ કરી લે છે. પછી, જ્યારે અમારું ભોજન અમે અમારા ઓરડામાં લઈ લઈએ તે પછી જ નાનાંમોટાં સૌ ભોજન લે છે. કેવો પ્રેરક નિયમ છે એ સૌનો!

વળી, મુલાકાત સમયે ઘરનાં સૌ બેઠકના ઓરડામાં અમને ફૂલો અર્પણ કરી, સાષ્ટાંગ પ્રણામ કરીને સૌની સાથે મુલાકાતમાં બેસે છે.

આજે બપોરે થોડો આરામ કર્યો. સાંજે લક્ષ્મીનારાયણ મંદિરમાં અહીંના સત્યસાંઈ મંડળ તરફથી એક પ્રવચન ગોઠવાયું છે.

પૂ.શ્રી સાથે અમે ત્યાં જઈને મંદિરમાં પ્રવેશ કર્યો ત્યારે બધાં પ્રેક્ષકો ઊભાં થઈ ગયાં. એક ભાઈએ ઘંટારવ કર્યો. પ્રેક્ષકોની વચ્ચે ગુલાબ ને બીજાં તાજાં ફૂલોની પાંદડીઓ પાથરીને, દીવડાથી પગદંડી સુંદર સજાવી હતી. તેના ઉપર પૂ.શ્રી સાથે અમારે પગલાં પાડીને મંચ તરફની બેઠક પાસે જવાનું હતું.

પૂ.શ્રી ત્રણ-ચાર પગલાં પાડે છે ત્યાં તો તેઓશ્રીને સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે કે અરે! આ તો કોમળ ફૂલોની પાંદડીઓ છે. તેથી તેઓશ્રી તરત જ એ પગદંડી ઉપરથી ઊતરી બાજુમાં થઈને આગળ વધે છે.

બે બેઠકો તૈયાર હતી. મંદિરને અને સત્યસાંઈબાબાની મોટી સુંદર તસવીરને પ્રણામ કરીને અમે બેઠક લીધી.

મંડળ તરફથી એક સુંદર ભજન ગવાયું. પછી એક નાનકડી બહેન અને એક નાનકડો ભાઈ મંડળ તરફથી મને ફૂલનો ગુચ્છ અને પૂ.શ્રીને મોટો સુંદર હાર અર્પણ કરે છે. બન્ને બાળકો અમને સાષ્ટાંગ પ્રણામ કરે છે.

આખું મંડળ ઉત્સાહી હતું. પૂ.શ્રીનું પ્રવચન અંગ્રેજીમાં શરૂ થયું. સંતોના જીવન ઉપર સુંદર મનનીય પ્રવચન થયું. શીરડી સાંઈબાબાના પ્રસંગો પણ પૂ.શ્રીએ કહ્યાં.

પ્રવચન બાદ મેં એક ભજન ને ધૂન ગવડાવ્યાં. છેવટે આરતી થઈ. આરતી બાદ બધાં જ નાનાંમોટાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાઈબહેનો સત્યસાંઈબાબાની તસવીરને અને પછી અમને પણ સાષ્ટાંગ પ્રણામ કરી, પ્રસાદ લઈને વિદાય થયાં.

સત્યસાંઈ મંડળને એ પ્રવચન ખૂબ ગમ્યું. મંડળ સિવાયનો, બીજો જે વર્ગ હતો તેને પણ એ પ્રવચન ગમ્યું, એમ અહીંના ડૉકટર શ્રી શશીકાન્તભાઈએ જણાવ્યું.

મંદિરમાં લક્ષ્મીનારાયણની સુંદર મૂર્તિ હતી. મંદિરનો હૉલ પણ ઘણો મોટો હતો. પ્રેક્ષકોની સંખ્યામાં નાનામોટાં બાળકોનો પણ સમાવેશ થતો હતો. આ મંદિરમાં દર રવિવારે અને દર ગુરુવારે મંડળના સભ્યો મળે છે અને સત્સંગ, ભજન-કીર્તન કરે છે. વિશેષતા તો એ છે કે એમાં નાનાં બાળકો પણ નિયમિત ભાગ લે છે. મંડળનાં ઉત્સાહી ભાઈબહેનોએ ફૂલોની પગદંડી દીવડા સાથે શણગારી હતી. સંતોને આવકારવાની એમની એ અનોખી રીત હતી.

પ્રવચન પૂરું થયા બાદ અમે ગાડીમાં બેસીને પાંચ જ મિનિટમાં ઉતારે આવી ગયાં.

* * હરિઃ ૐ * *

## દિન ૬૨

### તા. ૧૭-૧-૮૩, સોમવાર, માગશર સુદ ત્રીજ ૨૦૩૯
### જોહાનિસબર્ગ – લેનેશિયા

દરરોજની જેમ આજે પણ એ જ ક્રમ રહ્યો. મુલાકાતમાં ચારપાંચ બહેનો આવે છે. તેઓના કોઈ પ્રશ્નો નથી હોતા. ફક્ત દર્શન થાય એ હેતુથી જ આવેલી છે. છતાં અધ્યાત્મની થોડી વાતો થાય છે.

આજે સાંજે શ્રી હિન્દુ સર્વ સેવા સંઘ તરફથી શ્રી રામકૃષ્ણ હૉલમાં અંગ્રેજી પ્રવચન થનાર છે.

સાંજે સમયસર ત્યાં પહોંચી જવાનું બને છે. મંચ ઉપર બે સોફા ઉપર બેઠકો હતી. એક તરફ ભગવાન શ્રીકૃષ્ણની તસવીર ને દીપક હતાં.

શરૂઆતમાં ફૂલોના હારથી સંચાલકે સ્વાગત કર્યું.

પૂ.શ્રી ધ્યાન વિષે સુંદર સમજ આપતું અંગ્રેજી પ્રવચન આપે છે. પ્રવચન બાદ એક ભજન ગાવાનું બને છે.

હૉલ તદ્દન નજીક જ છે એટલે જલદીથી ઉતારા ઉપર આવી જવાનું બને છે. ત્યાં વળી, પૂ.શ્રી વાતચીત દરમ્યાન પૂ. માતાજીનું સ્મરણ કરે છે. માતાજીની માંદગીની, તેમની મહાનતાની વિગેરે વાતો પૂ.શ્રી પંદર-વીસ મિનિટ સુધી કરે છે.

પછી દૂધ પીને આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૬૩

**તા. ૧૮-૧-૮૩, મંગળવાર, માગશર સુદ ચોથ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ – લેનેશિયા**

દરરોજ સાડા ત્રણે વ્યાયામ કરતી વખતે પૂ.શ્રી ખૂબ ઓછાં કપડાં શરીર ઉપર રાખે છે. વ્યાયામ બાદ માળા લઈને ધ્યાનમાં બેસે છે.

મંત્રજપ બાદ લેખન. 'મહાભારતનાં મોતી'નું 'અર્જુનની એકાગ્રતા' પ્રકરણનું લેખન શરૂ કરે છે. અતિનિયમિત રીતે રોજ સાત વાગ્યે પૂ.શ્રી લેખન શરૂ કરી દે છે.

લેખન બાદ થોડો આરામ કરતાં કરતાં જપ કરે છે. વળી, કોઈકવાર કંઈક વાંચે છે. દરરોજ ભોજનાલયમાં ભોજન બનાવવામાં પણ મદદરૂપ થવા એક આંટો મારે છે, ત્યારે ઘરનાં સૌ પ્રણામ કરે છે. પૂ.શ્રી ઘરનાંની સાથે, ખાસ કરીને મુખ્ય યજમાન સાથે સત્સંગની, પુસ્તકની, પ્રસંગની નવી નવી વાતો કરે છે; તો તૈયાર થતી રસોઈ ચમચાથી હલાવતા, શ્લોકો કે શાંતિપાઠ બોલતા જાય છે. આ દરરોજનો ક્રમ છે.

ભોજન દરરોજની જેમ જ અમારા ઓરડામાં નીચે પાટલા ઉપર બેસીને લઈએ છીએ.

આજે મુલાકાતમાં ખાસ ચર્ચા થતી નથી.

પૂ.શ્રી બપોરે થોડો આરામ કરે છે. સાંજે ફરીથી એક કલાક દક્ષિણ આફ્રિકાની આ યાત્રા વિષે લેખન કરે છે.

બે દિવસથી પૂ.શ્રી શીર્ષાસન ને થોડી કસરતો ફરીથી સાંજે પણ કરે છે. પરદેશમાં ઠંડું વાતાવરણ અને ભાવતાં દૂધ મળે છે, જેથી પૂ.શ્રી પોતાનું શરીર વધુ સુદૃઢ બનતાં આનંદ અનુભવતાં લાગે છે.

સાંજે એક બહેનને પૂ.શ્રી મુલાકાત આપે છે. તેમના પ્રશ્નના ઉત્તરમાં પૂ.શ્રી તેમને પ્રાર્થનાનો આધાર લેવાનું સૂચવે છે.

આજનું અંગ્રેજી પ્રવચન શ્રી રામકૃષ્ણ હૉલની બાજુમાં, લક્ષ્મીનારાયણ મંદિરના હૉલમાં હતું. શ્રોતાઓ આજે પણ સારી સંખ્યામાં હતાં. અંગ્રેજ બહેનો પણ નીચે પલાંઠી વાળીને સાંભળવા બેઠી હતી.

શરૂઆતમાં ફૂલોના હારથી સ્વાગત થયું. પૂ.શ્રીએ ધ્યાન કેવી રીતે કરવું તેની સરળ સમજ આપતાં ત્રણચાર દૃષ્ટાંતો પણ કહ્યાં.

આજના શ્રોતાઓનો મુખ્ય સૂર હતો કે, પ્રવચન ખૂબ સરસ હતું.

પ્રવચન ત્રણ ભાઈઓ ટેઈપ કરે છે. અમારા યજમાને તો બધાં પ્રવચનો ટેઈપ કર્યા છે.

પ્રવચન બાદ દરરોજની જેમ જ સેવાભાવી ડૉકટરની ગાડીમાં બેસીને ઉતારા ઉપર આવી ગયાં.

* * હરિઃ ૐ * *

## દિન ૬૪

**તા. ૧૯-૧-૮૩, બુધવાર, માગશર સુદ પાંચમ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ – લેનેશિયા**

સવારે સાડા ત્રણે સ્નાન કરીને પૂ.શ્રી ઓરડામાં આવી જાય છે. લાઈટનો પ્રકાશ પૂ.શ્રીને ગમતો જ નથી. અંધારામાં જ દરરોજની જેમ વ્યાયામ કરે છે, ને પછી મંત્રજપ માટે બેસે છે.

લેખન નિયમિત થાય છે. આજે અહીંની સોનાની ખાણ જોવા જવાની વાત છે. પણ પૂ.શ્રીને તે જોવાની ઈચ્છા નથી થતી. ખૂબ આગ્રહ થતાં પૂ.શ્રી પરમશક્તિની ઈચ્છા જાણી લે છે. પરમશક્તિ નીચે મુજબની સૂચના પૂ.શ્રીને આપે છે.

*સોનાની ખાણ જોવા નથી જવું આપણે. આરામ કરીશું અહીં.*

*સ. (સર્વેશ્વરી) ભલે જાય, બીજાં સાથે. હરકત નથી. આપણે નથી જવું.*

*નથી જવું.*

*તા. ૧૯-૧-૮૩, બુધવાર.*

તેથી પૂ.શ્રી હવે સોનાની ખાણ જોવા નહીં આવે. મારે તે ખાણ જોવી છે. મને જોવા જવાની સૂચના મળે છે. જેથી આજે બે વાગ્યે તે જોવા જવાનું બનશે.

એક ને પંદર મિનિટે અમે ગાડીમાં બેસીને શ્રી મગનભાઈ અને જયમતીબેન સાથે લેનેશિયા અને જોહાનિસબર્ગની વચ્ચે મેઈનરીડરોડ આવે છે ત્યાં પહોંચ્યાં. એનું નામ ધિ ગોલ્ડ માઈન મ્યુઝિયમ. સોનાની ખાણનું એ મ્યુઝિયમ હતું.

ટિકિટ લેવાની હોય છે. તેની સાથે પીળા રંગના નાનાં ગોળ સ્ટીકર આપવામાં આવ્યાં, જે અમે અમારાં કપડાં ઉપર લગાડી દીધાં. પીળા રંગના સ્ટીકરવાળાંની એક ટુકડી સાથે એક ગાઈડ ભાઈ આવ્યાં.

સૌ પ્રથમ એક નાના ઓરડામાં અમને બેસાડ્યાં અને ત્યાં માઈન-ખાણને લગતી ફિલ્મ બતાવી, જે પંદર મિનિટની હતી.

ત્યાંથી મ્યુઝિયમ જોવા એક મોટા હૉલમાં લઈ ગયાં. ત્યાં ખાણમાંથી નીકળતા પથ્થરો કે જેમાં સોનાના કણો દેખાય તે નમૂના બતાવ્યા. કેવા સાધનોથી ખાણમાં કામ કરવામાં આવે છે તે સાધનો બતાવ્યાં. વળી, થોડીવાર નાનકડી રેલગાડીમાં પણ બેસવાનું થયું. બીજા હૉલમાં, સોનાની ખાણમાંથી સોનાની ભૂકીવાળા પથ્થરોને કેવાં સાધનોથી બહાર કાઢે છે, કેવી રીતે તેના ટુકડા થાય છે, ભૂકો થાય છે, તે માટેની મશીનરીના નમૂના ઈલેક્ટ્રિકથી હલનચલન કરતા હતા તે જાવા મળ્યાં.

પથ્થરનો જે બારીક ભૂકો થઈ જાય તેમાં પાણી રેડવામાં આવે અને વોટરવર્ક્સના જેવા મોટા કૂવામાં તે પાણીનો સંગ્રહ થાય. તેમાંથી સોનાની ભૂકી રેતી કરતાં સાત ગણી ભારે હોવાથી પાણીની નીચે બેસી જાય. વળી, ભીના કાદવમાં કેમિકલ નાખવાથી પણ સોનું છૂટું પડે છે.

તે છૂટો પડેલો સોનાનો રસ બીજાં મશીનમાં અમુક ગરમીથી ગરમ કરવામાં આવે. પછી તેની ઈંટ બનાવવામાં આવે. તે ઈંટ ઘણી વજનદાર હોય છે. તે પ્રક્રિયા પણ અમને બતાવવામાં આવી. સોનાનો સુંદર ચળકતો રસ એક ઈંટ આકારના બીબામાં રેડવામાં આવે. આવી સોનાની એક ઈંટ લાખ રેન્ડની કિંમતની થાય એમ જણાવવામાં આવ્યું.

૧૮૮૬માં જ્યોર્જ હેરીસન અને જ્યોર્જ વોકર નામના બે ભાઈઓએ સોનાની ખાણ આ દેશમાં શોધી ત્યારે તેઓ કેવાં જૂનાં સાધનોથી ખાણમાં કામ કરતા તે પણ ત્યાં જોવા મળે તેવી વ્યવસ્થા છે. જૂનો તંબુ, ખાંડી-દસ્તો જેમાં પથ્થરને ખાંડે પછી તેને નાના માટીના વાસણમાં પાણીની મદદથી સોનું છૂટું પાડવાના પ્રયત્ન કરે તે પણ બતાવવામાં આવ્યું.

છેવટે, જમીનની અંદર બે હજાર મીટર ઊંડી ખાણ હતી ત્યાં જવાનું બન્યું.

ખાણમાં જતાં પહેલાં જુદા બૂટ, પીળો પ્લાસ્ટીકનો કોટ પહેરવો પડે. પાછળ કમર ઉપર વજનદાર ચોરસ બેટરી પટ્ટાથી બાંધવી પડે કે જેની સાથે એક લાઈટ હોય. તે બધું સૌએ પહેરી લીધું. ત્યારબાદ ૨૨૦ મીટર ઊંડી ખાણમાં અમને લીફ્ટથી લઈ જવામાં આવ્યાં, જ્યાં બે કિલોમીટર અંદર ચાલવાનું હતું. ત્યાં બધી સમજ આપવામાં આવી.

ખાણમાંથી સોનું શોધવાની જે આખી યોજના છે તે ખૂબ ખૂબ મહેનત માગી લે તેવી છે. ત્યાં એ બધું જોતાં એમ થતું હતું કે, ઈશ્વરદર્શનની સાધના આ સોનું શોધવાની સાધના કરતાં તો ઘણી સરળ છે.

ખૂબ ભયંકર મહેનત હતી. એ કામ ખાણની અંદર જીવના જોખમે કરવાનું હતું. તેનો આજે આ બધું જોતાં ખ્યાલ આવ્યો.

અહીં આફ્રિકન નૃત્ય પણ આફ્રિકન કલાકારો બતાવતા હોય છે. જોકે, આજે થોડું મોડું થવાથી તે નૃત્યનો શૉ અમને જોવા ન મળ્યો.

પાંચ વાગી ગયા હતાં. થાક ને તરસ લાગ્યાં હતાં. ઘરે આવતાં તો છ વાગી ગયા. ગરમ પાણીથી સ્નાન કરી લીધું. થાક ઓછો થયો. ધ્યાનની બેઠક બાદ પ્રવચનમાં જવાનું બન્યું. ત્યાં ફૂલહારથી અમારું બન્નેનું સ્વાગત થયું.

અંગ્રેજી પ્રવચનમાં અંગ્રેજ ભાઈબહેનો પણ આવતાં હતાં. પલાંઠી વાળીને નીચે બેસતાં હતાં. પ્રવચન બાદ તેઓ ભારતીય પદ્ધતિથી પ્રણામ પણ કરતાં હતાં. આ તેમની વિશેષતા હતી.

પ્રવચન ખૂબ સરસ હોય છે એવી છાપ લઈને શ્રોતાઓ જાય છે. સંચાલકો આભાર માનતાં કહે છે કે, મહાત્માજીને જે સંસ્થાઓએ બોલાવ્યા છે તેમણે ખૂબ અદ્‌ભુત કામ કર્યું છે. અમને લાભ અપાવ્યો તે માટે ફરી તેમને અભિનંદન. રોજિંદા જીવનની વાતો ઉપરથી ધ્યાનની સુંદર સમજ આપી તે બદલ મહાત્માજીનો તો ખૂબ ખૂબ આભાર.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. એક–બે વાતો કરી દરરોજની જેમ 'કાલે મળીશું' એમ કહી પૂ.શ્રીએ સૌને વિદાય આપી. ઓરડામાં આવી, દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## <u>દિન ૬૫</u>

**તા. ૨૦-૧-૮૩, ગુરુવાર, માગશર સુદ છઠ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ – લેનેશિયા**

આજકાલ વરસાદ પડે છે, એટલે ઠંડી વધી ગઈ છે. આ દેશને વરસાદની ખૂબ જરૂર હતી અને વરસાદ માટે પ્રાર્થના પણ આ દેશે કરી હતી. વરસાદ આવ્યો તેથી પાણીની તંગી હળવી થશે. અમે ડરબનના ઍરપોર્ટ ઉપર ભારતથી આવીને ઊતર્યા ત્યારથી, જે પણ શહેરમાં જતાં હતાં ત્યાં વરસાદ અમારી સાથે જ રહ્યો.

આજે એકંદરે હવામાન સારું છે. પૂ.શ્રી લેખન કરે છે, ત્યારે તેઓ ઓરડાની બારીનો એક પડદો ખસેડે છે. પરિણામે પ્રકાશ આવી શકે છે. આમ તો અહીં સવારે પાંચ વાગ્યે અજવાળું થઈ જાય છે.

યજમાન પરિવારનાં બહેન શ્રી જયમતીબેન એક દિવસ મને કહેવા લાગ્યાં કે, આપણે સાંજે સમૂહ ધ્યાનમાં બેસીએ છીએ તે રીતે એક દિવસ હું ધ્યાનમાં બેઠી અને આંખો બંધ કરીને ધ્યાન શરૂ કર્યું ત્યારે બે આંખોની વચ્ચે મને એક નાનું બિન્દુ દેખાયું, જેમાં માતાજી! તમારું સુંદર મુખ ચળકતું જોયુ. તે મુખડું મોટું થતું ગયું. ખૂબ મોટું થતાં થતાં તે અદૃશ્ય થયું. મને તે દિવસે ખૂબ જ આનંદ થયો. તમારું દર્શન ખૂબ જ પ્રકાશિત હતું. મને તો એટલો બધો આનંદ થયો ! છતાં મેં કોઈને કહ્યું નથી.

મેં કહ્યું કે, ઘણાંને એવા અનુભવો થાય છે, ત્યારે તો તે બહેનને ખૂબ સંતોષ થઈ ગયો.

ગઈ કાલે પ્રવચન બાદ શ્રી રસિકભાઈ પૂ.શ્રીને કહેવા લાગ્યા કે, આજે મેં આપના માથાની પાછળ સફેદ પ્રકાશ જોયો. પૂ.શ્રીએ કહ્યું કે, ભારતમાં પણ જેઓ ભૂમિકાવાળા સાધકો હોય છે તેમને એવા અનુભવો થાય છે.

આજે પૂ.શ્રી સમયસર લેખન પૂર્ણ કરે છે. ખીચડીનું ભોજન બનાવતાં બનાવતાં આજે પૂ.શ્રી રસોડામાં સાંઈબાબાની સ્તુતિ કરવા માંડે છે. યજમાન ભાઈ પણ તેમાં સૂર પુરાવે છે. પછી, પૂ.શ્રીની ટેઈપ કરેલી સ્તુતિ પણ ચાલુ કરે છે.

ભોજન બાદ મુલાકાત અપાય છે. બેઠકખંડમાં બે સોફા પર અમે બેસીએ છીએ. મુલાકાતીઓ આવીને પ્રણામ કરીને બેસે છે. આજે ખાસ નોંધયોગ્ય ચર્ચા ના થઈ. રાધાસ્વામી સંપ્રદાય અંગે તથા વ્યક્તિના વ્યક્તિ સાથેના ઋણાનુબંધ વિષે વાતો થાય છે. મુલાકાત બાદ સૌ ફરીથી પ્રણામ કરીને વિદાય થાય છે.

સાંજે ધ્યાનની બેઠક શરૂ થતાં પહેલાં એક બહેન નાકથી પાણી પીવાની રીત પૂ.શ્રી પાસે શીખે છે. ધ્યાનની બેઠક બાદ પ્રવચન-સ્થળે જવાનું બને છે.

આજે પણ સત્યસાંઈ મંડળ તરફથી 'સંતોનો મહિમા' ઉપર અંગ્રેજીમાં પ્રવચન હતું. હૉલમાં ગયા વખતની જેમ ફૂલોની સજાવટ હતી, પણ તે ફૂલો પગદંડીની બંને બાજુ ગોઠવ્યાં હતાં, જેથી ફૂલોની બે લાંબી હરોળની મધ્યમાંથી અમે પસાર થઈ બેઠક ઉપર પહોંચ્યાં.

સત્યસાંઈ મંડળના સંચાલક શ્રી જેક્સને કહ્યું: મેં મારા જીવનમાં આવાં સુંદર પ્રવચનો સાંભળ્યાં નથી. 'ધ્યાન' ઉપરનાં પ્રવચનો તો ખૂબ સરસ હતાં. ગયા રવિવારે સાંઈબાબા વિષેનું પ્રવચન પણ સુંદર હતું. આજે ફરીથી આપણે અંગ્રેજી પ્રવચનનો લાભ લઈશું. પણ તે પહેલાં માતાજી અને મહાત્માજીનું સ્વાગત કરીએ.

એમ કહીને બે નાનાં બાળકો પાસે સ્વાગત કરાવ્યું. આજે સ્વાગતમાં મને ફૂલનું પ્લાસ્ટિકનું કુંડું અને પૂ.શ્રીને ફૂલહાર અર્પણ કર્યા.

શરૂઆતમાં મંડળનાં ત્રણ ભજનો થયાં.

આજના અંગ્રેજી પ્રવચનમાં હૉલ આખોયે ભરાયેલો હતો. સંતોની પાસે શી રીતે જવાય?, સંતોની રીતભાત, શીરડી સાંઈબાબાના અનુભવો વિગેરે ઉપર સુંદર પ્રવચન અપાયું.

પ્રવચન બાદ મેં હિન્દી ભજન ને ધૂન ગવડાવ્યાં. અંતે આભારદર્શન થયું. પછી આરતી થઈ. છેવટે બધાં શ્રોતાઓ બે હરોળમાં ગોઠવાઈ ગયાં અને સાંઈબાબાને તથા અમને પ્રણામ કરી, પ્રસાદ લઈને છૂટાં પડ્યાં. અહીં ચોકલેટ, દ્રાક્ષ, કેળાં, સફરજન, મીઠાઈ વિગેરે વિવિધ જાતનો પ્રસાદ હતો. અહીં પ્રસાદને સમારીને વહેંચવાની પ્રથા જ નથી. આખાં જ કેળાં, સફરજન કે દ્રાક્ષનાં ઝૂમખાં આપવામાં આવે છે.

પ્રવચન બાદ દરરોજની જેમ ડૉક્ટરની ગાડીમાં બેસીને ઉતારા ઉપર આવી ગયાં. થોડી વાતો થઈ. ઓરડામાં આવીને દૂધ લઈને આરામ કર્યો ત્યારે અગિયાર વાગી ગયા હતા.

* * હરિઃ ૐ * *

## દિન ૬૬

**તા. ૨૧-૧-૮૩, શુક્રવાર, મહા સુદ સાતમ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ – લેનેશિયા**

સવારે સાડા ત્રણ વાગ્યાથી શરૂ થયેલો પૂ.શ્રીનો નિત્યક્રમ રાત્રે અગિયાર વાગ્યે પૂર્ણ થાય છે. પ્રભુની પૂર્ણ કૃપા છે કે શરીરને કોઈ વિશેષ શ્રમ કે થાક જણાતાં નથી.

પૂ.શ્રી અંગ્રેજીમાં એકધારાં પ્રવચનો કરી રહ્યા છે. દરરોજ જ પ્રવચનો ખૂબ સરસ હોય છે, એવા શ્રોતાઓના ઉદ્‌ગારો સાંભળીએ ત્યારે એમ લાગ્યા વિના રહેતું નથી કે, પૂ.શ્રી ઉપર પ્રભુની પૂર્ણ કૃપા છે. કૃપાપાત્ર ભક્તના શ્રીમુખે પ્રભુ કોઈ પણ ભાષામાં સફળ વાર્તાલાપ આપી શકે છે, એ હકીકત સ્વીકારવી પડે છે.

પૂ.શ્રી એક કલાક નિયમિત વ્યાયામ કરે છે. ફરીથી સાંજે પણ થોડો વ્યાયામ કરે છે.

બુધવાર, ૧૯મી તારીખે ડરબનથી ફોન ઉપર શ્રી શાંતિભાઈએ વાત કરતાં જણાવેલું: બે દિવસ પહેલાં અહીં મારી દુકાનમાં બપોરના સમયે હું બહાર ગયો હતો ત્યારે એક ભણનાર વિદ્યાર્થી એક કવર આપી ગયો હતો. દુકાનમાં જેને કવર આપ્યું તેને તે વિદ્યાર્થીએ જણાવ્યું કે, મેં યોગેશ્વરજીનાં ત્રણ જ પ્રવચનો અહીં સાંભળ્યા છે. મને તે ખૂબ ગમ્યા છે. એથી એમને અહીં આવવાના ખર્ચની ટિકિટ માટે આ પૈસા આપવા આવ્યો છું.

દુકાનના ભાઈએ તે વિદ્યાર્થીને કોઈ વધુ પૂછપરછ ન કરી અને કવર લઈ લીધું.

હું જ્યારે બહારથી દુકાનમાં આવી ગયો ત્યારે મને એ કવર આપ્યું. મેં જોયું તો એમાં આઠસો રેન્ડ (ભારતના સાત હજાર રૂપિયા) જેટલી મોટી રકમ હતી.

પૂ.શ્રીએ જ્યારે આ વાત ફોન ઉપર સાંભળી ત્યારે કહેલું : આ તો નરસિંહ મહેતાની હૂંડી જેવી વાત થઈ ખરું ને! પણ તમે તપાસ કરો. જો તે ભણતો વિદ્યાર્થી હોય તો તેને શોધીને સમજાવીને થોડી રકમ પાછી આપી દો. પ્રભુના હજાર હાથ છે. કેવી ગેબી મદદ કરે છે ! પણ તમે પૂરી તપાસ કરો. તેને સમજાવીને થોડી રકમ આપી દો.

શ્રી શાંતિભાઈને કહ્યું કે, કદાચ એ વિદ્યાર્થીના પિતાએ મોકલ્યા હશે; છતાં અમે પૂછપરછ કરીને તપાસ કરીશું.

આ આખીયે વાત કેવી અદ્‌ભુત છે, છતાં તે સત્ય હકીકત છે. પૂ.શ્રીના પ્રવચનની પ્રતિક્રિયા એ વિદ્યાર્થીના હૃદયમાં કેવી અદ્‌ભુત પડી તે જાણીને સહજ આશ્ચર્ય થાય છે.

વિદેશની ધરતી ઉપર પણ પૂ.શ્રીનાં ત્રણ પ્રવચનો અજાણ્યા શ્રોતાને કેવી અદ્‌ભુત સેવા કરવા પ્રેરે છે! ધન્ય છે તે વિદ્યાર્થીની સેવાવૃત્તિને! આ યુગમાં નાનકડા દાન પાછળ પણ જાહેરાત કરાવવાની ભાવના હોય છે, ત્યારે આ વિદ્યાર્થીની પડદા પાછળ રહેવાની વૃત્તિ ને ઉત્તમ સેવા કરવાની પ્રવૃત્તિ ધન્યવાદને પાત્ર ને અનુકરણીય છે.

સવારે સાત વાગ્યે લેખન ચાલુ થઈ જ જાય. આઠ વાગ્યે નિયમિત દૂધ લેવાનું.

આજે ખીચડીનું ભોજન લીધું. ભોજન બાદ મુલાકાતમાં સુંદર પ્રશ્નોત્તરી થઈ. દરમ્યાન કેનેડાથી શ્રી સુરેશભાઈ પરીખનો ફોન આવતાં તેમની સાથે અર્ધા કલાક સુધી વાતો ચાલી. વળી, ડરબનથી શ્રી શાંતિભાઈનો ફોન હતો. તેથી મેં મુલાકાતની કોઈ ચર્ચા ના સાંભળી.

મુલાકાત બાદ વિશ્રામ. સાંજે ધ્યાનની બેઠક પહેલાં દશ મિનિટ શ્રી જ્યોત્સનાબહેન નાકથી પાણી પીવાનો પ્રયોગ પૂ.શ્રીના માર્ગદર્શન પ્રમાણે પૂ.શ્રીની હાજરીમાં કરે છે. તે બહેન કહે છે કે, ઘરે હું પ્રયત્ન કરું છું પણ આ રીતે પાણી પીવાતું જ નથી. આજે સવારે પણ મારા પ્રયત્નમાં હું નિષ્ફળ થઈ. અહીં આપની હાજરીમાં એ પ્રયોગ સફળતાથી થઈ શકે છે.

તે બહેને આજે પણ બંને નાકથી પૂ.શ્રીની સૂચના પ્રમાણે સાત-સાત વાર પાણી પીધું. પ્રયોગ કરતાં પહેલાં ને પછી તે બહેને પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

ધ્યાનની બેઠકમાં સારી હાજરી હતી. પ્રવચન લક્ષ્મીનારાયણ મંદિરમાં હતું. ત્યાં પણ સંખ્યા સારી હતી. શરૂઆતમાં ફૂલહારથી સ્વાગત થયું. પૂ.શ્રીનું પ્રવચન ગુજરાતીમાં થયું. છેવટની દશ મિનિટમાં પૂ.શ્રીએ એનો અંગ્રેજી સારાંશ પણ કહ્યો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવ્યાં. રવિવારે ગુલાબના બાગમાં ફરવા લઈ જવાની વાત થતાં પૂ.શ્રીએ કહ્યું - હું તો ગુલાબના બગીચામાં જ હંમેશા રહું છું. (શ્રી મગનભાઈ, ડૉકટર શશીકાન્તભાઈ, શ્રી હસવતભાઈને બતાવીને કહ્યું) આ જુઓને ! ગુલાબ જ છે. બોલે છે, હસે છે. પેલા ગુલાબ તો એવું કરતાં નથી.

મહાત્માજી! તમે તો તત્વજ્ઞાનની જ વાતો કરો ને! અમે તો ધરતી ઉપર રહીએ એટલે તે ફૂલોના બગીચાની વાત કરીએ છીએ.

પૂ.શ્રીઃ અમારું જીવન જ તત્વજ્ઞાનથી ભરેલું છે. ચેવીસ કલાક અમે તો ફિલોસોફીમાં જ જીવીએ. પ્રભુએ એવું જ કામ આપ્યું છે. સંસારીઓ સંસારની વાતો કરે. અમે અમારી તત્વજ્ઞાનની ભાષામાં વાતો કરીએ. તે કંઈ આ જન્મે જ એવું થોડું છે? પાછલા ચાર જન્મોથી આ જ કામ કરીએ છીએ. કલકત્તા, પંજાબ, દક્ષિણમાં અમે અગાઉ મુક્તાત્મા તરીકે જ જન્મેલા. એટલે, અમે બીજી શી વાતો કરીએ?

છતાં તમારી ભાવના ગુલાબનાં ફૂલોનો બગીચો બતાવવાની છે તો ફરવા જઈશું.

સૌને એ વાતથી આનંદ થયો. છેવટે ‘કાલે મળીશું’ એમ કહીને વિદાય લીધી.

આજકાલ દરરોજ સાંજે છ વાગ્યે પાકી કેરી નાસ્તામાં લઈએ છીએ. તેથી રાત્રે સાડા દસ વાગ્યે જ્યારે પ્રવચન પછી પરત આવવાનું બને છે ત્યારે ફક્ત દૂધ જ પીવાનું બાકી રહે છે.

દૂધ ઠંડુ જ, ખાંડ નાખીને લઈએ છીએ. ત્યાર પછી આરામ.

આજે આખો દિવસ ગરમી હતી. રાતે ઠંડો પવન શરૂ થયો. એ પવન જો ભૂલેચૂકે પણ શરીરને લાગે તો માંદગી આવી જ ઊભી એમ સમજવું. આ દેશમાં ખાસ પંખાઓ રાખવાનો રિવાજ ઓછો છે. કોઈક જ ઘરોમાં પંખા કે એરકન્ડિશન મશીનો જોવા મળે.

* * હરિઃ ૐ * *

## દિન ૬૭

**તા. ૨૨-૧-૮૩, શનિવાર, મહા સુદ આઠમ ૨૦૩૯**
**લેનેશિયા-જોહાનિસબર્ગ**

તા. ૨૫મીએ અહીંથી દક્ષિણ દિશામાં દરિયાકિનારે કેપટાઉન જવાનું છે. આવતી કાલે અહીં છેલ્લું પ્રવચન હશે.

અહીં અમારા ઉતારાના ઓરડામાંથી સામેનાં મકાનોના નળિયાં દેખાય છે. લાલ, લીલાં ને કથ્થઈ રંગના નળિયા જોવા મળે છે. માળવાળાં ઘરો અહીં ઓછા જોવા મળે છે. અમારા ઉતારામાં ૫ બેડરૂમ, ૧ બેઠકરૂમ, ૧ રસોડું ને બહાર મોટો ઓટલો છે. વળી, ઘરની ફરતે બાગ છે, જેમાં દાડમ, સફરજન, પેર વગેરે ફળોનાં ઝાડ છે. ગુલાબ, ગલગોટાનાં ફૂલો, ફૂદીનો, રીંગણ, લીલી મેથી પણ તેમાં થાય છે. કુદરતી સૌંદર્ય સારું છે. મુલાકાતીઓ એ બાગમાંથી જ ફૂલો તોડીને પૂ.શ્રીનાં શ્રીચરણે ધરે છે. એ કેટલે અંશે યોગ્ય છે તે તો તોડનાર જ જાણે!

ખાસ કોઈ ચર્ચા થતી નથી. સત્યસાંઈ મંડળના ચેરમેન શ્રી જેકસન પૂ.શ્રીનો આભાર માનતો એક પત્ર આપે છે. તેમાં તેઓ લખે છે કે, તમારાં પ્રવચનોથી અમને ઘણું જાણવાનું મળ્યું. મારો આખો પરિવાર તમારામાં શ્રદ્ધા રાખે છે. અમને આશીર્વાદ આપો કે અમારું જીવન સુખી થાય. દરરોજની મુલાકાતમાં પણ પ્રશ્નોત્તરીથી મને ઘણું ઘણું જાણવાનું મળ્યું છે તે બદલ પણ આપનો ખૂબ ખૂબ આભાર.

સાંજે પ્રવચન પહેલાં ધ્યાનની બેઠક થઈ. તેમાં સારી હાજરી હતી. નાનાં ભાઈબહેનો પણ હતાં. તેમને પણ પૂ.શ્રીએ આસનો કરાવ્યાં.

આજે પ્રવચન પહેલાં અહીંના જાણીતા સેવાભાવી ડૉકટર શ્રી શશીકાન્તભાઈએ સ્વાગત-પ્રવચનમાં જણાવ્યું: યોગેશ્વરજી સિદ્ધપુરુષ છે. તેમના વધુ પરિચયમાં આવીએ તેમ તેમ તેમની મહાનતાનો ખ્યાલ આવે છે. તેમના પગલે અહીં દરેક સ્થળે વરસાદ વરસી રહ્યો છે. દેશને જેની ખાસ જરૂર છે તે વરસાદ આ મહાન સંતોના પગલે વરસી રહ્યો છે. યુગે યુગે ભગવાન જન્મ લે છે તેમ શ્રી યોગેશ્વરજી પણ એવા ધર્મકાર્ય માટે જ પૃથ્વી પર પ્રકટ્યા છે. એમનું 'પ્રકાશના પંથે' પુસ્તક વાંચવાથી ખ્યાલ આવે છે કે તેઓને જુદા જુદા સ્વરૂપે પ્રભુનાં દર્શન થયાં છે. છેલ્લા કેટલાય દિવસોથી એમના પ્રવચનોનો લાભ આપણે લઈએ છીએ. આજે મને મંદિર વતી ને તમારા સૌ વતી મહાત્માજીનો સત્કાર કરવાની જે તક મળી છે તે બદલ હું ધન્યતા અનુભવું છું.

એમ કહી તેઓ ફૂલહાર ને કલગીથી અમારું સ્વાગત કરે છે. પ્રવચન ગુજરાતીમાં થયું, જેનો અંગ્રેજી સારાંશ પાછળથી પૂ.શ્રીએ જ કહી સંભળાવ્યો.

પ્રવચન બાદ આરતી થઈ. પ્રસાદ લઈ સૌ છૂટાપડ્યાં. ઉતારા ઉપર છૂટાં પડતાં પહેલાં ડૉકટર સાથે ઝામ્બિયાના એક અનુભવની ચર્ચા થઈ. દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૬૮

**તા. ૨૩-૧-૮૩, રવિવાર, મહા સુદ નોમ ૨૦૩૯**
**લેનેશિયા-જોહાનિસબર્ગ**

ડૉકટર શ્રી શશીકાન્તભાઈ અમારા ઉતારાની પાસે જ રહે છે. તેઓ પોતાની હરોળમાં વસતાં દશબાર ઘરોમાં સેવાભાવે સારવાર આપે છે. એમનું દવાખાનું તો શહેરમાં છે, પણ ઘર પર તેઓ મફત સેવા આપે છે. તેમની ગાડીમાં જ દરરોજ પ્રવચન-સ્થળે જવાનું બને છે. ફરવા જવાનું પણ તેમની જ ગાડીમાં થાય છે. તેઓ સંતોના મૂક સેવક છે.

આજની મુલાકાતમાં ‘દર્શન એ મનની કલ્પના છે’ એ અંગે ચર્ચા થાય છે. વળી, દૂરશ્રવણ અંગે પણ ચર્ચા થાય છે. છેવટે પૂ.શ્રી મને એ અંગે એક-બે અનુભવો કહી સંભળાવવા સૂચન કરે છે. મેં અનુભવો કહ્યા, તેથી સૌને ખૂબ આનંદ થયો. ઘણું જાણવા મળ્યું; સારું થયું, તમે આજે આટલું બોલ્યાં – એવા શબ્દો મુલાકાતીઓ તરફથી સાંભળવા મળ્યાં.

આજે પણ બપોરે તેમની સાથે જ શહેરમાં ફરવા જવાનું બને છે. જોહાનિસબર્ગથી ૩૨ કિલોમીટર દૂર આવેલો લાયન પાર્ક જોવા માટે બપોરે અઢી વાગ્યે નીકળીએ છીએ.

માર્ગમાં આ દેશની વાતો થઈ, જેમાં જાણવા મળ્યું કે અહીં એંશી ટકા આફ્રિકન, પંદર ટકા ગોરા, ચાર ટકા વર્ણસંકર અને એક ટકો હિન્દી લોકો વસે છે. અહીં નાતાલ પ્રાંતમાં હિન્દુ વધારે છે, જ્યારે ટ્રાન્સવાલ પ્રાંતમાં મુસ્લીમો વધારે છે.

માર્ગ રળિયામણા પર્વતોથી શોભતો હતો. એક પર્વત ઉપર હેન્ડ-ગ્લાઈડર જોવા મળ્યાં, જે આકાશમાં ઊડતાં હતાં. કપડાની પતંગિયા આકારની છત્રી આપણી પીઠ પાછળ ઊંધા સૂઈને પહેરવાની ને હાથની મદદથી આકાશમાં ઉડ્ડયન કરવાનું. ત્રણ-ચાર ભાઈઓ એ રીતે ઊડતા જોવા મળ્યાં. મોટાં પતંગિયાં કે મોટાં પક્ષીઓ ઊડતાં હોય એવું દૂરથી લાગે. નજીકથી અમારી ગાડી પસાર થઈ ત્યારે એ પતંગિયા આકારની છત્રી નીચે સૂતો સૂતો ઊડતો એક પુરુષ જોવા મળ્યો. આવા ઉડ્ડયન માટે ક્લબો હોય છે, જેમાં એની તાલીમ લેવાની હોય છે. વળી, તેનો ચોક્કસ વિસ્તાર હોય છે ત્યાં જ ઊડી શકાય છે.

લાયન પાર્ક વિશાળ જમીન ઉપર આવેલો છે. એક નાનું શહેર હોય એવો તેનો કુદરતી ઝાડપાનવાળો વિભાગ છે. તેમાં હરણાં, શાહમૃગો, ઝિબ્રા, વગેરે કુદરતી રૂપમાં જોવા મળ્યાં. વળી, અંદરના જંગલમાં ત્રણ-ચાર છૂટાં ફરતાં સિંહ, સિંહણ અને તેમનાં બચ્ચાઓ જોવા મળ્યાં.

અમારી ગાડી પાર્કની અંદર દાખલ થઈ ત્યારે કાચ અર્ધા બંધ કરવાની સૂચના વાંચવા મળી. ત્યાં દશબાર સિંહ અને સિંહણો એક વૃક્ષ નીચે શાંતિથી આરામ કરતાં જોવા મળ્યાં. ગાડી છેક પાસે ગઈ છતાં તેઓ શાંતિથી બેઠાં હતાં. કેટલાંક ઊંઘ લેતાં હતાં. કેટલાંક જાગીને જોતાં હતાં. કોઈ વળી ઊંચાં થતાં હતાં. એક-બે સિંહ રસ્તો પસાર કરીને પોતાનાં બચ્ચાં પાસે જતા જોવા મળ્યા.

પૂ.શ્રીએ એ દૃશ્ય જોઈને કહ્યું કે, આ સિંહો સહેજ ઊંચા મોં કરીને બેસે તો એમ જ લાગે કે કોઈ જટાધારી સાધુ તપ કરવા બેઠા છે.

દૃશ્ય કુદરતી છતાં ભયંકર હતું. આ સ્થળે જ એક માણસને મૃત્યુને ભેટવાની ઈચ્છા થયેલી તો તે ગાડીમાંથી ઊતરીને આ ટોળા પાસે પહોંચી ગયેલો, જેથી તેને થોડી જ મિનિટમાં, હુમલો કરીને મારી નાખેલો. એ વાત જાણવા મળી. આ એવું ભયંકર સ્થળ હતું, જ્યાં માનવી મોતને શરણે જઈ શકે.

વિશાળ જંગલ જેવા આ સ્થળમાં વિશ્રામસ્થાન પણ હતું. ત્યાં ખુલ્લામાં ખુરશી-ટેબલો હતાં. ત્યાં થોડીવાર બેઠાં. ત્યાં દુકાનો પણ હતી. ત્યાંથી કાર્ડ લીધાં. વળી, આફ્રિકનો કેવા ઘરોમાં રહે છે તે પણ જોવા મળ્યું.

ત્યાં સિંહના ત્રણ બચ્ચાં છૂટા જ ફરતા હતાં. તે બોટલથી દૂધ પીતા હતાં. તેમની પાસે જઈને તેમનાં મોંએ દૂધ પીવડાવતાં એક ફોટો શ્રી મગનભાઈએ લીધો. બચ્ચાં નાનાં હતાં એથી અહિંસક હતાં. એ જ બચ્ચાં મોટાં થતાં હિંસક બની જાય છે.

અમારી સાથે બીજી પણ ગાડી હતી, જેમાં જયમતીબેન, હસવતભાઈ ને બાળકો હતાં. એ સૌની સાથે પણ ફોટાઓ લીધાં.

લાયન પાર્કમાં પ્રવેશ મેળવવાની ફી એક ગાડીના છ રેન્ડ હતી.

રાત્રે સાડા આઠ વાગ્યે અંગ્રેજીમાં પ્રવચન હતું. પ્રવચન પહેલાં શ્રી જેક્સને સ્વાગત-પ્રવચનમાં કહ્યુંઃ આપણે બે પ્રવચનો સાંભળ્યા. ખૂબ જાણવાનું મળ્યું. મહાત્માજીનાં દર્શનથી આપણને પ્રેરણા મળે છે. આપણાં અહોભાગ્ય છે કે આપણને તેમનો લાભ મળે છે. મહાત્માજી અવતારી પુરુષ છે. આપણે એમનું સ્વાગત કરીએ છીએ.

આજે પૂ.શ્રીએ 'ભક્તિયોગ' ઉપર પ્રવચન આપ્યું. પ્રવચન પહેલાં મંડળે બે ત્રણ ભજનો ગાયાં. હૉલ આજે પણ ભરાયેલો હતો.

પ્રવચન બાદ સંચાલકે આભારદર્શનમાં કહ્યુંઃ આ હવે નિરાશાની પળો છે. કેટલાક દિવસોથી આપણે પૂ.શ્રીનાં પ્રવચનોનો લાભ લઈ રહ્યાં છીએ. આજે આ છેલ્લું પ્રવચન છે. આપણે તેઓશ્રીનો ઘણો આભાર માનીએ છીએ.

પ્રવચન બાદ શ્રી જેકસન પૂ.શ્રીને દરરોજની જેમ પ્રણામ કરવા આવે છે. તેઓ ગુજરાતી પ્રવચનોમાં પણ નિયમિત આવતા હતા. પૂ.શ્રી પ્રવચનને અંતે જાહેરમાં અંગ્રેજીમાં ટૂંકસાર કહેતા તે સાંભળવા તેઓ શાંતિથી ધીરજ રાખીને બેસતા.

આજે જ્યારે પૂ.શ્રી પાસે તેઓ આવે છે ત્યારે પૂ.શ્રી તેમને કહે છેઃ તમારું નામ હવે જેકસનને બદલે જ્યોતિર્ધર રાખીએ. તે સારું નામ છે. પ્રભુની એવી ઈચ્છા છે કે તમે જ્યોતિર્ધર બનો.

શ્રી જેકસન એ સાંભળીને પ્રણામ કરીને ખૂબ આનંદથી આભાર માનતા માનતા બેસી ગયા.

પૂ.શ્રીએ કહ્યું, આજથી નવું નામ, આજથી નવું જીવન.

એમ કહી પૂ.શ્રી તેમને પ્રસાદમાં પુષ્પનો હાર આપે છે.

શ્રી જેકસન હવે જ્યોતિર્ધર બન્યા તેનો તેમને આનંદ હતો. તેમને તે નામ ખૂબ ગમ્યું.

પૂ.શ્રીએ થોડી બીજી વાતો પણ કરી. પછી ત્યાં પ્રણામ કરીને બીજા જે ઊભા હતા તેમને પણ પૂ.શ્રીએ ફૂલો આપ્યાં. સત્યસાંઈબાબાની તસવીરની પાસે દીવડા હતા તેની ફરતાં જે ફૂલો હતાં તે પણ પૂ.શ્રીએ લીધાં ને સૌને પ્રસાદરૂપે આપ્યાં.

ઉતારા ઉપર આવી ગયાં.

દૂધ-ફળ લઈને આરામ કર્યો. આજે મકાઈનો ચેવડો પણ પૂ.શ્રીએ લીધો.

* * હરિઃ ૐ * *

## દિન ૬૯

**તા. ૨૪-૧-૮૩, સોમવાર, મહા સુદ દશમ ૨૦૩૯**
**લેનેશિયા-જોહાનિસબર્ગ**

આજે મારે મૌનવાર હતો. અહીં પણ એ નિયમ નિયમિત પળાય છે. ભોજન સમયે પણ ખાસ વાંધો આવતો નથી. રસોડામાં ભોજન બનાવી લેવાનું બને છે ત્યારે થોડું લખન કરીને કામ લેવું પડે છે.

આજે મુલાકાત ન હતી. પૂ.શ્રીના ફોટાઓ પાડવાની શ્રી મગનભાઈની ઈચ્છા હતી. તેમણે ફોટાઓ પાડ્યા.

બપોરે અઢી વાગ્યે શહેરમાં રામેશ્વર મહાદેવના હૉલમાં મહિલા મંડળનો એક કાર્યક્રમ હતો. તેમાં પૂ.શ્રીનું પ્રવચન હતું.

રામેશ્વર મહાદેવ જતાં પહેલાં રામજી મંદિર, જે ૧૯૪૫માં સ્થપાયેલું અને જે સાતમા માળે છે ત્યાં જવાનું બન્યું. ત્યાં શ્રી રામકૃષ્ણદેવનો ફોટો હતો. પૂ.શ્રીએ જોતાં જ કહ્યું કે, ઓહ! અહીં તો ક્યારનાય આપણે આવી ગયેલા છીએ. મંદિરના સ્થાપકના ઘરમાં પણ શ્રી રામકૃષ્ણદેવ ને વિવેકાનંદની ઘણી મોટી તસવીરો હતી. ત્યાં દશ-પંદર મિનિટ રોકાયા પછી રામેશ્વર મંદિરમાં આવ્યાં.

સ્વાગત બાદ પ્રવચન થયું. પ્રવચન બાદ બહેનો તરફથી નીચેના પ્રશ્નો પુછાયા:

હોળીનો તહેવાર શા માટે ?

દીવો શા માટે પ્રગટાવાય છે?

મૂર્તિપૂજાની જરૂર ખરી ?

મરણોત્તર ક્રિયા કરવી જોઈએ કે નહી ?

પૂ.શ્રીએ સંતોષકારક ઉત્તરો આપ્યા. પાંચ વાગ્યે ત્યાંથી વિદાય થયાં. ઉતારા ઉપર આવીને થોડોક આરામ કરીને, બટાકાપૌંઆ ને ફળોનો નાસ્તો કર્યો.

સાડા સાત વાગ્યે મુલાકાત હતી, જેમાં લગભગ પચાસ ભાઈબહેનોએ ભાગ લીધો. પૂ.શ્રીએ પંદર-વીસ મિનિટ ધ્યાન કરાવ્યું. પછી પ્રશ્નોત્તરી શરૂ થઈ.

**પ્રશ્નો :**

પરાવાણી ક્યાંથી નીકળે ?

સાત્વિક ખોરાક કયો છે?

સ્વપ્નમાં જે સંતો દર્શન દે તે કઈ વાણી બોલે ?

ક્રોધને દૂર કરવા શું કરવું ?

મુસ્લીમો પોતાની આવકમાંથી દશ ટકા દાન નિયમરૂપે કરે છે. શું આપણા કોઈ શાસ્ત્રમાં એવો નિયમ નથી?

દમ માટે કોઈ ખાસ આસન છે?

'ૐ નમઃ શિવાય' જપ કરું છું પણ ધ્યાન વિષ્ણુનું કરું છું, તો ચાલે?

મારા ગળામાં ગાંઠ નીકળી છે. તેનો કોઈ વ્યાયામ-ઉપચાર છે?

પૂ.શ્રીએ બધા જ પ્રશ્નોના જવાબો ખૂબ સારી રીતે આપ્યા, જેનો ટૂંકસાર નીચે મુજબ હતો.

**પૂ.શ્રી** :

(૧) વાણીના ચાર પ્રકાર છેઃ વૈખરી, મધ્યમા, પશયન્તી ને પરા.

મન, બુદ્ધિ ના પહોંચે તે પરા. સ્વામી વિવેકાનંદને પ્રવચનના મુદ્દા કોઈ દિવ્ય શક્તિ સંભળાવતી ને તેઓ નવા જ વિષય ઉપર પણ પ્રવચનો આપી શકતા. મહાપુરુષો, પરમાત્મદર્શી સંતો પરા વાણી જ બોલે છે, જે એમના દ્વારા પરમાત્મા જ બોલે છે.

અમારે પ્રવચન માટે બોલવાનું હોય છે ત્યારે શક્તિને પ્રાર્થના કરીએ છીએ, હે મા ! તમે બોલો. અને એ રીતે બોલાય છે.

(૨) શીરો, ખીર, સાત્વિક ખોરાક છે. દાળભાત, શાક, રોટલી પણ સાત્વિક ખોરાક છે. ઈંડા ને માંસ સાત્વિક નથી.

(૩) સ્વપ્નમાં જે સંતો બોલે તે દેવવાણી કહેવાય.

(૪) ક્રોધ થાય તેની પાછળ ઘણાં કારણો હોય છે. જેવાં કે, મગજમાં લોહીનું ભ્રમણ ઓછું થતું હોય; સાચું કરનાર સામે કોઈ ખોટું કરે; પોતાનું ધારેલું ના થાય વગેરે. એ કારણો શોધીને તેના ઉપાયો કરવા. કામ ને ક્રોધ પ્રબળ બને ત્યારે ઠંડા પાણીનો પ્રયોગ ઉત્તમ છે.

(૫) મુસ્લીમોની નમાજ એ આપણું અનુકરણ છે. આપણી હિન્દુ સંસ્કૃતિ સૌથી જૂની છે. એમાંથી જ એ શીખ્યા છે.

આપણું જૂનું સાહિત્ય 'મનુસ્મૃતિ' છે. તેમાં આવકના દશમા ભાગનું દાન કરવાનું કહ્યું છે. આપણે તે પાળતા નથી. કેટલાક પાળે છે. પણ અમે તો દશ ટકા શું, પચાસ ટકા દાન કરીએ છીએ. અમારે તો કોઈ ધંધો કે દુકાન નથી; છતાં શહેરમાંથી જે મળે તેમાંથી અમે જરૂર હોય તેવી સંસ્થાને અર્ધી રકમ તે જ શહેરમાં આપી દઈએ છીએ.

(૬) દમ માટે ખાસ કોઈ આસન નથી.

(૭) શિવ ને વિષ્ણુ એક જ છે.

(૮) ગળાની ગાંઠ માટે ડૉકટરને મળો. અવિદ્યાની ગાંઠ માટે અમે બતાવીએ તેમ ધ્યાન કરો.

આજે પ્રશ્નોત્તરી રાતના સાડા નવ સુધી ચાલી. સૌને આનંદ આવ્યો.

એક ભાઈએ સર્વ સંપ્રદાયોને એક કરવા, જો પૂ.શ્રી પ્રવચન આપે તો સંપ્રદાયોમાં, વાડાઓમાં વહેંચાયેલો હિન્દુ સમાજ એક બને એવું સૂચન પણ કર્યું.

સૌએ સાષ્ટાંગ પ્રણામ કરીને વિદાય લીધી.

ઓરડામાં જઈને અમે દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૭૦

**તા. ૨૫-૧-૮૩ મંગળવાર, મહા સુદ અગિયારસ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ થી કેપટાઉન**

આજે આ સ્થળેથી વિદાય થવાનું હતું. બે-ત્રણ દિવસથી ઘરની યુવાન છોકરીઓ કહી રહી હતી : તમે જાઓ છો! અમને ગમશે નહીં. તમે ફરીથી અહીં થોડા દિવસ પણ રહેવા આવજો. હવે અમે કોને મા કહીશું ? આવા શબ્દોથી તેઓ હૈયાનો પ્રેમ વ્યક્ત કરતી હતી.

આજે અગિયારસ હતી, જેથી ફળ-દૂધ લીધાં. શ્રી જેકસનમાંથી જ્યોતિર્ધર બનેલા ભાઈ પણ પોતાની પત્ની સાથે મળવા આવે છે, જેઓ પૂ.શ્રીને વિદાયનો ગાર્ડ(માન) આપે છે. બીજી પણ બે-ત્રણ બહેનો હતી. બેઠકના ઓરડામાં ગયાં ત્યારે થાળી, પાણી, કંકુ વગેરે પૂ.શ્રી પાસે લાવવામાં આવ્યું. પૂ.શ્રીએ ચરણપ્રક્ષાલનની ના પાડી, જેથી પૂ.શ્રીનાં શ્રીચરણો ઉપર, મુખમંડળ પર કંકુ-ચોખા મૂકી, પુષ્પહાર અર્પણ કરી, શ્રી મગનભાઈ પ્રણામ કરે છે. પ્રણામ કરીને ઊઠ્યા ત્યારે શ્રી મગનભાઈની આંખમાં વિદાયનાં આંસુ હતાં.

એ જ રીતે તેઓએ મારી પણ પૂજા કરી. પુષ્પહાર અર્પણ કરીને પ્રણામ કર્યા. ઘરનાં સભ્યો પૈકીની બન્ને છોકરીઓએ પણ એ જ રીતે અમારી બન્નેની પૂજા કરી, પુષ્પ અર્પણ કરી, પ્રણામ કર્યા. નાનાં બાળકો પણ પુષ્પો આપીને પ્રણામ કરે છે. ત્યારબાદ અમારી આરતી ઉતારવાની તૈયારી થઈ, પણ હું તો તે સૌની હરોળમાં ઊભી રહી ગઈ. તેથી ફક્ત પૂ.શ્રીની જ આરતી 'જય જગદીશ હરે!' ગાઈને ઉતારી. આરતીની 'ગુરુદેવ હે યોગેશ્વરજી'ની છેલ્લી ચાર લીટી શ્રી મગનભાઈએ 'અર્ઘ્ય'માં જોઈને ગાવા માંડી. છેવટે આરતી પૂરી થઈ. સૌએ ફરી પ્રણામ કર્યા.

પૂ.શ્રીએ સૌને પ્રસાદીમાં પુષ્પો આપ્યાં, જ્યારે મેં બધાને દ્રાક્ષનો પ્રસાદ આપ્યો. અંતે એક કલાકની મુસાફરી પછી ઍરપોર્ટ ઉપર આવી ગયાં.

આજે વિદાયવેળાએ શ્રી મગનભાઈએ કવરો ભેટ મૂક્યાં. પૂ.શ્રીએ ખોલ્યાં. મેં મારું કવર પાછું આપી દીધું. પૂ.શ્રીએ કહ્યું કે, મા સર્વેશ્વરી લેતાં નથી અને અમે પણ જ્યાં ઊતરીએ ત્યાંથી લેતા નથી. તમે તો ઘણી સેવા કરી છે. બન્ને કવરોમાંથી ફક્ત એક-એક રેન્ડ લીધો ને ફરી કવર આપી દીધાં. સર્વેશ્વરી પોતે નોકરી કરતાં ત્યારે સ્વીકારેલા કવરનું શું કરતાં તે વાત પૂ.શ્રીએ શ્રી મગનભાઈને કહી હતી. તેથી શ્રી મગનભાઈએ તે કવરો દેવસ્થાનમાં મૂકી દીધાં.

ઍરપોર્ટ ઉપર શ્રી રમેશભાઈ પણ બીનોનીથી આવ્યા હતાં. શ્રી હસવતભાઈ પણ પૂ.શ્રીને વિદાય આપવા પોતાની નોકરી ઉપરથી આવ્યા હતાં. દશ મિનિટમાં જ તે સૌ પાસેથી વિદાય લીધી. શ્રી મગનભાઈનું તો આખુંય કુટુંબ અમને વિદાય આપવા ઍરપોર્ટ ઉપર આવ્યું હતું.

૩૧૭ નંબરના સાઉથ આફ્રિકન ઍરવેઝના પ્લેનમાં અમે ૨-૩૦ કલાકે ૯-ડી, ૯-સી બેઠકો ઉપર બેઠાં. બરાબર સાડા ચારે જોહાનિસબર્ગથી હજાર માઈલ દૂરના કેપટાઉનમાં બે કલાકમાં આવી ગયાં. માર્ગમાં

ડાયરીની નોંધ લખી. ઍરપોર્ટ ઉપર ડરબનના બે ભાઈઓ ને કોપટાઉનના ત્રણ ભાઈઓ તથા એક બહેન અમને લેવા આવ્યાં હતાં.

આજે આ નવું સ્થળ હતું. ઍરપોર્ટથી દસ-પંદર મિનિટમાં ઉતારા ઉપર આવી ગયાં.

ઉતારા ઉપર થોડું બેઠાં. ભારતના રાજકારણની, હિન્દુ ધર્મના નાના-મોટા સંપ્રદાયોની ચર્ચા થઈ. છેવટે, સાત વાગ્યે ફળ-દૂધ લીધાં.

આઠથી પોણા નવ સુધી ડરબનથી આવેલા શ્રી વનમાળીભાઈની ઈચ્છા મુજબ ધ્યાનમાં બેઠાં. છેવટે,પ્રાર્થના કરીને સૌ વિદાય થયાં.

યજમાન શ્રી જેરામભાઈ અને તેમના ભાઈ સાથે પૂ.શ્રીએ થોડી વાતો કરી. તેમાં પૂ. માતાજીનું સ્મરણ કર્યું.

એક પણ દિવસ એવો નથી જતો જ્યારે પૂ.શ્રી પોતાનાં માતાજીને યાદ ના કરતા હોય.

કેપટાઉન શહેરમાં હિન્દી ભાઈઓના વિસ્તારમાં જ એક બંગલામાં અમારો ઉતારો હતો. યજમાન શ્રી જેરામભાઈના ઘરમાં દેવસ્થાનનો મોટો ઓરડો હતો. તેમાં રાધાકૃષ્ણ, ગણપતિ ને માતાની મંદિરમાં હોય તેવી સુંદર મૂર્તિઓ હતી. અમારા ઉતારાના ઓરડાની બાજુમાં જ તે દેવસ્થાનનો ઓરડો હતો.

રાત્રે સાડા નવે આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૭૧

**તા. ૨૬-૧-૮૩, બુધવાર, મહા સુદ બારશ ૨૦૩૯**
**કેપટાઉન**

કેપટાઉન દરિયાકિનારે આવેલું છે. અહીં બે સમુદ્રોનો સંગમ થાય છે. એટલાન્ટિક મહાસાગર અને હિન્દી મહાસાગરને કિનારે કેપટાઉન વસેલું છે. છતાં આ શહેરની ફરતે પર્વતોની હારમાળા આવેલી છે. એ પર્વતોમાંના એક મોટા પર્વત ઉપર હવામાન સારું હોય તો આજે બપોરના સમયે ત્યાં જવું એવી યોજના છે.

પૂ.શ્રી સવારે ત્રણ વાગ્યે સ્નાન કરે છે. પછી વ્યાયામ કરે છે. સાડા ચાર વાગ્યે મને ઉઠાડે છે. હું સ્નાન કરી લઉં છું.

લેખનનો નિત્યક્રમ સાત વાગ્યે શરૂ થઈ જા હોય છે. પોણા અગિયારે ખીચડી ને શાક બનાવવા અમે રસોડામાં જઈએ છીએ. ભોજન સાથે પૂ.શ્રી દૂધ લે છે.

ભોજન બાદ દસેક મિનિટ બેઠક ખંડમાં બેઠાં. ત્યારબાદ ગાડીમાં બેઠાં.

જ્યાં ઉતારો છે તે વિસ્તારનું નામ રાયલેન્ડ છે, જ્યાં હિન્દી ભાઈ-બહેનો વસે છે.

અમારી ગાડી દશ-પંદર મિનિટમાં શહેરમાં આવી ગઈ. મુખ્ય બજારોમાં સુંદર મોટી ઈમારતો જોવા મળી. પાર્લામેન્ટ હાઉસ જવાનો માર્ગ જ જોયો, કારણ કે ત્યાં કોઈને પણ જવા દેતા નથી. દૂર દૂર અંદરના ભાગમાં તે આવ્યું હશે. વળી, ત્યાં પ્રવેશ કરતાં જ એક મોટું ચર્ચ જોવા મળ્યું.

શહેરને પસાર કરીને પર્વતોની હરોળ પાસે પહોંચ્યા, જ્યાં મોટું મેદાન હતું. ગાડી ઊભી રાખવાની જગ્યા હતી. સામેની મોટી ફૂટપાથ ઉપર માળા, પાકીટ, કાર્ડ વિગેરે મળતાં હતાં. ત્રણેક નાની દુકાનો હતી. ગાડીને પાર્ક કરીને અમે કેબલ-વે તરફ જવા માટે પગથિયાં ચઢ્યાં. ઉપરના ભાગમાં એક બારી હતી. જેમાંથી ત્રણ ત્રણ રેન્ડની વ્યક્તિ દીઠ ટિકિટો લીધી. દસેક મિનિટમાં તો રોપ-વેનું પાંજરા જેવું લોખંટનું સાધન આવી ગયું.

સામે જે પર્વત દેખાતો હતો તેનું નામ ટેબલ માઉન્ટન હતું. તે પર્વત જમીનથી એટલે કે અમારે જ્યાંથી બેસવાનું હતું ત્યાંથી ત્રણ હજાર પાંચસો ફૂટ ઊંચો હતો.

રોપ-વેનું એ સાધન ખુલ્લું હતું. એમાં ૨૮ માણસો જઈ શકે એવી સગવડ હતી. એમાં ગયાં ને તે ચાલું થયું. જે માત્ર ચાર મિનિટ ને બે સેકન્ડમાં અમને ટેબલ માઉન્ટન ઉપર લઈ ગયું. ૧૯૨૯થી તેવાં સાધન અહીં વપરાય છે.

ત્યાં ઊતર્યાં તો સાચે જ દૂરથી ટેબલ જેવો દેખાતો આ પર્વત સપાટ ને ઘણો મોટો જોયો. તેમાં ઝાડપાન, રેસ્ટોરન્ટ, ટેબલો, નાનામોટા પથ્થરોની કુદરતી રચના વિગેરે હતું. ખૂબ સરસ તડકો હતો, જેથી ત્યાં ફરી શક્યા. પવન સખત હતો. આ પર્વત ઉપરથી આખું કેપટાઉન દેખાતું હતું. દૃશ્ય ખૂબ જ સુંદર હતું. થોડી વાર ફર્યા પછી ફરીથી એ જ રીતે નીચે આવી ગયાં. નીચે આવ્યાં ત્યારે સંખ્યા ઘણી ઓછી હતી, જેથી બેસવાનું મળ્યું. નીચે આવીને પેલી દુકાનો પાસે જવાનું બન્યું. ખાસ કશું લેવા જેવું ન હતું. ફરી ગાડીમાં

બેઠાં. દરિયાકિનારે પહાડી માર્ગે અમારી ગાડી આગળ ચાલી. માર્ગો પાકા ને પહોળા હતા. કુદરતી સૌંદર્ય-એક બાજુ પર્વતોની હારમાળા, બીજી બાજુ દરિયાકિનારાનાં દૃશ્યો સરસ હતાં. દરિયા-કિનારાના એ પહાડી માર્ગે થઈને અમે ફરી શહેરના બીજા ભાગમાં પ્રવેશ કર્યો. ત્યાં, કેપટાઉનના જુદા જુદા વિસ્તારોમાં રેલ્વે જતી હતી તે જોવા મળી. રેલ્વે પણ દરિયાના કિનારે જ જતી હતી.

ટેબલ માઉન્ટનની સામે સિગ્નલ હીલ નામનો પર્વત પણ જોવા મળ્યો, જેનો આકાર મોટા શિવલિંગ જેવો હતો.

ઉતારા ઉપર આવતાં પહેલાં, અહીંનો ગુજરાતી સમાજ જ્યાં હોલ, શાળા ને મંદિર બંધાવે છે તે સ્થાન જોવા ગયા.

ઉતારા ઉપર આવીને બે કલાક આરામ કર્યો. પછી, સાત વાગ્યે ફળ લીધાં. પ્રવચન માટે પોણા આઠે ગાડીમાં નીકળ્યાં. પાંચ મિનિટમાં જ શિવાલયમ્ નામનું સ્થાન આવ્યું, જે તામિલ ભાઈઓનું હતું. ત્યાં શિવમંદિર ને હોલ હતાં. હોલ ગુજરાતી ભાઈઓએ ભાડે લીધો હતો.

હોલમાં ખુરશીઓ હતી. મંચ ઉપર બે સોફા ગોઠવ્યા હતાં. ડરબનમાં બેઠકની જેવી ગોઠવણ હતી તેવી જ ગોઠવણ દરેક સ્થળે થતી હતી.

પ્રવચનની પહેલાં ડરબનથી આવેલા એક ભાઈએ એક ભજન ગવડાવ્યું. આજના પ્રવચનમાં પૂ.શ્રીએ શ્રોતાઓને ખૂબ ખૂબ હાસ્યરસ પીરસ્યો. જ્ઞાન સાથે ગમ્મત કરાવી. પ્રવચન બાદ બે ભજનો ગવડાવ્યાં.

સૌ છૂટાં પડ્યાં. અહીં ગુજરાતીઓની ત્રણસો ઘરોની વસ્તી છે. હોલમાં શ્રોતાઓની સંખ્યા સારી હતી.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. દૂધ પીને આરામ કર્યો.

------------------------

'લેનેશિયા ટાઈમ્સ' સામયિકમાં પૂ.શ્રી યોગેશ્વરજીની મુલાકાત, એના જાન્યુઆરી, ૧૯૮૩ના અંકમાં પૂ.શ્રીની તસવીર સાથે, આ રીતે પ્રકાશિત થઈ હતી:

**LENESIA TIMES** **January, 1983**

## THE QUEST FOR INNER PEACE

A HINDU hermit from the Himalayas has come out of the tiger and cobra ridden jungles of India to counsel materially-corrupt urbanized man why he is today facing worldwide violence, misery, crime and impending annihilation.

Mahatma Yogeshwarji (62) who studied the “self Enquiry” (Vichara) Path of the Great Sage Ramana Maharishi paid a visit to South Africa this month to deliver a series of talks on attaining inner spiritual peace and bliss in a rat-race world of ruthless ambitions and corrupt materialism.

"One need not flee to the jungles and mountains to find inner bliss." The mahatma said in an interview in Lenesia. "One needs to flee from one's own ignorance out of which arises all error and evil."

"We need to divorce ourself from false and transient values such as material possessions which serve no good and lasting purpose. We need to flee from lust, greed, ambition, anger, envy, jealousy, hatred and attachment to immoral and evil passions." Mahatma Yogeshwarji said.

He said man was forever desiring material possessions and false love. He ran after these things and once he possessed such, became a slave to them. Man's troubles began when he became attached to these fleeting non-lasting things, because when he lost them (be it love, money, clothing, cars and other property), his whole world crumbled around him and he was plunged into misery and grief.

The saints and sages of India were blissfully happy eternally because unlike ordinary, ignorant man, they rose above false values and instead sought the *lasting* values that came from meditation and contemplation of God and through selfless service to humanity without seeking recognition and rewards. This, he said, was true Bhakti (devotional) Yoga.

Mahatma Yogeshwarji said crime, violence, wars, epidemics and other evils were the *results* of evil and base passions which were being cultivated in sptritually bankrupt men who were out of touch with God, the Lord of the Universe. Such men were the prisoners of *ignorance*, the cause of all suffering.

People who practiced yoga meditations daily and studied the scriptures such as the Vedas and other revealed teachings of saints, sages and prophets, would became free of the evils of the lower nature in man which flourished in the darkness of ignorance, he said.

The great sage Ramana Maharishi who passed on much of this wisdom and light to Mahatma Yogeshwarji, died in April 1950 in Tiruvanmalai, South India. Mahatmaji translated a number of Maharishi's book into Gujarati. He has also written 80 books himself. Several of the Maharishi's works have also been translated into English by his European disciples of past like Paul Brunton, Arthur Obsorne and Muni Sadhu.

Mahatma Yogeshwarji said he did not belong to any particular paths sect. He saw good in all enlightened spiritual paths including the mystical path of the Sufi saints of Islam.

He said he has been living in the Himalaya mountains and jungles for 10 years. He leaves this retreat when he has to travel around the world on his lecture tours. "I speak on the Gita, Vedas, Bible, Koran and any other revealed scriptures." He said.

* * હરિઃ ૐ * *

## દિન ૭૨

**તા. ૨૭-૧-૮૩, ગુરુવાર, મહાસુદ તેરસ ૨૦૩૯**
**કેપટાઉન – રાયલેન્ડ વિસ્તાર**

સવારે સાંઈબાબાની સ્તુતિ કરી. લેખનનો નિયમિત ક્રમ. પછી પૂ.શ્રી થોડો આરામ કરે છે. અમારે હાથે ખીચડી ને શાક બનાવી લઈએ છીએ. ભોજન દરરોજની જેમ અમારા ઓરડામાં લઈએ છીએ.

ભોજન બાદ કેપપોઈન્ટ નામના સ્થાનમાં જવાનું હતું. યજમાન ભાઈની સોડા-લેમનની ફેક્ટરી જોવા પણ તે ભાઈ અમને લઈ ગયાં. તેમાં પીણાંની દરરોજની અઢી હજાર બાટલીઓ તૈયાર થતી હતી. મશીનમાં જ જુદાં જુદાં ઍસન્સ, સોડા ને પાણી ભેગાં થાય. તે મિશ્રણ જ્યાં તૈયાર થઈને નીચે આવે ત્યાં મશીનથી ધોવાયેલી બાટલીઓ ગોળાકારમાં ગોઠવાઈ જાય. તેમાં મિશ્રણ ભરાય. પછી તે બીજા મશીનની નીચે જાય. જ્યાં ઉપરથી ઢાંકણ ફીટ થાય. તે બાટલીઓ આગળ ચાલે ને ત્યાંથી તે બોક્સમાં મુકાય. તે બોક્સનો જથ્થો મશીનથી ગોડાઉનમાં મુકાય. પછી, ત્યાંથી બહાર જાય. અહીંનો સામાન્ય વર્ગ પણ પાણીને બદલે ભોજન સમયે પણ પીણાં જ પીવા ટેવાયેલો છે. પરિણામે આવી ફેક્ટરીઓ ઘણું સારું ઉત્પાદન કરી રહી છે. ૧૯૩૪માં યજમાન ભાઈના પિતાજીએ આ ફેક્ટરી સ્થાપી હતી.

ફેક્ટરી જોયા બાદ અહીંથી અમે 30 માઈલ દૂર દરિયાકિનારે આવેલ સાયમન ટાઉન જવા નીકળ્યાં. માર્ગમાં એક એવું શહેર આવ્યું, જ્યાં ફક્ત ગોરી પ્રજા જ રહેતી હતી. તેમાં અતિધનાઢ્ય વર્ગ જ રહે છે. તે શહેરનું નામ મ્યુઝશનબર્ગ હતું. તે શહેર વિવિધ સગવડોવાળું ને દરિયાકિનારે જ આવેલું છે. વચ્ચે ફીશહૂક નામનું શહેર પણ આવ્યું. માછલાંઓ પકડવાનું એ મોટું મથક હશે. આગળ ને આગળ, દરિયાકિનારે જ અમારી ગાડી ચાલી એટલે સાયમન ટાઉન આવી ગયું. આ શહેર દક્ષિણ આફ્રિકાનું પ્રવેશદ્વાર છે. તેથી દરિયાઈ માર્ગનું સંરક્ષણ ખાતું અહીં જાગ્રત છે. વિશાળ મિલિટરીનો વિભાગ આ શહેરમાં છે. પર્વતો ઉપર પણ અહીં સંરક્ષણનાં સાધનો તૈયાર ગોઠવેલાં છે.

સાયમન ટાઉનથી પણ અમે પહાડ ઉપર આગળ ને આગળ ચાલ્યાં. ત્યાંથી સપાટ જમીન પર પ્રવેશ કર્યો. ઘણાં લાંબા ને રળિયામણા માર્ગે અમે જમીનના એ છેવટના ભાગે પહોંચી ગયાં. ત્યાં ગાડી નીચે મૂકી. અમે ત્યાંથી બસમાં બેસીને પર્વત પર ચઢ્યાં. તે બસ દસ-બાર મુસાફરો બેસે એવડી નાની જ હતી. ચઢાણ પર ગાડી ઉપર ચઢે એમ ન હતું. એ સ્થાન કેપપોઈન્ટ તરીકે જાણીતું છે. બસ મારફતે ઉપર ચઢ્યાં. ત્યાંથી પાછાં થોડું પગે ચાલીને દોઢસો-બસો પગથિયાં ચઢ્યાં. જ્યાંથી બે સમુદ્રોનો સંગમ જોવા મળ્યો. ડાબી બાજુ હિન્દી મહાસાગર ને જમણી બાજુ એટલાન્ટિક મહાસાગર લહેરાય છે. ઉપરથી એ દૃશ્ય અલૌકિક લાગતું હતું. પંદર-વીસ મિનિટ રોકાઈને પછી પગથિયાં ઊતર્યાં. ત્યાં બસ તૈયાર જ હતી. અમે પાંચેય જણ બસમાં બેસી ગયાં. બસ ઊપડી. નીચે આવીને ગાડીમાં બેઠાં. ફરીથી સાયમન ટાઉન થઈને કેપટાઉનના રાયલેન્ડ વિસ્તારમાં ઉતારા ઉપર આવી ગયાં.

આરામ કર્યો. ફળાહાર લીધો. સમયસર પ્રવચન સ્થળે ગયાં. પ્રવચન ગુજરાતીમાં જ થયું. ત્રણ ભજનો ગવડાવ્યાં બાદ આરતી થઈ. આરતી બાદ સૌ છૂટાં પડ્યાં.

અહીં આનંદકુટિર નામના સ્થાનમાં શનિવારે યોગશિબિર થનાર છે. તેમાં પૂ.શ્રીને ખાસ આગ્રહ કરીને આમંત્રણ આપવામાં આવ્યું. પૂ.શ્રીએ ચર્ચા-વિચારણા બાદ એ આમંત્રણનો સ્વીકાર કર્યો.

પછી, ઉતારા ઉપર આવ્યાં. આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૭૩

**તા. ૨૮-૧-૮૩, શુક્રવાર, મહા સુદ ચૌદશ ૨૦૩૯**
**કેપટાઉન – રાયલેન્ડ વિસ્તાર**

શ્રી રંગઅવધૂત મહારાજ રચિત 'શ્રી ગુરુલીલામૃત' ગ્રંથનું પારાયણ જોહાનિસબર્ગના નિવાસ દરમિયાન કોઈ એક ધન્યદિને શરૂ કરવાનો મેં નિર્ણય કર્યો હતો. તે મુજબ આજે 'જ્ઞાનકાંડ'ના ૪૨ અધ્યાય પૂર્ણ થયા છે.

આજે પણ દરરોજની જેમ જ નિયમિત નિત્યક્રમ રહ્યો. પૂ.શ્રીના નિત્યકર્મમાં કદી કોઈ ફેરફાર ના થાય.

મગની દાળ ને ભાતનું ભોજન બનાવીને લીધું. ભોજન બાદ અહીંના જાણીતા કાર્યકર્તા શ્રી ચાવડા મળવા આવ્યા છે. તેમના હૈયે વિદેશમાં વસતી ભારતીય પ્રજામાં ભારતીય સંસ્કારો જળવાઈ રહે તેની ચિંતા હતી. તેઓ પોતાની રીતે પ્રયત્નો કરી રહ્યા છે. તેમની પાસે તે માટેની જે યોજના હતી તેની વાતો તેઓ કરે છે.

મુલાકાત પછી ગાડીમાં બેસીને કેપટાઉન શહેરમાં એક આટો માર્યો. બોટોનિકલ ગાર્ડન, યુનિવર્સિટી વિગેરે જોવા ગયાં. અહીં માર્ગ સ્વચ્છ, પહોળા ને પહાડી હતા. તે ફૂલોથી શણગારેલા લાગતા હતા. રોડ મેમોરીયલ જોવા પણ ગયાં.

રોડ એક વ્યક્તિ આ દેશમાં આવેલી. તેના નામ ઉપરથી દેશનું નામ રોડેશિયા પડ્યું હતું. તેનું સ્મારક જોવા જવાની વાતચીતમાં પૂ.શ્રીએ કહ્યું: રોડ નામના એક માણસનું મોન્યુમેન્ટ જોવા બધાં જ દોડાદોડ કરીને જાય છે. આપણાં મંદિરો પણ આવાં સ્મારક જ છે. કૃષ્ણનું મંદિર તો કૃષ્ણ મેમોરિયલ, રામનું મંદિર તો રામ મેમોરિયલ; પણ તેવાં મેમોરિયલ જોવા માટે કેટલા જાય છે? જતા જ નથી! અને એવા મેમોરિયલ હવે ખાસ થતાં પણ નથી.

અહીં પાર્લામેન્ટ હાઉસ જોવા જેવું છે, એવા એક વિચારના ઉત્તરમાં પૂ.શ્રીએ કહ્યુ: અરે ભાઈ! હવે તો પ્રભુની પાર્લામેન્ટમાં જ હાજર થવાની ઈચ્છા રાખો. સંસારની પાર્લામેન્ટ તો ઘણી જોઈ.

બે કલાક ફર્યા. પછી ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

સાંજે અહીંનું છેલ્લું પ્રવચન થયું. આભારવિધિ બાદ આરતી થઈ.

ઉતારા ઉપર આવી ગયાં. ફળ-દૂધ લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૭૪

**તા. ૨૯-૧-૮૩, શનિવાર, મહા વદ એકમ ૨૦૩૯**
**કેપટાઉનથી પોર્ટ ઈલીઝાબેથ**

સવારે ત્રણ વાગ્યે સ્નાન પછી વ્યાયામ. પછી મંત્રજપ ને લેખન. સાડા નવ પછી પૂ.શ્રી થોડો આરામ કરે છે.

આજે ભોજન બાદ અમે આ ઘરમાંથી વિદાય લીધી. યોગ સેન્ટરમાં જવાનું હતું. ત્યાં જઈને પૂ.શ્રીએ અર્ધો કલાક પ્રસંગોચિત 'ધ્યાનનો હેતુ' એ વિષે પ્રવચન કર્યું. અંગ્રેજ ભાઈબહેનો સમક્ષ પૂ.શ્રી અંગ્રેજીમાં બોલ્યા. ત્યાંથી ઍરપોર્ટ ઉપર આવી ગયાં.

લગભગ એક કલાક વહેલાં આવી ગયાં. તેથી સામાન વિગેરે સોંપીને અંદરની સીટ ઉપર બેઠાં.

અહીંથી સાઉથ આફ્રિકન ઍરવેઝમાં પોર્ટ ઈલીઝાબેથ જવાનું હતું. બપોરે સાડા ત્રણ વાગ્યે પ્લેન ઊપડ્યું. એકાદ કલાકમાં દરિયાકિનારે જ લગભગ પાંચસો માઈલ દૂર આવી ગયાં.

ઍરપોર્ટ ઉપર પાંચ-સાત ભાઈઓ અને એક બહેન અમને લેવા માટે આવ્યાં હતાં.

સામાન લઈને ઉતારા ઉપર આવી ગયાં. શહેર દરિયાકિનારે આવેલું છે. અમારો ઉતારો શ્રી રમણભાઈને ત્યાં હતો. તેઓ આર્યસમાજી છે. તેમનો પરિવાર ત્રણ પેઢીથી શુદ્ધ શાકાહારી છે. સાંજે શ્રી હિન્દુ સેવા સમાજના હૉલમાં પ્રવચન હતું. હૉલમાં શ્રીકૃષ્ણ, રામ, શંકરની નાનીનાની મૂર્તિઓ હતી.

પ્રવચનની શરૂઆતમાં પુષ્પહારથી સ્વાગત થયું. પ્રવચન બાદ સૌએ નમસ્કાર કરી વિદાય લીધી. અમે ઉતારા ઉપર આવી ગયાં.

* * હરિઃ ૐ * *

## દિન ૭૫

**તા.30-૧-૮૩, રવિવાર, મહા વદ બીજ ૨૦૩૯.**
**પોર્ટ ઈલીઝાબેથ**

સવારે નિયમ પ્રમાણે નિત્યકર્મ થયું. મુલાકાત સમયે શ્રી મોહનલાલ મળવા આવે છે. તેમણે પૂ.શ્રી પાસે હસ્તાક્ષરની માગણી કરી. પૂ.શ્રી કોઈને કાંઈ ખાસ લખી આપતા નથી. પણ આજે વળી પૂ.શ્રીએ તેમની નાનકડી હસ્તાક્ષરની બુક લીધી ને લખ્યું-

*કેવળ હસ્તાક્ષર લઈને બેસી ના રહેતા.*
*જીવન ખૂબ જ ટૂંકુ છે.*
*એમાં અક્ષર (અવિનાશી)ની આરાધના કરજો,*
*અવિનાશીને ઓળખજો.*
*- યોગેશ્વર, 30-૧-૮૩*

લખ્યા બાદ સૌને તે વાંચી સંભળાવવાની સૂચના આપી. તેથી શ્રી મોહનલાલ તે વાંચવા માંડ્યા. ત્યારે વચ્ચે પૂ.શ્રીએ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે, આગળ શું લખ્યું છે? હા. વાંચો જોઉં.

પૂ.શ્રીના ઉદ્‌ગારમાં, જાણે કોઈ ત્રીજી જ વ્યક્તિએ લખાણ લખ્યું હોય એવો ભાવાર્થ હતો. સાચે જ પૂ.શ્રીની કલમ પાછળ પરમશક્તિ જ કામ કરે છે. એથી તો ઘણીવાર પોતાનું લખાણ પાછળથી પોતે જ વાંચે ત્યારે તેઓ બાળસહજ આનંદ વ્યક્ત કરતા હોય છે.

શ્રી મોહનલાલે પૂ.શ્રીની બોલતી ફિલ્મ ઉતારી, જેમાં તે ભાઈની ઈચ્છા મુજબ પૂ.શ્રીએ 'તરણા ઓથે ડુંગર' વિષે નાનકડો સુંદર સંદેશ આપ્યો.

મુલાકાતમાં અહીં આવી ગયેલા ધર્મપ્રચારકો વિષે વાતો થાય છે. એમણે જનતામાં જે જાગૃતિ ફેલાવી તે અંગે વાતો થાય છે. મુલાકાત બાદ તે ભાઈ વિદાય થાય છે.

થોડોક આરામ કરીને સાંજે સાડા છ વાગ્યે પ્રવચન માટે હૉલમાં જવાનું બને છે. આજે ગાંધી-નિર્વાણ દિન છે તેથી વિશેષ પ્રાર્થનાનું આયોજન થયું છે. પ્રાર્થનામાં 'વૈષ્ણવજન', 'રઘુપતિ રાઘવ' ધૂન વગેરેનો કાર્યક્રમ અહીંના હોલમાં થયો.

પછી પૂ.શ્રીનું પ્રવચન થયું. જેમાં તેમણે ગાંધીજીના અને મહર્ષિ દયાનંદના જીવન-પ્રસંગો વણી લીધા.

પ્રવચનને અંતે આભારદર્શનમાં અહીંના કાર્યકર્તાએ કહ્યું: આવા સંતમહાત્માઓને આ દેશમાં ઓછામાં ઓછા એક વરસ માટે રાખવા જોઈએ. એમ, અવારનવાર અહીં આવનારા આવા સંતો મારફત ધર્મનો દિવ્ય પ્રકાશ પથરાય તો હિન્દુ ધર્મની સર્વોત્તમ સેવા થઈ શકે. યોગેશ્વરજી ફરીથી પણ અહીં પધારે એવી વિનંતિ છે.

પ્રવચન બાદ જગદીશ નામના એક યુવાન વિદ્યાર્થીને પૂ.શ્રી હસ્તાક્ષર આપે છે, જેમાં તેના નામના જ અર્થવાળો સુંદર સંદેશો અંગ્રેજીમાં લખી આપે છે. એ પછી, અહીંના 'ઈવનિંગ પોસ્ટ' નામના દૈનિક પેપરમાં અંગ્રેજીમાં જે પરિચય-નોંધ આપવાની હતી. તે પૂ.શ્રીએ જગદીશ પાસે જ લખાવી. પૂ.શ્રી બોલતા ગયા ને જગદીશે લેખન કર્યું.

ત્યારબાદ અમે ઉતારા ઉપર આવ્યાં. ત્યારે કોઈ ભાઈએ કહ્યું કે, આજનું પ્રવચન કમાલ હતું.

ઉતારા ઉપર આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૭૬

**તા.૩૧-૧-૮૩, સોમવાર, મહા વદ ત્રીજ ૨૦૩૯**
**પોર્ટ ઈલીઝાબેથ – યુટનહેગ**

આ ઉતારો એકંદરે ઠીક હતો. પરંતુ સવારે મુખ્ય માણસનું વર્તન અયોગ્ય લાગવાથી ઉતારો બદલી નાખવાનો નિર્ણય કર્યો. જે ઘરમાં સંતો માટે આદરભાવ ના હોય ત્યાં રહીને શું કરવું ? પૂ.શ્રીના એ વિચાર સાથે મેં પણ સહમતિ બતાવી. પ્રભુની પરમકૃપા કેટલી કે આજે જ્યાં કાર્યક્રમ હતો ત્યાંના ઉત્સાહી ભાઈ અમને જાણ પણ કર્યા વિના તેમને ત્યાં યુટનહેગ લઈ જવા સવારે જ આવી ગયા !

અમે બપોરે સાડા બાર વાગ્યે ભોજન પણ લીધા વિના પોર્ટ ઈલીઝાબેથથી અર્ધો કલાકમાં જ યુટનહેગ આવી ગયાં.

યુટનહેગ નાનું શહેર છે. અહીં શ્રી જયચંદ્રભાઈને ત્યાં ઉતારો હતો. નીચે દુકાન ને ઉપર મોટું ઘર. શહેરમાં મુખ્ય માર્ગ ઉપર જ આ ઉતારો છે. નજીકમાં જ રેલ્વેસ્ટેશન હોય એવું લાગે છે. અહીં જોવા જેવું તો ખાસ કશું નથી.

અહીં ૧૯૩૨ થી હિન્દુ મંડળ હૉલ સ્થપાયો છે. ત્યાં સાંજે પ્રવચન થયું. પ્રવચન પહેલાં ફૂલોની કલગીથી સ્વાગત થયું. પ્રવચન બાદ પ્રશ્નોત્તરી થઈ. તેમાં પ્રશ્નો સારા પુછાયા :

પ્રશ્નઃ

ૐકારનો સાચો અર્થ સમજાવશો?

ગંગાજળ કેમ બગડતું નથી?

સ્વસ્તિકનો અર્થ શો છે?

જર્મન લોકો પણ સ્વસ્તિકનો ઉપયોગ કરે છે. તો શું તેમની સાથે આપણે કોઈ સંબંધ છે?

પૂ.શ્રીએ એ બધા જ પ્રશ્નોના ઉત્તરો સંતોષકારક રીતે આપ્યા, જેનો ટૂંકસાર આ રીતે હતોઃ

ૐકાર એ 'સોહમ્' નું ટુંકું રૂપ છે. ૐનો અર્થ વિશાળ છે.

ગંગાજળમાં પહાડની જડીબુટ્ટીઓ ભળે છે. વળી, બરફમાંથી જ તે નદીનો પ્રાદુર્ભાવ થાય છે. તેથી એમાં જંતુ પડતાં નથી, એમ રશિયન વૈજ્ઞાનિકોએ શોધ કરી છે.

સ્વસ્તિક ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર પુરુષાર્થ કરવાનું પ્રતીક છે.

પહેલાંના યુગમાં આપણા દેશના વિદ્વાનો વિદેશોમાં ધર્મપ્રચાર માટે જતા, તેથી આર્યસંસ્કૃતિનો પ્રસાર થતો. સંભવ છે કે જર્મનીમાં પણ એ રીતે જ આપણી સંસ્કૃતિ પહોંચી હોય.

પ્રશ્નોત્તરી બાદ આરતી થઈ. પછી જ સૌ છૂટાં પડ્યાં.

અમે ઉતારા ઉપર આવી ગયાં. ફળ-દૂધ લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૭૭

**તા. ૧-૨-૮૩, મંગળવાર, મહા વદ ચોથ ૨૦૩૯**
**યુટનહેગથી ગ્રેહેમ્સ ટાઉન**

સવારે એ જ ક્રમ રહ્યો.

ખીચડી-દૂધ જાતે બનાવીને ભોજન લીધું.

આજે શ્રી જયચંદ્રભાઈએ પૂ.શ્રી પાસેથી ધ્યાન અંગે થોડી સમજ મેળવી.

આજે ચાર વાગ્યે અહીંથી ગ્રેહેમ્સ ટાઉન જવાનું છે. ત્યાં જવા સાંજે ચાર વાગ્યે નીકળીએ છીએ. માર્ગમાં પૂ.શ્રીની અંગ્રેજી પ્રવચનની ટેઈપ સાંભળી. બે કલાકનો એ માર્ગ જંગલ જેવો વિસ્તાર હતો. પહાડો ને જંગલોને તોડી-કાપીને રસ્તાઓને ખૂબ જ પહોળા બનાવવાનું કામ ચાલતું હતું. માર્ગમાં સખત વરસાદ ચાલુ રહ્યો.

ગ્રેહેમ્સ ટાઉન શિક્ષણક્ષેત્રે જાણીતું છે. આ શહેરમાં ગુજરાતી ભાઈ-બહેનોનાં ઘરો ઓછાં છે. છતાં અહીં નાનું-સરખું મંડળ ચાલે છે.

અમે લગભગ સવા છ વાગ્યે બજારમાં ગુડવીલ દુકાન પાસે આવી ગયાં. શ્રી દલપતભાઈની એ દુકાન. પાછળ મોટું ઘર ને મોટો વાડો છે. શ્રી દલપતભાઈએ અને તેમનાં પત્નીએ ચરણસ્પર્શ કરીને પ્રણામ કર્યાં. તેઓ રાધાસ્વામી સંપ્રદાય પાળે છે.

થોડી જ વારમાં હૉલમાં પ્રવચન માટે ગયાં. પ્રવચનની શરૂઆતમાં પરિચય-વિધિ થયો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ફળ-દૂધ લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૭૮

**તા. ૨-૨-૮૩, બુધવાર, મહા વદ પાંચમ ૨૦૩૯**
**ગ્રેહેમ્સ ટાઉનથી કીંગવિલિયમ ટાઉન**

વાતાવરણ ઠંડું છે.વરસાદ વરસી રહ્યો છે. ઉતારાનો ઓરડો ઘણો દૂર હતો. જેથી તેને ફેરવવાનો પૂ.શ્રીએ આગ્રહ રાખ્યો. તે મુજબ નવા ઓરડામાં રાત્રિ પસાર કરી. ઓરડાની બહાર ખુલ્લી જગ્યા છે, જેથી વરસતા વરસાદમાં થોડું ચાલવું પડે એમ છે.

શ્રી રાધાસ્વામી સંપ્રદાયના બિયાસના શ્રી ચરણદાસ મહારાજની જુદી જુદી ચાર-પાંચ છબીઓ ઓરડામાં ભીંત ઉપર જોવા મળી. રાધાસ્વામી સંપ્રદાયનાં જે ભાઈબહેનો હોય છે તેઓ સંપૂર્ણ શાકાહારી હોય છે. એ રીતે આ પરિવાર પણ સંપૂર્ણ શાકાહારી છે.

બપોરે અમે અમારું ભોજન જાતે બનાવી લીધું.

ભોજન બાદ થોડી વાતો થઈ. થોડો આરામ કરીને સાંજે સાડા ચાર વાગ્યે અહીંથી નીકળીને બે કલાકની ગાડીની મુસાફરી શરૂ કરી. કીંગવિલિયમ ટાઉનમાં શ્રી મોહનભાઈને ત્યાં આવી ગયાં. ઘરનાં બધાં સભ્યો પ્રેમાળ અને ભાવિક લાગ્યાં.

અહીંથી અર્ધા કલાકની મુસાફરી બાદ ઈસ્ટ લંડન પહોંચી શકાય. તેથી અહીં બધી જ સગવડ હોવા છતાં પ્રવચન બાદ ઈસ્ટ લંડન જ પહોંચી જવાની વાત વિચારવામાં આવી.

શ્રી મોહનભાઈનાં માતાપિતા શ્રીમદ્ રાજચંદ્રને માનનારાં છે. બાળકો કૃષ્ણ, રામ, માતાજી બધાંને જ માનનારાં છે. પરિણામે, ઘરમાં બે દેવસ્થાનો એક જ ઓરડામાં છે. શ્રીમદ્ રાજચંદ્રને માનનારાં અહીં પણ સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવાનો અને શુદ્ધ શાકાહારી રહેવાનો નિયમ પાળે છે.

આજના પ્રવચનમાં પૂ.શ્રીએ શ્રીમદ્ રાજચંદ્રની એક કાવ્યપંક્તિ ઉપર પ્રકાશ પાડ્યો.

પ્રવચન બાદ રાત્રે પોણા દશે ત્યાંથી નીકળીને ઈસ્ટ લંડન સાડા દશ વાગ્યે આવી ગયાં. માર્ગમાં શ્રી દિનકરભાઈએ વાતો કરતાં કહ્યું: આજે હું મારા કામ ઉપરથી ઘેર આવ્યો ત્યારે ખૂબ જ અશાંત હતો. મને માનસિક સ્વસ્થતા ન હતી. પરંતુ શ્રી યોગેશ્વરજી પાસે આવીને પ્રણામ કર્યા કે તરત જ મને ખૂબ શાંતિ મળી. પ્રવચનમાં પણ મને ઘણી શાંતિ મળી. તો એનું શું કારણ?

પૂ.શ્રીએ જવાબ આપતાં કહ્યું: સૂર્ય તરફ જઈએ તો પ્રકાશ મળે જ, બગીચામાં જઈએ તો સુગંધ મળે જ, એ રીતે સંતો પાસે જઈએ તો આપણી પોતાની ભૂમિકા પ્રમાણે ઓછીવત્તી શાંતિનો અનુભવ થાય જ. સંતોની હાજરી ને સંતોની વાણી એવી અસરકારક હોય છે.

શ્રી દિનકરભાઈએ બીજા પણ પ્રશ્નો પૂછ્યા.

**પ્રશ્ન :**

ક્રોધને શાંત કરવા શું કરવું ?

જીવનમાં સફળતા મેળવવા શું કરવું?

આપને હિમાલય જવાનો વિચાર ક્યારે આવેલો?

આપનો ખોરાક શું? આપની સાધના કેવી હતી?

પૂ.શ્રીએ શાંતિથી બધા ઉત્તરો આપ્યા. એથી તે ભાઈને ખૂબ જ આનંદ થયો.

શ્રી રામલાલ લહરીને ત્યાં અમારો આજનો ઉતારો હતો. તે ભાઈએ નીચા નમીને પૂ.શ્રીને પ્રણામ કર્યા. થોડી વાતો થઈ.

શ્રી લહરીના વિશાળ મકાનમાં અમારો ઉતારો ભોંયતળિયે આવેલા શાંત ઓરડામાં હતો. તે ઓરડામાં અંગ્રેજી પુસ્તકોનો ભંડાર હતો.

ઓરડામાં બે પલંગો, ટેબલ, ખુરશીઓ વિગેરે હતું. ત્યાં સામાન ગોઠવી દીધો.

દૂધ ને ફળ તો શ્રી મોહનભાઈને ત્યાં લીધાં હતાં, જેથી અહીં આરામ જ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૭૯

**તા. ૩-૨-૮૩, ગુરુવાર, મહા વદ છઠ ૨૦૩૯**
**ઈસ્ટ લંડન**

ઈસ્ટ લંડન શહેરનું નામ. બ્રેલેન નામનો ભારતીય વિસ્તાર. એમાં પ્રસિદ્ધ એવા લહરી પરિવારમાં અમારો ઉતારો. શ્રી લહરી નામની એ વ્યક્તિ સંત-પ્રકૃતિની હતી. તેઓ સેવાભાવી ને સત્સંગી હતા.

સવારે એ જ નિત્યક્રમ રહ્યો. ભોજનમાં મગની દાળ ને ભાત બનાવી લીધાં. પછી, નીચે ઓરડામાં જ ભોજન લઈ લીધું.

ભોજન બાદ સાંઈબાબાની સ્તુતિ બોલ્યાં. વાંચન કર્યું. થોડું લેખન કર્યું. આજે મુલાકાતના સમયે કોઈ નહીં હોવાથી શાંતિ હતી.

સાંજે આ ઘરમાં નિયમિત રીતે સમૂહપ્રાર્થના થતી હતી. તે પ્રાર્થના બાદ અમે ઉપર ગયાં. થોડી જ વાર પછી મંદિરમાં ગયાં. ત્યાં આરતી થઈ. આરતી બાદ અમારું સ્વાગત થયું. સ્વાગત બાદ ભજન ગવાયું.

પૂ.શ્રીએ 'પ્રાર્થના' ઉપર જ પ્રવચન આપ્યું. પ્રવચન બાદ ભજન-ધૂન થયાં. પછી ફરીથી સમૂહમાં પ્રભુને પોઢાડવાનું એક પદ ગાવામાં આવ્યું.

સૌ વિદાય થયાં. અમે પણ અમારા ઉતારા ઉપર આવી ગયાં. ફળ-દૂધ લીધાં પછી આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૮૦

**તા. ૪-૨-૮૩, શુક્રવાર, મહા વદ સાતમ ૨૦૩૯**
**ઈસ્ટ લંડન**

સંતપ્રકૃતિના જે પુરુષ આ પરિવારમાં થયા તેમણે ચિંતનાત્મક લેખો અને કાવ્યો પણ લખ્યાં છે. નિયમિત ત્રણ કલાકની સાધના કરનારી તે વ્યક્તિ આખાયે દેશમાં સંત કે મહાત્મા લહરીને નામે ખૂબ જાણીતી હતી. પરંતુ હવે એ પરિવારમાં દરરોજ નિયમિત સમૂહપ્રાર્થનાના સંસ્કાર સિવાય અન્ય બાબતો વિવેક, આદર, સેવાભાવ ભાગ્યે જ જોવા મળે છે. સમાજક્ષેત્રે પણ સેવાની જાહેર પ્રવૃત્તિ આ પરિવાર કરે છે. તેથી એવા જાણીતા પરિવારમાં બધાંને ઉતારવામાં આવે છે. એથી, કદાચ આ પરિવાર સૌને ઉતારવા ખાતર ઉતારતો હોય એવો અનુભવ સહજ રીતે થાય છે.

અમારે અહીં પણ જાતે જ ભોજન બનાવવાનું હતું. આજે જ્યારે અમે ભોજન બનાવવા રસોડામાં ગયાં ત્યારે ત્યાં કોઈ હાજર જ ન હતું. ટેબલ ઉપર દાળ, ચોખા પડ્યા હતા તે અમે પકાવી લીધાં. આ પરિવારનો સ્ત્રીવર્ગ પોતાના ઓરડામાં જ હતો અને છતાં, એમને ત્યાં ઊતરેલા એક સંતપુરુષ ભોજન બનાવવા રસોડામાં આવ્યા છે ત્યારે એમને કશું જોઈએ છે કે કેમ એવું પૂછવા આવવાના વિવેકનું કે ફરજનું ત્યાં દર્શન પણ ના થયું.

પૂ.શ્રીએ ભોજન બનાવતી વખતે બાલાશંકર કંથારીયાનું એક કાવ્ય મોટેથી ગાયા કર્યું. જેની પ્રથમ બે પંક્તિ આ રીતે હતી:

*ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે;*
*ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.*

આખાયે કાવ્યમાં, આવી પડેલી પરિસ્થિતિને પ્રભુની જ ઈચ્છા માનીને એવી પળોને પણ પ્રેમથી સ્વીકારી લેવી એવો ભાવાર્થ હતો.

પૂ.શ્રીએ વાતો કરતાં કહ્યું: આદર્શ વ્યવહાર તો શું, અતિથિ સાથેની રીતભાત પણ દેખાતી નથી. કેવી જડતા છે! જનતાને સત્સંગનો લાભ મળે એ વિશાળ દૃષ્ટિથી આપણે આ બધું હસતે મોઢે ચલાવી લેવાનું. પણ આ રીતભાત યોગ્ય નથી. સંતમહાત્માઓ પ્રત્યે આવી જ બેદરકારી હોય તો સત્સંગ માટે પણ અહીં કોણ આવશે? અને તો પછી ધર્મની રક્ષા કેવી રીતે થશે?

જે હતું તેમાંથી ભોજન બનાવીને અમે અમારા ઓરડામાં લઈ આવ્યાં. એટલે તરત જ પરિવારનો સ્ત્રીવર્ગ રસોડામાં પહોંચી ગયો.

આવી પરિસ્થતિમાં રહીને પણ, હવે એક જ દિવસ છે ને! એમ માનીને શાંતિથી હસતાં હસતાં એ દિવસ પસાર કર્યો.

સાંજે પ્રવચન થયું. દૂધ-ફળ લઈ આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૮૧

**તા. ૫-૨-૮૩, શનિવાર, મહા વદ આઠમ ૨૦૩૯**
**ઈસ્ટ લંડન**

પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પૂ.શ્રી શાંત જ રહે અને હસતાં હસતાં એ પ્રસંગને સ્વીકારી લે, પણ ઉત્તમ રીતભાત માટેનો પોતાનો આદર્શ ને આગ્રહ તો વ્યક્ત કરે જ.

સૌની પોતપોતાની ભૂમિકા હોય, એ દૃષ્ટિએ જો આપણે જોઈએ તો આપણને દુઃખ ના લાગે; પણ એમ તો જરૂર થાય કે એમની સમજશક્તિ એટલી જ છે, એમની ભૂમિકા પણ એટલી જ છે, તો એમની પાસેથી અમુક તો અપેક્ષા રાખીએ જ ને!

પૂ.શ્રીની ઉપર પ્રમાણેની માન્યતા છે, જે મને સમજાવે છે.

આજે ડરબનથી અમારી સાથે આવેલા બે ભાઈઓએ શહેરમાં એક આંટો મારવાનું ગોઠવ્યું હતું. તેથી બપોરે એક કલાક ગાડીમાં બેઠાં બેઠાં શહેરને જોઈ લીધું.

આ શહેર દરિયાકિનારે આવેલું છે. ખાસ કશું જોવાલાયક ન જણાયું.

સાંજે છેલ્લું પ્રવચન થયું. પ્રવચન બાદ સામાન્ય શિષ્ટાચારમાં અહીં આભારદર્શન પણ ના થયું.

આજે સાંજે પાંચ વાગ્યે અહીંના રામકૃષ્ણ સેન્ટરના સ્વામીજી શ્રી માધવાનંદ પૂ.શ્રીને મળવા આવે છે. તેઓ વૃદ્ધ છે. ડચ પ્રજાના તે સંતાન હોવાથી તેમનું શરીર એકદમ ઊજળું છે. સફેદ દાઢી, સ્થૂળ શરીર, ભગવો ઝભ્ભો અને હાથમાં નાની પીળા રંગની થેલી. સાચે જ ઘણું પ્રભાવશાળી વ્યક્તિત્વ હતું.

પૂ.શ્રીએ મળવા માટે હા પાડી, જેથી તેઓ પૂ.શ્રીના ઓરડામાં આવ્યા. શરીરે સ્થૂળ હોવાં છતાં જેમતેમ કરીને જમીન પર બેસીને તેમણે પૂ.શ્રીને નમ્રતાથી ને પ્રેમથી પ્રણામ કર્યાં.

પૂ.શ્રી પલંગ ઉપર બેઠા હતાં. સામે એક ખુરશી હતી. સ્વામીજી ત્યાં બેઠા.

સ્વામીજી અંગ્રેજી જ જાણતા હતા તેથી અંગ્રેજીમાં જ વાતો થઈ. શ્રી રામકૃષ્ણદેવની, કામારપુકુરની વિગેરે વાતો થઈ. પૂ.શ્રીનો એક પ્રેરક અનુભવ સાંભળીને સ્વામીજીએ પોતાને થયેલા સ્વપ્નદર્શનની અને ધ્યાનદર્શનની વાતો કરી, જેમાં તેમણે મા શારદામણીનું વર્ણન કર્યું.

સ્વામીજીને પૂ.શ્રીને મળ્યાનો ખૂબ આનંદ હતો. સ્વામીજીએ ભારત દેશ જોયો નથી. જોવાની ઈચ્છા છે, પણ સરકાર પરવાનગી આપતી નથી. તેમને શ્રદ્ધા છેઃ હું જરૂરથી ભારત જઈશ.

મુલાકાત પૂરી થતાં જ પૂ.શ્રીએ તેમને શ્રી રામકૃષ્ણદેવની સ્તુતિ ગાઈ સંભળાવી. વળી, શારદામાતાની સ્તુતિની પણ ચાર લીટી ગાઈ સંભળાવી અને અંગ્રેજીમાં તેની સમજ આપી.

સ્વામીજીએ વિદાય લેતાં પહેલાં નીચે ઘૂંટણે પડીને પૂ.શ્રીને નમ્રતાપૂર્વક પ્રણામ કર્યા. પછી, તેમણે કહ્યું કે મારે પ્રવચન સાંભળવું છે પણ તે ગુજરાતીમાં હોય છે એટલે મને તો સમજાશે નહીં. શું કરું?

પૂ.શ્રીએ કહ્યુંઃ તમારે સારું હું આજે અંગ્રેજીમાં પ્રવચન કરીશ ને પછી ગુજરાતીમાં થોડું બોલીશ. તમે જરૂર આવજો.

વિદાયવેળાએ પૂ.શ્રીએ કંઈક આપણી પાસે હોય તો તેમને આપીએ એવી ઈચ્છા બતાવી, જેથી મેં એક કોથળીમાં બદામો ભરી આપી. પૂ.શ્રીએ સ્વામીજીને ‘પ્રસાદ છે‘ એમ કહીને તે કોથળી આપી. સ્વામીજીએ તે પ્રસાદને ખૂબ ભાવથી કપાળે લગાડી, ફરીથી પ્રણામ કરી વિદાય લીધી.

સાંજે પ્રવચન-સ્થળે પહોંચ્યાં ત્યારે અમે સ્વામીજીને શ્રોતાઓની સાથે જ બેઠેલા જોયા. પૂ.શ્રીએ તરત જ શ્રોતાઓમાંના એકને ખુરશી લાવવા કહ્યું. પૂ.શ્રીએ તરત જ શ્રોતાઓમાંના એકને ખુરશી લાવવા કહ્યું. પૂ.શ્રીએ પોતાની પાસે જ ખુરશી મુકાવી, ને સ્વામીજીને ઉપર બેસાડ્યાં.

પૂ.શ્રીએ પ્રવચનને અંતે ટકોર કરતાં કહ્યું: જે ત્યાગી છે, સંન્યાસી છે તેને માન નથી જોઈતું હોતું. પણ સંસારીઓની ફરજ છે કે પોતે તેમને આસન આપવું જોઈએ. એટલે જ મેં ખુરશી મંગાવીને સ્વામીજીને ખુરશી ઉપર બેસવા કહ્યું છે.

આ શહેરના પ્રથમ દિવસના પ્રવચનમાં પણ મારે માટે ખુરશી મુકાઈ ન હતી. ત્યારે પણ પૂ.શ્રીએ તે મુકાવીને પ્રવચનમાં આ જ રીતે ટકોર કરી હતી.

જે આદર્શ બાબત છે તેની જો જનતાને જાણ ન હોય તો તેને એ આદર્શ બતાવવાની સંતોની ફરજ છે.

ડરબનમાં પણ એક વાર એવું જ બનેલું. રામકૃષ્ણ સેન્ટરના સ્વામીજી શિવપાદાનંદ પૂ.શ્રીનું પ્રવચન સાંભળવા ભારત હૉલમાં આવેલા, ત્યારે સંચાલકોએ એમ ગોઠવેલું કે સ્વામીજી તો શ્રોતાઓની સાથે જ બેસશે. પૂ.શ્રીએ ત્યારે પણ સ્વામીજી શિવપાદાનંદ માટે મંચ ઉપર સોફો મુકાવેલો અને પ્રવચનમાં એ અંગે ટકોર પણ કરેલી.

જે સાચી ને સારી વાત છે તે પૂ.શ્રી નીડરતાથી કહી દે છે. એમાં કડવાશ નથી હોતી, પણ સમજપૂર્વકની મીઠાશ રહેલી હોય છે.

આજે પૂ.શ્રીએ ગુજરાતી ને અંગ્રેજી એમ બે ભાષામાં પ્રવચન કર્યું. પ્રવચન બાદ સ્વામીજીને કંઈક કહેવા માટે વિનંતિ કરી. તેથી સ્વામીજીએ ટૂંકમાં નાનું પ્રવચન કર્યું. અંતે ભજન ગવાયા બાદ વિદાય લીધી.

અહીં વિદાયવેળાએ બધી બહેનોએ પોતપોતાની શ્રદ્ધાભક્તિ પ્રમાણે પૈસાનાં કવરો પૂ.શ્રીને ચરણે ધર્યા. પૂ.શ્રીએ ઘણી ના પાડી, છતાં તે સૌએ પોતાની ભાવના દૃઢપણે વ્યક્ત કરી. છેવટે, પૂ.શ્રીએ તે સઘળી રકમ ગણી તો તે ૧૧૭ રેન્ડ થઈ. તે પૈકીના ૧૦૮ રેન્ડ (ભારતીય ચલણ પ્રમાણે નવસો રૂપિયા) તેમણે સ્વામીજીને એક કવરમાં મૂકીને આપી દીધા. બાકી વધેલા ૯ રેન્ડ મંદિરની આરતી માટે આપી દીધા.

જે લક્ષ્મી માગ્યા વિના મળી તેનો સુંદર સદુપયોગ પૂ.શ્રીએ ઘડીના પણ વિલંબ વિના કરી દીધો. ઉપદેશ આપવો એ એક વાત છે ને તેને આચરણમાં મૂકવો એ બીજી જ વાત છે. ઉપદેશ અને આચરણની પૂ.શ્રીની એકવાક્યતા આ દેશમાં ત્રીજીવાર દૃષ્ટાંતરૂપે જોવા મળી.

પૂ.શ્રીનું દિવ્યજીવન સેન્ટરમાંનું પ્રથમ પ્રવચન સાંભળીને ત્યાંના સ્વામીજી શ્રી સહજાનંદે ડરબનમાં પૂ.શ્રીને ૫૦ રેન્ડ આગ્રહ કરીને આપેલા. પૂ.શ્રીએ તરત જ તે રકમ પુનિત સેવા સંઘને ત્યાં જ આપી દીધી હતી.

જોહાનિસબર્ગમાંના સત્યસાંઈબાબા મંડળના તા. ૨૩-૧-૮૩ના છેલ્લા પ્રવચન બાદ એક ભાઈ પૂ.શ્રીને કવર આપી ગયેલા. પૂ.શ્રીએ એમનો આગ્રહ જોઈને તેમનું બંધ કવર સ્વીકાર્યું. પણ પછી તરત જ સત્યસાંઈબાબા મંડળના સંચાલક શ્રી જેક્સન ઉર્ફે જ્યોતિર્ધરને ભેટ આપી દીધેલું. બે દિવસ પછી શ્રી જ્યોતિર્ધર તે કવર લઈને પૂ.શ્રી પાસે આવેલા. કારણ કે એ બંધ કવરમાં સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના 'અધ્યાત્મ' માસિકના આજીવન સભ્યના લવાજમની રકમ અને સરનામું હતાં. પૂ.શ્રીએ તે સ્વીકારીને સરનામા પ્રમાણેની રસીદ અપાવી.

કવર આપી દેતી વખતે પૂ.શ્રીનો સંકલ્પ હતો કે જે રકમ એમાં હોય તે એ મંડળને મળે. પણ એમાંથી તો બીજી બાબત નીકળી. એટલે પૂ.શ્રીએ તરત જ મને જણાવ્યું કે, આપણી પાસે જો અહીંનાં નાણાં હોય તો એમાંથી એકાવન રેન્ડ લાવો. તે રકમ આપણે જ્યોતિર્ધરને આપીએ. એ રીતે પૂ.શ્રીએ તે રકમ શ્રી જેક્સન ઉર્ફે જ્યોતિર્ધરને આપેલી.

ડરબન, જોહાનિસબર્ગ, ઈસ્ટ લંડન વિગેરે સ્થળે આ રીતે પૂ.શ્રીએ પોતાને સહજ રીતે મળેલી રકમોને તરત જ સેવાના કામમાં આ જ દેશમાં આપી દીધી છે.

છેવટે હોલમાં ઉતારા ઉપર આવી ગયાં. ફળ-દૂધ લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *



## દિન ૮૨

**તા. ૬-૨-૮૩, રવિવાર, મહા વદ નોમ ૨૦૩૯**
**ઈસ્ટ લંડનથી ડરબન**

આજે ભોજન બનાવવાની ઈચ્છા ન હતી. તેથી ફળ-દૂધ લીધાં. યજમાન પરિવારને એમાં આશ્ચર્ય પણ ના થયું. ઈશ્વરની ઈચ્છા મુજબ, આજે આ શહેરને છોડીને અમે ડરબન જઈશું.

ડરબનનો ઉતારો આ વખતે બદલવાનો છે અને તેથી શ્રી રતિભાઈના રિઝર્વહીલ આવેલા સ્વતંત્ર બંગલામાં આજથી નવો નિવાસ શરૂ થશે.

શ્રી રતિભાઈ પૂ.શ્રીને સર્વપ્રકારે સંપૂર્ણ અનુકૂળતા રહે તે માટે ચિંતા સેવ્યા કરે છે. એમની સાથેની ફોનની વાતચીતમાં પણ તેઓ કહે છે કે, આપ, અમારે ત્યાં આવો ને ત્યારે અમારી કાંઈ ભૂલ થાય તો જરા પણ સંકોચ વિના હકથી અમને કહેજો. અમે તૈયારી તો કરી જ છે, પણ બધું તમારું જ છે એમ માનજો.

બે વાગ્યે ઈસ્ટ લંડનથી વિદાય થયાં. ત્રણ ને પાંત્રીસ મિનિટે ઊપડતા પ્લેન દ્વારા ડરબન જવાનું હતું. એ પ્લેન કેપટાઉનથી આવતું હતું. પણ અહીં તો બધું જ નિયમિત અને એથી નિયત સમય પ્રમાણે જ ડરબન પહોંચી ગયાં. ત્યારે ઘડિયાળમાં સાંજના સાડા ચાર વાગ્યા હતાં. ઍરપોર્ટ ઉપર શ્રી શાંતિભાઈ અને શ્રી રતિભાઈ તથા તેમનાં પત્ની લેવાં આવ્યાં હતાં.

રિઝર્વહીલના નવા ઉતારામાં આવી ગયાં. વિશાળ બંગલામાં અતિથિનો અલગ ઓરડો પણ હતો, જ્યાં અમારો ઉતારો હતો. ત્યાંથી બહાર બાગમાં સ્વતંત્ર રીતે જઈ શકાય. વળી, બંગલામાં જે દેવસ્થાન છે તે પણ અમારા ઓરડાની પાસે જ છે. અતિથિ માટેના આ ઓરડામાં જ સંડાસ-બાથરૂમની સ્વતંત્ર સગવડ છે.

આજે સવારે ભોજન બનાવ્યું ન હતું. તેથી અહીં આવીને પ્રથમ કાર્ય ભોજનની એક વાનગી બનાવવાનું કર્યું. જલદી થઈ જાય ને સંતોષ થાય એવી વાનગીમાં તો શીરો અથવા મકાઈનો ચેવડો બનાવી શકાય. તેથી મકાઈનો ચેવડો બનાવી લીધો, ને ભોજનમાં લઈ પણ લીધો.

સાંજે સાત વાગ્યે ધિ ડિવાઈન લાઈફ સેન્ટરમાં 'ગીતાનો સંદેશ' વિષય ઉપર પૂ.શ્રીનું અંગ્રેજીમાં પ્રવચન હતું. વિષય સંસ્થાએ જ આપ્યો હતો.

અમે ત્યાં પહોંચ્યા ત્યારે સંકીર્તન ચાલુ હતું. ધિ ડિવાઈન લાઈફ સેન્ટરના સ્વામી શ્રી સહજાનંદજી શ્રોતાઓની સાથે જ દર વખતની જેમ બેઠા હતાં. પૂ.શ્રીએ આગ્રહ કરીને તેમને મંચ ઉપર બેસાડ્યાં. પછી અમે પણ મંચ ઉપરની બેઠક ઉપર બેઠાં.

પૂ.શ્રીના પ્રવચન પહેલાં, આજના કાર્યક્રમના ભાગરૂપે એક સદ્ગ્રંથમાંથી બે પ્રસંગો કાર્યકર્તાએ વાંચી સંભળાવ્યા. પછી ભજન ગવડાવવાની મને વિનંતિ થઈ, જેથી મેં ભજન ગાયું. પૂ.શ્રીએ પ્રવચન આપ્યું. પ્રવચન બાદ ફરીથી કીર્તન થયું. એ પછી હનુમાન ચાલીસાનો સમૂહમાં સંગીતમય પાઠ થયો.

આભારદર્શન બાદ હૉલમાં બેઠેલો વિશાળ શ્રોતાવર્ગ બે હરોળમાં ગોઠવાઈ ગયો. શ્રોતાઓ વારાફરતી પ્રસાદ અને આરતી લઈને બહાર નીકળતા હતા. કેટલાક વળી પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કર્યા પછી હરોળમાં ઊભા રહીને પ્રસાદ લઈને વિદાય થયાં.

પ્રવચન બાદ અમે જ્યારે બહાર નીકળ્યાં ત્યારે સ્વામી શ્રી સહજાનંદજીએ પૂ.શ્રીને પ્રસાદમાં ફળોની થેલી આપીને, જમીન ઉપર પોતાનું મસ્તક મૂકીને પૂ.શ્રીને પ્રણામ કર્યા. કદાચ આજનું પ્રવચન સ્વામી શ્રી સહજાનંદજીને વિશેષ સ્પર્શી ગયું હશે અને એથી પૂજ્યભાવે પ્રણામ કરવા તેઓ તત્પર થયા હસે.

ત્યાંથી અમે વિદાય લીધી.

પંદર-વીસ મિનિટ ઉતારાના બેઠક ખંડમાં થોડી વાતો થઈ.

પછી દરરોજની જેમ દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૮૩

**તા. ૭-૨-૮૩, સોમવાર, મહા વદ દશમ ૨૦૩૯**
**રિઝર્વહીલ, ડરબન**

આજે પૂ.શ્રી સવારે ચાર વાગ્યે સ્નાન કરી લે છે. વ્યાયામ કરીને જપ કરવા બેસે છે. મને ઉઠાડે છે. મેં પણ સ્નાન કર્યા બાદ વ્યાયામ કરી લીધો. પછી તરત જ 'ગુરુ લીલામૃત'ના પારાયણમાં 'ઉપાસનાખંડ'નો પાઠ કર્યો. શ્રી રંગઅવધૂત મહારાજે લખેલો આ ગ્રંથ ગુરૂ ઉપર શ્રદ્ધાભક્તિ વધારનારો છે. ગ્રંથ કાવ્યમાં છે, ને જુદી જુદી વાર્તાઓ એમાં વણી લીધી છે. શ્રીપાદ તથા શ્રી નૃસિંહસ્વામીજી તથા શ્રી વાસુદેવાનંદ સ્વામી કે જેઓ દત્તોપાસના જ કરતા હતા તેમનાં જીવનની પણ કથાઓ આમાં વર્ણવાયેલી છે. એના પારાયણમાં આનંદ આવે છે. આ ધરતી ઉપર પણ એ ગ્રંથ જોવા મળ્યો એટલે તેના પારાયણની ઈચ્છા થઈ આવેલી. જે હવે થોડા જ વખતમાં પૂર્ણ થઈ જશે.

આજે પૂ.શ્રીએ નિયમિત રીતે લેખન કર્યું. અગિયાર વાગ્યે રસોડામાં જઈને મેં ખીચડી ને ભીંડાની કઢી બનાવી. વળી, યજમાન ગૃહિણીની ઈચ્છા મુજબ ગળપણમાં થોડો શીરો પણ બનાવ્યો.

શીરો બનાવતાં પૂ.શ્રી પણ આવ્યાં ને કહેવા લાગ્યાઃ લાવો, હું એને હલાવું. લોટ શેકાઈ જાય ને સુગંધ આવે એટલે મને કહેજો.

શીરો છૂપો રહી શકતો નથી. સત્કર્મ છૂપું રહી શકતું નથી. તેની સુગંધ સર્વત્ર પ્રસરી ઊઠે છે. તેમ, કુકર્મ પણ છૂપું રહી શકતું નથી. પૂ.શ્રીએ ભોજનના પદાર્થની કેવી સુંદર ઉપમા આપી!

ભોજન અમે અમારા ઓરડામાં લઈ લીધું.

ભોજન બાદ બાગમાં થોડાં આંટા માર્યા. વળી, થોડું શ્રી રતિભાઈ સાથે બેઠાં. શ્રી રતિભાઈની ઈચ્છા પૂ.શ્રી વડોદરા શ્રી જીતુભાઈ સાથે ફોનથી વાત કરે એવી હતી.

પૂ.શ્રીએ એ અંગે કહ્યું : જીતુભાઈ જાણે છે કે મહાત્માજી કારણ વિના ફોન કરતા નથી. જરૂર પડે તો જ કરે. એવું અગત્યનું કામ હોય તો તાર કરે અથવા પત્ર લખે. બાકી, જરૂર ના હોય તો પત્ર પણ ના લખે.

એક શાક હોય તો બીજા શાકની જરૂર ના પડે. જેમ એક ધોતિયું હોય તો બીજા ધોતિયાની જરૂર ના પડે, તેમ કાગળની જરૂર હોય ત્યાં ફોનની જરૂર ના પડે એ આ મહાત્માની રીતભાત તેઓ જાણે છે.

આવી હળવી છતાં ગંભીર વાતો બાદ થોડો આરામ કર્યો.

સાંજે થોડું લેખન કર્યું.

આજથી ભારત હૉલમાં પ્રવચનો શરૂ થયાં.

આજે 'મંત્રજપની સાધના' વિષય પૂ.શ્રીએ પસંદ કર્યો.

પ્રવચન પછી ઉતારા ઉપર આવી ગયાં. પછી આરામ.

હરિઃૐ

આજ તા. ૭-૨-૮૩થી શરૂ થતાં પ્રવચનો વિષેની પત્રિકા આ રીતે હતી, જેમાં અમારા બંનેની તસવીરો પણ છાપી હતી:

-------------------------------------

શ્રી સૂરત હિંદુ એસોસીએસન અને શ્રી પુનિત સેવા સંઘ, ડરબન

શ્રી પૂજ્ય મહાત્મા **યોગેશ્વરજી** તથા શ્રી પૂજ્ય માતા **સર્વેશ્વરીનો**

**જ્ઞાનગંગાનો કાર્યક્રમ**

**શુભ દિવસો** : સોમ-મંગળ-બુધ-ગુરૂ **તારીખ** : ૭, ૮, ૯, ૧૦-૨-૧૯૮૩

**સમય:** દરરોજ સાંજના ૭-30 થી ૯-00

**સ્થળ** : ભારત હૉલ, ૧૩૭, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન

*

શુક્રવાર (મહાશિવરાત્રી) : તા. ૧૧-૨-૧૯૮૩

**સમય** : રાતના ૯ વાગ્યે

**સ્થળ:** શ્રી સપ્તાહ મંદિર

શિવરાત્રી ઉપર પ્રસંગોચિત માર્ગદર્શક પ્રવચન

*

શ્રી પૂજ્ય મહાત્મા યોગેશ્વરજી અને પૂજ્ય માતા સર્વેશ્વરી અત્રે જ્ઞાનગંગાનો લાભ આપી, ટ્રાન્સવાલ, કેપ પ્રોવિન્સ વિગેરે સ્થળોનો પ્રવાસ કરી અત્રે પાછાં આવ્યાં છે. ત્યાંના લોકોએ સંપૂર્ણપણે સમયસર હાજરી આપી તેઓના જ્ઞાન-અનુભવનો અને સંતવાણીનો લાભ સારા પ્રમાણમાં લીધો છે. નાતાલની ગુજરાતી જનતા પોતાની જ્ઞાનભક્તિમાં વધારો કરવા, મૂંઝવણભર્યા પ્રશ્નોના ઉકેલ માટે, સારા પ્રમાણમાં, આ મહાન અનુભવી સંતના જ્ઞાનનો લાભ લે એ અપેક્ષાથી ઉપરોક્ત સંસ્થાઓ સર્વેને સપ્રેમ આમંત્રણ પાઠવે છે.

લિ. અધિકારી

His Holiness Mahatma **Yogeshwarji** and Shri **Sarveshwari** Mata will deliver a lecture in English at the Divine Life Society, Reservoir Hills on Sunday, 6th February between 6 p.m.

ALL WELCOME

*

રવિવાર, તા ૬-૨-૧૯૮૩ના સાંજે ૬ થી ૮

ધિ ડિવાઈન લાઈફ સોસાયટી, રિઝર્વોર હીલ્સમાં એમનું અંગ્રેજીમાં પ્રવચન

-----------------------------------

* * હરિઃ ૐ * *

## દિન ૮૪

**તા. ૮-૨-૮૩, મંગળવાર, મહા વદ અગિયારસ ૨૦૩૯**

**ડરબન**

ગઈકાલે સોમવાર હતો, જેથી નિયમ મુજબ મેં મૌન પાળ્યું હતું. આજે અગિયારશ હતી. જેથી આજે પણ મૌન હતું. મૌનના બબ્બે દિવસો સાથે અનાયાસે આવે છે. તો તેનો પણ આનંદ છે.

પૂ.શ્રી ઘણીવાર કહે છે કે, મૌનના બે દિવસ સાથે આવે તો અહીં યાત્રામાં એક જ દિવસ મૌન પાળો, પણ એ વાત મારા મનને રુચિકર લાગતી નથી. જેથી નિયમ યથાવત્ ચાલ્યા કરે છે.

આજે ફળ-દૂધ લીધાં. બપોરે શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં શ્રી રતિભાઈના આગ્રહને લીધે તથા પૂ.શ્રીના સ્વામી શ્રી શિવપાદાનંદજી ઉપરના પ્રેમભાવને લીધે જવાનું બન્યું.

એ નમ્ર મહાપુરુષ શ્રી શિવપાદાનંદજીએ હંમેશની જેમ જ પૂ.શ્રીને ચરણસ્પર્શ કરીને પ્રણામ કર્યા.

દક્ષિણ આફ્રિકાનાં જુદાં જુદાં શહેરોના પ્રવચન-પ્રવાસની વાત થઈ. ઈસ્ટ લંડનમાં સ્વામી માધવાનંદજી મળ્યા હતા તે વિષે પણ વાત થઈ. સેન્ટરમાં આવેલી નવી પ્રતિમાનાં દર્શન પણ કર્યાં.

એક કલાક ત્યાં બેઠા પછી ઉતારા ઉપર આવી ગયાં.

આજે 'ગુરુ લીલામૃત'નું પારાયણ પરિસમાપ્તિએ પહોંચ્યું. જોહાનિસબર્ગના નિવાસ દરમ્યાન જે શરૂ કર્યું હતું તેની આજે પૂર્ણાહુતિ થઈ. એક સદ્‌વ્રત વિદેશની ધરતી ઉપર પૂર્ણ થયાનો આનંદ અનુભવ્યો.

આજે સાંજે બીજું પ્રવચન ભારત હૉલમાં થયું. જેમાં સ્વામી શ્રી વિદ્યારણ્ય મુનિની વાતો આવી.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. પછી આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૮૫

**તા. ૯-૨-૮૩, બુધવાર, મહા વદ બારસ ૨૦૩૯**

**ડરબન**

ઉતારો શહેરથી દૂર છે, જેથી મુલાકાત સમયે કોઈ આવતું નથી. અલબત્ત, કેટલાક ફોનથી મળી લે છે.

સવારે પૂ.શ્રીનો એ જ ક્રમ રહ્યો.

આજે ખીચડી-કઢીનું ભોજન બનાવીને લીધું.

બપોરે શ્રી રતિભાઈએ જપમાળા અંગેની થોડી શંકાનું સમાધાન પૂ.શ્રી પાસેથી મેળવ્યું.

શિવરાત્રી ઉપર પૂ.શ્રીનાં બે અંગ્રેજી ને એક ગુજરાતી એમ ત્રણ પ્રવચનો થશે. અતિ શ્રમ પડશે. પણ સ્વામીજીના પ્રેમભર્યા આગ્રહને લીધે આમંત્રણ સ્વીકાર્યું. છે.

આ ઉતારો ટેકરી ઉપર શાંત વિસ્તારમાં છે. ખૂબ શાંતિ લાગે છે.

પૂ.શ્રી હસતાં હસતાં કહે છેઃ આટલો ભાગ આપણે ભાડે લઈએ ને અહીં રહીએ. પ્રવચનો કરીશું એટલે ભાડાનો પ્રશ્ન હલ થઈ જશે. આ તો મૌનમંદિર જ છે. ખૂબ અનુકૂળ ઉતારો છે.

સાંજે થોડું લેખન કર્યું.

આજે પ્રવચનમાં પૂ.શ્રીએ સંપ્રદાયના વાડાઓમાંથી મુક્ત બનીને, ધર્મની રક્ષા માટે એક થવાની બાબત ઉપર ભાર મૂક્યો.

પ્રવચન બાદ ઉતારા પર આવીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૮૬

**તા. ૧૦-૨-૮૩, ગુરુવાર, મહા વદ તેરસ ૨૦૩૯**
**રિઝર્વહીલ, ડરબન**

સવારે નિયમિત લેખનનો ક્રમ રહ્યો. આ ઓરડામાં સૂર્યપ્રકાશ પૂરતા પ્રમાણમાં આવે છે. એક ભીંત તરફ આખોય કાચ જ છે. કાચમાંથી નીચેના ભાગમાં દૂર દૂર સુધી ડરબન શહેરનો વિસ્તાર દેખાય છે.

શાંતિ છે. હું મારો નિત્યક્રમ પરવારી ભોજન બનાવવા રસોડામાં જાઉં છું. પૂ.શ્રી પાછળથી રસોડામાં એકાદ આંટો મારી જાય છે. રસોઈ થઈ જતાં ભાત, શાક, ભાખરીનું ભોજન લઈએ છીએ.

દરરોજની જેમ આજે પણ પૂ.શ્રી માતાજીનું સ્મરણ કરે છે. ભોજન બાદ એક ભાઈ મળવા આવે છે. તેમની સાથે ગઈ કાલના પ્રવચન અંગે વાતો થાય છે.

સાંજે પ્રવચન માટે ભારત હૉલમાં જઈએ છીએ. તા. ૭/૮/૯/૧૦ એ ચારેય દિવસમાં પૂ.શ્રીએ 'મંત્રજપ' ઉપર પ્રવચનો આપ્યાં. આજનું પ્રવચન પણ સરસ હતું. પ્રવચન થયા બાદ બદામવાળા કાકા મળે છે. શાળા છૂટે ત્યારે પોતાની દુકાનમાં જે બાળકો આવે તેમને બદામો આપે છે તે જ કાકા અમને પણ દરરોજ પ્રવચન બાદ બદામ આપીને 'જય શ્રીકૃષ્ણ' કહે છે.

પ્રવચન પહેલાં, ઉતારાના આ ઘરમાં નોરા નામની જે આફ્રિકન બહેન કામ કરે છે તેનું આજે રજિસ્ટ્રેશન થયું તેની વાત થાય છે. તેને સાંજે જ્યારે રજિસ્ટ્રેશન થયાનો પાસપોર્ટ આપ્યો ત્યારે તે આનંદમાં આવીને ઘરનાં યજમાન ગૃહિણીને પોતાની ઝુલુ ભાષામાં કહેવા લાગી કે -

*બાબા ભુયલે. બાબા એન્જીલે પ્રે મીના ઠાંડા.* (બાબા ભુયલે = વડીલ પુરુષ આવ્યા છે. બાબા એન્જીલે પ્રેમીના ઠાંડા = બાબા કરે તે પ્રાર્થના મને ગમે.) એટલે કે આપણે ત્યાં બાબા(મહાત્માજી) આવ્યા છે. તેઓ પ્રાર્થના ખૂબ કરે છે. તેમની પ્રાર્થનાથી જ મને રજિસ્ટ્રેશન મળી ગયું. તેનો મને ખૂબ આનંદ થાય છે.

પૂ.શ્રીનાં પુનિત પગલામાં આ આફ્રિકન બહેનને ખૂબ શ્રદ્ધા છે, એ વાત જ્યારે પૂ.શ્રીને કરી, ત્યારે યજમાન શ્રી રતિભાઈએ નોરાને બોલાવીને ઝુલુ ભાષામાં કહ્યું કે, મહાત્માજીને અને માતાજીને પ્રણામ કર. તો તેણે કહ્યું; કેવી રીતે પ્રણામ કરવાના? શ્રી રતિભાઈએ ઘૂંટણીએ પડીને પૂ.શ્રીને પ્રણામ કરીને તેને બતાવ્યું. તરત જ તે બહેને એ રીતે અમને બનંને પ્રણામ કર્યા. શ્રી રતિભાઈએ પૂ.શ્રીના હાથમાં એક-એક રેન્ડના બે સિક્કા આપી વિનંતિ કરી કે આ નોરાને આપો.

પૂ.શ્રીએ નોરાને અંગ્રેજીમાં કહ્યું : ફોર યોર રજિસ્ટ્રેશન.

નોરાએ 'થેંક યુ' કહીને તે પૈસાનો સ્વીકાર કર્યો.

આજે પ્રવચન બાદ રાતે દરિયાકિનારે ફરવા ગયાં. સરિતા ને સાગરનો સંગમ થાય છે તે સ્થળે દશ મિનિટ ઊભાં રહ્યાં. રાત્રે અગિયાર વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં. આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૮૭

**તા. ૧૧-૨-૮૩, શુક્રવાર, મહા વદ ચૌદશ મહાશિવરાત્રી ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે ઉપવાસ, ફલાહાર લીધો. સવારે પૂ.શ્રીએ નિયમિત થતું મહાભારતનું લેખન કર્યું.

મેં ‘અધ્યાત્મ’ માટે લેખ તૈયાર કર્યો. પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનો એ આ યાત્રાની વિશેષતા છે. તેથી ‘પરદેશમાં પ્રવચન પ્રવાહ’નો લેખ મેં તૈયાર કર્યો.

આજે શિવરાત્રી નિમિત્તે સપ્તાહમંદિરમાં ગુજરાતીમાં રાત્રે નવ થી દશ પ્રવચન છે. વળી, રામકૃષ્ણ સેન્ટરની એસેવીલ અને અવોકા શાખામાં પણ પૂ.શ્રીના અંગ્રેજી પ્રવચનોનું આજનું આયોજન થયેલું છે.

આજે પૂ.શ્રી સાંજે સાત વાગ્યાથી રાત્રે બાર વાગ્યા સુધી બહાર જશે. ત્રણ પ્રવચનો ગોઠવાયાં છે. પૂ.શ્રીએ આજના દિવસ માટે જ અપવાદરૂપે સંમતિ દર્શાવી છે.

સાંજે સાત વાગ્યે પ્રવચન માટે ઉતારા ઉપરથી વિદાય લઈએ છીએ. પ્રથમ રામકૃષ્ણ સેન્ટર, એસેવીલમાં જવાનું છે. થોડા જ વખતમાં અમે ત્યાં પહોંચી ગયાં.

ઉપર ગાડી પાર્ક કરીને નીચે હૉલની પાસે પહોંચ્યાં ત્યારે સંકીર્તન ચાલી રહ્યું હતું. પૂજા પૂરી થઈ ગઈ હતી. હૉલ આખોયે ભરાયેલો હતો. થોડી જ મિનિટોમાં સંકીર્તન પૂર્ણ થયું. આ સંસ્થાના અધ્યક્ષ શ્રી શિવપાદાનંદજીએ જયકાર બોલાવીને સૌને ઊભા થવાની સૂચના આપી.

સૌ ઊભા થયાં એટલે સ્વામી શિવપાદાનંદજી પોતાની બેઠક ઉપરથી ઊભા થઈ હૉલની બહાર અમને લેવા આવ્યા. હંમેશની જેમ તેમણે ખૂબ નમ્રતાથી ઝૂકીને પ્રણામ કર્યા. પછી એમને સ્ટેજ ઉપર લઈ ગયાં.

આજે શિવરાત્રિ એટલે શિવલિંગની પૂજા થયેલી હતી. શ્રી રામકૃષ્ણદેવના તૈલચિત્ર પાસે શિવપૂજા થઈ હતી. ત્યાં ફૂલોનો શણગાર હતા. એક બાજુ વિવિધ પ્રસાદોની થાળીઓ મુકાયેલી હતી.

એક તરફ સ્વામીજીની અને પૂ.શ્રીની બેઠકો હતી. એની બરાબર સામી બાજુ મારી બેઠક હતી. બેઠકો ઉપર ભગવા રંગની ચાદરો હતી.

બેઠકો ઉપર બેઠાં કે તરત જ સ્વામીજીએ જાહેર કર્યુંઃ મહાત્માજી આપણને પ્રાર્થના કરાવશે.

પૂ.શ્રીએ એકાદ મિનિટ પછી ‘ભવાનીશંકરૌ વન્દે’ શ્લોકથી પ્રાર્થના શરૂ કરી. પછી બે-ત્રણ શ્લોકો બોલીને ‘નમઃ શિવાય’ ની ધૂન શરૂ કરી. શ્રોતાવર્ગ સહિત અમે સૌ ઊભાં જ હતાં. ધૂનમાં પૂ.શ્રી ધીમે ધીમે મસ્ત બનીને ગવડાવવા લાગ્યાં. એક એક હાથ વારાફરતી ઊંચો થાય ને ધૂનની રંગત શરૂ થઈ. શ્રોતાઓએ ખૂબ પ્રેમથી, મસ્તીથી ધૂન ઝીલી. છેવટે ધૂન પૂર્ણ થઈ એટલે સૌને બેસવાની સૂચના મળી.

પછી, શ્રોતાવર્ગ પૈકીના બે-ત્રણ ભાઈબહેનોએ સ્વામીજીની સૂચના પ્રમાણે કીર્તન કરાવ્યું.

છેવટે, પ્રવચન પહેલાં સ્વામી શ્રી શિવપાદાનંદજીએ સ્વાગત કરતાં કહ્યું: મહાત્માજીને અને માતાજીને આવકારતાં મને આનંદ થાય છે. એ બન્ને દિવ્ય આત્માઓનાં દર્શન કરવાનું સદ્‌ભાગ્ય આજે ફરીથી મળ્યું છે. મહાત્માજી ખૂબ પ્રેમાળ છે. હવે તેઓ શિવરાત્રી ઉપર પોતાનો સંદેશ આપશે.

પૂ.શ્રી યોગેશ્વરજી સ્ટેજ ઉપરની બેઠક ઉપરથી ઊભા થાય છે અને પ્રવચન શરૂ કરે છે. ત્રણવાર મહામૃત્યુંજય મંત્ર પૂ.શ્રી બોલે છે. પછી ભગવાન શંકરના અલૌકિક સ્વરૂપની આધ્યાત્મિક સમજ આપે છે. તેમાં સર્પ, ગંગા, ચંદ્રનાં પ્રતીકોની સંપૂર્ણ સમજ આપે છે. એક શ્લોકની પણ સમજૂતી આપે છે.

સૌ શાંતચિત્તે પૂ.શ્રીને સાંભળે છે. છેવટે, પૂ.શ્રીએ ફરી ધૂન બોલાવીને પ્રવચન પૂર્ણ કર્યું.

પ્રવચન અંગ્રેજીમાં હતું. પોણા કલાકનું એ પ્રવચન સાંભળવા અંગ્રેજો, ભારતીય ભાઈબહેનો ઘણી મોટી સંખ્યામાં હૉલમાં બેઠાં હતાં.

સ્વામીજીએ ભજન ગવડાવવાનો મને ખૂબ આગ્રહ કર્યો, પણ હજી તો અમારે બીજા એક ગુજરાતી પ્રવચન માટે જવાનું હોવાથી, સમયના અભાવે ના કહી, તેથી બીજા સેન્ટરમાં મારે ગવડાવવું એવું નક્કી થયું.

સ્વામીજીએ આભારદર્શન કર્યું. છેવટે જાહેર કર્યું કે, મહાત્માજી અને માતાજી બંને દિવ્યાત્માઓનો આભાર. એ બન્ને દિવ્યાત્માઓ હવે વિદાય લે છે. આપણે સૌ ઊભા થઈએ.

સૌ કોઈ ઊભા થઈ જાય છે. સ્વામીજી પૂ.શ્રીને પ્રણામ કરે છે અને શિવપૂજા જ્યાં હતી ત્યાં તેઓ પૂ.શ્રીને કહે છે કે, આપ આ બીલીપત્ર ને જળ ચઢાવો. પૂ.શ્રી બીલીપત્ર ને જળ ચઢાવો. પૂ.શ્રી બીલીપત્ર ને જળ ચઢાવે છે. મારે પણ સ્વામીજીની ઈચ્છા મુજબ બીલીપત્ર ને જળ ચઢાવવાનું બને છે. અંતે ભગવાન શંકરને તથા સ્વામીજીને મેં પ્રણામ કર્યા પછી, હૉલમાંથી વિદાય થયાં, ત્યારે ઘડિયાળમાં સવા નવ વાગી રહ્યા હતાં.

હજી તો શહેરમાં આવેલા સપ્તાહમંદિરમાં જવાનું હતું. ત્યાં એક કલાકનું પ્રવચન હતું. અંદર બે બેઠકો તૈયાર જ હતી. ત્યાં બેસતાં પહેલાં મંદિરના મુખ્ય ભાગમાં અમે જઈએ છીએ. પ્રણામ કરીને અમારી બેઠક લઈએ છીએ.

સંચાલક ભાઈએ સ્વાગતમાં જણાવ્યું; રામની કૃપા વિના સત્સંગ મળતો નથી. ઈશ્વરકૃપાએ આ દેશમાં સંતો આવે છે ને સત્સંગનો લાભ મળે છે. એમ કહીને સ્વાગતમાં અમને બન્નેને પુષ્પહાર અર્પણ કરે છે.

પૂ.શ્રી શરૂઆતમાં ધૂન બોલાવે છે. પછી આજનું પ્રવચન શરૂ કરે છે, ત્યારે રાત્રે પોણા દશ થયા હતાં. ભગવાન શંકરને મેળવવા પાર્વતીની તપની વાત, પુષ્પદંતના 'શિવમહિમ્નસ્તોત્ર'ની રચના વિશે સમજાવે છે. એક કલાકને અંતે પ્રવચન પૂર્ણ થાય છે, પછી, પૂ.શ્રીએ લખેલું એક ભજન હું ગવડાવું છું.

છેવટે આભારદર્શન થયા પછી અમે વિદાય લઈએ છીએ.

હવે, શહેરની બીજી દિશામાં જ્યાં બીજું રામકૃષ્ણ સેન્ટર આવેલું છે, તે અવોકા વિસ્તારમાં જવાનું છે. પંદર-વીસ મિનિટમાં અવોકાના સેન્ટરમાં પહોંચી જઈએ છીએ.

અહીં શ્રી શિવપાદાનંદજીના બે સહાયક યુવાસ્વામીઓ શ્રી શારદાનંદ ને શ્રી પ્રેમાનંદ આજના દિવસનો ઉત્સવ ઊજવી રહ્યા હતાં. અહીં પણ હૉલ ભરાયેલો હતો. બહાર પણ લોકો બેઠા હતાં. સંકીર્તન ખૂબ સુંદર રીતે ચાલી રહ્યું હતું. સ્વામી શારદાનંદજી અમને બેઠક તરફ દોરી ગયાં.

એકાદ સંકીર્તન બાદ મહાત્માજીને પોતાનું વક્તવ્ય શરૂ કરવા સ્વામી પ્રેમાનંદજીએ વિનંતિ કરી. ત્યાં જ ખબર મળી કે સ્વામી શ્રી શિવપાદાનંદજી એસેવીલના સેન્ટરમાંથી અહીં આવવા નીકળી ગયા છે, જેથી પૂ.શ્રીએ રાહ જોવાનું કહ્યું.

ફરી એક સંકીર્તન શરૂ થયું. ઘડિયાળ તો પોણા બાર વાગ્યાની સૂચના આપતી હતી. રાહ જોઈને છેવટે પૂ.શ્રીને પ્રવચન આપવાની વિનંતિ થઈ.

પૂ.શ્રીએ ભગવાન શંકરના પદ્માસનની વાત, પુષ્પદંતની વાત અંગ્રેજીમાં શરૂ કરી. પ્રવચન પૂરું થવાની તૈયારી હતી ત્યાં જ સ્વામીજી આવી પહોંચ્યા. તેથી પૂ.શ્રીએ પોતાનું પ્રવચન થોડું લંબાવ્યું. છેવટે પોણા કલાકનું એ અંગ્રેજી પ્રવચન પૂર્ણ થયું.

અહીં પણ પૂ.શ્રીએ ઊભા રહીને જ અંગ્રેજી પ્રવચન કર્યું. શરૂઆતમાં ને અંતે ધૂન બોલાવી. એ ધૂન પણ પૂ.શ્રીએ આજે મસ્તીમાં આવીને ગવડાવી. ક્ષણભર તો એવું લાગતું હતું કે પૂ.શ્રી હમણાં જ નૃત્ય કરવા માંડશે કે શું?

પૂ.શ્રીની આત્મકથા 'પ્રકાશના પંથે'માં વાંચવા મળે છે કે પૂ.શ્રી કિરતાલ લઈને કીર્તન કરતા હતાં. એ દૃશ્યનું સ્મરણ કરાવે એવી આજની પૂ.શ્રીની મસ્તી હતી.

વળી, સ્વામીજીએ જાહેર કર્યું કે, હવે માતાજી એક ભજન સંભળાવશે. તેથી મેં એક હિન્દી ભજન સંભળાવ્યું ને એક ધૂન ગવડાવી.

છેવટે સ્વામીજીએ આભારદર્શન કર્યું. અહીં પણ ભગવાન શંકરની સફેદ આરસપહાણની પ્રતિમા મધ્યભાગમાં હતી. એની પાછળ શ્રી રામકૃષ્ણદેવની મોટી સફેદ પ્રતિમા હતી. ભગવાન શંકરની મૂર્તિની આસપાસ ચાર માટલીઓ ફૂલની માળાઓ સાથે શોભી રહી હતી. મૂર્તિ સામે શિવલિંગ હતું. તેના ઉપર જે આવે તે બીલીપત્ર ચઢાવી પ્રણામ કરતું હતું. જુદાં જુદાં ફૂલોનાં કુંડાઓ આસપાસ હતાં. વળી, વિવિધ પ્રસાદ પણ ત્યાં મુકાયા હતા.

આભારદર્શન બાદ સૌને ઊભા થવાની સૂચના અપાઈ. સૌ ઊભા થયાં. અમે પ્રણામવિધિ બાદ વિદાય લીધી.

ઉતારો આ સ્થળથી બહુ દૂર ન હતો, જેથી પંદર મિનિટમાં તારા ઉપર આવી ગયાં. ત્યારે રાત્રે એક ને પંદર મિનિટ થઈ હતી.

પૂ.શ્રી પ્રવચનો માટે આટલો ઉજાગરો ક્યારેય કરતા નથી, પણ પ્રેમને વશ પ્રભુ ! એ ન્યાયે શ્રી શિવપાદાનંદજીને હા પાડેલ હતી. પરિણામે ઉજાગરાનો આજનો દિવસ અપવાદરૂપ ગણાય.

પૂ.શ્રી રાત્રે એક વાગ્યે પણ થાક અનુભવતા ન હતા. પ્રસન્નતા ને શાંતિનો જ અનુભવ હતો.

રાત્રે આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૮૮

**તા. ૧૨-૨-૮૩, શનિવાર, મહા વદ અમાસ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે સવારે પૂ.શ્રી થોડું લેખન કરી આરામ કરે છે. ગીતાપાઠ ને વ્યાયામ તો નિયમિત થાય જ છે.

આજે ખીચડી ને કઢીનું ભોજન લીધું. ત્યારબાદ ફરી થોડો આરામ કર્યો.

આજે ધિ ડિવાઈન લાઈફ સેન્ટર તરફથી યોગશિબિર શરૂ થનાર છે. તેમાં પૂ.શ્રી 'કર્મયોગ' ઉપર અંગ્રેજીમાં પ્રવચન આપવાના છે.

ભોજન લીધા બાદ બહાર બાગમાં આંટા માર્યા. ત્યારે પૂ.શ્રી એ ભવિષ્યમાં કોઈ આશ્રમ બને તો તે ક્યાં ને કેવો હોવો જોઈએ તેની થોડી વાતો કરી.

સાંજે પોણા પાંચ વાગ્યે ડિવાઈન લાઈફની સંસ્થામાં જવાનું બન્યું. વરસાદ વરસતો હતો. છતાં હૉલ આખોયે ભરાયેલો હતો. યોગશિબિરમાં સાધકો ભાગ લઈ રહ્યા હતાં. અમે ગયાં ત્યારે વાંચન ચાલતું હતું. હૉલમાં મંચ ઉપર અમારી બેઠક હતી.

અધ્યક્ષ સ્વામી શ્રી સહજાનંદજી નીચે જ બેઠા હતા. પૂ.શ્રીએ હંમેશની જેમ તેમને ઉપર બેસવા વિનંતિ કરી. આમ, અમે ત્રણ મંચ ઉપર બેઠાં. તરત જ વાંચન બંધ થયું. પૂ.શ્રીને સ્વામી શ્રી સહજાનંદજીએ કહ્યું કે, આપને જેટલું બોલવું હોય તેટલું બોલજો. તેથી પૂ.શ્રીએ એક કલાક 'કર્મયોગ' ઉપર અંગ્રેજીમાં પ્રવચન આપ્યું.

પ્રવચન બાદ સ્વામીજી પૂ.શ્રીની સાથે બહાર આવે છે ને અમને વિદાય આપે છે. વરસતા વરસાદમાં પણ સ્વામીજી બહાર ઊભા રહે છે.

અહીંથી વિદાય થઈ અમારે ડરબનથી દૂર એક કલાકના મોટર-માર્ગે પીટરમેરીસબર્ગ નામના શહેરમાં જવાનું હતું.

વરસાદ ચાલુ જ રહ્યો. અમે સાત વાગ્યે પીટરમેરીસબર્ગ પહોંચી ગયાં. પરંતુ વેદમંદિર ક્યાં હતું તે શોધવામાં મુશ્કેલી પડી. આ ઘણો મોટો ભારતીય વિસ્તાર છે. તેમાં જુદા જુદા માર્ગો ને બંગલાઓ હતા. લાહોર રોડ, બોમ્બે રોડ, ઝાંસી રોડ પસાર કરતાં કરતાં અમે આગળ વધ્યાં.

શહેરમાં પ્રવેશતાં જ એક ભાઈને પૂછવાથી તેમણે અમને એમની પાછળ આવવાનું કહ્યું. રસ્તામાં સનાતન ધર્મ સભા હૉલ આવ્યો. ત્યાં તપાસ કરી તો તે હૉલમાં તો લગ્નોત્સવ હતો. ત્યાંથી આગળ ચાલ્યાં. ત્યાં એક ગાડી મળી. તેમણે અમને પૂરતું માર્ગદર્શન આપ્યું. પરિણામે અમે સાત વાગ્યાને બદલે સાડા સાત વાગ્યે વેદમંદિરના હૉલમાં પહોંચ્યાં.

હૉલમાં મંચ ઉપર હવન વિધિ પૂરો થયો હતો. હવનની આસપાસ જ ત્રણચાર ખુરશીઓ અને એક મોટું ટેબલ હતાં.

પૂ.શ્રીએ અહીં પણ અંગ્રેજીમાં જ પ્રવચન આપ્યું. 'શિવરાત્રીનો સંદેશ' એ પ્રવચન-વિષય હતો.

પ્રવચન બાદ મહર્ષિ દયાનંદના જીવનની કથા રજૂ કરતું એક ભજન ત્યાંના યુવક મંડળે ગાયું. ત્યારબાદ નાનાં બાળકોએ દયાનંદજીના જીવન વિશે હિન્દીમાં એક એક પ્રસંગો કહ્યાં.

આ દેશમાં બાળકો સરસ હિન્દી બોલતાં હતાં તે જાણીને આનંદ થયો. હિન્દી ભાષા માટેની શિક્ષકોની મહેનત સારી ગણાય.

આજનું પ્રવચન ખૂબ સરસ હતું. શ્રોતાઓ પૈકી બધાંએ જ એ અભિપ્રાયમાં સૂર પૂરાવ્યો.

પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનો પૈકી એક જ પ્રવચન સાંભળીને સૌ કોઈ પ્રશંસા કરવા લાગી જાય છે. સૌને પ્રવચન સ્પર્શી જાય છે.

પૂ.શ્રી અંગ્રેજી પ્રવચનો માટે પણ કોઈ તૈયારી કરતા નથી. પ્રાર્થના કરે છે અને સહજ રીતે જ બોલવાનું ચાલુ થઈ જાય છે.

વિવિધ વિષયો, વિવિધ સંસ્થાઓ ને વિવિધ સિદ્ધાંતો છતાં સૌને સંતોષ થાય છે અને પ્રસન્ન થઈને બોલી ઊઠે છેઃ ખૂબ સરસ પ્રવચન હતું, ત્યારે આપણને ક્ષણિક તો અવશ્ય લાગે જ કે, પૂ.શ્રીની વાક્ વિચારશક્તિ પાછળ પ્રભુની પરમ કૃપા જ છે.

વિદાયવેળાએ સંચાલકોએ પૂ.શ્રીને એક અઠવાડિયા સુધી અહીં પ્રવચનો આપવા માટે આગ્રહ કર્યો. પૂ.શ્રીએ 'જોઈશું' એમ કહી વિદાય લીધી.

ત્યાંથી એક કલાકની મુસાફરી બાદ રાત્રે અગિયાર વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં.

*

વેદ ધર્મ સભા દ્વારા આયોજિત આજના કાર્યક્રમની પ્રચાર-પત્રિકા આ રીતે પ્રગટ થયેલી હતી :

------------

ૐ

The Officials and Members of the

**VEDA DHARMA SABHA**

Pietermartizburg

CORDIALLY INVITES

THE GENERAL PUBLIC TO CELEBRATE

**SHIVARATREE**

On Satuday, 12 February 1983 at 6 pm

At the **VED MANDIR**, Nohar Road, Northdale

GREAT SPEAKER FROM INDIA

**MAHATMA YOGESHWAR**

Topic : Significance of Shivarathree

------------

* * હરિઃ ૐ * *

## દિન ૮૯

**તા. ૧૩-૨-૮૩, રવિવાર, ફાગણ સુદ એકમ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે રવિવાર નેવું દિવસ આ ધરતી ઉપર થઈ ગયા. ત્રણ માસ તો પુરા થઈ ગયા. હજી એકાદ માસ રહેવાનું થશે. પ્રવચનોનાં આમંત્રણો આવતાં જ જાય છે. આમંત્રણ આપનાર સંસ્થાઓના કાર્યકર્તાઓ તો છ માસ રહેવાનો આગ્રહ કરતા રહે છે.

આ દેશ સત્સંગની દૃષ્ટિએ ઈંગ્લેન્ડ, અમેરીકા અને કેનેડા કરતાં વધુ અનુકૂળ છે, એવો પૂ.શ્રીનો અભિપ્રાય છે. છતાં ચાર માસ આ દેશ માટે પૂરતા છે. ભારતમાં પરત જવું જરૂરી છે.

આજે સવારે એ જ નિત્યક્રમ રહ્યો. અહીં ખૂબ શાંતિ છે. પૂ.શ્રીને અહીં ગમે છે. લેખન પછી જપ કરતાં કરતાં થોડો આરામ કરે છે. સવારે નિયમિત વ્યાયામ કરે જ છે. 'મહાભારતના મોતી' પુસ્તકનાં ૧૦૦ પૃષ્ઠો તો લખાઈ ગયાં છે. પૂ.શ્રી આમ, એક વધુ ગ્રંથની ગુજરાતી જનતાને ભેટ ધરશે. સાહિત્યની સેવા અહીં પણ પૂ.શ્રી નિયમિત કરે છે.

આજે ભાખરી, શાક, ભાતનું ભોજન બનાવી લીધું. અમારા ઓરડામાં લાવી, નીચે બેસીને ભોજન કરી લીધું.

ભોજન બાદ પૂ.શ્રી આજે બહાર આંટા મારતા નથી, પણ એક રામાયણપ્રેમી ભાઈ મળવા આવેલા છે તેમની સાથે તેઓ રામાયણની વાતો કરે છે. વળી, એકાદ પ્રસંગ પણ પૂ.શ્રી ગાઈ સંભળાવે છે.

ઉતારા ઉપરથી શહેરમાં જવા ત્રણ વાગ્યે નીકળીએ છીએ. કારલીસ સ્ટ્રીટ ઉપર આવેલા આર્યન હૉલમાં પંદર મિનિટમાં પહોંચી જઈએ છીએ. આર્યસમાજની એ સંસ્થા છે, જ્યાં વેદમંદિર પણ છે. વેદમંદિરમાં મંચ ઉપર મોટો હવન-કુંડ છે. ૫૦૦ થી ૧૦૦૦ માણસો બેસી શકે એવડો મંદિરનો હૉલ છે. એની સાથે જ બીજો મોટો હૉલ છે, જેમાં મહર્ષિ દયાનંદની મોટી તસવીર જોવા મળે છે. ત્યાં મંચ ઉપર ખુરશી ને ટેબલ છે.

હૉલની બહાર શ્રી નરદેવ પંડિત ઊભા હતાં. તેઓ કાળો શુટ ને માથે ખાદીની સફેદ ટોપી પહેરી છે. અહીં કર્મકાંડી બ્રાહ્મણ, પંડિત કે મંદિરના વિશેષ ઉત્સવ પ્રસંગે લોકો ટોપી પહેરે છે. એ વિધિમાં ધોતિયાને બદલે પેન્ટ ને શર્ટ જ હોય છે. ફક્ત સંકેતરૂપે ટોપી પહેરે એટલે દરેક વિધિ થઈ શકે છે.

શ્રી નરદેવભાઈ સાથે મંદિરમાં જઈ આવ્યા પછી હૉલમાં મંચ ઉપર બેઠાં ઔપચારિક વિધિ બાદ પૂ.શ્રી અંગ્રેજીમાં પ્રવચનનો વિષય 'મહર્ષિ દયાનંદ અને તેમનું જીવનકાર્ય' હતો. પૂ.શ્રીએ મહર્ષિ દયાનંદ અને વિવેકાનંદની તુલના કરી. વિષયને પૂર્ણ ન્યાય આપ્યો.

પ્રવચન સાંજના ચારથી પાંચમાં થયું. સૌએ સંતોષ વ્યક્ત કર્યો.

અમે ફરીથી ઉતારા ઉપર આવી ગયાં.

પંદર મિનિટ પછી જ્યાં બીજું પ્રવચન હતું ત્યાં જવા નીકળ્યાં.

ડિવાઈન લાઈફ સેન્ટરના અધ્યક્ષ શ્રી સહજાનંદજી શાંત પ્રકૃતિના, ઓછાબોલા સ્વભાવના છે, છતાં તેમણે આ માસના બધા જ રવિવારે પૂ.શ્રીના કાર્યક્રમો પોતાની સંસ્થામાં ગોઠવી દીધાં છે. તે મુજબ આજે પણ ત્યાં સમયસર પહોંચી ગયાં.

ડિવાઈન લાઈફ સેન્ટરનો પ્રાર્થના હૉલ હજાર માણસો બેસી શકે એટલો મોટો છે. ત્યાં કીર્તન ચાલી રહ્યું હતું. હૉલની મધ્યમાં લાંબી પગદંડી છે, જેના ઉપર પ્લાસ્ટીક પાથરેલું છે. એના ઉપરથી અમે મંચ ઉપર પહોંચી જઈએ છીએ. મંચ ઉપર સ્વામી શિવાનંદજીની મોટી તસવીર, ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ, હનુમાનજીની મૂર્તિ તથા ઈશુ ખ્રિસ્તની પણ નાનકડી મૂર્તિ છે. તેની થોડે દૂર અમારી બેઠકો હતી. બેઠકો ઉપર ભગવા રંગનાં કવર હતાં.

આજે સ્વામી સહજાનંદજી મંચ ઉપર બેઠેલા જ હતા, જેથી દર વખતની જેમ પૂ.શ્રીએ કહેવાનું રહ્યુ નહીં.

તરત જ કીર્તન બંધ થયું. એટલે, પૂ.શ્રીને સાડા છ વાગ્યે માઈક આપી દીધું. પૂ.શ્રીએ સાડા સાત વાગ્યા સુધી ‘કર્મયોગ’ ઉપર પોતાનું અંગ્રેજી પ્રવચન આપ્યું.

પ્રવચન બાદ આભારદર્શન થયું. હંમેશની જેમ સ્વામી સહજાનંદજી પૂ.શ્રી માટે આજે પણ ફળોની થેલી આપે છે. સહજાનંદજીએ હવે પછી યોગશિબિર થાય તેનું સંચાલન શ્રી યોગેશ્વરજી કરે એવી માગણી કરી. પણ તે શિબિર એપ્રિલમાં થશે. તેથી પૂ.શ્રીએ માર્ચમાં ભારત જવાની વાત તેમને જણાવી. સ્વામીજી એ જાણીને વિષાદમાં પડ્યા : પ્રભુની ઈચ્છા.

ત્યાંથી વિદાય થઈને ઉતારા ઉપર આવી ગયાં. આજે પૂ.શ્રીએ આર્યસમાજના પ્રવચનમાં દયાનંદ ને વિવેકાનંદની વાતો કરી તેની જાણ તેઓશ્રીએ રામકૃષ્ણ સેન્ટરના અધ્યક્ષ શ્રી શિવપાદાનંદ સાથે ફોન ઉપર કરી. પૂ.શ્રીનો તથા શિવપાદાનંદજીનો પરસ્પર ખૂબ જ પ્રેમભાવ છે. વળી, પૂ.શ્રીને શ્રી રામકૃષ્ણદેવ ઉપર વિશેષ પ્રેમ છે. તેથી પરસ્પરનો વ્યવહાર સહજ હોય છે. દક્ષિણ આફ્રિકામાં આવતાં વેંત બીજા જ દિવસે સ્વામી શિવપાદાનંદજીને મળવાનું થયું હતું, ત્યારથી પરસ્પર પ્રેમભાવ વધતો જ રહ્યો છે.

શ્રી શિવપાદાનંદજી તો પૂ.શ્રી પ્રવચન માટે આનાકાની કરે તો કહે પણ કે, અમે તો બાળક છીએ; પણ પિતા બાળકની ઈચ્છા કેમ અવગણી શકે? એ નહીં ચાલે, પ્રવચન આપવું જ પડશે. એવા પ્રેમભર્યા આગ્રહ સામે પૂ.શ્રી પોતાના આરોગ્યનો ખ્યાલ ગૌણ ગણીને, શિવરાત્રીના પવિત્ર દિવસે બે પ્રવચનો રામકૃષ્ણ સેન્ટરમાં ને એક પ્રવચન ગુજરાતીમાં કરે છે. સંતોનો પરસ્પર કેવો પ્રેમભાવ હોય છે તેનું દર્શન કરવાનું સદ્‌ભાગ્ય મળ્યા જ કરે છે. એ અવસર પણ દુર્લભ જ ગણાય ને !

સાંજે બાફેલ નવી મગફળી ને ફળ-દૂધ લઈને આરામ કર્યો.

* * ૐ * *

આજના પ્રવચનની પ્રચાર-પત્રિકા નીચે પ્રમાણે પ્રગટ થઈ હતી

*

ॐ

ARYA PRATINIDHI SABHA, SOUTH AFRICA

In conjuction with

ARYA STREE SAMAJ, DURBAN

**SHIV RATRI FESTIVAL**

SPECIAL SERVICE

at

**VEDIC TEMPLE**

21, Carlisle Street, Durban

on **FRIDAY, 11 February 1983**

at 6:00 pm

SERMON: by Pandit Nardev Vedalankar

*

LECTURE – **LECTURE** – LECTURE

On

SWAMI DAYANANAD AND HIS CONTRIBUTIONS

TO HINDUISM

at

**ARYAN HALL**

21, Carlisle Street, Durban

on **SUNDAY, 14 February 1983**

at 3:00 pm

by **MAHATMA YOGESHWARJI**

a Yogi and Learned Scholar

of Hindu Shastras from the Himalayas, India

**ALL WELCOME**

*

* * હરિઃ ૐ * *

## દિન ૯૦

**તા. ૧૪-૨-૮૩, સોમવાર, ફાગણ સુદ એકમ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે ખીચડી ને શાકનું ભોજન લીધા બાદ મુલાકાત સમયે એક ભાઈ મળવા આવે છે. તેઓ ગાડી લઈને આવેલા છે. તેઓ ગાડી લઈને આવેલા છે. હજુ તો તેઓ યુવાન છે.

પૂ.શ્રી તેમને બેઠક ખંડમાં મુલાકાત આપે છે. તેમનું નામ નીલમોહન છે. વાતચીત ઉપરથી લાગ્યું કે તેમને શ્રી રામકૃષ્ણદેવ ઉપર વિશેષ આદરભાવ છે. પોતે અપરિણીત રહી બ્રહ્મચારી જીવન જીવી સંન્યાસ લેવો એવી તેમની ઈચ્છા છે.

પૂ.શ્રી તેમને એ બાબતમાં માર્ગદર્શન આપે છે. તેમણે સંસ્કૃતનો અભ્યાસ પણ કરવો છે. તેમણે અંગ્રેજીમાં શ્રી રામકૃષ્ણ કથામૃત ને જીવનચરિત્ર વાંચેલ છે.

તેમણે પૂ.શ્રી પાસે મંત્ર માગ્યો, તે પણ લખેલો માગ્યો. પૂ.શ્રીએ તે ભાઈને મંત્ર આપ્યો. પછી, તે ભાઈએ દંડવત્ પ્રણામ કરીને આશીર્વાદ માગ્યા.

પૂ.શ્રીએ કહ્યું: પ્રભુ તમને સહાય કરે. તમારા ગુરૂ જ તમને આગળ વધવા માર્ગદર્શન આપશે.

તેમણે ખૂબ ભાવપૂર્વક પ્રણામ કરીને વિદાય લીધી.

આજે ભોજન પહેલાં યજમાન ગૃહિણીને માળા કેવી રીતે ફેરવવી તેની તથા બીજા આધ્યાત્મિક પ્રશ્નોની સમજ આપી. એ જ રીતે ભોજન બાદ આ ઘરની દીકરીના, ધ્યાન કેવી રીતે કરવું તે પ્રશ્નના જવાબમાં પૂ.શ્રીએ તેને ધ્યાનની પદ્ધતિ બતાવી. વળી, તેની ભગવાન શંકર પ્રત્યે પ્રીતિ છે તે જણાઈ આવતાં પૂ.શ્રીએ ‘પ્રકાશના પંથે’માં શંકરદર્શનની જે વાત વર્ણવી છે તે અંગે થોડી વાતો કરી.

ગઈ કાલે આ ઘરના સૌથી નાના પુત્ર નીતેશને પૂ.શ્રીએ મંત્ર આપ્યો. કારણ કે, તે ૧૮ કે ૨૮ વાર દરરોજ ગાયત્રીમંત્ર ઝડપથી બોલીને જ સ્કૂલે જતો. પૂ.શ્રીએ તેને ગમી જાય તેવો નાનો મંત્ર આપ્યો.

થોડો આરામ કરીને, સાંજે પૂ.શ્રી લેખન કરે છે.

ડરબનથી થોડે દૂર વેરૂલમ નામનું શહેર છે. આજે ત્યાં પ્રવચન છે. ત્યાં ત્રીસ હજાર ભારતીય ભાઈબહેનો રહે છે. ૧૯૧૩માં ત્યાં ગોપાલમંદિરની સ્થાપના થયેલી. જેનું ઉદ્‌ઘાટન પૂ. ગાંધીજીના હસ્તે થયેલું.

આ મંદિરમાં છેલ્લાં ૨૭ વરસથી દર રવિવારે નિયમિત રીતે સત્સંગ થાય છે. મંદિરમાં સરસ મૂર્તિઓ છે, પણ તે નાની છે. પૂજારી જેવા કોઈ ભાઈ હતા તેમણે કફની ને પેન્ટ પહેર્યાં હતાં.

હૉલમાં ખુરશીઓ હતી. મંદિરની બહાર વિશાળ વટવૃક્ષ હતું. મંદિર રળિયામણું લાગતું હતું.

મંચ ઉપર પૂ.શ્રી માટે એક સોફો મૂકેલો, જેના ઉપર ગરમ ધાબળો પાથર્યો હતો. નીચે એક આસન હતું. તેના ઉપર પણ ગરમ ધાબળો જ પાથર્યો હતો.

શરૂઆતમાં સુંદર ફૂલહારથી પૂ.શ્રીનું સ્વાગત થયું. ત્યારબાદ એક નાની છોકરીએ ધૂન બોલાવી.

પ્રવચનનો આજનો વિષય હતો 'ભારતીય સંસ્કૃતિ'. અંગ્રેજીમાં જ બોલવાની વિનંતિ થઈ. પરિણામે, પૂ.શ્રીએ આજે આ ધરતી ઉપર એકત્રીસમું અંગ્રેજી પ્રવચન આપ્યું.

પ્રવચનને તે આભારદર્શનમાં શિક્ષિત સંચાલકે કહ્યું કે, અમને ભારતીય સંસ્કૃતિ ઉપર સુંદર સમજ મળી. અમને પ્રવચન ખૂબ ગમ્યું. આપનો ખૂબ ખૂબ આભાર.

પ્રવચન બાદ આરતી થઈ. આરતીમાં શંખનાદ પણ થયા, જે આ મંદિરની વિશેષતા હતી. આરતી બાદ, 'એક વાર પ્રેમસે બોલો, ગોપાલ લાલકી જય ! એક વાર પ્રેમ સે બોલો, મહાત્માજી કી જય .. માતાજી કી જય !' ના જયકાર થયા.

ત્યાંથી વિદાય લઈને ઉતારા ઉપર આવી ગયાં.

* * હરિઃ ૐ * *

## દિન ૯૧

**તા. ૧૫-૨-૮૩, મંગળવાર, ફાગણ સુદ બીજ ૨૦૩૯**
**ડરબન શહેર**

પૂ.શ્રીનો નિત્યક્રમ સાડા ત્રણ વાગ્યે શરૂ થાય છે. પરિણામે, લેખન પછી થોડો આરામ કરે છે.

આજે મુલાકાતમાં યોગ સેન્ટરનાં એક બહેન મળવા આવ્યાં છે. તેમની સાથે થોડી વાતો થાય છે.

બપોરે આરામ ને થોડું લેખન.

આજે સ્ટુડીઓમાં ભજનો ટેઈપ કરવાનો કાર્યક્રમ હતો, જેથી રાતના ૭ થી ૧૧નો સમય તેમાં પસાર થયો.

અમારી બેઠક ખુરશી ઉપર હતી. સામે નીચે તબલાં, ઢોલક, હારમોનિયમ, મંજીરા, સિતાર લઈને એક ગ્રુપ બેઠું હતું. અમારી પાસે જ રેકોર્ડ કરવાનું મોટું મશીન હતું. જેનું એક ભાઈ સંચાલન કરતા હતા. બીજાં પણ આઠેક ભાઈબહેનો હતાં.

શરૂઆતમાં સાત ભજનો મેં ગાયા. પછી વળી, પૂ.શ્રીને 'એકાદ ભજન ગાઓ' એવી વિનંતિ થતાં પૂ.શ્રીએ ખૂબ મસ્ત બનીને ચાર ભજનો ગાયાં. તે બધાં જ સંગીત સાથે ટેઈપ થયાં. પૂ.શ્રી આજે ખૂબ મસ્તીમાં હતાં.

રાત્રે ઉતારા ઉપર આવ્યાં ત્યારે બાર વાગ્યા હતાં. પછી આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૯૨

**તા. ૧૬-૨-૮૩, બુધવાર, ફાગણ સુદ ત્રીજ ૨૦૩૯**
**ડરબન શહેર**

ગઈ રાત્રે ઘણું મોડું થયું હતું. છતાં પૂ.શ્રી તો પોતાના ક્રમ પ્રમાણે સવારે નિયમિત જ રહ્યા.

ભોજન બાદ બહાર બગીચામાં બે-ત્રણ આંટા માર્યા. થોડો આરામ, પછી લેખન.

સાંજે રેડિયો ટ્રરુરો પર જવાનું હતું. ત્યાંના કેન્દ્ર-સંચાલિકા શ્રી જયમતીબહેને પૂ.શ્રી પાસે થોડા વાર્તાલાપની માગણી કરી હતી.

શહેરમાં, રેડિયો ટ્રરુરોના રેકોર્ડિંગ રૂમમાં ગયા ત્યારે બરાબર સાડા છ વાગ્યા હતા. એક બહેનનું રેકોર્ડિંગ ચાલુ હતું. તેથી, એકાદ કલાક બાદ પૂ.શ્રીનો વાર્તાલાપ રેકોર્ડ કરવાનું શરૂ થયું.

મોટાં બે મશીનોની સામે પૂ.શ્રી બેઠાં. યંત્ર-સંચાલકની સૂચના મુજબ પૂ.શ્રી પોતાનો વાર્તાલાપ શરૂ કરે છે.

પૂ.શ્રીની વાર્તાલાપ કરવાની કુશળતા જાણ્યા પછી સંચાલકે સમયની મર્યાદાનો નિયમ પૂ.શ્રી માટે રાખ્યો ન હતો. જે વિષય ઉપર જેટલું પણ બોલવું હોય તેટલું બોલી શકાશે એની જાણ પૂ.શ્રીને કરવામાં આવી.

પૂ.શ્રીએ આજે દિવાળી, નવરાત્રી, રામનવમી ને જન્માષ્ટમી એ ચાર તહેવારો ઉપર વાર્તાલાપ આપ્યો. વાર્તાલાપ દરમ્યાન અમને પણ તે ઓરડામાં શાંતિથી બેસવું હોય તો બેસવાની છૂટ આપેલી, જેથી શ્રી શાંતિભાઈ, શ્રી રતિભાઈ અને હું બેઠાં.

વાર્તાલાપ પૂરો થયો. બીજા ત્રણ વાર્તાલાપની માગણી જયમતીબહેને કરી, જેના વિષય હતા રક્ષાબંધન, હોળી, એકાદશી. પૂ.શ્રીએ હા પાડી. પરિણામે ફરી એકવાર રેડિયો ટ્રરુરોની મુલાકાત લેવાનું બનશે.

જેમણે પૂ.શ્રીના જ્ઞાનનો સંપૂર્ણ લાભ લેવો છે તેઓ પૂ.શ્રીના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માંડે છે. પૂ.શ્રી તો એ માટે તૈયાર જ હોય છે.

સંપ્રદાયના વાડામાં બંધાયા સિવાય પૂ.શ્રી દરેક વિષયને ન્યાય આપી શકે છે એ આજના યુગમાં સંતોને બોધક બને એવી બાબત છે. મોટા ભાગના સંતો પોતપોતાના નાના નાના વાડા લઈને, સંપ્રદાયો સ્થાપીને બેસી ગયા છે ત્યાં આવી વિરલ ને વિષદ પ્રતિભા ધરાવનાર સંતવિભૂતિ વિશેષ આદરણીય બની રહે એ સ્વાભાવિક છે.

રાત્રે નવ વાગ્યે રેડિયો ટ્રરુરો ઉપરથી વિદાય લીધી.

ઉતારા ઉપર આવી, દૂધ પીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૯૩

**તા. ૧૭-૨-૮૩, ગુરુવાર, ફાગણ સુદ ચોથ ૨૦૩૯**
**ડરબન શહેર**

સવારે સ્નાન, વ્યાયામ, મંત્રજપ, લેખનનો ક્રમ બંધબારણે નિયમિત ચાલ્યા જ કરે છે.

ઓરડાની બહાર સૂર્યનારાયણ તો ક્યારના આવી જાય છે, પણ પૂ.શ્રી તો પોતાના કાર્યમાં તલ્લીન બની ગયેલા હોય છે.

ભોજન બાદ બે-ત્રણ આંટા મારે છે. આ ઓરડામાંથી સીધા બાગમાં પણ જઈ શકાય છે.

આજે મગ ને ભાતનું ભોજન લીધું.

સાંજે શ્રી રામકૃષ્ણદેવની જન્મજયંતિ નિમિત્તે ભારત હૉલમાં પ્રવચન છે.

પૂ.શ્રીએ શ્રી રામકૃષ્ણદેવના જીવન ઉપર ગુજરાતીમાં પ્રવચન આપ્યું. પ્રવચન બાદ મારે બે ભજનો ગાવાનું બન્યું. વળી, પૂ, શ્રીએ-

રામકૃષ્ણ હરિ જય જય રામકૃષ્ણ હરિ !
રામકૃષ્ણ હરિ જય જય રામકૃષ્ણ હરિ !

-ની નવી જ ધૂન આજે ગવડાવી. તબલાં-મંજીરા સાથે શ્રોતાઓએ ધૂન સરસ રીતે ઝીલી.

મંચ ઉપર શ્રી રામકૃષ્ણદેવ, શારદા મા, વિવેકાનંદની તસવીરો ઉપર ફૂલો ને દીવડાનો શણગાર આજે વિશિષ્ટ રીતે થયો હતો.

પ્રવચન બાદ વડોદરા શ્રી જીતુભાઈ સાથે ફોનથી વાતો થઈ.

ઉતારે આવીને, રાત્રે ૧૨ વાગ્યે આરામ કર્યો.

*

આજથી શરૂ થયેલાં પ્રવચનોની પ્રચાર-પત્રિકા વિગતપૂર્ણ હતી. તેમાં શ્રી રામકૃષ્ણદેવ પરમહંસ અને પૂ.શ્રી યોગેશ્વરજીની પ્રભાવક તસવીરો પણ છપાઈ હતી.

*

**શ્રી સુરત હિન્દુ એસોસીએશન** અને **શ્રી સંત પુનિત સેવા સંઘ**, ડરબન, સાઉથ આફ્રિકા યોજે છે

**પૂજ્ય મહાત્મા યોગેશ્વરજીનું**

**શ્રી રામકૃષ્ણ પરમહંસની ૧૪૮મી જન્મજયંતી મહોત્સવ નિમિત્તે**

**ભક્તિરસથી તરબોળ પ્રવચન**

શુભ દિવસ : ગુરુવાર, શુક્રવાર, તા. ૧૭-૧૮ ફેબ્રુઆરી, ૧૯૮૩ સમય : સાંજે ૭-૩૦ વાગ્યે

સ્થળ : ભારત હોલ, ૧૩૭, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન, નાતાલ

*

ત્યારબાદ **શ્રી પૂજ્ય યોગેશ્વરજીની જ્ઞાનગંગાનો કાર્યક્રમ**

| તારીખ | વાર | સમય | સ્થળ | વિષય |
|---|---|---|---|---|
| ૧૯-૨-૧૯૮૩ | શનિવાર | સાંજે ૪-૦૦ | શ્રી રામકૃષ્ણ સેન્ટર, અવોકા | શ્રી રામકૃષ્ણ પરમહંસ |
| ૨૦-૨-૧૯૮૩ | રવિવાર | સાંજે ૪-૦૦ | શ્રી રામકૃષ્ણ સેન્ટર<br>૨૭/૨૯, અબીલ્યા રોડ, એસેવીલ | " |
| ૨૦-૨-૧૯૮૩ | રવિવાર | સાંજે ૬-૩૦ | ડિવાઈન લાઈફ સોસાયટી,<br>રીઝર્વોર હીલ્સ | ગીતા ઉપર પ્રવચન |
| ૨૧-૨-૧૯૮૩ | સોમવાર | સાંજે ૭-૩૦ | હિન્દુ સેવા સમાજ, રીઝર્વોર હીલ્સ | શ્રી રામાયણ |
| ૨૨-૨-૧૯૮૩ | મંગળવાર | " | " | " |
| ૨૩-૨-૧૯૮૩ | બુધવાર | " | " | " |
| ૨૪-૨-૧૯૮૩ | ગુરુવાર | " | " | " |
| ૨૫-૨-૧૯૮૩ | શુક્રવાર | " | શ્રી ભારત હોલ, ડરબન | શ્રી ભક્તિયોગ |
| ૨૬-૨-૧૯૮૩ | શનિવાર | " | " | " |
| ૨૭-૨-૧૯૮૩ | રવિવાર | સવારે ૧૦:૩૦ | શ્રી રામકૃષ્ણ સેન્ટર, અવોકા | ધર્મની એકતા |
| " | રવિવાર | સાંજે ૭-૩૦ | શ્રી ભારત હોલ, ડરબન | શ્રી ભક્તિયોગ |
| ૨૮-૨-૧૯૮૩ | સોમવાર | " | " | " |

કલિયુગમાં સંસારના દુઃખમાંથી મુક્તિ પામવા અને મનુષ્યજીવનનું સાફલ્ય કરવા - પ્રભુ નામસ્મરણ, કીર્તન અને સંત-સમાગમ સિવાય છૂટકો નથી. એ ધ્યાનમાં રાખી આ પૂજ્ય શ્રી સંત મહાત્મા પ્રભુકૃપાથી અત્રે આવ્યા છે તો તે બને તેટલું આપણું જીવન-સાફલ્ય કરવાના માર્ગમાં તેઓશ્રીની ઉપયોગી અનુભવ-વાણી સાંભળવા ઉપરોક્ત સંસ્થાઓ આ સર્વ કાર્યક્રમોમાં સમયસર પધારવા આમંત્રણ પાઠવે છે.

* * હરિઃ ૐ * *

## દિન ૯૪

**તા. ૧૮-૨-૮૩, શુક્રવાર, ફાગણ સુદ પાંચમ ૨૦૩૯**
**ડરબન શહેર**

લેખન બાદ મંત્રજપ કરતાં કરતાં પૂ.શ્રી થોડો આરામ કરે છે.

ભોજન બાદ આ જ ઓરડામાંથી બહાર જવાના માર્ગે પૂ.શ્રી બહાર બાગમાં જાય છે. ત્યાં ત્રીસેક આંટા મારે છે. હું પણ શારદામણીદેવીનું પુસ્તક લઈને ત્યાં જાઉં છું.

રાખાલ શારદામણીદેવીની ૧૦૮ કમળો ચઢાવીને પૂજા કરે છે એ પ્રસંગ મેં કહ્યો ત્યારે પૂ.શ્રીએ માતાજી જ્યોતિર્મયીનું સ્મરણ કરતાં કરતાં તેમના ભવ્ય ને ત્યાગમય જીવનને અંજલિ આપી.

સાંજે ભારત હૉલમાં આજે પણ ‘શ્રી રામકૃષ્ણદેવ’ ઉપર પ્રવચન હતું. હૉલના વિશાળ મંચ ઉપર અમારી બેઠક હતી. ત્યાં સામે જ એક ખૂણામાં શ્રી રામકૃષ્ણદેવની તસવીર હતી. ગઈ કાલની જેમ જ દીવડાનો શણગાર હતો. પ્રસાદ પણ ગઈકાલની જેમ જ મોહનથાળનો જ હતો. અહીં પ્રસાદ નાની નાની કોથળીઓમાં બંધ કરીને આપવામાં આવે છે.

આજે મારાં ભજનોની કેસેટ વેચાણ માટે પ્રથમવાર મુકવામાં આવી. વીસ કેસેટો મૂકી હતી તે બધી તરત જ વેચાઈ ગઈ. જનતાને ભજનો ગમે છે તેનું એ પ્રમાણ છે.

શ્રી રામકૃષ્ણદેવના જીવન ને કાર્ય ઉપર સમજ આપતું વિશદ પ્રવચન પૂ.શ્રીએ આપ્યું.

રાત્રે અગિયાર વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં. પછી આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૯૫

**તા. ૧૯-૨-૮૩, શનિવાર, ફાગણ સુદ છઠ ૨૦૩૯**
**ડરબન શહેર**

પૂ.શ્રીએ આજે અવધૂત સંતોના જીવનચરિત્રનાં પુસ્તકો વાંચવાનો મને આદેશ આપ્યો. સંતો પાસે કેવી શક્તિ ને સિદ્ધિ હતી તે વાંચવાથી ઘણી પ્રેરણા મળે એવું પૂ.શ્રીએ કહ્યું. એ પુસ્તકોમાં શ્રી રંગ અવધૂત, શ્રી સદાશિવબ્રહ્મ, શ્રી પવહારી બાબા, શ્રી રામલિંગમ્, શ્રી તૈલંગસ્વામીની વાતો હતી. આજથી એ પુસ્તકો વાંચવાનું મેં શરૂ કર્યું. આજે જ 'શ્રી શારદામણિદેવી' પુસ્તકનું વાંચન પૂરું થયું.

શ્રી રતિભાઈ ગુજરાતી ને અંગ્રેજી પુસ્તકોની મોટી લાયબ્રેરી ધરાવે છે. તેથી પુસ્તકો જોઈને વાંચવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે.

આજે ખીચડી, શાક, દૂધનું ભોજન લીધું.

પૂ.શ્રી સવારે, ભોજન સાથે બપોરે, ને સાંજે - એમ ત્રણવાર દૂધ લે છે. પૂ.શ્રીને દૂધ પ્રિય છે.

આજે ભોજન બાદ પણ બાગમાં થોડા આંટા મારે છે.

આજે ચાર વાગ્યે પ્રવચન છે. તેથી થોડો આરામ કરવાનો છે. પણ આજે ફેબ્રુઆરીનો 'અધ્યાત્મ'નો અંક આવ્યો છે તેથી તેઓ તે જુએ છે. ઉપરનું કવરપેજ એકસરખું જ આવે છે એ પૂ.શ્રીને યોગ્ય ના લાગ્યું.

પોણા ચાર વાગ્યે શ્રી રામકૃષ્ણ સેન્ટર, અવોકામાં જવા માટે દરરોજની જેમ શ્રી રતિભાઈની ગાડીમાં બેઠાં. આગળ શ્રી રતિભાઈ ને પૂ.શ્રી બેઠાં. મુખ્ય માર્ગે થઈને અમારી ગાડી પંદર મિનિટમાં એ સ્થાનમાં પહોંચી પણ ગઈ.

શ્રી રામકૃષ્ણ સેન્ટર અહીં ટેકરી ઉપર ઝાડીઓની વચ્ચે આવેલું છે. આ સ્થાનમાં પ્રવેશ પામીએ ત્યાં જ કોઈ પ્રાચીન ઋષિમુનિના આશ્રમની યાદ આવે. આ આશ્રમમાં મોર પણ મોટી સંખ્યામાં વસે છે. આશ્રમનાં જુદાં જુદાં ત્રણ મકાનો છે. એકમાં પ્રેસ છે, બીજામાં ઓફિસ ને હૉલ છે, ત્રીજામાં સ્વામીજીનો નિવાસ છે. અહીં સ્વામી શારદાનંદ તથા સ્વામી પ્રેમાનંદ સંચાલન કરે છે. બન્ને ઊગતા યુવાન છે. ભગવી કફની ને નીચે ભગવી લુંગી એ એમનો પોશાક છે.

આશ્રમમાં એક કુટિયા પણ છે, જે પાછળના ભાગમાં ઝાડીની વચ્ચે છે. શ્રી શિવપાદાનંદજી અહીં હતા ત્યારે એમાં જ રહેતા. તે પહેલાં સ્વામી નિશ્ચલાનંદ પણ એમાં જ રહેતા.

અધ્યક્ષ સ્વામી શ્રી શિવપાદાનંદજી હવે એસેવીલ સેન્ટરમાં રહે છે. પણ આજે તેઓ સવારથી અહીં આવી ગયા છે.

અમે જ્યારે હૉલમાં પ્રવેશ્યાં ત્યારે સ્વામી શિવપાદાનંદજી ધૂન બોલાવીને જયકાર બોલાવતા હતા. અમને જોઈને તરત જ સ્વામી શારદાનંદ સામે આવ્યા. શ્રી શિવપાદાનંદજી પોતાની બેઠક ઉપરથી ઊભા થયા. પૂ.શ્રી મંદિરના સ્થાનમાં બે મિનિટ ઊભા રહીને સ્વામી શિવપાદાનંદજીની પાસે મૂકેલી બેઠક તરફ ગયા ત્યારે સ્વામીજીએ નીચા નમીને પ્રણામ કર્યા. પૂ.શ્રીની પાછળ જ હું હતી. મંદિરને ને સ્વામીજીને પ્રણામ

કર્યા બાદ મને સામે બહેનો તરફની સફેદ બેઠક ઉપર બેસવાનો ઈશારો કરવામાં આવ્યો. હૉલના મુખ્ય મધ્યભાગમાં શ્રી રામકૃષ્ણદેવની બેઠેલી સફેદ પ્રતિમા હતી, જેની આજુબાજુ વિવેકાનંદ ને શારદામાની તસવીરો હતી. જમણી બાજુ સ્વામીજી ને પૂ.શ્રી બેઠા. ડાબી બાજુ મારી બેઠક હતી. પ્રતિમાની જમણી બાજુ પુરુષો અને ડાબી બાજુ બહેનો બેઠેલાં હતાં. શ્રોતાઓ હૉલમાં બેઠાં હતાં.

બીજી ધૂન પણ પૂરી થઈ. વળી, મને પણ ભજન ગાવાની વિનંતિ સ્વામીજીએ કરી, જેથી મેં એક ધૂન ગવડાવી. બીજી એક બહેને પણ ધૂન ગવડાવી.

સ્વામી શ્રી શિવપાદાનંદના સ્વાગત-શબ્દો પછી પૂ.શ્રીનું પ્રવચન શરૂ થયું.

ઊભા રહીને પ્રવચન આપવાનું જે ટેબલ હતું તે મારી બેઠકની પાસે હતું, જેથી પૂ.શ્રી મારી તરફ આવે છે. પાસે મુકાયેલા ઊંચા પ્રવચન-સ્ટેન્ડ ઉપર ઊભા રહી પૂ.શ્રી પ્રવચન શરૂ કરે છે. શરૂઆતમાં ‘રામકૃષ્ણ હરિ’ની ધૂન બોલાવે છે. ‘નામસ્મરણની સાધના’ ઉપર પૂ.શ્રીનું અદ્‌ભુત પ્રવચન થાય છે. સાંભળનારા મુગ્ધ બને છે. સ્વામી શારદાનંદ પણ પ્રવચન ખૂબ સરસ હતું એવા આનંદના ઉદ્‌ગારો કાઢે છે.

પ્રવચન પછી ધૂન ને આરતી બાદ અધ્યક્ષ શ્રી શિવપાદાનંદજી ઊભા થાય છે. તેઓએ આભારદર્શનમાં કહ્યું:

આપણે ઘણીવાર જેને શોધતા હોઈએ તે સામે જ આવીને મળે છે. પ્રવચન સાંભળીને કેટલાક કહે છે: મહાત્માજી વિદ્વાન છે, વક્તા છે, લેખક છે. પણ હું તો કહું છે કે તેઓ એક અનુભવી મહાપુરુષ છે. તેઓ પોતાના અનુભવની જ વાતો કરે છે. નામસ્મરણની સાધનામાં કેવી વ્યાકુળતા આવે તે તેમણે અનુભવ્યું છે. આજે મારી આંખ પણ એ વર્ણન સમયે તો ભીની થઈ.

આવા મહાપુરૂષો ઘણીવાર આપણી પાસેથી જાય ત્યાર પછી જ આપણે અનુભવીએ છીએ કે તેઓ તો મહાપુરુષ-વિભૂતિ હતા. આ બન્ને દિવ્યાત્માઓનો આભાર.

વળી, તેમણે વધુમાં કહ્યું: આજે નામસ્મરણ ઉપર મહાત્માજીનો વાર્તાલાપ અદ્‌ભુત હતો. આવતી કાલે પણ આપણે તેમને સાંભળીશું. હવે અમે બીજુના હૉલમાં જઈશું. ત્યાં આવી જેણે પણ મહાત્માજીની અંગત મુલાકાત લઈને પ્રશ્નોત્તરી કરવી હોય તે કરી શકે છે.

અમે ઊભાં થયાં. બાજુના હૉલમાં જઈને બેઠાં. પ્રવચનમાં આવનાર શ્રોતાઓનો મોટો ભાગ અહીં પ્રણામ કરવા આવ્યો. કેટલાક અહીં બેઠા. એક–બે ભાઈઓએ યોગસાધના, પૂ.શ્રીનાં પુસ્તકો, ગાંધીજીની નવી ફિલ્મ વિગેરે અંગે પ્રશ્નો પુછ્યા.

અહીં ફળોની ત્રણ ડીશ અમારે માટે પ્રસાદમાં આવી. વળી, પૂ.શ્રી માટે દૂધ અને સ્વામીજી તથા બીજાઓ માટે ચા આવી. હૉલની બહાર આરતી ને પ્રસાદ આપવા બે બહેનો ઊભી હતી.

થોડીવાર બાદ અમે વિદાય લીધી, ત્યારે સ્વામીજીએ ફરીથી નીચા વળી દંડવત્ પ્રણામ કર્યા.

ઉતારા ઉપર આવ્યાં ત્યારે આઠ વાગ્યા હતા. આજે વહેલાં આરામ કરવાનો મળશે.

અંતે, શ્રી, રતિભાઈ, શ્રી પાર્વતીબહેન વગેરેની સાથે ધ્યાનમાં બેઠાં.

પછી રાત્રે આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૯૬

**તા. ૨૦-૨-૮૩, રવિવાર, ફાગણ સુદ સાતમ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે સવારના એકસરખા નિત્યક્રમ પછી ભાખરી ને શાકનું ભોજન લીધું. ભોજન પહેલાં પૂ.શ્રી શ્રી રતિભાઈને થોડી કસરતો બતાવે છે. વળી, શિબિરની તેમ જ માતાજીની વાતો કરે છે.

ભોજન બાદ શ્રી રતિભાઈ પૂ.શ્રી પાસે આવે છે. પૂ.શ્રી બાગમાં દરરોજની જેમ આંટા મારે છે. શ્રી રતિભાઈ થોડા ફોટાઓ લે છે.

બપોરે બે થી ત્રણ સુધી આરામ કરીને શ્રી રામકૃષ્ણ સેન્ટર, એસેવીલ જવા નીકળીએ છીએ. ત્યાં દર રવિવારે ચાર વાગ્યાથી સત્સંગનો જાહેર કાર્યક્રમ હોય છે. એમાં આજે પૂ.શ્રીનું અંગ્રેજીમાં પ્રવચન ગોઠવાયેલું છે.

રાહ જોતા શ્રોતાજનોને પૂ.શ્રીના આગમનની જાણ કરીને સ્વામી શ્રી શિવપાદાનંદ સૌને ઊભા થઈને સન્માન આપવાની સૂચના આપે છે. સૌ ઊભા થાય છે. સ્વામી શિવપાદાનંદજી સાષ્ટાંગ પ્રણામ કરે છે.

સ્વાગતના બે શબ્દો કહેવાય તે પહેલાં ત્રણચાર ભજનો શ્રોતાઓમાંથી સંગીત સાથે ગવાય છે.

'નામ-સ્મરણ' ઉપર આજનું પૂ.શ્રીનું પ્રવચન એક કલાક ચાલ્યું.

ત્યારપછી મારે એક ભજન ગાવું એવો આગ્રહ થયો, જેથી મેં એક ભજન ગવડાવ્યું. ત્યારબાદ બીજાં ત્રણેક ભજનો ગવાયાં. છેવટે આભારદર્શન બાદ અમે ત્યાંથી વિદાય લીધી.

ડિવાઈન લાઈફ સેન્ટરની રિઝર્વહીલની સંસ્થામાં આવી ગયાં. અહીં એક કલાક પૂ.શ્રીએ 'ગીતાનો કર્મયોગ' ઉપર અંગ્રેજીમાં પ્રવચન આપ્યું. મારે એક ભજન ગાવું જ એવો સ્વામી શ્રી સહજાનંદજીનો આગ્રહ થતાં મેં એક ભજન ગવડાવ્યું. પછી આભારદર્શન થયું.

ત્યારબાદ એક ધૂન ગવાયા પછી હનુમાન ચાલીસાનો સમૂહમાં પાઠ થયો.

પૂ.શ્રીનો વિચાર તા. ૨૭મીએ પણ એક પ્રવચનનો લાભ આ સંસ્થાને મળે એવો હતો. જોકે તે તારીખે બીજાં બે પ્રવચનો બીજે ગોઠવાયેલાં છે. છતાં જેટલો પણ વધુ લાભ જનતાને મળે તેટલું સારું; ભલે પોતાના શરીરને શ્રમ પડે. આવા વિચાર સાથે પૂ.શ્રી એ માટે તૈયાર થયા.

ઉતારા ઉપર આવ્યા પછી વડોદરાથી શ્રી જીતુભાઈનો ફોન આવ્યો. જેથી તેમની સાથે થોડી વાતો થઈ.

ફળાહાર લઈને, દૂધ પીને આરામ કર્યો. તે પહેલાં પૂ.શ્રીની હાર્ટઍટેકની માંદગીની વાતો થઈ.

* * હરિઃ ૐ * *

## દિન ૯૭

**તા. ૨૧-૨-૮૩, સોમવાર, ફાગણ સુદ આઠમ ૨૦૩૯**
**ડરબન શહેર**

નિયમિત જ ઊઠવાની ટેવ, એટલે પૂ.શ્રી સમયસર જાગી જ જાય. સ્નાન ને વ્યાયામ કરીને મંત્રજપ કરે. સાત વાગ્યે કલમ ચાલુ થઈ જાય. સાડા નવ સુધી કલમ ચાલુ જ રહે. વચ્ચે બે મિનિટ માટે લેખનની બેઠક ઉપર જ દૂધ પીવાનું બને. આજે પણ એ જ ક્રમ રહ્યો.

આજેય લેખન બાદ પૂ.શ્રી જપ કરતાં કરતાં આરામ કરે છે.

ભોજનમાં શું બનાવવું એમ મેં ઈશારાથી પૂછ્યું તો ભાખરી ને શાક બનાવો એમ પૂ.શ્રીએ કહ્યું. આજકાલ પૂ.શ્રીને ભાખરી ભાવી ગઈ છે. આજે પણ ભાખરી ને શાકનું ભોજન બનશે.

અગિયાર વાગ્યે નિત્યક્રમમાંથી નિવૃત્ત થઈ રસોડામાં જવાનું બને છે. આજે મારે મૌન છે. એટલે જરૂર જેટલું લખીને કામ ચાલે છે.

ભોજન પછી બાગમાં દશબાર આંટા મારવાનું બને છે, જ્યાં થોડી વાતો થાય છે.

રિઝર્વહીલમાં આજથી સાંજના 'રામાયણ' ઉપર અંગ્રેજી-હિન્દીમાં પ્રવચનોનો આરંભ થશે. ધ્યાનની સમૂહ બેઠક શરૂ થઈ. પછી, પ્રવચન માટે સાડા સાત વાગ્યે અહીંથી પાંચ જ મિનિટના માર્ગે હૉલમાં જવાનું બન્યું.

શરૂઆતમાં ફૂલહારથી સ્વાગત થયું. પ્રવચન સરસ થયું. પ્રવચન બાદ મેં કેવટપ્રસંગ ગાઈ સંભળાવ્યો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવ્યાં. ફળ-દૂધ લઈ આરામ કર્યો.

* * હરિઃ ॐ * *

## દિન ૯૮

**તા. ૨૨-૨-૮૩, મંગળવાર, ફાગણ સુદ નોમ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે વાતાવરણમાં ઠંડક છે. બહાર ઠંડો પવન ચાલી રહ્યો છે.

પૂ.શ્રી ભોજન બાદ બહાર બાગમાં દશબાર આંટા લગાવે છે. તે દરમિયાન દરરોજની જેમ આજે પણ ઓરડાની સફાઈ થઈ જાય છે.

પૂ.શ્રી ભોજન સમયે દૂધ લે છે. એક ગ્લાસ દૂધ બપોરે લે છે.

આજે સાંજે યોગશાળા, રિઝર્વહીલમાં છ વાગ્યે જવાનું ગોઠવાયું છે, જ્યાં અંગ્રેજીમાં પ્રવચન-કાર્યક્રમ થશે. શ્રી રતિભાઈના ઘરેથી દશ જ મિનિટના માર્ગે ત્યાં પહોંચ્યાં. ત્યારે વરસાદ ચાલુ હતો.

જ્યાં પ્રવચન હતું ત્યાં જતાં જ આયોજક શ્રી જગરૂપે નીચા નમીને અમને નમસ્કાર કર્યા. ધૂન-ભજન તો ચાલુ જ હતાં.

થોડીવાર પછી શ્રી જગરૂપે ખૂબ આનંદ વ્યક્ત કરતાં સ્વાગતના શબ્દો કહ્યાં. શ્રી રતિભાઈએ પૂ.શ્રીનો પરિચય આપ્યો અને 'હઠયોગ' ઉપર પ્રવચન આપવા પૂ.શ્રીને વિનંતિ કરી. પૂ.શ્રીને વિષયની જાણ પણ કરાઈ ન હતી. પણ પૂ.શ્રીની પ્રતિભા કોઈ પણ વિષયમાં પ્રગટી ઊઠે છે તે પ્રવચન ગોઠવનારા જાણી ચૂક્યા છે, જેથી પૂ.શ્રીને ત્યાં જ વિષય આપે છે.

અંગ્રેજીમાં પૂ.શ્રીએ હઠયોગ ને રાજયોગ વચ્ચેના તફાવતની સુંદર છણાવટ કરી. ત્યારબાદ પ્રશ્નોત્તરી થઈ. અંગ્રેજ ભાઈ-બહેનો પણ હતાં. તે પૈકીનાએ એક-બે એ પ્રશ્નો પૂછ્યા:

**પ્રશ્ન :**'સૂરત શબ્દયોગ' એટલે શું?

યોગની ક્રિયાથી વિપરીત અસર થાય?

સમય ઘણો જ ઓછો હતો, જેથી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ટૂંકાવીને અમે ત્યાંથી વિદાય લીધી.

સખત વરસાદ હતો. ઉતારા ઉપર આવી, એકાદ મિનિટમાં તો હૉલમાં જવા નીકળ્યાં, ત્યારે સાડા સાત વાગી ગયા હતા. હિન્દુ સેવા સમાજના હૉલમાં પહોંચ્યા, ત્યારે ભજન-ધૂન ચાલુ હતાં.

પૂ.શ્રીએ આજનું પ્રવચન અંગ્રેજી ને હિન્દી- બન્ને ભાષામાં આપ્યું.

આજનું પ્રવચન ખૂબ જ સરસ હતું, એવા સહજ ઉદ્ગારો ત્યાંના સંચાલકના મુખેથી સરી પડ્યાં.

પ્રવચન બાદ આરતી થાય છે. ત્યારબાદ જેને ખાસ રસ હતો તેઓ મંચ ઉપર પ્રણામ કરવા આવે છે. બાકીના પ્રસાદ લઈ વિદાય થાય છે.

હૉલમાંથી નીકળી ગાડીમાં બેસતાં પહેલાં પૂ.શ્રીએ શાંતિભાઈને કહ્યું: અમને સત્સંગની દૃષ્ટિએ આ દેશ ગમ્યો. જુદી જુદી સંસ્થાઓમાં જે પ્રવચનો થયાં તેનો ઘણાં બધાંએ લાભ લીધો છે.

ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૯૯

**તા. ૨૩-૨-૮૩, બુધવાર, ફાગણ સુદ અગિયારસ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે અગિયારસ. પૂ.શ્રી આજે પૂ.માતાજીનું સ્મરણ વિશેષ રીતે કરે છે. પૂ.શ્રી વરસો સુધી અગિયારસ દૂધ પીને જ કરતા, ને માતાજી મસૂરીમાં એક ટંક ભાખરી ને દહીં લેતાં, તે વિષે વાતો થાય છે.

આજે કેરી, કેળાં, દાડમ ને દૂધ ફળાહારમાં લીધાં. સવારે ૮ વાગ્યે નિયમ મુજબ ઠંડું દૂધ લીધું. લેખન નિયમિત થયું.

ફળાહાર બાદ મુલાકાતના સમયે એક બહેન ને એક યુવાન મળવા આવે છે.

બહેન પોતાના ગુરુદેવ ઉપર અનન્ય શ્રદ્ધા ધરાવે છે, પણ તેમના પતિનો એમાં સહકાર નથી. તે સ્થિતિમાં પૂ.શ્રી એ અંગે કંઈક માર્ગદર્શન આપે એ હેતુથી તેઓ મળવા આવ્યાં છે.

પૂ.શ્રીએ કહ્યું: તમે તમારી શ્રદ્ધાભક્તિ પ્રમાણે વળગી રહો. મંત્રજપ કરો ને સાધના કરો. તમારા પતિને જેમાં શ્રદ્ધા છે તેની ભલે તેઓ તેમની રીતે સાધના કરે. બધા કોઈ પણ રીતે પ્રભુ-માર્ગે આગળ વધે તે જ મહત્વનું છે. કેનેડામાં એક ગૃહસ્થીમાં પતિ જૈન ધર્મી ને પત્ની શીખ ધર્મી છે. છતાં ખૂબ પ્રેમભાવ ને શાંતિથી રહે છે. તેમ આપ પણ પ્રેમથી ને શાંતિથી રહો.

યુવાન ભાઈ નોકરી કરે છે. તેણે પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનો સાંભળ્યાં છે. તેમને સાધના અંગે એક-બે પ્રશ્નો હતા. પૂ.શ્રીએ તેમને દરરોજ કઈ રીતે, કેટલો સમય, ક્યાં ગાળવો તે સમજાવ્યું. હમણાં જ પાંચ મિનિટ શ્વાસ સાથે જપને જોડી ધ્યાનમાં બેસો એમ કહ્યું એટલે તે ભાઈ બેઠાં. તેમને ઘણી શાંતિ મળી. તેમણે પૂ.શ્રીનાં બધાં અંગ્રેજી પ્રવચનોની કેસેટો સાંભળવી છે. પૂ.શ્રી તેમને એ અંગે શ્રી રતિભાઈને મળવાનું કહે છે.

આજે મુલાકાત બાગમાં થાય છે. પૂ.શ્રી દરરોજની જેમ બહાર આંટા મારવાનું ઈચ્છે છે, પણ આજે તો બાગમાં ખુરશી ઉપર બેઠાં. અમે સૌ પણ ત્યાં નીચે બેઠાં.

મુલાકાત બાદ પૂ.શ્રી અંદર ઓરડામાં આવ્યાં. અહીંની કામ કરનાર બહેન નોરાને પૂ.શ્રીએ પ્રસાદમાં કાજુ, ચોકલેટ ને પીસ્તા આપ્યાં.

પછી તેઓશ્રી શ્રી રતિભાઈની લાયબ્રેરીમાંનાં 'ગીતાંજલિ' ને 'ભગિની નિવેદિતા' પુસ્તકો ઓરડામાં આવીને જુએ છે

'ગીતાંજલિ' વાંચતાં પૂ.શ્રીએ કહ્યું : આ પુસ્તક મેં વાંચેલું છે. આજે પણ મને લાગે છે કે આના કરતાં મારો જે કાવ્યસંગ્રહ છે - 'અનંતસૂર' - એ ઘણો જ ઉત્તમ છે. ભાગ્યોદયની વાત છે! 'ગીતાંજલિ' બંગાળીમાં તો ક્યારનું બહાર પડી ગયેલું. પણ તેનું અંગ્રેજી ભાષાંતર થતાં તે નોબલ પ્રાઈઝ લઈ ગયું.

એક મેગેઝિન જોઈને પૂ.શ્રી કહેવા લાગ્યા:

જેનામાં કશું નથી એવી વ્યક્તિ પણ કેટલો પ્રચાર પામે છે! ઘણા સંતો સાધના કરીને ઊંચી ભૂમિકાવાળા બન્યા હોય છે, છતાં તેમને જોઈએ એટલો આવકાર સમાજક્ષેત્રે પણ નથી મળતો. જેવી જગદંબાની ઈચ્છા.

વળી, મા આનંદમયીનું પુસ્તક જોઈને કહે: તમે આ પુસ્તક જરૂર વાંચી જજો.

આજે આરામ કરતાં પહેલાં પૂ.શ્રી કહે: આપણું તા. ૨૦મીએ બુકિંગ થઈ ગયું છે. જીતુભાઈને ફોનથી જણાવીશું અને અમદાવાદ તથા મુંબઈ પત્ર લખીશું.

પછી પૂ.શ્રી થોડો આરામ કરે છે. સાંજે થોડું વાંચન કરે છે.

સાડા છ વાગ્યે સમૂહધ્યાનનો કાર્યક્રમ થયો.

સાંજે ધ્યાનના કાર્યક્રમ પછી દરરોજની જેમ આજે પણ હિન્દુ સેવા સમાજના હૉલમાં 'રામાયણ' ઉપર ત્રીજું પ્રવચન થયું.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦૦

**તા. ૨૪-૨-૮૩, ગુરૂવાર, ફાગણ સુદ બારસ ૨૦૩૯**
**ડરબન શહેર**

દરરોજની જેમ જ ક્રમ રહ્યો. આજે સવારે થોડું ધ્યાનમાં પણ બેઠાં.

એક સારી હેન્ડ-બેગ લેવા માટે આજે હું નવ વાગ્યે શ્રી રતિભાઈ સાથે બજારમાં ગઈ.

બજારમાંથી પાછા આવતાં બાર વાગી ગયા.

આજે પૂ.શ્રીએ ખીચડી ને શાક બનાવ્યાં. શ્રી શાંતિભાઈ સાથે થોડી વાતો કર્યા બાદ ભોજન લીધું.

ભોજન બાદ, ત્રણ-ચાર મુલાકાતીઓ મળવા આવ્યા છે તેમની સાથે પૂ.શ્રી બહાર બાગમાં જ બેસીને વાતો કરે છે. યોગશાળાના પ્રવચનનાં આયોજક બહેન ફરી પણ એક પ્રવચન આપો તેવું પૂ.શ્રીને કહે છે. શ્રી શાંતિભાઈ ને શ્રી રતિભાઈ એ અંગે આયોજન કરે છે.

ઉતારા અંગે થોડી વાતો થાય છે. પૂ.શ્રી આરામ કરે છે. ત્યારે ઘડિયાળમાં ત્રણ વાગી ગયા હોય છે.

થોડોક આરામ લીધા બાદ પૂ.શ્રી ઊઠી જાય છે.

સાંજે ધ્યાનની બેઠક બાદ રામાયણ ઉપર આજનું છેલ્લું પ્રવચન અંગ્રેજી ને હિન્દીમાં થાય છે.

આભારદર્શનમાં શ્રી કૃષ્ણદાસ મહારાજે કહ્યું: શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનોથી આપણે ઘણું જાણવાનું મળ્યું. ઘણી પ્રેરણા મળી, શાંતિ ને આનંદ મળ્યાં. જાણે ગંગામાં સ્નાન કર્યું હોય એવો અનુભવ પામ્યાં. મારા જીવનમાં મેં સાંભળેલાં પ્રવચનોમાં યોગેશ્વરજીનાં આ પ્રવચનો શ્રેષ્ઠ છે.

શ્રી કૃષ્ણદાસજીએ ઉદ્ગારેલા એમના શબ્દો આ રહ્યા:

*

It is my pleasant duty this evening to thank Mahatmaji and Mataji.

Mahatmaji gave us a discourse for the past 4 days in Hindi and English on the essence of the Ramayana. It was very impressive, very inspiring and had a lot of knowledge.

We had the opportunity of hearing him very patiently. It was like having a bathe from the flowing waters of the Gannga from a Mahatmaji coming from the Himalayas. It was elevating, most inspiring and gave us ineffable joy and solace. I can safely say it was the best I have heard.

**- Krishnadas Maharaj**

*

આભારદર્શન બાદ સૌ છૂટાં પડે છે. ઉતારા ઉપર સમયસર આવી જવાનું બને છે.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦૧

**તા. ૨૫-૨-૮૩, શુક્રવાર, ફાગણ સુદ તેરસ ૨૦૩૯**
**ડરબન શહેર**

પૂ.શ્રીનો દરરોજ એકસરખો ક્રમ થાક, આળસ કે કંટાળા વિના ચાલુ જ રહે, એ કેવી અદ્ભુત વાત કહેવાય !

સવારે આઠ વાગ્યે દૂધ પીવાનું બને છે. આઠ વાગ્યે અમારા રૂમનું બારણું ખૂલે છે. હું ત્યાંથી રસોડામાં જાઉં છું. ત્યાં એક થાળામાં દૂધની બૉટલ, બે પ્યાલા, બે ચમચી અને ફૂલો મૂક્યાં હોય છે. હું તે લઈ આવું છું.

ફરી ઓરડો બંધ થાય છે. પૂ.શ્રીનાં ચરણે તે ફૂલો અર્પણ કરી ઓરડામાં શ્રી રામકૃષ્ણદેવ ને શ્રી શારદામાની તસવીર પાસે મૂકી દઉં છું. પછી, પૂ.શ્રી બે પ્યાલા ને હું એક પ્યાલો દૂધ ખાંડ નાખીને લઈએ છીએ. ખાસ વાતો થતી નથી. દૂધનાં વાસણો મૂકવા જાઉં છું ત્યારે શ્રી રતિભાઈ ઓરડામાં આવીને પૂ.શ્રીને પ્રણામ કરી જાય છે. તેમની સાથે પૂ.શ્રી કોઈ વાત કરતા નથી. ફરી ઓરડાનાં બારણાં બંધ થાય છે.

પૂ.શ્રી લેખનકાર્ય સાત વાગ્યે, કોઈવાર સાડા છ વાગ્યે પણ, ચાલુ કરે છે. સાડા નવ કે દશ વાગ્યે લેખનકાર્ય પૂર્ણ કરે છે. ખૂબ જ નિયમિત રીતે લેખન ચાલ્યા કરે છે.

કોઈક વાર લેખન ચાલુ હોય ને મારે કાંઈ પૂછવું હોય તો પૂ.શ્રી તરત જ શ્રી માતાજીનું સ્મરણ કરતાં કહેઃ માતાજી તો મારું લેખન ચાલુ હોય ત્યારે શાંતિથી બેસી રહેતાં.

શ્રી માતાજીનું સ્મરણ પૂ.શ્રી વારંવાર, લગભગ દરરોજ જ કરે છે. દરરોજ લેખન શરૂ કરે ને પૂરું કરે ત્યારે માતાજીની તસવીરનાં દર્શન કરે જ અને મનોમન પ્રાર્થે કે, આપના આદર્શ મુજબ મારું જીવન વધુ ને વધુ પવિત્ર બનો.

એક વાર મેં પૂછ્યું હતું કે, આપ માતાજીની તસવીર હાથમાં લઈને દરરોજ શું વિચારો છો, તો એના ઉત્તરમાં પૂ.શ્રીએ ઉપર મુજબ જણાવ્યું હતું.

લેખન બાદ પૂ.શ્રી માળા લઈ જપ કરતાં કરતાં આરામ કરે છે.

ફરી અગિયાર વાગ્યે બારણું ખોલું છું. ભોજનમાં ભાખરી, શાક ને ભાત બનાવું છું. પૂ.શ્રી પછીથી રસોડામાં આવે છે, ત્યારે એક-બે ભાખરી પોતે પણ વણવા લાગે છે. યજમાન-પત્ની પ્રણામ કરે છે, ત્યારે દરરોજની જેમ પૂ.શ્રી પૂછે છેઃ જપ કર્યા? યજમાન-પુત્રી 'ૐ ત્ર્યંબક યજામહે' મંત્રનો અર્થ પૂ.શ્રી પાસેથી જાણે છે. વળી, 'પ્રસાદ' કાવ્યસંગ્રહમાંથી તેને પૂ.શ્રી એક રાગ શીખવાડે છે.

ભોજન દરરોજની જેમ ઉતારાના ઓરડામાં જ નીચે બેસીને લઈએ છીએ.

બપોરે થોડો આરામ કરી સાંજે ફરી લેખન થાય છે.

આજથી ભારત હૉલમાં રામાયણ ઉપર ચાર દિવસ માટે પ્રવચનો શરૂ થયાં.

'રામજન્મનું કારણ' અને 'ભગવાન પ્રકટે ખરા?' એ વાત ઉપર આજના પ્રવચનમાં વિસ્તૃત ચર્ચા થઈ.

પ્રવચન બાદ રાત્રે સાડા દશે ઉતારા ઉપર આવી ગયાં.

આજે વડોદરા ફોન જોડ્યો. દશ જ મિનિટમાં વાતો થઈ શકી.

અહીંની ભૌતિક સમૃદ્ધિ ને સગવડો અદ્‌ભુત છે. દશ જ મિનિટમાં ભારતની વ્યક્તિ સાથે વાત થઈ શકે છે.

દૂધ-કેરી લઈને આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦૨

**તા. ૨૬-૨-૮૩, શનિવાર, ફાગણ સુદ ચૌદશ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે બપોરે ભોજન બાદ દરિયાઈ સફર માટે જવાનું હતું.

ડરબનમાં નાનકડી સ્ટીમરમાં દરિયામાં ફરવાની સગવડ છે. એક કલાકના વ્યક્તિ દીઠ બે રેન્ડ લે છે. બપોરે ત્રણ વાગ્યે તે સ્ટીમર ઊપડે અને ગોદીની બહાર દરિયામાં એક કલાક ફરવા લઈ જાય.

આજે દરિયાઈ તોફાન હોવાથી ગોદીમાં જ એ સ્ટીમર ફરી, તોપણ ડરબનનો દરિયાકિનારો, દીવાદાંડી, જળમાર્ગનું પ્રવેશ દ્વાર વગેરે જોવા મળ્યું.

સ્ટીમરના ઉપરના ભાગમાં મુસાફરો ઊભાં હતાં, જ્યારે નીચેનો બંધ ભાગ ખાલી જ હતો. એમાં બેસવાની સીટ હતી. અમે ત્યાં જ બેઠાં.

દશ વર્ષથી અહીં ભારતથી પેસેન્જર સ્ટીમર બંધ થઈ છે. લોકો હવે પ્લેનમાં જ આવ-જા કરે છે. એકવીસ દિવસે ભારતથી અહીં જળમાર્ગે લોકો આવતા, ત્યારનાં થોડાં સ્મરણો સાંભળ્યાં.

પવન હતો. સૂર્યનારાયણ હતા. ઘણી નાની મોટી સ્ટીમરો હતી. આનંદ આવ્યો.

ત્યાંથી બોટોનિકલ ગાર્ડનમાં ગયાં ત્યાં દરેક દેશનાં નાનાં મોટાં વૃક્ષો છે. અહીં ભારતની ગોરસ આમલી ને ચીકુનાં ઝાડ પણ છે. ઘણો મોટો બગીચો છે. ત્યાં થોડું બેઠાં.

આ દેશમાં આવનારા સંતો અને તેમની ખાસિયતો વિષે થોડું જાણવા મળ્યું.

ઉતારા ઉપર આવ્યાં ત્યારે પાંચ વાગી ગયા હતાં.

આજે ભારત હૉલમાં બીજું પ્રવચન હતું, જેથી પ્રવચનમાં જતાં પહેલાં ફળ લીધાં. પ્રવચન બાદ પરત આવીને દૂધ લીધું. પછી આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦૩

**તા. ૨૭-૨-૮૩, રવિવાર, ફાગણ સુદ પૂનમ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે સવારે સાડા દશે રામકૃષ્ણ સેન્ટર, અવોકામાં કાર્યક્રમ હતો.

નિયમિત વ્યાયામ, મંત્રજપ, લેખન, થોડા આરામ. દશ વાગ્યે ત્યાં જવા નીકળ્યાં.

અવોકાના એ રામકૃષ્ણ સેન્ટરમાં આજે રામકૃષ્ણદેવની ૧૪૭મી જન્મજયંતીનો ઉત્સવ હતો. વરસોથી એ ઉત્સવ ત્યાં ઉજવાય છે, જેમાં દરેક ધર્મના પ્રતિનિધિઓનાં પ્રવચનો ગોઠવાય છે. આ વરસે એ કાર્યક્રમ રદ થયો છે. પૂ.શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનોથી પ્રભાવિત થઈને આ વરસે આજના ઉત્સવમાં એક પૂ.શ્રીનું જ પ્રવચન રાખ્યું છે. 'ધર્મની એકતા' ઉપર પૂ.શ્રી આજે બોલશે.

રામકૃષ્ણ સેન્ટરના હૉલમાં આજે જનતાનો સમાવેશ નહીં થઈ શકે એવા ખ્યાલથી બહાર ખુલ્લામાં મોટો તંબુ બાંધ્યો છે. તેમાં બારસો જેટલી ખુરશીઓ છે. સામે મંચ ઉપર શ્રીરામકૃષ્ણદેવની બેઠેલી સફેદ પ્રતિમા મધ્યમાં લાલ બેઠક ઉપર શોભી રહી છે.

અમે જ્યારે સેન્ટરમાં પ્રવેશ્યાં ત્યારે ધ્વજવંદનની તૈયારી ચાલી રહી હતી. ભગવા રંગના ધ્વજ ઉપર દરેક ધર્મના ચિહ્નો હતાં.

એક તરફ મધ્યમાં ૐ ને બીજી બીજુ મધ્યમાં શ્રી રામકૃષ્ણદેવનું ચિત્ર હતાં.

સૌ શ્રોતાજનો બહાર આવ્યાં. શ્રી શિવપાદાનંદ, શ્રી શારદાનંદ, શ્રી પ્રેમાનંદ, સૌ પૂ.શ્રીને ખૂબ આદરભાવે પ્રણામ કરે છે. ખ્રિસ્તી પાદરી સન્નારીના શુભ હસ્તે તે ધ્વજને ઉપર ચઢાવાય છે. તે પહેલાં સ્વામી શિવપાદાનંદજી શ્લોકો બોલે છે. એક પાદરી બાઈબલમાંથી થોડાં વાક્યો વાંચે છે.

સૌ ફરીથી અંદર જઈને બેસે છે. સ્વામી શારદાનંદ અમને મંચ તરફ દોરી જાય છે. મંચની સામે પહેલી હરોળમાં લાલ રંગના સોફા મૂક્યા છે. ત્યાં સ્વામી શિવપાદાનંદજી, સ્વામી નિઃશ્રેયસાનંદજી, પૂ.શ્રીએ અને મેં બેઠક લીધી. બીજા વિભાગની પ્રથમ હરોળમાં પાદરી સન્નારીઓ, સ્વામી શારદાનંદ, સ્વામી પ્રેમાનંદ વગેરે બેઠાં હતાં.

સ્વામી પ્રેમાનંદે મંચ ઉપર ભજનકીર્તન શરૂ કર્યું. અંતે સ્વામી શ્રી નિઃશ્રેયસાનંદજીએ કાર્યક્રમની શરૂઆતમાં પ્રવચન આપ્યું. તેઓ ર્‍હોડેશિયાથી અચાનક આવ્યા છે. તેથી પ્રવચનોમાં તેઓશ્રીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પછી, પૂ.શ્રીનું પ્રવચન થશે એવી જાહેરાત થઈ. પૂ.શ્રી પોતાની બેઠક ઉપરથી ઊભા થઈ ચંપલ કાઢીને મંચ ઉપર ગયાં. મંચ ઉપર પ્રવચન માટેનું ટેબલ હતું. ત્યાં ઊભા રહી પૂ.શ્રીએ શ્લોકગાન સાથે પ્રવચન શરૂ કર્યું. પૂ.શ્રીની જુસ્સાભરી ધર્મમયી વાણીથી જનતાને સત્યપંથની જાણ થઈ.

ગંગાનું પાણી તો એક જ, પણ તેને લોકો જુદાં જુદાં વાસણોમાં ભરીને લઈ જાય. વાસણો જુદાં જુદાં, ધર્મો જુદા જુદા; પણ ગંગાના પાણીની જેમ પ્રભુ તો એક જ છે.

દરેક ધર્મના મહત્વના નિયમોની વાત કરીને પ્રાર્થના, સેવા, પવિત્રતા એવા સરખા સિદ્ધાંતોની વિસ્તૃત ચર્ચા કરી, પૂ.શ્રીએ ધર્માન્તર કરાવવાની પ્રવૃત્તિ અટકાવી જોઈએ એ મુદ્દા ઉપર ભાર મૂક્યો.

આજનું પૂ.શ્રીનું અંગ્રેજી વક્તવ્ય ખૂબ જ પ્રભાવશાળી ને જોશીલી જબાનવાળું હતું. પ્રવચનને અંતે તાલીઓના ગડગડાટ વચ્ચે પૂ.શ્રીએ પોતાની બેઠક લીધી.

અંતે સ્વામી શિવપાદાનંદજીનું પ્રવચન થયું. જેમાં તેમણે જાણીતા લેખકોના શ્રી રામકૃષ્ણદેવના જીવન વિષેના અભિપ્રાયો રજૂ કર્યા.

બપોરનો એક વાગી ગયો ત્યારે કાર્યક્રમની પ્રથમ બેઠક પૂર્ણ થઈ. બીજી બેઠકમાં તેલુગુ ભાષાનો કાર્યક્રમ અને ભારતીય નૃત્યનો કાર્યક્રમ થશે.

આજે સૌએ અહીં પ્રસાદ લેવો એવું આયોજન હતું. હજારની એ મેદનીમાં દરેકને મેદાનની એક બાજુથી કાગળની ડીસમાં ભોજન જેટલો પ્રસાદ મળતો હતો. સૌ તે ઊભાં ઊભાં કે બેઠાં બેઠાં લેતાં હતાં.

સ્વામી શિવપાદાનંદજીએ અમને પણ આજનો પ્રસાદ લેવા માટે આગ્રહ કર્યો. અમે અમારો નિયમ જણાવ્યો. અંતે થોડાં ફળ એક કોથળીમાં લીધાં.

ઉતારા ઉપર આવીને મકાઈનો ચેવડો બનાવ્યો. આમ, આજ બપોરનું ભોજન ત્રણ વાગ્યે લીધું.

થોડો આરામ કર્યો.

સાંજે છ વાગ્યે ડિવાઈન લાઈફ સેન્ટરમાં 'ગીતા' ઉપર અંગ્રેજીમાં પ્રવચન હતું. ત્યાં સમયસર પહોંચી ગયાં.

મંચ ઉપર આજે ત્રણ બેઠકો હતી. એક ઉપર સ્વામી નિઃશ્રેયસાનંદજી હતાં. સ્વામી સહજાનંદજી જેઓ નીચે બેઠા હતા તેમની પાસે જઈને પૂ.શ્રીએ તેમને મંચ ઉપર બેસવા વિનંતિ કરી. સ્વામી સહજાનંદજીએ તે વિનંતિ માન્ય રાખી.

થોડા ભજન-કીર્તન પછી પૂ.શ્રીનું અંગ્રેજીમાં પ્રવચન થયું.

ફરીથી તેલુગુમાં એક-બે ભજનો થયાં. સ્વામી નિઃશ્રેયસાનંદજીએ તે ભજનોનો અર્થ સમજાવ્યો.

અંતે અમે વિદાય લીધી. સંકીર્તન ચાલુ જ હતું. સ્વામી સહજાનંદજીએ અમારી સાથે હૉલની બહાર આવીને અમને વિદાય આપી. ડિવાઈન લાઈફ સેન્ટરની હવે પછીની શિબિરમાં ત્રણસો ભાઈબહેનો ભાગ લેશે એવી વાત અમને શ્રી સહજાનંદજીએ કરી.

અમે વિદાય લીધી અને આજના ત્રીજા પ્રવચન માટે ભારત હૉલમાં આઠ વાગ્યે પહોંચી ગયાં.

અહીં રામાયણનું ત્રીજું પ્રવચન થશે. આજે પૂ.શ્રીને શ્રમ ઓછો પડે એ દૃષ્ટિએ અને સંચાલકની ઈચ્છાને માન આપીને મારે પણ એક કલાક વાર્તાલાપ આપવાનો છે. મારા પ્રવચન પહેલાં પૂ.શ્રી રામાયણ ઉપર થોડું બોલે છે.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી જવાનું બને છે.

દૂધ લઈને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦૪

**તા. ૨૮-૨-૮૩, સોમવાર, ફાગણ વદ એકમ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે મૌનવાર હતો. ખીચડી-શાકનું ભોજન બનાવી લીધું. ભોજન બાદ દરરોજની જેમ બહાર આંટા માર્યા. વરસાદ હતો છતાં થોડી વાર બંધ રહ્યો, જેથી પૂ.શ્રીએ બહાર બાગમાં થોડી વાતો કરી ને તે પછી આંટા માર્યા.

બપોરે થોડો આરામ કર્યો. આવતી કાલે જોહાનિસબર્ગ જવાનું હોવાથી પૂ.શ્રીએ પોતાની નાનકડી બેગમાં કપડાં, પુસ્તકો વિગેરે ગોઠવી દીધું.

સાંજે થોડું લેખન કર્યું.

પૂ.શ્રીએ આજે ભારત હૉલમાં રામાયણ ઉપર છેલ્લું પ્રવચન આપ્યું. તેમાં તેમણે શબરીનો પ્રસંગ વણી લીધો.

પ્રવચન બાદ, એક દિવસની શિબિરના કાર્યક્રમના આયોજન માટે પૂ.શ્રી પાસે સંમતિ માગવામાં આવી.

પૂ.શ્રી એ હા પાડી. તેથી, એક જ દિવસની શિબિર ક્યાં કરવી તે વાતો થઈ.

સમયસર ઉતારા ઉપર આવી ગયાં. દૂધ લઈને આરામ કરતાં પહેલાં શ્રી રતિભાઈ સાથે વાતો કરી અને ડરબનથી જોહાનિસબર્ગની પ્લેનની ટિકિટના પૈસા ૩૪૪ રેન્ડ સમજાવીને આપી દીધાં. પૂ.શ્રીએ આવતી કાલથી થનારી મુસાફરી અંગત ગણીને પોતાના ખર્ચે જ જવાનું નક્કી કર્યું છે. શ્રી શાંતિભાઈએ એ રકમ અનિચ્છાએ સ્વીકારી. પૂ.શ્રીએ તેમને કહ્યું કે, તમારે સેવા માટે જે રકમ આપવી હોય તે ટ્રસ્ટને આપી શકો, પણ આ ખર્ચ તો અમે જ કરીએ તે જ બરાબર છે. સમાજના – તમારા બધાના જ એ પૈસા છે. અમારે કંઈ બીઝનેસ કે શૉપ થોડાં છે ? સમાજ જે આપે તેનો સદ્‌ઉપયોગ થાય તે જોવું જરૂરી છે. સમાજ અમને અમારી જરૂરિયાત જેટલું આપે જ છે.

શ્રી શાંતિભાઈ પ્રેમાળ ને સેવાભાવી છે. વિદેશની આ ધરતી ઉપર પૂ.શ્રીને લાવવામાં, પોતે પરિચયમાં ન હોવા છતાં, એમનો જ મહત્વનો ફાળો છે. પ્રભુ પોતાની મંગલમયી યોજનામાં કોને કેવી પ્રેરણા જગાડીને નિમિત્ત બનાવે છે તે તો આ જ જાણે ! શ્રી શાંતિભાઈ માને છે કે, પૂ.શ્રીના આગમનથી, એમના દરેક વિષય પરના અંગ્રેજી-હિન્દી પરના પ્રભુત્વથી વિશેષ તો ગુજરાતનું ગૌરવ વધ્યું છે. ગુજરાતથી આવતા સંતો ફક્ત ગુજરાતી જ જાણે એવી છાપ હતી તે હવે ખોટી ઠરી છે.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦૫

### તા. ૧-૩-૮૩, મંગળવાર, ફાગણ વદ બીજ ૨૦૩૯
### ડરબનથી જોહાનિસબર્ગ

આજે જોહાનિસબર્ગ જવાનું નક્કી છે. ત્યાંથી આવતી કાલે દક્ષિણ આફ્રિકાનો જાણીતો ક્રુગર નેશનલ પાર્ક જોવા માટે જવાનું છે. શ્રી મગનભાઈના આગ્રહને, કુદરતના સાંનિધ્યમાં થોડા દિવસ આનંદ માણવાની દૃષ્ટિએ અમે મંજૂર રાખ્યો.

ચાર-પાંચ દિવસની એ યાત્રામાં દશબાર ટુકડા સુખડી, થોડો ચેવડો ને થોડી ચણાની દાળ હોવાં જરૂરી લાગ્યાં, જે આજે અમે બનાવી લીધાં.

ખીચડી-શાકનું ભોજન લઈ, બે વાગ્યે ઍરપોર્ટ ઉપર જવા નીકળ્યાં ત્યારે ઘરનાં સૌએ ભાવથી પ્રણામ કર્યા.

આજે તો વળી, ભોજન બનાવતી વખતે પૂ.શ્રી દરરોજની જેમ જ્યારે રસોડામાં આવે છે ત્યારે ઘરની નાની છોકરી વીણા સાથે તેઓશ્રી વાતો કરે છે. વીણા આજકાલ પૂ.શ્રીનું 'અનંત સૂર' પુસ્તક વાંચે છે. 'પ્રભુના બે રૂપ' એ પ્રકરણ તેને ખૂબ ગમ્યું હતું. 'આપ મને એ પ્રકરણનું અંગ્રેજી કરી આપો તો હું એનો ચાર્ટ બનાવીને મારા ઓરડામાં મૂકવા માંગુ છું.' — એવી પૂ.શ્રી એ સામે થયેલી માગણી બાબતે પૂ.શ્રી વાતો કરે છે. અંતે પૂ.શ્રી એ પ્રકરણ ગુજરાતી પરથી અંગ્રેજી કરીને બોલે છે, જે વીણા લખી લે છે. તેને ખૂબ જ આનંદ થયો. ભગવાન શંકર તેના આરાધ્ય દેવ છે. તેથી તેણે શંકરની સ્તુતિ, ભજન વિગેરેની એક-બે કેસેટોની મારી પાસે માગણી પણ કરી.

ભોજન બાદ ઍરપોર્ટ ઉપર આવી ગયાં. શ્રી રતિભાઈની ગાડીમાં જ, જ્યાં પણ જવાનું હોય ત્યાં જવાનું બન્યું છે. આજે પણ તેમ જ થયું.

સાડા ત્રણ વાગ્યે પ્લેનમાં બેઠાં. પ્લેન આખુંયે ભરાયેલું હતું.

એક કલાકમાં તો જોહાનિસબર્ગના ઍરપોર્ટ ઉપર ઊતરી ગયાં.

શ્રી સત્યસાંઈબાબા સેન્ટરના સંચાલક શ્રી જેકશન ઉર્ફે જ્યોતિર્ધર પોતાની નવી ગાડી લઈને પૂ.શ્રીને આવકારવા આવ્યા હતાં. તેઓ પુષ્પહારથી અમારા બન્નેનું સ્વાગત કરે છે. શ્રી હસવતભાઈ, શ્રી જયવતીબેન, શ્રી જ્યોતિર્ધરનાં પત્ની તથા બીજાં એક બહેન પણ હાજર હતાં.

સામાન લઈ બહાર નીકળ્યાં. શ્રી જ્યોતિર્ધરને આજે ખૂબ આનંદ હતો. તેમનાં ધર્મપત્ની કહેતાં હતાં કે, આજે તો જ્યોતિર્ધરને જાણે પોતાના પિતાજી જ આવવાના હોય એટલો આનંદ છે. તેઓએ ગઈ રાતે પૂરી ઊંઘ પણ લીધી નથી.

પ્રવચનો વિષે વાત નીકળતાં શ્રી જ્યોતિર્ધરે જણાવ્યું: આપનાં પ્રવચનો સાંભળ્યા પછી બીજા કોઈ પણ સંતોના પ્રવચનો અધૂરા લાગે. તમારાં પ્રવચનો સાંભળ્યા પછી બીજાનાં પ્રવચનો સાંભળવાનાં રહેતાં

જ નથી. મહાત્માજી ! આપ અમારી નવી ગાડીમાં બેઠા તેનો તો મને ખૂબ જ આનંદ છે. આપનો એ બદલ પણ ખૂબ આભાર.

ઉતારો ઍરપોર્ટથી એક કલાકના માર્ગે હતો. તેથી માર્ગમાં વાતો થાય છે. શ્રી જ્યોતિર્ધર પોતે ભારત આવનાર છે ત્યારે મહાત્માજી ક્યાં ને ક્યારે મળશે તેની માહિતી માગે છે.

અમારા પ્રેમી અને ભાવનાશીલ યજમાન શ્રી મગનભાઈને ત્યાં લગભગ પોણા છ વાગ્યે આવી ગયાં. ફૂલો અર્પણ કરી, સૌના સાષ્ટાંગ પ્રણામ સાથે અમારું સ્વાગત થયું. થોડી વાતો બાદ પૂ.શ્રી પંદર-વીસ મિનિટ માટે ઓરડામાં જઈ સ્નાન કરી લે છે. એ પછી, ડૉકટર શ્રી શશીકાંતભાઈ સાથે વાતો થાય છે.

પૂ.શ્રી હાર્ટ-ઍટેક પછી પણ શીર્ષાસન કરે છે તે વાત નીકળતાં જ ડૉકટરે કહ્યું: નામ જ જેનું યોગેશ્વર છે તેને શો વાંધો આવે !

પૂ.શ્રી પુષ્કરરાજના ઉતારાની વાત કરે છે. ધર્મશાળાનો ઉતારો ન ગમ્યો અને આખરે એક શેઠના મકાનમાં કેવી રીતે ઉતારો થયો તેની વાત થાય છે.

આજે પચાસ જેટલાં ભાઈબહેનો આવ્યાં છે. બેઠકખંડ આખોયે ભરાઈ ગયો છે.

પૂ. ગાંધીજીનાં પુત્રવધુ શ્રી સુશીલાબેન ગાંધી પણ આવ્યાં છે.

પૂ.શ્રીએ સત્સંગની શરૂઆતમાં મારી પાસે એક ભજન ગવડાવ્યું. શ્રી સુશીલાબહેનને પૂ.શ્રીએ કહ્યું કે, આપને ન સંભળાતું હોય તો આગળ આવીને બેસો. જવાબમાં શ્રી સુશીલાબહેને કહ્યું: આંખ તો કામ નથી કરતી પણ પ્રભુએ વળી કાન સારા રાખ્યા છે. એટલી પ્રભુની કૃપા.

શ્રી સુશીલાબહેન ગાંધીના એ શબ્દો ઉપર જ આજના સત્સંગમાં વાત થઈ.

પૂ.શ્રીએ સત્સંગ શરૂ કરતાં કહ્યું: દરેક વસ્તુમાં, દરેક પ્રસંગમાં પ્રભુની કૃપા જોવાની ટેવ પાડવી. બાકી તો, જીવનમાં ફરિયાદોનો કોઈ પાર નથી.

ભગવાન બુદ્ધ પાસે એક શિષ્ય આવ્યો. તે ધર્મપ્રચાર કરવા માગતો હતો. બુદ્ધે તેને પૂછ્યું : તારે પ્રચાર કરવો છે ને? પણ જનતા નહીં સાંભળે તો તું શું કરીશ?

તે શિષ્યે જવાબ આપ્યો: જનતા નહીં સાંભળે તો કંઈ નહીં. તેઓ ધર્મને નામે ભેગાં તો થયાં હશે ને?

બુદ્ધે ફરી પ્રશ્ન પૂછયો: ધારો કે, તેઓ તારી વાત સાંભળે પણ તે પ્રમાણે તેઓ ચાલે જ નહીં તો?

શિષ્યે કહ્યું: ઉપદેશની શી પ્રતિક્રિયા થઈ તેની ચિંતા હું નહીં કરૂં. જીવનમાં કદાચ ન ઉતારે, પણ તેમણે ઉપદેશ સાંભળ્યો તો ખરો ને? એ પણ પ્રભુની એક કૃપા છે એમ માનીશ. કોઈક વાર તો તે જીવનમાં ઉતારશે ને?

બુદ્ધ: ઉપદેશ સાંભળવાને બદલે તેઓ તને ગાળો દેશે તો?

શિષ્ય: તો, તેમણે મને લાકડીથી માર્યો તો નથી ને! એમ માનીશ.

બુદ્ધ: તેઓ તને લાકડીથી મારશે તો?

શિષ્ય: તો એમ માનીશ કે મને મારી તો નથી નાખ્યો ને! જીવતો રાખ્યો છે ને! એ પણ પ્રભુની કૃપા જ છે ને?

અંતે સંતુષ્ટ બનેલા બુદ્ધે કહ્યું: તું ધર્મપ્રચાર જરૂરથી કરી શકીશ. તું યોગ્ય છે.

ફરિયાદો કરવાને બદલે દરેક પરિસ્થિતિમાં પ્રભુની કૃપા જ જોવી.

સત્સંગના સૌપ્રથમ મુદ્દા પર આટલું બોલી, હવે પૂ.શ્રી કહે છે કે, હવે કોઈને કંઈ પૂછવું હોય તો તે પૂછી શકે છે.

આજે આખોયે બેઠક ખંડ ભરાઈ ગયો છે. લગભગ પચાસ ભાઈબહેનો છે. અર્ધો ભાગ ફક્ત અંગ્રેજી જાણનાર વર્ગ છે. તેથી પૂ.શ્રી અંગ્રેજી અને ગુજરાતી બન્ને ભાષાઓમાં સત્સંગ કરી રહ્યા છે.

પ્રશ્નો પૂછવાની વાત આવી એટલે શ્રી જેકશન (જ્યોતિર્ધર) અંગ્રેજીમાં પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન** : મહાત્માજી! શું મૃત્યુ પછી તરત જ જન્મ થાય?

**પૂ.શ્રી** : અરે ભાઈ! જોહાનિસબર્ગમાં કોઈ વ્યક્તિનું મરણ થાય અને તે વ્યક્તિ ડરબનમાં જન્મી છે એવું જાણીએ તો આપણે કંઈ બેસી રહીએ? ના. વહેલી તકે ગાડી, પ્લેન પકડીને તેની પાસે પહોંચી જ જઈએ!

પરંતુ પ્રભુએ એ બાબતમાં પડદો રાખ્યો છે, જે સારું છે. હા. જે યોગી છે તે જાણી શકે છે, જાણીને શાંત પણ રહી શકે છે; જ્યારે સામાન્ય માનવો એ વાત જાણે તોપણ પચાવી ન શકે.

એક શિષ્ય ગુરુને પૂછે છેઃ પ્રભુ! મારું મરણ ક્યારે થશે તે મારે જાણવું છે.

ગુરૂએ કહ્યુંઃ જાણવામાં મઝા નથી, ભાઈ!

શિષ્યઃ ના, મારે જાણવું જ છે.

અંતે ગુરૂએ કહ્યુંઃ આજથી આઠમા દિવસે તારું મરણ છે.

એ સાંભળી શિષ્ય ભયભીત બની ગયો. ઘરે સારું ભોજન બનાવેલું, પણ ખાઈ ન શક્યો. મરણના ભયે તેને મરણતોલ બનાવી દીધો. બરાબર આઠમા દિવસે તે મૃત્યુ પામ્યો!

ત્રણ માર્ગો છેઃ (૧) કોઈ તરત જ જન્મે; (૨) કોઈ કર્મફળ ભોગવવા સૂક્ષ્મ યોનિમાં રહે; (૩) કોઈ કર્મફળ ભોગવીને બીજા શરીરમાં પ્રવેશે.

બહારથી ઘરમાં આવનારા માનવો પૈકીનું કોઈ તરત જ કપડાં બદલી કાઢે; કોઈ થોડી વાર પછી બદલે; કોઈ એ જ કપડાં સાથે ઊંઘી પણ જાય. ખરું ને!

પણ આપણે તો પ્રભુ પાસે માગવું કે, જે જે યોનિમાં જઈએ તે તે યોનિમાં ભક્તિ અખંડ રહે, તો, કર્મથી અલિપ્ત રહેવાય.

આમ, કહી પૂ.શ્રી ગાંધીજીના બ્રહ્મચર્ય-વ્રતની વાત ટાંકીને કહે છે કે, સામાન્ય સંસારી અને ગાંધીજીમાં આટલો તફાવત છે. એથી જ જગતે એમને મહાત્મા કહ્યા.

પૂ.શ્રી આ બધી વાતો અંગ્રેજીમાં કરે છે. વચ્ચે વચ્ચે તે જ વાતને ગુજરાતીમાં પણ સમજાવે છે. વળી, એક બહેન પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન** : સૂક્ષ્મ યોનિમાં પણ ચઢતી-ઊતરતી કક્ષા હોય છે?

**પૂ.શ્રી** : હા. એમાં પણ કક્ષા હોય છે. સૂક્ષ્મ યોનિમાં પણ પવિત્ર-અપવિત્ર હોય છે. સૂક્ષ્મ યોનિમાં ભૂત-પ્રેત અપવિત્ર તો સંતો પવિત્ર છે તેઓ સૂક્ષ્મ સ્વરૂપે રહીને માનવજાતને મદદરૂપ થાય છે.

**પ્રશ્ન** : 'બધા પ્રભુનાં સ્વરૂપ છે' એ ભાવે કઈ રીતે જોઈ શકાય?

**પૂ.શ્રી :** કબીર સાહેબે સુંદર વાત કરી છે: મત કર તું મોહ તું હરિ ભજન કો માન રે.

પૂ.શ્રી ભજન ગવડાવે છે, ને પછી સમજાવે છે. પછી એક-બે બહેનો પાસે ભજન ગવડાવે છે, જેમાં છેલ્લી લીટી નીચે મુજબ સાંભળવા મળી: દાસ કબીરને ભર ભર પિયા, ઔર પીવનકી આશ.

પૂ.શ્રીએ કબીરની એ પંક્તિની પ્રશંસા કરી.

ઘડિયાળમાં પોણા દશ વાગી રહ્યા હતા. અંતે શાંતિપાઠ બાદ સૌ પ્રણામ કરી છૂટાં પડ્યાં. આજનો સત્સંગ અંગ્રેજી ને ગુજરાતીમાં બે કલાક થયો.

પ્રિટોરીઆથી બે ભાઈ-બહેન પૂ.શ્રીના સત્સંગમાં ભાગ લેવા આવ્યાં છે. તેમની સાથે પૂ.શ્રી વાતો કરે છે.

અંતે પૂ.શ્રી ઓરડામાં આવી દૂધ પીને આરામ કરે છે.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦૬

**તા. ૨-૩-૮૩, બુધવાર, ફાગણ વદ ચોથ ૨૦૩૯**
**ડરબનથી જોહાનિસબર્ગ થી ક્રુગર નેશનલ પાર્ક**

સવારે ૭-૪૫ વાગ્યે જોહાનિસબર્ગ, લેનેશિયાના ઉતારા ઉપરથી પૂર્વ દિશા તરફ મુસાફરી શરૂ કરી.

શ્રી મગનભાઈ, શ્રી શશીકાન્તભાઈ અને અમે બે. શ્રી મગનભાઈએ વિવિધ પ્રકારનાં ભાથાં, સીધું-સામાન, સૂકા મેવાનો ભરપુર ભંડાર સાથે લીધાં હતાં. શ્રી મગનભાઈએ પૂ.શ્રીને કોઈ જાતની તકલીફ ન પડે તેની કાળજી રાખી હતી.

મુસાફરી શરૂ થઈ. અમે બન્ને ભારતની રીતે પાછળની સીટ ઉપર બેઠાં. ભજનોનો કાર્યક્રમ ટેઈપ ઉપર સાંભળતાં સાંભળતાં ૧૬૬ કિલોમીટર મુસાફરી પૂરી કરીને વીટબેન્ક નામના શહેરમાં આવી ગયાં. પેટ્રોલ ભરાવ્યું. ઘડિયાળમાં સાડા નવ થયા હતાં.

અહીં પેટ્રોલ પંપ ઉપર આફ્રિકન બહેનો જ કામ કરતી હતી.

અહીં પેટ્રોલ ભરાઈ જાય ત્યાં સુધી નીચે ઊતર્યા.

વીટબેન્કથી ક્રુગર નેશનલ પાર્ક જતાં માર્ગમાં દશેક કિલોમીટર બીજી દિશામાં સઢવાલા કેવ્સ આવે છે. સઢવાલા ગુફા આ દેશની પ્રખ્યાત કોંગો ગુફા કરતાં નાની છે. તે જોવા જવાનું વિચાર્યું.

૩૫૦ કિલોમીટર મુસાફરી કરીને બરાબર બાર વાગ્યે સઢવાલા કેવ્સ આવી ગયાં. ત્યાં આફ્રિકનો પથ્થરનાં વિવિધ ઘાટનાં વાસણો વેચતાં હતાં. ત્યાં તપાસ કરતાં ખબર પડી કે એક વાગ્યે ગાઈડ સાથે ગુફામાં જઈ શકાશે.

૩૫ જેટલાં પગથિયાં ચઢીને ઉપર જવાનું હતું. બીજે રસ્તે થોડું ઓછું ચઢાણ હતું તેથી ગાડી ત્યાં લઈ ગયાં.

ગુફા ચાર કિલોમીટર લાંબી વિશાળ હતી. અંદર વીજળીની વ્યવસ્થા હતી. ગુફામાં વરસોથી કુદરતી પાણીના ટપકવાથી પથ્થરોના જુદા જુદા આકારો આપોઆપ થયા હતા, તે જોવાનો આનંદ આવ્યો. વીજળી બંધ કરીને પણ દૂર દૂર અંદર લઈ જઈને બતાવ્યું તો ભયંકર અંધકાર છવાયેલો હતો. તે ઘણી મોટી, ઊંચી ને લાંબી ગુફા હતી. અંદર જવાની ટિકિટ ૨-૫૦ રેન્ડ હતી.

ગુફા જોવામાં દોઢ વાગી ગયો હતો. એટલે ત્યાં બહાર ઝાડ નીચે ખુલ્લામાં શેતરંજી નાખીને નાસ્તો કરી લીધો. શ્રી મગનભાઈએ તૈયાર કરાવેલી વિવિધ વાનગીઓ મરચાં વિનાની અને દૂધમાં બનાવેલી હતી. એ પૈકી લાડુનો સ્વાદ પૂ.શ્રીએ માણ્યો. થોડાં લીલાં ફળ લીધાં.

અઢી વાગ્યે ત્યાંથી ફરી મુસાફરી શરૂ થઈ. દશ કિલોમીટરનું અંતર કાપી અમે મુખ્ય માર્ગ ઉપર આવી ગયાં.

માર્ગમાં બનેનો બાજુ ફળોના બગીચાઓ જોવા મળ્યાં. કેળાંની વાડી, લીલીછમ હરિયાળી, વૃક્ષોથી છવાયેલા માર્ગો ! પહાડી ચઢ-ઊતર છતાં માર્ગો પાકા ને પહોળા હતા. રસ્તાને ખીણ તરફ લોખંડ પાઈપથી

બાંધ્યો હતો. જેથી રાત્રે ચળકતો હોય છે. ખેતરોની વાડ જાસવંતીનાં કે એવાં વિવિધ છોડ-પુષ્પોથી ઊંચી ઊંચી બનેલી હતી.

માર્ગમાં ઘણીવાર ગાયોનાં ટોળાં મળતાં હતાં. જેની સાથે બબ્બે ગોવાળો હોય. તેઓ કેસરી ઝંડા હાથમાં રાખી દૂર દૂરથી ફરકાવીને માર્ગ પસાર કરતા હતા.

વાઈટ રીવર થઈ, ચાર વાગ્યે સ્કુકુઝા નામના સ્થાનમાં આવી ગયાં.

લગભગ ૫00 કિલોમીટરની મુસાફરી કરીને સ્કુકુઝાના ગેટમાં દાખલ થયાં. ત્યાંથી આપણને અગાઉથી પ્રિટોરીઆ શહેરમાં કરાવેલા બુકિંગ મુજબ અહીંની પરમીટ મળે. તે પરમીટવાળી ગાડી ઉપર લીલા રંગનું, સિંહના ચિત્રવાળું સ્ટીકર લગાડી દે છે.

થોડી જ વારમાં સ્કુકુઝાના કેમ્પમાં આવી ગયાં.

૧૯૯ નંબર, ૨00 નંબરનાં કુટિયા આકારનાં બે સુંદર મકાનોમાં અમારું બુકિંગ હતું. પૂ.શ્રીએ દરવાજામાં પ્રવેશતાં જ ૧૯૯ નંબરની જે કુટિયા હતી તે પસંદ કરી.

કુટિયામાં સામાન ગોઠવીને થોડો આરામ કર્યો.

આઠ થી નવ દરમિયાન, ધ્યાન, પ્રાર્થના, યોગેશ્વરબાવની વિગેરે કાર્યક્રમ કરીને ફળ-દૂધ લીધાં.

આજે બપોરે અલ્પાહારમાં લાડુ લેતાં લેતાં પૂ.શ્રી ગાવા લાગેલા.

સાકર શોરડીનો સ્વાદ તજીને<br>
કડવો તે લીમડો ઘોળ મા રે !<br>
લાડુ વિના બીજું તોડ મા રે!<br>
રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા.

જુઓ. હું મુંબઈમાં ભણતો ત્યારે પહેલો નંબર જ લાવતો. તેમ ભોજન પણ એક નંબરનું જ અમે તો પસંદ કરીએ!

આજનો બધો જ અલ્પાહાર પૂ.શ્રીએ જ સૌને પીરસ્યો હતો.

સઢવાલા ગુફામાંથી બહાર નીકળતાં એક હીન્દી ભજનનું સ્કુરણ પૂ.શ્રીના અંતરમાં થયું. જેની પ્રથમ લીટી નીચે મુજબ લીટી નીચે મુજબ હતી:

કરો પૂરણ કામના મેરી;<br>
હે રામકૃષ્ણ ! મૈ આયા શરણમેં તેરી.

સ્કુકુઝાના કેમ્પમાં સંપૂર્ણ સગવડ, પલંગ, ગાદલાં, સંડાસ, બાથરૂમ, રસોડું, ફ્રીજ, એરકન્ડિશન સુદ્ધાંની પણ સગવડ હતી.

જંગલમાં મંગલ એ વાત જાણે અહીં સત્ય લાગતી હતી.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦૭

**તા. ૩-૩-૮૩, બુધવાર, ફાગણ વદ ચોથ ૨૦૩૯**
**ડરબનથી જોહાનિસબર્ગ થી ક્રુગર નેશનલ પાર્ક- સ્કુકુઝા કેમ્પ**

ક્રુગર નેશનલ પાર્ક લગભગ પાંચસો કિલોમીટર લાંબો છે. આખુંયે જંગલ છે. કુદરતને ખોળે સિંહ, દીપડા, હાથી, હીપોપોટેમસ, મગર જેવાં અનેક પશુપ્રાણીઓ વસે છે.

જંગલમાં પાકા રસ્તા બનાવ્યા છે. ગાડીની ઝડપ ૬૦ કિલોમીટરથી વધારે ન રખાય. જંગલમાં જ ઊંચી વાડ કરીને વિશાળ કમ્પાઉન્ડ બનાવેલું હોય. આવનારાંને ઊતરવા માટેની નાની મોટી કુટિયા હોય, દુકાન, પેટ્રોલ પંપ હોય. તે કમ્પાઉન્ડનો મુખ્ય દરવાજો સવારે પાંચ ને ત્રીસે ઊઘડે ત્યારે જ બહાર જંગલમાં જોવા જઈ શકાય. સાંજે છ વાગ્યે ફરીથી અંદર આવી જવાનું ફરજિયાત હોય છે. છ વાગ્યા પછી મોડા આવનારે દંડ ભરવાનો રહે છે.

ક્રુગર નેશનલ પાર્કનો આ પ્રથમ કેમ્પ છે. આ વિભાગમાં મોટે ભાગે સિંહ જોવા મળે એવું જાણવા મળ્યું.

સવારે સાત પછી અમે જંગલમાં ગાડીમાં જ જઈએ છીએ. માર્ગમાં કેમ્પ ક્યાં ને કેટલા માઈલ ઉપર છે તેની નિશાનીવાળા મોટા પથ્થરો જોવા મળે છે.

શરૂઆતમાં જ, એક રોડ ઉપર અમે નીકળ્યા ત્યાં જ, એક-બે ગાડી ઊભી હતી. અમે નજીક પહોંચ્યાં તો રોડની ડાબી બાજુએ થોડે અંતરે ત્રણ-ચાર સિંહ બેઠેલા જોવા મળ્યા. પૂ.શ્રીને દૂરબીનમાં જોવામાં સહેજ વાર લાગી. થોડી મથામણને અંતે પૂ.શ્રી દૂરબીનથી જોવામાં સફળ થયા. દૂરબીનથી તેમને તદ્દન નજીકમાં જ જોઈ શકાયા.

પૂ.શ્રીને દૂરબીનથી જોવા વિનંતિ કરવામાં આવી ત્યારે પૂ.શ્રીને એ વાત ન ગમી. તેઓ કહેવા લાગ્યા: અમે તો જગદંબાની આંખ જોઈ છે. એનાં દર્શન કર્યા છે. તમને જેટલો જોવાનો શોખ છે એટલો મને નથી.

દૂરબીનમાંથી જોતાં જોતાં પૂ.શ્રી સિંહને ઉદ્દેશીને કહેવા લાગ્યા: આ યોનિમાંથી છૂટી જાઓ, પાણી પીઓ ને કંદમૂળ ખાઓ. અહિંસક બનો.

એક સિંહ પૂ.શ્રી તરફ જોવા લાગ્યો. એટલે પૂ.શ્રી કહે: જોયા, હા, જોયા તમને હોં!

ઘણાં ચાર-પાંચ દિવસ આ પાર્કમાં રહે છતાં ઘણીવાર એક પણ સિંહ જોવા ન મળે. એ વાત સાંભળી પૂ.શ્રી કહે: આજે તો સવારમાં જ આપણે સિંહોને જોયા. સિંહો પણ જાણે જ ને કે ઠેઠ હિમાલયથી અમે આવ્યા છીએ. એટલે તેઓ તો આપણી વાટ જોઈને જ બેઠેલા, કે મહાત્મા ક્યારે આવે ને દર્શન કરીએ.

માર્ગમાં જિરાફ ને હરણાં પણ જોવાં મળ્યાં.

બે-ત્રણ કલાક પછી થોડા વિશ્રામ માટે કેમ્પમાં ગયાં, તો પૂ.શ્રી ગાડીમાંથી ઊતરીને સહજભાવે કહેવા લાગ્યા: ક્યાં જનમ્યા, ક્યાં સાધના કરી, ને ક્યાં ફરીએ છીએ !

માર્ગમાં પશુપ્રાણીઓને જોતા જોતા પૂ.શ્રી કહેઃ માનવજીવન શ્રેષ્ઠ છે. આ લોકોના પ્રમાણમાં આપણને કેટલી બધી આઝાદી મળી છે?

ફરી ફરીને અમે સ્કુકુઝાના અમારા ઉતારા ઉપર બપોરે સાડા બાર વાગ્યે આવી ગયાં.

એક વાગ્યા પછી ખીચડી-શાક બનાવ્યાં. આજે પૂ.શ્રીએ સૌને પ્રેમથી પીરસ્યું. સૌને જમાડયા પછી પોતે જમવા બેઠા.

શ્રી મગનભાઈ પોતાને ખૂબ ભાગ્યશાળી માનતા હતા. તેઓ કહેવા લાગ્યાઃ આજે તો પ્રભુના હાથનો પ્રસાદ ખાવાનો મળ્યો. હવે બીજું શું જોઈએ!

એમ તો ગઈ કાલે પણ પૂ.શ્રીએ જ સૌને અલ્પાહાર પીરસ્યો હતો.

ભોજન બાદ થોડો આરામ કર્યો. સાંજે ફરીથી પોણા પાંચ થી પોણા છ ગાડીમાં ફરવા ગયાં. પૂ.શ્રીની સાંજે ફરવાની બહુ ઈચ્છા ન હતી.

બે સિંહ રસ્તા ઉપર સૂતેલા જોયા. તેઓ વૃદ્ધ થયેલા હતા. જાતે શિકાર કરવાને અશક્તિમાન લાગતા હતા. થોડીવાર ત્યાં ઊભા રહીને ફરીથી ઉતારા ઉપર આવી ગયાં.

અહીં આ કેમ્પમાં રાત્રે આઠ વાગ્યે ખુલ્લામાં ફિલ્મ બતાવવામાં આવે છે તે જાણ્યું.

છ થી સાત સુધીમાં પ્રાર્થના, ધ્યાન વિગેરે થયું. સાડા સાતે કેરી, ફળ-દૂધ લીધાં. આઠ વાગ્યે પૂ.શ્રીએ આરામ કર્યો. અમે ત્રણ કેમ્પના ચોગાનમાં ફિલ્મ જોવા ગયાં.

સખત ઠંડા પવન ને વીજળીના ચમકારા વચ્ચે ફિલ્મ શરૂ થઈ, જેમાં પાર્કના પ્રાણીઓને ડૉકટરી સારવાર કેવી રીતે આપવામાં આવે છે તે જોવા મળ્યું. થોડાં બીજાં પ્રાણીઓ પણ તેમાં જોવા મળ્યાં. ત્યાં તો વરસાદ શરૂ થયો. વીજળી-પ્રવાહ ખોરવાતાં ફિલ્મ બંધ થઈ ગઈ. સૌ ઘરભેગાં થઈ ગયાં.

એક કલાકમાં વીજળી આવી ગઈ.

રાત્રે આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦૮

**તા. ૪-૩-૮૩, શુક્રવાર, ફાગણ વદ છઠ ૨૦૩૯**
**ક્રુગર નેશનલ પાર્ક : સ્કુકુઝાથી લીટાબા**

સવારે સાડા સાતે મુસાફરી શરૂ કરી સ્કુકુઝાના કેમ્પમાંથી નીકળ્યા. સતારા કેમ્પ, ઓલિફન્ટ કેમ્પ થઈને લીટાબા પહોંચી ગયાં. લગભગ ૧૭૫ કિલોમીટરની આજે મુસાફરી કરી.

માર્ગ તો જંગલથી ભરેલો હતો. માર્ગમાં વોટરબર્ગ, હાયના, ઝિબ્રા, વાંદરા જોવા મળ્યાં. હાથી પણ જોયા. વળી, જુદી જુદી જાતનાં હરણાં-ઈમ્પાલા, કુડુ, સ્પ્રિંગ, એન્ટીલોપ, રીપબર્ક વિગેરે જોવા મળ્યા. હરણાંનાં તો ટોળેટોળાં જોવા મળે. શિયાળ, શાહમૃગ તથા વિવિધ પ્રાણીઓ પણ સહજ રીતે જોવા મળ્યાં.

પશુ-પ્રાણીઓને જ્યાં પાણી પીવાની મુશ્કેલી હોય ત્યાં પવનચક્કીથી જમીનમાંથી મશીન દ્વારા પાણી કાઢીને ત્યાં તળાવ જેવો પાણીનો સંગ્રહ કરવામાં આવે છે. આ પાર્કમાં હરણાં કે હાથીની કે કોઈ પણ પ્રાણીની વસ્તી વધે  તો તેને ખાવાનો પ્રશ્ન ઊભો થાય, એટલે દર વરસે અમુક પશુ-પ્રાણીઓને ફરજિયાત મારી નાખવામાં આવે છે. આ વાત વિચિત્ર જ ગણાય.

આજે કુડુ જાતનાં મોટાં હરણાં બતાવવામાં આવ્યાં ત્યારે પૂ.શ્રીએ કહ્યું: ગમી જાય તેવાં સારાં દેખાય છે. પણ તે યોનિમાં જવા જેવું નહીં, બદલી કરવા જેવું નહીં હોં!

દૂર બે હાથી હતા. પૂ.શ્રીને દૂરબીનથી જોવા કહ્યું, એટલે પૂ.શ્રીએ દૂરબીનથી જોયું. પણ હાથી બીજી દિશામાં જ મોઢું કરીને ઊભો હતો. પૂ.શ્રીએ હાથીને ઉદ્દેશીને કહ્યું : સંતને જોઈને મોઢું ફેરવી લેશો, પછી કલ્યાણ ક્યાંથી થશે? આ જ યોનિમાં રહેવું છે કે શું?

વળી, પૂ.શ્રી કહેવા લાગ્યા: શ્રી રામકૃષ્ણદેવ કહેતા કે, હાથીને ગમે તેટલીવાર નવડાવીએ પણ તે ધૂળમાં જઈને જ આળોટે, તેમ સંસારીઓને ગમે તેટલો સત્સંગ કરાવીએ પણ પાછા સંસારમાં જ રમમાણ રહે.

માર્ગમાં વરસાદ શરૂ થયો, એટલે શ્રી મગનભાઈ કહે: મહાત્માજી જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં વરસાદ વરસે છે.

પૂ.શ્રી એ સાંભળીને કહે: હા. શાંતિનો વરસાદ, સંતોષનો વરસાદ, સુખનો વરસાદ, સત્સંગનો વરસાદ. અંતે પ્રાણનો પ્રસાદ, જેનાથી મટે બધા અવસાદ.

નાની નાની વાતોને પણ આધ્યાત્મિક વળાંક આપવાનો સ્વભાવ પૂ.શ્રીમાં સહજ જોવા મળે છે.

આજે માર્ગમાં લ્યુપાન, ઓલિફન્ટ કેમ્પ ગયા, પણ ત્યાં ખાસ કંઈ જોવા ન મળ્યું. 'લ્યુ' એટલે સિંહ ને 'પાન' એટલે તળાવ, કે જ્યાં ઘણાં સિંહો પાણી પીવા આવે. આમ, તે સ્થાને એના નામ પ્રમાણે કંઈક જોવા મળશે એ આશાથી ગયેલાં,પણ ખાસ કશું જ જોવા ન મળ્યું. કારણ કે ત્યાં તળાવમાં પાણી જ ન હતું !

સાંજે ચાર વાગ્યે લીટાબા કેમ્પ આવી ગયાં.

ખીચડી, શાક ને મકાઈનો ચેવડો બનાવ્યો. સાત વાગ્યે ભોજન લીધું.

ગઈ કાલના જેવી જ બધી સગવડો ને ગઈ કાલના જેવો જ મકાનનો-કુટિયાનો આકાર. ફક્ત સ્થળ લીટાબા ને નંબર એ-૧ હતો.

જંગલના એ કેમ્પમાં દુકાન પણ છે, જેમાં બરફ, દૂધ, દહીં, ટામેટાં, બધું જ મળે. જુદી જુદી જાતના જ્યુસ પણ મળે. બધી જ સગવડો અહીં પણ જોવા મળી.

સાંજે પૂ.શ્રી એક કલાક લેખન કરે.

સાંજે પ્રાર્થના-ધ્યાનમાં બેઠાં. પછી મેં ડાયરી-નોંધ કરી. નવ વાગ્યે આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૧૦૯

**તા. ૫-૩-૮૩, શનિવાર, ફાગણ વદ સાતમ ૨૦૩૯**
**ક્રુગર નેશનલ પાર્ક : લીટાબાથી લુઈસટ્રીકાડ**

ક્રુગર નેશનલ પાર્કનો આ મધ્યભાગ છે. અહીં પણ બધી જ સગવડો.

લીટાબાથી સવારે આઠ વાગ્યે નીકળ્યાં, ત્યારે શ્રી મગનભાઈએ યાત્રા શરૂ કરતા પહેલાં દરરોજની જેમ પ્રણામ કર્યા. પૂ.શ્રીએ કહ્યું: સુખી થાઓ, ભક્તિ વધો, મન શાંત રહો, શરીર સ્વસ્થ રહો.

બહાર નીકળતાં જ પાણી પીવાના એક મોટા ખાબોચિયા પાસે ઊભેલો હાથી જોયો. પછી તો હાથીઓનાં ટોળાં, ઝિબ્રાનાં ટોળાં, હરણાંના ટોળાં જોવા મળ્યાં.

માર્ગમાં લીલી દ્રાક્ષ ખાતાં ખાતાં શ્રી મગનભાઈ કહેવા લાગ્યા કે, પ્રભુએ કેવી કેવી મીઠાશ બધાં ફળોમાં મૂકી છે. એ સાંભળી પૂ.શ્રી કહેવા લાગ્યા : જુઓને, જુદા જુદા માનવીઓમાં પણ કેવી કેવી મીઠાશ ને વળી કોઈકમાં કેવી કડવાશ જોવા મળે છે!

લીટાબાથી ૧૦૪ કિલોમીટરના વિવિધ માર્ગોએ ધીરે ધીરે ફરતાં ફરતાં સીંગવેડઝના કેમ્પમાં આવ્યાં.

આ કેમ્પના મેદાનમાં તાડનાં સુંદર વૃક્ષો નીચે ગાડી ઊભી રાખી. એકાદ કલાક અહીં રોકાયા. ગાડીની પાસે જ શેતરંજી નાખીને આજનો અલ્પાહાર લીધો.

સાડા બારથી દોઢ સુધી અહીં રોકાયાં.

આગળ વધતાં, પુન્ડામરિયા નામના છેવટના કેમ્પ પાસે આવી ગયાં. ત્યાંથી ગેટમાંથી બહાર નીકળ્યાં ત્યારે બપોરના ૨-૩૦ થયા હતા.

ક્રુગર નેશનલ પાર્કની બહારનો બધો આફ્રિકન વિસ્તાર હતો. વેન્ડાલેન્ડ નામના નાનકડા રાજ્યની હદ ત્યાં શરૂ થતી હતી, જ્યાં કેળાં, અનાનસની વાડીઓ પણ હતી.

ત્યાંથી ૧૩૪ કિલોમીટર દૂર લુઈસટ્રીકાડ નામના શહેરમાં સાંજે સાડા ચાર વાગ્યે પહોંચ્યા.

હિન્દુ સેવા સમાજના મુખ્ય કાર્યકર્તા શ્રી રમણીકલાલને ત્યાં ઊતારો હતો. યજમાન પતિપત્નીએ અમારા બન્નેનાં ચરણો ઉપર પુષ્પો મૂકીને પ્રણામ કર્યા.

સાંજે ગુજરાતીમાં પ્રવચન હતું. પૂ.શ્રી થોડું અંગ્રેજીમાં પણ બોલ્યા, કારણ કે શ્રોતાઓમાં યુવાનો હોય તો થોડું અંગ્રેજીમાં પણ બોલજો એવું સંચાલકનું સૂચન હતું.

આજે સાંજે પણ ફળ-દૂધ જ લીધાં. પછી આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૧૦

**તા. ૬-૩-૮૩, રવિવાર, ફાગણ વદ આઠમ ૨૦૩૯**
**લુઈસટ્રીકાડથી જોહાનિસબર્ગ**

લુઈસટ્રીકાડ દક્ષિણ આફ્રિકાની ઉત્તરે આવેલું છે. અહીંથી થોડેક દૂર ર્‌હોડેશિયાની સરહદ શરૂ થાય છે. આ શહેર નાનું છે. અહીં ૫૦ થી ૬૦ ગુજરાતી કુટુંબો વસે છે. ગુજરાતીઓનો એક હૉલ છે, જેની સાથે નાનકડું મંદિર પણ છે. આખોયે યજમાન પરિવાર ખૂબ ભાવિક છે.

ગઈ કાલની જેમ આજે સવારે પણ યજમાન પત્ની પૂ.શ્રીને મંદિરમાં પગલાં પાડવાની વિનંતિ કરે છે. પૂ.શ્રી મંદિરમાં તથા બીજા ઓરડામાં પણ દૃષ્ટિપાત કરે છે.

આજે અમે લગભગ સાડા આઠ વાગ્યે અહીંથી વિદાય લઈએ છીએ. યજમાન પરિવારનાં સૌ સભ્યો નીચા નમીને અમને પ્રણામ કરે છે. પૂ.શ્રીએ યજમાનનાં માતાજીને જોયાં, એટલે પૂજ્ય જ્યોતિર્મયી માતાજીનું સ્મરણ થયું. તેથી, તેમની થોડી વાતો કરી. વળી, હિમાલય, દેવપ્રયાગ, મસૂરીથી વાતો પણ કરી.

સાડા આઠથી પોણા અગિયાર સુધી એકધારી મુસાફરી થઈ. એટલે માર્ગમાં વૃક્ષ નીચે ગાડી ઊભા રાખી, નીચે શેતરંજી પાથરી અમે અલ્પાહાર માટે બેઠાં. લુઈસટ્રીકાડના યજમાને ફળો, ગુલાબજાંબુ, બરફી, પેંડા, દુધીનો હલવો વગેરે આગ્રહ કરીને માર્ગમાં ભાથારૂપે આપ્યું હતું, તેનો જ ઉપયોગ કર્યો.

આગળ વધતાં બીજું એક શહેર આવ્યું. નામ હતું વોર્મબાથ. ત્યાં ગરમ પાણીના ઝરા નીકળતા હતા. ત્યાંના સુપર મારકેટમાંથી દૂધનાં પેકેટ ખરીદ્યાં ને દૂધ પીધું.

બરાબર બપોરે અઢી વાગ્યે લગભગ ૫૫૦ કિલોમીટરની મુસાફરી પૂરી કરી જોહાનિસબર્ગ આવી ગયાં.

માર્ગમાં જ્યાં સાઠ કિ.મી.ની ઝડપ રાખવાની સૂચના હતી તે બોર્ડ પાસે અમારી ગાડીની ઝડપ એંશીની હતી. તરત જ રોડના ખૂણામાં ઊભેલા પોલીસે બહાર આવી અમારી ગાડીને થોભાવવા હાથ કર્યો. તરત જ અમારી ગાડીના ચાલક શ્રી શશીકાન્તભાઈએ ગાડી ઊભી રાખી. કોઈ દલીલ ના ચાલે, ભૂલની માફી પણ ના ચાલે. વીસ રેન્ડ (એટલે કે આપણા બસો રૂપિયા)નો દંડ ભરવાનું લખાણ એક કાગળ ઉપર આપ્યું. એવા કાગળને અહીં 'ટિકીટ' કહેવાય છે. એ ટિકીટ ઉપર વાહન-ચાલકનું નામ, સરનામુ ને દંડ ક્યાં ને કેટલો ભરવાનો તેની વિગત હોય છે. જે શહેરમાં આપણે રહેતાં હોઈએ તે શહેર ભલે કોઈ પણ રાજ્યમાં આવ્યું હોય તોપણ ત્યાં એ દંડ ભરી શકાય. ત્રણ મહિનામાં દંડ ન ભરાય તો, તરત જ સીધા જેલ ભેગા કરી દે અને ઉપરથી એક વધારાનો મોટો દંડ થાય. પોલિસતંત્ર ખૂબ સજાગ છે. જેટલી ઝડપ નિયત મર્યાદા કરતાં વધારે તેટલો દંડ પણ વધારે હોય છે.

જોહાનિસબર્ગ આવી જઈને લગભગ બે કલાક સંપૂર્ણ આરામ કર્યો. થાકને લીધે તરત ઊંઘ આવી ગઈ.

પાંચ વાગ્યે વઘારેલી ખીચડી ને શાકનું ભોજન બનાવી લીધું. આજે યાત્રાનો છેલ્લો દિવસ છે. એટલે પૂ.શ્રીની સાથે અહીંના યજમાન શ્રી મગનભાઈને પણ આજે પૂ.શ્રીના હાથે બનેલા ભોજનની તક મળી.

રાત્રે સાડા આઠ વાગ્યે સત્યસાંઈબાબા મંડળ તરફથી એક પ્રવચન ગોઠવાયું હતું. પણ તે પહેલાં બેઠક ખંડમાં બેઠેલાં બીનોની અને પ્રિટોરીઆથી આવેલાં ભાઈબહેનો સાથે પૂ.શ્રી પંદર મિનિટ વાતો કરે છે.

એક બહેન પૂ.શ્રીને જણાવે છે કે, હું પાણી પણ નહીં પીવાનું એવી એકાદશી વરસોથી કરતી આવી છું. પણ હવે એ દિવસે ખૂબ જ અશક્તિ અનુભવાય છે.

પૂ.શ્રીએ તે બહેનને તે દિવસે ફળ ને દૂધ લેવાની સલાહ આપી.

'એમાં દોષ ન લાગે?' એવી તે બહેનની દલીલ સાંભળીને પૂ.શ્રીએ કહ્યું: હું પ્રભુને ચિઠ્ઠી લખી આપીશ કે 'આ રીતની અગિયારશ મંજૂર રાખજો.' લાવો કાગળ.

અને, કાગળ ને પેન પૂ.શ્રીને આપવામાં આવ્યાં. પરમશક્તિની ઈચ્છાએ પૂ.શ્રીની પેને લખ્યું: 'આ બહેનની અગિયારસ મંજૂર રાખજો.' અને વળી, જવાબમાં મંજૂરીનું વાક્ય પણ લખાયું.

પૂ.શ્રીએ કહ્યું: જુઓ. અમે પ્રભુને લખીએ એટલે પ્રભુ મંજૂર કરે જ. અમારે તો ચિઠ્ઠીની પણ જરૂર ન પડે. છતાં મેં આ પ્રથમવાર જ ચિઠ્ઠી લખી.

તે બહેન ભાવથી કહેવા લાગ્યાં: એટલે હું તો મા સર્વેશ્વરી કરતાં પણ ચઢી ગઈ ને!

એ સાંભળીને પૂ.શ્રી કહેવા લાગ્યા: મા સર્વેશ્વરીને તો વરસોથી લખી આપેલું છે અને મા સર્વેશ્વરીની સરખામણીમાં તો કોણ આવે? એ તો સાક્ષાત્ જગદંબા છે. તે આ સ્વરૂપે કોઈને ન ઓળખાય. એમનાં ત્યાગ, સેવા, પ્રેમભાવ, સમર્પણભાવની સામે કોણ ઊભું રહી શકે? તમે બધાં તો એમની સામે બાળકો છો.

તે બહેને કહ્યું, કે ખરી વાત છે. પછી થોડી બીજી વાતો થઇ.

પ્રવચન-સ્થળે સમયસર પહોંચ્યા. બહાર અમારી ગાડી ઊભી રહી એટલે અંદર બેઠેલા શ્રોતાવર્ગને ઘંટારવથી અમારા આગમનની જાણ કરવામાં આવી. તેથી ત્યાં ભજનકીર્તન ચાલું હતું તે અમારા પ્રવેશથી બંધ થયું. સૌ ઊભાં થઈ ગયાં. અમે મધ્યભાગમાંથી પસાર થયાં ત્યાં દીવડા ને પાંદડા આકારનાં પુષ્પોથી નાનકડો માર્ગ બનાવ્યો હતો. તે સુશોભિત સ્થાનની મધ્યમાંથી અમારે પસાર થવાનું હતું. અમે બેઠક ઉપર બેઠાં. પછી શ્રોતાઓ નીચે બેઠાં.

શ્રી જ્યોતિર્ધરે પૂ.શ્રીનું સ્વાગત કરતા બે શબ્દો કહ્યાં. અમને સુંદર પુષ્પોના મોટા હાર અર્પણ કર્યા.

પૂ.શ્રીએ અંગ્રેજીમાં પ્રવચન આપ્યું. આજનો વિષય હતો 'ભક્તિ અને ગુરુમાં શ્રદ્ધા'.

પ્રવચન બાદ પૂ.શ્રીએ પ્રણામ કરનારાઓને ચોકલેટનો પ્રસાદ આપ્યો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૧૧

**તા. ૭-૩-૮૩, સોમવાર, ફાગણ વદ આઠમ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ**

સવારે, હજી યાત્રાનો થાક ઊતર્યો ન હતો છતાં પૂ.શ્રીનો લેખનક્રમ નિયમિત રહ્યો. ક્રુગર નેશનલ પાર્કમાં પણ સવારે કે સાંજે લેખન નિયમિત ચાલુ જ રહ્યું હતું.

પૂ.શ્રી લેખન બાદ થોડો આરામ કરે છે. મારે રસોઈ માટે અગિયાર વાગ્યે રસોડામાં જવાનું બને છે. ખીચડી, શાક ને વડાં બનાવું છું. પાછળથી પૂ.શ્રી રસોડામાં આવે છે. થોડી વાતો થાય છે.

ભોજન લીધા બાદ મુલાકાત શરૂ થાય છે. સાત-આઠ ભાઈબહેનો બેઠાં છે

એક બહેન કહે છેઃ મારે જુદી જુદી માળા જ કરવી પડે છે. એટલે આપ મને કંઈક માર્ગ બતાવો. જે જે પંથમાં જાઉં છું તે તે જુદી જુદી માળા બતાવે છે.

પૂ.શ્રીએ કહ્યું; બધા જુદી જુદી માળા કરવાનું ભલે કહે, પણ તમે તમારા અંતરાત્માને ગમે તે જ કરો.

બહેનઃ પણ તે બધી માળા મૂકી દઉં તો મને ઘણું દુઃખ થાય.

પૂ.શ્રીઃ એ તો છોકરીને સાસરે મોકલીએ ત્યારે દુઃખ તો થાય જ ને? પણ પછી એમ થાય કે, હાશ! સારે ઘરે ગઈ છે ને ! એ રીતે આપણે સારા ઘરે જવાનું છે. દિવસો વીતે છે. હવે કોઈ ચોક્કસ મંત્ર જપ કરવા માંડો.

બહેનઃ તો પછી ગાયત્રી-જપનું શું થાય?

પૂ.શ્રીઃ નદીમાં નાવડી તરે છે. પવન વધ્યો. ડૂબવાની તૈયારી. અંદર બેઠેલો એક ભાઈ 'હે રામ! બચાવો' એવી બૂમ પાડે છે. ભગવાન રામ બચાવવા તૈયાર થાય છે. ત્યાં તો તે ભાઈ 'ઓ શ્યામ! દોડો મારે તમારો જ આધાર છે' એમ કહે છે. કૃષ્ણનું નામ સાંભળી રામ મદદે આવતા નથી. ભગવાન કૃષ્ણ મુગટ પહેરીને નાવ બચાવવા ઊભા થાય છે, ત્યાં તો પેલો ભાઈ 'હે શિવશંકર! તમારા વિના મારે કોઈ આધાર નથી. મને બચાવો' એમ બોલી ઊઠે છે. એટલે ભગવાન કૃષ્ણ નાવ બચાવવા જતા નથી. છેવટે કોઈ નાવ બચાવતું નથી. નાવ ડૂબી જાય છે. માટે કોઈ એક નામ શ્રદ્ધાથી જપો. તો જ લાભ થાય.

આ આખીયે વાત પૂ.શ્રી અંગ્રેજીમાં ફરીથી કહી સંભળાવે છે. શ્રી જ્યોતિર્ધરને ગુજરાતીમાં વાત ન સમજાય એટલે આજનો પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ ગુજરાતી ને અંગ્રેજી એમ બન્ને ભાષામાં ચાલી રહ્યો છે.

**પ્રશ્ન**: 'ૐ શ્રીકૃષ્ણ' કે 'ૐ રામ'ને બદલે રામરામ કે કૃષ્ણકૃષ્ણ જપીએ તો ચાલે?

'ૐ રામ' જપીએ તો એમાં ધ્યાન ૐનું કે રામનું કરવાનું?

નિર્ગુણ નિરાકાર ભગવાન છે, તો નિર્ગુણ માનવ હોઈ શકે? નિર્ગુણ માનવ કેવી રીતે ઓળખાય?

ગાયત્રીમંત્ર બ્રાહ્મણો જ જપી શકે?

ગીતાને વાંચવી, મોઢે કરવી કે સમજવી?

ગાયત્રીમંત્રનું મહત્વ શું?

પૂ.શ્રીએ ઉપરના બધા પ્રશ્નોના જવાબો પોતાની લાક્ષણિક ઢબે ગુજરાતીમાં આપ્યાં. વળી પાછા અંગ્રેજીમાં પણ સમજાવ્યા. એમ સત્સંગ આગળ ચલાવ્યો.

સૌ સમય થતાં વિદાય થયાં. આજે શ્રી મગનભાઈએ ઉતારેલી ક્રુગર નેશનલ પાર્કની ફિલ્મ જોવા મળી. એ પછી પૂ.શ્રી આરામ કરે છે.

સાંજે પ્રવચન માટે લક્ષ્મીનારાયણ મંદિરમાં સેવાભાવી ડૉકટર શ્રી શશીકાન્તભાઈની ગાડીમાં જવાનું બન્યું. અમારા આગમનની જાણ ઘંટારવથી કરવામાં આવી. કીર્તન ચાલુ હતું તે બંધ થયું. સૌ ઊભાં થયાં.

શ્રોતાઓની મધ્યમાં ગોઠવેલી દીવડાઓની બે લાંબી હરોળની મધ્યમાંથી અમારે પસાર થવાનું હતું. આજુબાજુ દીવડા, ફૂલોને પાંદડીનો શણગાર સુંદર લાગતો હતો. અમે તે માર્ગે થઈને ગયાં. દેવમંદિરને પ્રણામ કરી બેઠક લીધી.

તરત જ શ્રી જ્યોતિર્ધર ઊભા થયા. શ્રી સત્યસાંઈબાબાની તસવીર સમક્ષ પુષ્પો લઈને પ્રણામ સાથે પ્રાર્થના કરી. પછી અમારી પાસે આવી તે પુષ્પો અમને અર્પણ કર્યાં.

પછી શ્રોતાઓ સમક્ષ ઊભા રહીને કહ્યું: હિમાલયથી પવિત્ર જ્ઞાનગંગા વહેતી વહેતી અહીં આવી છે. મહાત્માજીએ આપણને ઘણું ઘણું જ્ઞાન આપ્યું છે. એમના દર્શનનું સદ્‌ભાગ્ય આપણને ફરીથી આજે મળ્યું છે. આજે વિદાયનો દિવસ છે. વિદાયનું દુ:ખ સ્વાભાવિક જ થાય છે. ન જાણે ફરી ક્યારે દર્શનનો લાભ મળશે? મહાત્માજી પાસેથી ઘણી ઘણી પ્રેરણા મળી છે. તે માટે આપણે તેઓશ્રીનો જેટલો પણ આભાર માનીએ એટલો ઓછો છે.

બે ગુજરાતી સંસ્થાઓ વતી શ્રી રસિકભાઈએ કહ્યું: બધા ધર્મગ્રંથોનો સાર મહાત્માજીનાં પ્રવચનોમાંથી મળે છે. મહાત્માજીનાં પ્રવચનોથી આપણે ધન્ય બન્યાં છીએ. આવો અવસર ફરીફરી આવતો નથી. મહાત્માજીએ સંપ્રદાયરહિત ધર્મનો સાર સુંદર રીતે સમજાવ્યો છે. હવે બધી જ સંસ્થાઓ વતી તેમને પુષ્પહાર અર્પણ થશે. આજે વિદાયનો દિવસ છે. વ્યથિત હૃદયે આપણે વિદાય આપીશું.

ત્રણે સંસ્થાઓ વતી બે બહેનો અમને બંનેને પુષ્પહાર અર્પણ કરે છે.

આજનું અંગ્રેજી પ્રવચન 'પૂર્વની અને પશ્ચિમની સંસ્કૃતિ' ઉપર હતું.

પ્રવચન બાદ ભજનો થયાં, શાંતિપાઠ થયો, સત્યસાંઈબાબા સેન્ટર તરફથી એક ભજન ગવાયું.

છેવટે જાહેર થયું કે, આજે નાનાં બાળકો માતાજી પાસેથી અને મોટાં સ્ત્રીપુરુષો મહાત્માજી પાસેથી પ્રસાદ લેશે.

આરતી બાદ પ્રસાદની થાળીઓ અમારી પાસે મૂકવામાં આવી. પ્રસાદ તરીકે પૂ.શ્રી પાસે ચોકલેટ અને મારી પાસે બિસ્કીટ જેવી કોઈ વાનગી શ્રોતાઓને વહેંચવા સારું મૂકવામાં આવી.

સૌ કોઈ સાષ્ટાંગ પ્રણામ કરીને પ્રસાદ લેતું હતું.

છેવટે, 'પ્રકાશના પંથે'નાં આઠસો પૃષ્ઠ વાંચનાર ભાઈએ થોડી પ્રશ્નોત્તરી કરી. અન્ય સાથે પણ બીજી વાતો થઈ. લગભગ પોણા અગિઆર વાગ્યે અમે મંદિરમાંથી વિદાય લીધી.

ઉતારા ઉપર આવી ગયાં. દૂધ લીધું. આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૧૨

**તા. ૮-૩-૮૩, મંગળવાર, ફાગણ વદ નોમ ૨૦૩૯**
**જોહાનિસબર્ગથી ડરબન**

સવારે નિયમિત નિત્યકર્મ થયું. ગઈ કાલે ‘મહાભારતનાં મોતી’ના લેખનમાં મહાભારતનું પ્રથમ પર્વ પરિસમાપ્તિ પર પહોંચ્યું. છતાં આજે પણ પૂ.શ્રીએ આરામને બદલે લેખન ચાલુ જ રાખ્યું.

કોઈકવાર ‘મહાભારત’ ગ્રંથમાંથી કોઈક લખાણ સીધું જ ઉતારવાનું હોય તો ‘અક્ષરો સારા કાઢજો, શાંતિથી લખજો.’ એવી સૂચના સાથે થોડી લેખનની સેવા પૂ.શ્રી મને સોંપે છે. આજે પણ તે સેવા મને સોંપી.

આજે અગિયારથી બાર વાગ્યા સુધીમાં ખીચડી ને શાકનું ભોજન બનાવી લીધું ને લઈ પણ લીધું.

ભોજન બાદ વિદાય લીધી. શ્રી મગનભાઈએ પોતે પૂ.શ્રીની આરતી ઉતારી, પુષ્પહાર અર્પણ કરી, ભારે હૈયે વિદાય આપી. એક ભજન ‘વરદ હસ્તે’ ગવડાવ્યું.

તે સમયે શ્રી જેકસન પણ હતાં. બીજાં પણ થોડાં ભાઈબહેનો હતાં.

ઍરપોર્ટ ઉપર સમયસર પહોંચી ગયાં. સાઉથ આફ્રિકન ઍરવેઝ, નં. ૫૧૩ ની ૧૭-એ અને ૧૭-સી નંબરની સીટ ઉપર બેઠક લીધી. વિમાન સાડા ત્રણ વાગ્યે ઉડ્ડયન કરે છે.

વિદાયવેળા ઍરપોર્ટ ઉપર સૌ ફરીથી સાષ્ટાંગ પ્રણામ કરે છે.

બરાબર સાડા ચાર વાગ્યે એક કલાકની યાત્રા પછી ડરબનના ઍરપોર્ટ ઉપર આવી ગયાં.

શ્રી રતિભાઈને ત્યાં આવી ગયાં. થોડીવાર આરામ કરી રેડિયો ટ્રુરો ઉપર વાર્તાલાપ આપવા જવાનો કાર્યક્રમ હોવાથી ત્યાં ગયાં. શહેરમાં બાર માળની ઈમારતની સરકારી ઑફિસમાં જવાનું બન્યું.

ટ્રુરોનાં રેડિયો સંચાલિકા બહેન શ્રી જયમતી બહેને બહાર આવી, હાથ જોડીને સ્વાગત કર્યું. પાંચ મિનિટ પછી રેકોર્ડિંગ ચાલુ થયું.

સામાન્ય રીતે રેડિયો ઉપર ૩ થી ૫ મિનિટના વાર્તાલાપ લે છે, પણ શ્રી જયમતીબહેન ગુણગ્રાહી સ્વભાવવાળાં હોવાથી, ગયા વખતની જેમ આ વખતે પણ વાર્તાલાપો જેટલી પણ મિનિટના હોય તેટલી મિનિટ આપવા કહ્યું. સમયની કોઈ મર્યાદા ન રાખી.

પરિણામે, આજે જે પાંચ વાર્તાલાપો આપ્યા તે દશ-દશ, બાર-બાર મિનિટના હતા.

ગયા વખતે વાર્તાલાપના વિષયો દિવાળી, નવરાત્રી, જન્માષ્ટમી અને રામનવમી હતા. આ વખતના વિષયો હતા: હોળી, એકાદશી, રક્ષાબંધન, ગુરુની જરૂર છે, ગુરુની જરૂર નથી, તેમ જ વિદાયસંદેશ.

હવે જ્યારે જે તહેવાર હશે ત્યારે તે વાર્તાલાપ રેડિયો ટ્રુરો ઉપરથી પ્રસારિત થશે. આજનો ગુરુસંદેશ અંગેનો અને વિદાય અંગેનો વાર્તાલાપ અંગ્રેજીમાં હતાં.

સાતથી સાડા નવ સુધી રેકોર્ડિંગ કાર્યક્રમ ચાલ્યો. જ્યાં રેકોર્ડિંગ થયું ત્યાં અમને પણ બેસવાની છૂટ મળી હતી. ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૧૩

**તા. ૯-૩-૮૩, બુધવાર, ફાગણ વદ દશમ ૨૦૩૯**
**ડરબન શહેર**

પૂ.શ્રી સવારે ત્રણ વાગ્યે ઊઠી જઈ સ્નાન કરીને વ્યાયામ કરે છે. એક કલાકના વ્યાયામ બાદ મંત્રજપ કરે છે. સાત વાગ્યે લેખન માટે બેસી જાય છે. દશ કે સાડા દશ સુધી લેખનનો ક્રમ ચાલુ રહે છે. પછી, માળા લઈ પલંગ ઉપર થોડીવાર આરામ કરે છે.

અગિયાર વાગ્યે રસોડામાં જઈને હું આજે ભાખરી, શાક ને ભાતનું ભોજન બનાવું છું. પૂ.શ્રી લગભગ બાર પછી રસોડામાં આવે છે. ત્યારે દરરોજની જેમ યજમાન-પત્ની સાષ્ટાંગ પ્રણામ કરે છે. પૂ.શ્રી દરરોજની જેમ પૂછે છે: માળા કરી? તે બહેન 'હા' કહે છે.

થોડી વાતો થાય છે. પૂ.શ્રી માતાજીનું સ્મરણ કરે છે. માતાજીની અંતિમ અવસ્થાની વાતો કરે છે. ભોજન અમારા ઓરડામાં નીચે બેસીને લઈએ છીએ.

ભોજન બાદ બહાર બાગમાં થોડા આંટા મારીએ છીએ.

થોડીવાર પછી જોહાનિસબર્ગ શ્રી મગનભાઈ સાથે ફોનથી વાતો કરીએ છીએ.

પછી આરામ.

સાંજે ભારત હૉલમાં 'યોગનાં આઠ પગથિયાં' ઉપર અંગ્રેજીમાં પ્રવચન હતું. ચાર સંસ્થાઓ તરફથી તે ગોઠવાયું હતું. આજે આખોયે શ્રોતાવર્ગ નવો હતો. અંગ્રેજ ભાઈબહેનો પણ હતાં.

પ્રવચનમાં પૂ.શ્રીએ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ વિશે અંગ્રેજીમાં સુંદર સમજ આપી.

શ્રોતાઓ, પૈકીના યોગ કેન્દ્રોના સંચાલકોએ પ્રવચનને અંતે આભારદર્શનમાં, મહાત્માજીએ યોગની સુંદર સમજ આપી તે અંગે આભાર વ્યક્ત કર્યો. સાથે સાથે બીજા પ્રવચનની માગણી પણ કરી.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવીને દૂધ-ફળ લીધાં. પછી આરામ કર્યો.

આજે પ્રવચન બાદ, અહીં રહેવાના હજી થોડાએક દિવસ વધારો એવી વાત શ્રી શાંતિભાઈએ કરી. તા. ૨૦ માર્ચે ભારત તરફ જવાનું નક્કી છે. છતાં શ્રી શાંતિભાઈ, શ્રી રતિભાઈની ઈચ્છા અહીં પૂ.શ્રી વધારે રહે એવી છે.

આજના પ્રવચનની પ્રચાર-પત્રિકા આ પ્રમાણે હતી :

ॐ

SURAT HINDU ASSOCIATION

SURAT HINDU EDUCATIONAL SOCIETY

SANT PUNIT SEVA SANGH

AMRITANANDA SCHOOL OF YOGA

Yogashala, Reservoir Hills

**SHREE MAHATMAJI YOGESHWARJI**

OF

HIMALAYAS, INDIA

Will deliver a lecture in English on

**"EIGHT LIMBS ON YOGA : ASHTANG YOGA"**

on Wednesday, 9th March 1983.

**Time**: 7:00 PM

At BHARAT HALL

137, Prince Edward St. Durban

ALL WELCOME !

*

* * હરિઃ ॐ * *

## દિન ૧૧૪

**તા. ૧૦-૩-૮૩, બુધવાર, ફાગણ વદ અગિયારસ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે અગિયારસ છે. પૂ.શ્રી દરરોજ જ માતાજીનું સ્મરણ તો કરે જ. પરંતુ અગિયારસે વિશેષ રીતે સ્મરણ કરે. એનું ખાસ કારણ એ કે માતાજીએ આ પૃથ્વી પરથી અગિયારસને દિવસે જ વિદાય લીધેલી.

સમયસર લેખન, જપ, વ્યાયામ, લેખન ચાલુ જ છે. વિવિધ ફળો કેરી, કેળાં, સફરજન, પેર, પીચીસ, તડબૂચ, તથા બાફેલાં શક્કરિયાં ને બાફેલી મગફળીમાંથી આજે પૂ.શ્રીએ ફક્ત એક કેળું ને દૂધ જ ફળાહારમાં લીધાં.

**ડરબન ખાતેના પૂ.શ્રીના છેલ્લા કાર્યક્રમોની પ્રચાર-પત્રિકા**

-------------------------------------------------------

શ્રી સુરત હિન્દુ એસોસીએશન * શ્રી સંત પુનિત સેવા સંઘ, ડરબન

**શ્રી મહાત્મા યોગેશ્વરજી** અને **શ્રી મા સર્વેશ્વરી**ના

ગુજરાતી જનતા માટે ડરબન ખાતે છેલ્લા કાર્યક્રમો

| તારીખ | સમય | સ્થળ | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૧૦-૩-૧૯૮૩ થી ૧૨-૩-૧૯૮૩ | સાંજે ૭-૪૫ મિનિટે | શ્રી ભારત હોલ, ૧૩૭, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન | પ્રવચન* |
| ૧૩-૩-૧૯૮૩ | સવારે ૭-૩૦ થી સાંજે ૭-૩૦ | શ્રી એસોસીએશન હોલ ૧૨૭, વિક્ટોરીઆ સ્ટ્રીટ, ડરબન | ધ્યાન શિબિર |
| ૧૪-૩-૧૯૮૩ થી ૧૮-૩-૧૯૮૩ | સાંજે ૭-૪૫ મિનિટે | શ્રી ભારત હોલ, ૧૩૭, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન | પ્રવચન* |
| ૧૯-૩-૧૯૮૩ | સાંજે ૭-૪૫ મિનિટે | શ્રી ભારત હોલ, ૧૩૭, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન | વિદાય સત્કાર સમારંભ |
| ૧૦-૩-૧૯૮૩ થી ૧૯-૩-૧૯૮૩ | સાંજે ૬-૪૫ થી ૭-૩૦ | શ્રી સપ્તાહ મંદિર ૧૧૪, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન | સમૂહ ધ્યાન-મનન |

સર્વે શ્રધ્ધાળુ ભાઈબહેનોને આ અનુભવી-જ્ઞાની સંતના ઉપરોક્ત
જ્ઞાન-પ્રકાશમય કાર્યક્રમમાં સમયસર પધારવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવે છે.

***વિષય** : ધ્યાન શિબિર સિવાયનાં પ્રવચનોમાં ખાસ કરીને નવરાત્રી, આદ્યશક્તિ, માતૃભક્તિ
અને પ્રસંગોચિત રામાયણ, ભાગવત, નારદ ભક્તિસૂત્ર વગેરે

**ભજનો અને ધૂનો** : પૂજ્ય માતા સર્વેશ્વરી

-------------------------------------------------------

આજે બહાર વરસાદ હતો, તેથી પૂ.શ્રી બહાર આંટા મારતા નથી. વળી, આજે થોડી શરદીની પણ અસર છે.

આજે, આ ધરતી ઉપર કેટલાં પ્રવચનો થયાં તથા ક્યાં કેટલું રહ્યાં તેની ગણતરી હું સવારથી કરતી હતી, જેથી દૂધ પણ આઠને બદલે સાડા આઠે લાવવાનું બન્યું. ફળાહાર પણ છેક એક વાગ્યે લીધો.

પૂ.શ્રી મારી કાર્યપદ્ધતિ જોઈને કહેવા લાગ્યા : આજે તમને જોઈને સવારથી મને એકનાથ યાદ આવે છે. તેમને હિસાબી કામકાજ સોંપેલું. એક પૈસાની ભૂલ આવી તો આખી રાત હિસાબ કર્યો. તે જોઈને જનાર્દન સ્વામીએ કહ્યું કે, શું કરે છે? હવે આરામ કર.

તો એકનાથ કહે કે, હિસાબ નથી બેસતો તે હિસાબ કરું છું.

ત્યારે જનાર્દન સ્વામીએ કહ્યું: અરે! આટલો સમય પ્રભુસ્મરણમાં ગાળ્યો હોત તો પ્રભુ પ્રસન્ન થઈ જાત. એકનાથની નિષ્ઠા જોઈ જનાર્દન સ્વામીએ તેમને પ્રભુદર્શન કરાવ્યાં.

પૂ.શ્રીની વાત સાંભળી મને આનંદ થયો. પણ મૌન હતું. એટલે મેં કશો જવાબ ન આપ્યો.

પૂ.શ્રી બપોરે આરામ કરે છે.

આજે શ્રી સપ્તાહ મંદિરમાં પોણા સાતથી આઠ વાગ્યા સુધી સમૂહધ્યાનનો જાહેર કાર્યક્રમ હતો. ત્યાં એ કાર્યક્રમનું સંચાલન પૂ.શ્રીએ કર્યું.

લગભગ સીત્તેર ભાઈબહેનોએ તેમાં ભાગ લીધો. પૂ.શ્રીએ અડધો કલાક સમજ આપી.

ભારત હૉલમાં સવા આઠથી સવા નવ રામાયણ ઉપર ગુજરાતીમાં પ્રવચન થયું.

શ્રી સપ્તાહ મંદિર અને ભારત હૉલ વચ્ચે પાંચ મિનિટનું જ અંતર છે. બન્ને સાથે એક જ રસ્તા ઉપર સામસામી દિશામાં આવેલાં છે.

પ્રવચન બાદ ભજન થયું.

તા. ૧૩-૩-૮૩ને દિને એક દિવસની ધ્યાન-સાધના શિબિર થશે તેની જાહેરાત પણ થઈ.

આવતા મંગળવારે યુનિવર્સિટીમાં અને તે જ રાત્રે ભારત હૉલમાં 'યોગ' ઉપર અંગ્રેજીમાં પ્રવચનો થશે. એ કાર્યક્રમો ગઈ કાલના કાર્યક્રમના અનુસંધાનમાં ગોઠવાયેલા છે.

ઉતારા ઉપર આવવામાં પંદરવીસ મિનિટ લાગે છે. ભારત હૉલથી રિઝર્વહીલ ૨૫ કિલોમીટર દૂર છે.

ઉતારા ઉપર આવી દરરોજની જેમ ઠંડુ દૂધ ન પીતાં તુલસી, ફૂદીનો ને મરી નાખીને ગરમ દૂધ પીધું. તે દરમ્યાન થોડીવાર શ્રી રતિભાઈ સાથે વાતો કરી.

પછી આરામ.

* * હરિઃ ૐ * *

## દિન ૧૧૫

**તા. ૧૧-૩-૮૩, શુક્રવાર, ફાગણ વદ બારસ ૨૦૩૯**

**ડરબન શહેર**

આજે પણ દરરોજની જેમ જ ક્રમ રહ્યો. ભોજન ખીચડી, કઢી, શાકનું બનાવી લીધું. સાડા બાર વાગ્યે ભોજન અમારા ઓરડામાં લઈ લીધું. પૂ.શ્રીએ બહાર બે થી ત્રણ આંટા માર્યા.

તાજેતરમાં જ બહાર પડેલી ગાંધીજીની અંગ્રેજી ફિલ્મની વિડીઓ કેસેટ શ્રી રતિભાઈએ મેળવી હતી.

આજે દોઢ વાગ્યાથી લગભગ સાડાચાર સુધી તે ફિલ્મ જોવા માટે અમે બેઠકખંડમાં બેઠાં. પૂ.શ્રી પાસે ચશ્માં છે, પણ તેનો ઉપયોગ એકાદ-બે મિનિટ માટે શોખ ખાતર જ કરે છે. પણ આજે પૂ.શ્રીએ પ્રથમવાર જ લગભગ ત્રણ કલાક સુધી ચશ્માંનો ઉપયોગ કર્યો.

'ગાંધી' ફિલ્મમાં કોઈ પાત્રનો ચહેરો મૂળ પાત્ર સાથે મળતો આવતો નથી. પૂ.શ્રીએ એ અંગે ઘણી ટકોર કરી. આ ફિલ્મમાં ઈતિહાસ રજૂ કર્યો છે પણ સરદાર પટેલને ખાસ રજૂ કર્યા નથી. દક્ષિણ આફ્રિકાની પ્રવૃત્તિ, જલિયાનવાલા બાગ- જેવા એકાદ-બે પ્રસંગો સારા ઝડપ્યા છે. પૂ.શ્રીએ આ બધી વાતો રજૂ કરી.

'ગાંધી' ફિલ્મ જોયા પછી પૂ.શ્રીએ કહ્યું: ગાંધીજીએ દેશ માટે ઘણું સહન કર્યું પણ એનું પરિણામ બહુ ઉજ્જવળ ન જ આવ્યું.

સાડા ચાર વાગ્યા પછી પૂ.શ્રી એક કલાક સંપૂર્ણ આરામ કરે છે.

સાડા છ વાગ્યે શહેરમાં જવાનું છે. સાત વાગ્યે સમૂહધ્યાનનો કાર્યક્રમ રખાયો છે. આજે સમૂહધ્યાનનો બીજો દિવસ થશે.

ધ્યાનની બેઠકમાં આજે પણ સારી હાજરી હતી.

સમૂહધ્યાન બાદ દરરોજની જેમ ભારત હૉલમાં પ્રવચન થયું.

પ્રવચન પહેલાં, તાં. ૧૫-૩-૮૩ના રોજ એક અંગ્રેજી પ્રવચન આપવા પૂ.શ્રીને વિનંતિ કરવામાં આવી. પરિણામે, પ્રવચન નક્કી થયું.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૧૬

**તા. ૧૨-૩-૮૩, શનિવાર, ફાગણ વદ તેરશ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે ભોજન બાદ મુલાકાતમાં એક ભાઈ પૂ.શ્રીને મળે છે. પૂ.શ્રી તેમની સાથે બહાર બાગમાં સૂર્યનારાયણના પ્રકાશમાં બેઠા છે.

તે ભાઈ ભગવાન શંકરને માને છે. તેમને પૂ.શ્રીએ મંત્ર આપ્યો છે. તેઓ નિયમિત ધ્યાનમાં બેસે છે. એ અંગે અને પ્રાણાયામ અંગે તેઓ પૂ.શ્રી પાસેથી થોડું માર્ગદર્શન મેળવે છે.

બપોરે પૂ.શ્રી થોડો આરામ કરે છે. આજે પણ સમૂહ-ધ્યાનનો કાર્યક્રમ થયો. તે સમયે, આવતી કાલના એક દિવસના ધ્યાન-શિબિરના કાર્યક્રમની જાણ કરવામાં આવી.

આજે આઠ વાગ્યે ભારત હૉલમાં પ્રવચન હતું. આજનો વિષય શક્તિપૂજાનો હતો. પ્રવચન બાદ પૂ.શ્રીએ શિબિરની વાતો કરી.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. દૂધ-ફળ લઈને આરામ.

* * હરિઃ ૐ * *



## દિન ૧૧૭

**તા. ૧૩-૩-૮૩, રવિવાર, ફાગણ વદ ચૌદશ ૨૦૩૯**
**ડરબન શહેર**

શ્રી શાંતિભાઈની વિશેષ ઈચ્છાને લક્ષમાં લઈ આજે એક દિવસની ધ્યાન-સાધના શિબિરનું આયોજન થયું હતું. હિન્દુ એસોસીએશનના હૉલમાં તે કાર્યક્રમ ગોઠવાયો.

સવારે સાડા સાતથી આઠ શ્રી ભગુભાઈની મંડળીએ ભજનકીર્તનનો સુંદર કાર્યક્રમ કર્યો.

આઠ વાગ્યે અમે ઉતારા ઉપરથી ત્યાં પહોંચી ગયાં. બપોરે ઉતારા ઉપર આવવાને બદલે શહેરમાં જ આરામ લેવાનું ને બપોરનું ભોજન લેવાનું હતું. જેથી અમે ભાખરી ને શાકનું ભોજન સવારે ઉતારા ઉપર તૈયાર કરી દીધું હતું.

આઠ વાગ્યે હૉલમાં પહોંચ્યાં ત્યારે શ્રોતાવર્ગ ધૂનની મસ્તી માણતો હતો. એકત્રીસ બહેનો અને તેત્રીસ ભાઈઓએ એમાં ભાગ લીધો હતો.

આઠથી સાડા આઠ સમૂહ-પ્રાર્થનાનો કાર્યક્રમ હતો. એમાં મેં પ્રાતઃ સ્તવનના શ્લોકો ગાયા અને 'અશરણશરણ તમે છો સાચે' ભજન ગવડાવ્યું.

પૂ.શ્રીએ ધ્યાનની બેઠક ૐકારથી શરૂ કરી સાડા આઠથી સાડા નવ સુધી ચલાવી. છેલ્લા ત્રણ દિવસથી સમૂહ-ધ્યાન શ્રી સપ્તાહ મંદિરમાં થાય છે. તેથી ખાસ વિશેષ સૂચનાઓ ધ્યાનની બેઠકમાં આપવાની ન હતી.

એક કલાકના ધ્યાન બાદ પૂ.શ્રીએ 'સાધકે શું કરવાનું' એ અંગે થોડી વાતો કરી. શિબિરની પણ થોડી વાતો થઈ. ત્યારબાદ પૂ.શ્રીએ યોગ સ્કૂલના મદદનીશ સંચાલક શ્રી હીરાભાઈને થોડાં આસનો બતાવવાની સૂચના આપી, જેથી શ્રી હીરાભાઈએ શીર્ષાસન, સર્વાંગાસન વગેરે આસનો સુંદર રીતે કરી બતાવ્યાં.

પૂ.શ્રીએ થોડી હળવી કસરતો સૌને કરાવી.

ત્યારબાદ દશ મિનિટના વિશ્રામ બાદ પાંચ મિનિટ માટે ધૂન થઈ.

ફરીથી બીજી બેઠક 'ભજ મન રાધે ગોવિંદા'ની સમૂહધૂનથી થઈ.

દશ પાંત્રીસથી અગિયાર પાંત્રીસ સુધી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ થયો.

પ્રશ્નો સાધકોએ લખીને આપ્યાં. પૂ.શ્રી મળેલા કાગળ હાથમાં લઈને એક પછી એક પ્રશ્નોના ઉત્તર આપતા હતાં. પ્રશ્નોત્તરી નીચે મુજબ હતી:

**પ્રશ્ન :** બધા મંત્રો ભગવાનના છે છતાં કોઈ પાંચ, કોઈ બાર, તો કોઈ બત્રીસ અક્ષરના મંત્રો છે. તો શું અક્ષરો પ્રમાણે મંત્રોમાં શક્તિ છે?

**પૂ.શ્રી :** મંત્રો બધા જ સારા છે. અક્ષરોમાં ફેર, પણ કોઈ મંત્રની શક્તિમાં તફાવત નથી. કોઈ બાર, પાંચ કે બત્રીસ અક્ષરવાળા મંત્રો છે. એમાંથી જે મંત્ર આપણને વધુ પ્રિય હોય તે જપવો.

**પ્રશ્ન :** મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણે અર્જુનને અહિંસાનો ઉપદેશ કેમ ન આપ્યો? તે યુગમાં અહિંસાનો પ્રચાર ન હતો? ગાંધીજી અહિંસાથી સ્વતંત્રતા મેળવી શક્યા, તો શ્રીકૃષ્ણ અહિંસાનો પ્રયોગ કેમ ન કરાવી શક્યા?

**પૂ.શ્રી :** આમાં સમજફેર છે. ગીતાને બરાબર વાંચો. ભગવાને અહિંસાની વાતો કરી છે. ગીતામાં ભગવાને કહ્યું છે: 'અદ્વેષ્ટતા સર્વભૂતાનામ્' એટલે કે સૌમાં પ્રભુને જોવા અને મનને શાંત રાખવું. જોકે એ ઉપદેશની તુલનાએ અર્જુન, પાંડવો કે કૌરવો એ ભૂમિકાએ પહોંચ્યા નથી.

હવે બીજી એક વાત સમજો કે, આપણે કોઈનું પચાવી ન પાડીએ પણ આપણું કોઈ પચાવી પાડે તો? તે સંજોગોમાં, આપણે મનમાં શત્રુતા-દ્વેષ રાખ્યા વિના આપણું જે છે તે પરત મેળવવા પ્રયત્ન કરવો.

આપણે સત્સંગમાંથી ઘેર જઈએ ત્યારે કોઈકે આપણું ઘર પચાવી પાડ્યું હોય તો શું કરવું? આપણામાં અહિંસાની તાકાત હોય તો તેને સમજાવીએ. પણ તે ન જ સમજે તો આગળ પગલાં લેવાં પડે. આપણે આપણી મિલકતનું રક્ષણ કરવું જ જોઈએ.

શ્રી કૃષ્ણે અર્જુનને એ જ કહ્યું છે: તારે કૌરવોનું રાજ્ય પચાવી પાડવાનું નથી. આ તો ધર્મની રક્ષા માટેનું યુદ્ધ છે.

ગાંધીજીની અહિંસા એ કાયરતાની ન હતી. એકલી અહિંસાથી જ આઝાદી નથી મળી. સુભાષચંદ્રનું બલિદાન, સેનાનો વિદ્રોહ, પ્રજાનો ત્યાગ અને ગાંધીજીનો પુરુષાર્થ વિગેરેને લીધે આઝાદી મળી છે.

એક સાપને ગુરુએ મંત્ર આપ્યો. સાપ મંત્રજપ કરવા લાગ્યો. તે કોઈને કરડે પણ નહીં. પરિણામે, લોકો સાપને પથ્થરોથી મારવા લાગ્યા, છતાં સાપ કશું જ ના કરે.

થોડા દિવસ પછી ગુરૂ ફરી મળ્યા. સાપની મરણતોલ દશા જોતાં પૂછ્યું કે, તારી આ દશા કેમ થઈ?

સાપ કહે કે, આપે કહેલું કે હિંસા ન કરવી ને જપ કરવા.

ગુરુએ કહ્યું: હિંસા ન કરવી એનો અર્થ એવો થોડો છે કે તારે તારું રક્ષણ પણ ન કરવું? કરડવું નહીં, ફૂંફાડો તો મારવો જ.

એટલે રક્ષણ પૂરતી જરૂરી હિંસા શરીરથી કરવી પડે, પણ મનમાં રાગદ્વેષ ન રાખવો. એ વાત ગીતા પણ શીખવે છે. કૌરવોએ પચાવી પાડેલું રાજ્ય પાંડવોને પાછું જોઈએ છે. બીજો રસ્તો નથી. તો યુદ્ધ કરવું જ પડ્યું.

**પ્રશ્ન :** મૂર્તિપૂજા શા માટે?

**પૂ.શ્રી :** મૂર્તિપૂજા તમને પ્રિય હોય તો તે કરો. એનાથી ભક્તિભાવ વધે તો તે કરો. મૂર્તિપૂજા પ્રભુનો ભક્તિભાવ વધારવા, શ્રદ્ધા વધારવા માટે છે, તો તેનો આધાર લો.

બધા જ શાળામાં ભણવા થોડા જાય છે? કોઈ હોશિયાર બાળકો જાતે જ ભણી લે છે. પણ શાળા એ સાધન તો છે જ, તેમ મૂર્તિ પણ પ્રભુને પામવાનું સાધન છે. તો તે સાધનનો ઉપયોગ કરવો હોય તો કરો.

**પ્રશ્ન :** મૂર્તિપૂજા ધ્યાન પછી કરવી કે પહેલાં કરી લેવી?

**પૂ.શ્રી :** પહેલાં મીઠાઈ પછી દાળભાત ખાવાં કે પહેલાં દાળભાત પછી મીઠાઈ ખાવી?-એના જેવો આ પ્રશ્ન છે. એનો આધાર ખાનારાની રુચિ ઉપર છે. પણ મારો અભિપ્રાય એવો ખરો કે, સવારની શાંતિનો સદુપયોગ કરી પહેલાં ધ્યાન કરી લેવું પછી પૂજાપાઠ કરવા.

**પ્રશ્ન :** પહેલાં ધ્યાન કે પહેલાં સ્નાન કરવું?

**પૂ.શ્રી :** બને તો સ્નાન કરીને જ ધ્યાનમાં બેસો. ખૂબ ઠંડી હોય તો હાથ-મોં ધોઈને બેસો.

**પ્રશ્ન :** માળા સાથે ધ્યાન થાય?

**પૂ.શ્રી :** હા, થઈ શકે.

**પ્રશ્ન :** ધ્યાન કરતી વખતે ભ્રૂકુટિની વચ્ચે દૃષ્ટિ સ્થિર કરવાની રહે છે, તો ત્યારે આંખની કીકી ક્યાં રાખવાની?

**પૂ.શ્રી :** આંખની કીકી તો જ્યાં હોય ત્યાં જ રાખવી, પણ મનની વૃત્તિ ઊંચી કરવાની છે. જ્યાં જોવાનું છે ત્યાં મનથી જોવાનું છે, આંખથી નહીં.

**પ્રશ્ન :** ધ્યાન માટે માળા જરૂરી છે?

**પૂ.શ્રી :** માળા જરૂરી નથી. મનની માળા ફેરવો. શ્વાસે શ્વાસે જપ કરો.

**પ્રશ્ન :** કોઈ ગુરૂ જાહેરમાં મંત્ર આપે છે અને કોઈ ગુરૂ ગુપ્ત રીતે મંત્ર આપે છે. તો, એવો ભેદભાવ શા માટે?

**પૂ.શ્રી :** ગુરૂ મંત્ર આપે તેમાં ગુપ્ત રાખવા જેવું તો કશું નથી. પણ ઘણીવાર આપણે જેને તેને કહેતા ફરીએ કે હું આ મંત્ર જપું છું, તો સામેની વ્યક્તિ ઘણીવાર આપણી શ્રદ્ધા ડગાવવાના જાણ્યે-અજાણ્યે પ્રયત્ન કરે. પરિણામે, કયો મંત્ર જપીએ છીએ તે જ્યાં ને ત્યાં કહેવાની જરૂર નથી.

**પ્રશ્ન :** મનને એકાગ્ર કરવા ખુલ્લી આંખે મૂર્તિ સામે જોયા કરીએ તો ચાલે?

**પૂ.શ્રી :** ખુલ્લી આંખે જોયા કરો. પ્રભુના રૂપને જોયા કરો તો તે પણ સારું છે. થોડીવાર પછી આંખ બંધ કરીને પણ બેસો.

**પ્રશ્ન :** ભારતમાં આધ્યાત્મિક જ્ઞાન ઘણું છે, છતાં ત્યાંના લોકો લાંચરુશ્વત, નફાખોરી, કાળાબજાર જેવાં અનિષ્ટ કામો કેમ કરે છે?

**પૂ.શ્રી :** ડૉકટરો સારા, દવા સારી, પણ દવા ખાય તો ફાયદો થાય ને?

શાળામાં હેડમાસ્તર જ મોડા આવતા હોય તો સામાન્ય શિક્ષકો શા માટે સમયસર આવે?

શાસક વર્ગ જ ભ્રષ્ટાચારી, જુઠાણું ચલાવનારો, છળકપટ કરનારો હોય તો પ્રજા પાસે શી આશા રાખી શકાય?

આપણે ત્યાં સંતો ખરા, તેમના ઉપદેશો પણ સારા. પણ તે પ્રમાણે ચાલનારા કેટલા?

**પ્રશ્ન :** શિવ, વિષ્ણુ, ગણપતિ એ બધા જુદા જુદા દેવો છે?

**પૂ.શ્રી :** એક જ શક્તિ છે. પણ જુદા જુદા નામે તે ઓળખાય છે.

**પ્રશ્ન :** સ્વર્ગ, બ્રહ્મલોક, વૈકુંઠ – એ બધા લોક ક્યાં આવ્યા?

**પૂ.શ્રી :** અહીં જ છે. સારું જીવન જીવો એટલે સ્વર્ગ. ભક્તિ કરો એટલે વૈકુંઠ.

**પ્રશ્ન :** ધ્યાન વખતે 'હું કોણ છું?' એવો પ્રશ્ન પૂછવાની આવશ્યકતા રહે છે?

**પૂ.શ્રી :** બધાએ તે પ્રશ્ન પૂછવાની જરૂર નથી. અહં ક્યાંથી આવે છે તે શોધો.

**પ્રશ્ન :** ધ્યાન કરનારે પૂજાપાઠ છોડી દેવા?

**પૂ.શ્રી :** પૂજાપાઠ ન છોડવા. જેમ ભોજનમાં રોટલી દાળની વચ્ચે નથી આવતી તેમ પૂજાપાઠ ધ્યાન-સાધનાની વચ્ચે નથી આવતા.

**પ્રશ્ન :** શક્તિપાત દીક્ષા એટલે શું?

**પૂ.શ્રી :** સંત પાસે બેસીએ, તે મંત્ર આપે, અને એની શક્તિ કામ કરે. આપણને નવી શક્તિ મળે. સંત પાસે બેસવાનો થાક ન લાગે. આ શક્તિનો સંચાર કહેવાય. સંતના પરમાણુઓ આપણને અસર કરે, શાંતિ આપે, પ્રેરણા આપે, સુષુપ્ત શક્તિ જગાડે તે શક્તિપાત કહેવાય.

**પ્રશ્ન :** ધર્મ, ભક્તિ અને દાન – એમાં ઉત્તમ વસ્તુ કઈ કહેવાય?

**પૂ.શ્રી :** મોહનથાળ, લાડુ ને લાપસી એ ત્રણમાં ઉત્તમ શું? – એના જેવો આ પ્રશ્ન છે. ત્રણે ઉત્તમ છે. ધર્મ પ્રમાણે ચાલીએ તો ધર્મ ઉત્તમ. ભાવ સાથે ભક્તિ કરીએ તો ભક્તિ ઉત્તમ. ત્યાગભાવે દાન કરીએ તો દાન ઉત્તમ.

**પ્રશ્ન :** મોહ અને વાસના શી રીતે દૂર થાય?

**પૂ.શ્રી :** પ્રભુભક્તિથી મોહ ને વાસના દૂર થાય.

**પ્રશ્ન :** જીવ અને શિવ એક કહેવાય, તો કૂતરાં-બિલાડાં શું કહેવાય?

**પૂ.શ્રી :** જીવ અને શિવ મૂળભૂત રીતે એક છે; પણ તે મૂળ રૂપનો અનુભવ થતો નથી તેથી જુદા જુદા લાગે છે.

**પ્રશ્ન :** દીક્ષાગુરુ હયાત ન હોય તો બીજા ગુરૂ કરવા જરૂરી છે?

**પૂ.શ્રી :** પત્ની જીવે છે તો બીજી પત્નીની જરૂર છે? એ તો છૂટાછેડાની જ કથની થઈ ને? સદ્‌ગત ગુરૂ આત્મારૂપે હયાત છે એમ માનો. બીજા ગુરૂ કરવાની જરૂર નથી. સંતો શરીરથી ન હોય, પણ તે બ્રહ્માંડમાં તો છે. અનંત જન્મો સુધી ગુરુનો સંબંધ ચાલુ જ રહે છે.

**પ્રશ્ન :** મને જે ઉત્તમમાં ઉત્તમ મંત્ર હોય તે આપો.

**પૂ.શ્રી :** જેમણે આ પ્રશ્ન પૂછયો હોય તે મને પાછળથી મળે. વાસ્તવમાં ઉત્તમમાં ઉત્તમ મંત્ર એક જ છે: કમ ખાઓ ગમ ખાઓ. પણ જો જો, આજે એવું ના કરશો. આજે તો મોહનથાળ જમવાનો છે. આજે બરાબર ખાજો. કાલથી કમ ખાજો.

બીજી વાત - કોઈ કંઈ કહે તો સામે ટપાટપ જવાબ ન આપો. એ સંસારમાં ઉત્તમમાં ઉત્તમ મંત્ર છે.

૧૧-૩૫ સુધી પ્રશ્નોત્તરી ચાલી. બધાને ખૂબ આનંદ આવ્યો.

૧૧-૩૫ થી ૧૨ વાગ્યા સુધી ધ્યાનની બેઠક થઈ. પછી સૌ છૂટાં પડ્યાં.

મંચ ઉપરની બેઠકો ઉપરથી અમે ઊભાં થયાં. મંચ ઉપર પાછળ પીળા રંગનો સુંદર ૐકાર હતો. એક બાજુ તબલાં, હારમોનિયમ સાથેની ભજન-મંડળી પણ હતી. જે ભજન ગવડાવીને ધ્યાન સમયે નીચે જતી હતી. હૉલમાં તોરણો પણ હતાં. સૌ પ્રણામ કરીને ઊભાં થયાં.

આજે જે સાધક ભાઈબહેનોએ શિબિરમાં ભાગ લીધો હતો તે સૌને ડરબનમાં જાણીતા સદ્‌ગૃહસ્થ શ્રી વલ્લભભાઈ દેવશીભાઈ તરફથી મોહનથાળ સાથેનું ભોજન મળવાનું હતું. શ્રી વલ્લભભાઈનો એક નિયમ ઘણો સારો છે. તેમને જે કોઈ ‘જય શ્રીકૃષ્ણ’ કહે તેમને તેઓ બદામ આપે. વિદ્યાર્થીઓ કે આફ્રિકનો કે ગુજરાતીઓ ‘જય શ્રીકૃષ્ણ’ બોલે એટલે તેમને તેઓ બદામ આપે. તે સદ્‌ગૃહસ્થ અમને ‘જય શ્રીકૃષ્ણ’ કહીને દરરોજ પ્રવચનને અંતે બદામો આપે એટલે અમે તેમને બદામવાળા તરીકે ઓળખીએ.

અમે હિન્દુ એસોસીએશનના હૉલમાંથી વિદાય લીધી. ત્યાંથી સામેની બે શેરીઓ પસાર કરીને સી.એન.આર. હાઉસમાં આવી ગયાં.

સી.એન.આર. હાઉસ શ્રી રતિભાઈની ભવ્ય ઈમારત છે. એના આઠમા માળે ઉપર અલગ બે ઓરડાનો સ્વતંત્ર બ્લૉક છે. તેમાં આજે અમારે બપોરનો આરામ લેવાનો હતો. સવારે બનાવેલું ભાખરી-શાકનું ભોજન ત્યાં લીધું.

બહારના ઓરડામાં શ્રી રામકૃષ્ણદેવ, સ્વામી વિવેકાનંદજી અને શ્રી શારદામાતાની તસવીરો શોભી રહી હતી. અમે એ જ ઓરડામાં બપોરનો આરામ કર્યો.

ફરીથી ત્રણ વાગ્યે શિબિરના સ્થળે હાજર થયાં, ત્યારે હૉલમાં સમૂહધૂન ચાલી રહી હતી. માર્ગમાં દાદર ઉપર ચઢતાં જ શ્રી શાંતિભાઈએ કહ્યું કે, બધાં ભાઈબહેનોની ઈચ્છા છે કે અહીં એક ધ્યાન કેન્દ્ર ચાલુ થાય.

પૂ.શ્રીએ કહ્યું કે, એ સારી પ્રવૃત્તિ છે. તમે બધા વિચાર કરીને નક્કી કરો.

હૉલમાં અમારા પ્રવેશ પછી સમૂહ-ધૂનનો કાર્યક્રમ પૂર્ણ થયો. પૂ.શ્રીએ ‘સરળ ગીતા’ વિશે વાતો કરી. ૩-૧૫ થી ૩-૪૫ સુધી ગીતાપાઠ મેં સમૂહમાં કરાવ્યો. પછી, ૩-૪૫ થી ૪-૫૦ સુધી સાધનાત્મક અનુભવો અને પૂ.શ્રીની માતૃભક્તિની વિશેષ વાતોને વણી લેતો એક વાર્તાલાપ મેં આપ્યો. ત્યાર બાદ ધ્યાનની અર્ધા કલાકની છેલ્લી બેઠક થઈ.

પૂર્ણાહુતિમાં આભારદર્શન થયું. સાધકોને ફળોનો રસ ને ફળોનો અલ્પાહાર અપાયો.

અમે ફરીથી સી.એન.આર. હાઉસમાં આવી ગયાં. આરામ કરતાં કરતાં પુસ્તકો જોયાં.

આઠ વાગ્યે ભારત હૉલમાં ‘શક્તિપૂજા’ ઉપર પ્રવચન થયું. ઉતારા ઉપર આવી દૂધ લઈ આરામ કર્યો. કેનેડાથી શ્રી સુરેશભાઈએ ફોન પર વાતો કરી. ધ્યાનની શિબિર આજે આ રીતે પરિસમાપ્તિએ પહોંચી. શ્રી શાંતિભાઈના ઉત્સાહ, ઉમંગ અને પુરૂષાર્થથી એ શિબિર સફળ થઈ. તેમને એક સત્કર્મ કર્યાનો સંતોષ થયો. ડરબનની જનતાએ પણ એ સત્કર્મમાં આનંદથી ભાગ લીધો. ગુજરાતી ભાઈબહેનો એ આ રીતે પ્રથમવાર શિબિરનો આનંદ લીધો.

એક જ દિવસની શિબિરનો પણ લોકોને સારો લાભ મળ્યો.

*

શિબિરની પ્રચાર-પત્રિકા આ રીતે પ્રગટ થઈ હતી.

-------------------------------------------

**શ્રી સુરત હિંદુ એસોસીએશન * શ્રી સંત પુનિત સેવા સંઘ**

ડરબન શહેરમાં પ્રથમવાર ગુજરાતી જનતા માટે

## ધ્યાન શિબિર

શ્રી વ્યાસપીઠ અધ્યક્ષ : **શ્રી મહાત્મા યોગેશ્વરજી**

શુભ દિવસ : રવિવાર, તા. ૧૩-૩-૧૯૮૩

શુભ સમય : સવારે ૭-૧૫ થી સાંજના ૭-૧૫ વાગ્યા સુધી

શુભ સ્થળ : શ્રી સુરત હિન્દુ એસોસીએશન હોલ, ૧૨૭, વિક્ટોરીયા સ્ટ્રીટ, ડરબન

કાર્યક્રમ : સમૂહ પ્રાર્થના, ધ્યાન, હળવી કસરતો, સાધકોને સૂચના, ભજન, કીર્તન, પ્રવચનો, સમૂહ ગીતાપાઠ, સાધકોને મૂંઝવતા પ્રશ્નો - તેના યોગ્ય જવાબ અને ઉપચાર

શ્રી મા સર્વેશ્વરી આ માર્ગ ઉપર થયેલા અનુભવો અને એમના તરફથી યોગ્ય સૂચનાઓ. સાધના ઉપર શ્રી મહાત્મા યોગેશ્વરજીનું માર્ગદર્શક પ્રવચન અને શાંતિપાઠ.

**સાધકોને સૂચના :**

૧. બેસવા માટે યોગ્ય સાધન લાવવું.

૨. સમયસર પવિત્રપણે હાજર રહેવું.

૩. નામની નોંધ અધિકારી પાસે કરાવવી

**વિનંતી :** આ પ્રથમ ગુજરાતી શિબિરને તેજસ્વી બનાવવા અનુભવી મહાત્મા પાસે યોગ્ય માર્ગદર્શન લેવા, એમની આશિષ પ્રાપ્ત કરવા અને તમારા ભક્તિમાર્ગને સરળ અને ઉત્તમ બનાવવા આ સુંદર તક ન ચૂકવા ઉપરોક્ત મંડળો આગ્રહપૂર્વક આમંત્રણ પાઠવે છે.

- લિ. અધિકારીઓ

-------------------------------------------

* * હરિઃ ૐ * *

## દિન ૧૧૮

**તા.૧૪-૩-૮૩, સોમવાર, ફાગણ વદ અમાસ, ૨૦૩૯**

**ડરબન**

આજે હંમેશ મુજબ નિત્યકર્મ થયું.

ભોજન બાદ આજની મુલાકાતમાં એક ડૉકટર મળવા આવે છે. પૂ.શ્રીની આંખે આંજણી થઈ છે. તેથી તેઓ તેની સારવાર માટે તૈયાર થાય છે, પરંતુ પૂ.શ્રી ના પાડે છે.

ઉતારાની બાજુના મકાનમાં ઉત્તરપ્રદેશના એક ભાઈ રહે છે. તેમને ત્યાં સિંદૂરનું વૃક્ષ છે તેના ફળમાંથી સિંદૂરનાં બી કાઢીને તેમણે તેનો મલમ બનાવ્યો. તે પણ પૂ.શ્રીને લગાડવાનો ના ફાવ્યો.

સાંજે સમૂહ-ધ્યાનની બેઠક દરરોજની જેમ સપ્તાહ મંદિરમાં થઈ. ત્યાં પૂ.શ્રી આંખ બંધ કરીને બેઠા. ત્યારે જ આંખની તે આંજણી ફૂટી ગઈ.

ભારત હૉલમાં દરરોજની જેમ આજે ‘શક્તિપૂજા’ ઉપર પ્રવચન થયું. માનવરૂપે રાક્ષસી વૃત્તિવાળા માનવો આજે પણ વસે છે, તે ઉપર પૂ.શ્રીએ સુંદર સમજ આપી.

પ્રવચન બાદ આરતી થઈ. પછી સૌ છૂટાં પડ્યાં.

અમે ઉતારા ઉપર આવીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૧૯

**તા. ૧૫-૩-૮૩, મંગળવાર, ફાગણ સુદ એકમ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે સવારે દશ વાગ્યે ડરબનની વેસ્ટવીલ યુનિવર્સિટીના હિન્દુ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટ અને ઈન્ડિયન ફિલોસોફી વિભાગ તરફથી પૂ.શ્રીનું એક નાનકડું પ્રવચન ગોઠવાયું હતું.

આજના ટૂંકા પ્રવચન અંગે યુનિવર્સિટીએ આ રીતે માહિતી પરિપત્રિત કરી હતી :

----------------

**University of Durban, Westville**

DEPARTMENT OF HINDU STUDIES

and

DIVISION OF INDIAN PHILOSOPHY

(of the Department of Philosophy & Political Science)

invite you to a SHORT TALK on

**INDIAN PHILOSOPHY & RELIGION**

By

**MAHATMA YOGESHWARJI** (of India)

**Date** : Tuesday, 15 March 1983

**Time** : 11:00 (Fifth Lecture period)

**Venue** : L820

----------------

યુનિવર્સિટીના એલ વિભાગના આઠમા માળે વીસ નંબરના ઓરડામાં પ્રવચન ગોઠવાયું હતું.

અમે પોણા દશ વાગ્યે બીજા મકાનના સાતમા માળે લિફ્ટમાં શ્રી રતિભાઈ સાથે પહોંચી ગયા. શ્રી ગુરુદેવ નામના એક ગુજરાતી પ્રોફસરની ઓફિસમાં અમે ગયાં ત્યારે ત્યાં શ્રી નરદેવભાઈ વેદાલંકાર પણ મળ્યાં. વળી, એક અંગ્રેજ પ્રોફેસર પણ મળ્યાં.

અંગ્રેજ પ્રોફેસરે પૂ.શ્રીને હાથ જોડીને નમસ્કાર કર્યા. પછી વાતચીત કરતાં કહ્યું કે, અમારા દેશમાં ગરમી કેવી લાગે છે?

પૂ.શ્રીએ કહ્યું: અમને તો બહારની ગરમી પણ સતાવતી નથી, કારણ કે અમને માનસિક કે શારિરીક કોઈ ગરમી જ નથી. શાંતિ જ શાંતિ છે.

વળી, તાજેતરમાં નીકળેલી ગાંધીજીની ફિલ્મ વિશે થોડી વાતો થઈ.

ત્યારબાદ એલ નંબરના મકાનના આઠમા માળે અમે લિફ્ટમાં ગયાં. ત્યાં વિદ્યાર્થીઓના ઓરડામાં પૂ.શ્રીએ પ્રવચન આપ્યું. પ્રવચનની શરૂઆતમાં એક વિદ્યાર્થિનીએ ‘ગુરુસ્તોત્ર’ ગાઈ સંભળાવ્યું. પૂ.શ્રીએ એના

ઉપર જ નાનકડું પ્રવચન આપ્યું. જેમાં 'સા વિદ્યા યા વિમુક્તયે' સૂત્ર સમજાવ્યું. વળી, 'મૂકમ્ કરોતિ વાચાલમ્'થી વિપરીત 'વાચાલમ્ કરોતિ મૂકમ્' – બહુ વાચાળને મૂંગા બનાવી દે છે એ અર્થ પણ સમજાવ્યો.

પછી પ્રશ્નોત્તરી થઈ. વિદ્યાર્થીઓ પૈકી બે વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછ્યા:

(૧) યજ્ઞમાં થતી બલિદાનની હિંસા અંગે આપ શું માનો છો?

(૨) રંગભેદની નીતિ વિશે આપ શું માનો છો?

પૂ.શ્રીએ એના સંતોષકારક રીતે જવાબ આપ્યા.

આભારદર્શન બાદ ફરીથી બીજા મકાનમાં આવેલા સ્ટાફ-રૂમમાં આવી ગયાં.

ત્યાં આવતાં જ ફિલોસોફીના હેડ, જેઓ અંગ્રેજ પ્રોફેસર હતા તેમણે વાત કરતાં પૂછ્યું કે, આપ દૂધ, જ્યૂસ કંઈક લેશો ને?

પૂ.શ્રીએ પોતાની લાક્ષણિક રીતે જવાબ આપતાં કહ્યું : અમે તો હંમેશા અમૃત જ પીએ છીએ. પ્રભુના નામનું અમૃત પીવામાં જ અમને તો આનંદ છે.

સ્ટાફ-રૂમમાં સંસ્કૃત વિભાગના હેડ, ફિલોસોફીના હેડ, ગુજરાતીના પ્રોફેસર શ્રી નરદેવભાઈ ઉપરાંત શ્રી જયંત દેસાઈ તથા બીજા બે દક્ષિણ ભારતીય પ્રોફેસરો સાથે નાનકડો વાર્તાલાપ થયો. જેમાં ભારતના શિક્ષણક્ષેત્ર અને શાસનકર્તાઓની વર્તણૂક ઉપર પૂ.શ્રીએ સુંદર વક્તવ્ય આપ્યું. અંતે આભારદર્શન બાદ ત્યાંથી છૂટાં પડ્યાં.

શ્રી જયંત દેસાઈ તથા શ્રી ગુરુદેવ અમને યુનિવર્સિટીના વિશાળ મેદાનમાં નીચે સુધી વિદાય આપવા આવ્યા.

યુનિવર્સિટીમાં ભારતીય સંસ્કૃતિના ગ્રંથોનો પણ અભ્યાસ થાય છે. એ જ મેદાનમાં મસ્જીદ બંધાઈ ગઈ છે. હિન્દુ મંદિર માટે યોજના ચાલુ છે. આ દેશની સરકાર ધર્મના શિક્ષણ માટે સ્વતંત્રતા આપે છે. ગુજરાતી શાળામાં પણ શ્રી નરદેવભાઈ વેદાલંકારે 'ધર્મપોથી' પુસ્તકનો અભ્યાસક્રમ ચાલુ કરાવ્યો છે.

ઉતારા ઉપર પંદર મિનિટમાં આવી ગયાં. રિઝર્વહીલનો અમારો ઉતારો યુનિવર્સિટીથી ઘણો નજીક હતો.

ઉતારા ઉપર આવીને ખીચડી ને કઢીનું ભોજન બનાવ્યું. ભોજન બાદ અર્ધો કલાક શ્રી શાંતિભાઈ, શ્રી ડાહ્યાભાઈ, શ્રી રતિભાઈ સાથે સત્સંગના આયોજનની થોડી વાતો થઈ.

બપોરે થોડો ફરજિયાત આરામ લીધો. ત્યારબાદ સાડા છ વાગ્યે સમૂહ-ધ્યાનની છેલ્લી બેઠક માટે સપ્તાહ મંદિરમાં જવા માટે નીકળ્યાં.

આઠ વાગ્યા સુધી ધ્યાનની સમૂહ બેઠક થઈ. પુનિત સેવા સંઘના કાર્યકર્તાઓના નિર્ણયને પૂ.શ્રીએ જાહેર કરતાં કહ્યું કે, અહીં ધ્યાન કેન્દ્ર શરૂ થશે, જેનું સંચાલન પુનિત સેવા સંઘના કાર્યકર્તાઓ કરશે.

સમયસર ભારત હૉલમાં પહોંચી ગયાં. ત્યાં આજે યોગ સ્કૂલ તરફથી આસનો બતાવવાનો કાર્યક્રમ થયો, જે પંદર મિનિટને બદલે એક કલાક ચાલ્યો, ત્યારબાદ પૂ.શ્રીએ શ્રોતાઓને પૂછ્યું કે, આજે ઘણું મોડું

થયું છે. તો પ્રવચન સાંભળવું છે? સૌની સંમતિ મળતાં પોણો કલાક અંગ્રેજીમાં 'ધ્યાનયોગ' ઉપર પૂ.શ્રીએ પ્રવચન કર્યું.

પ્રવચન બાદ વિદાય લીધી. ઉતારા ઉપર આવી ગયાં. ત્યારે રાતના અગિયાર વાગી ગયાં હતાં.

વિદેશની ભૂમિ ઉપર આવવાનું પૂ.શ્રીને ગમે છે, પણ આ રીતે દરરોજ મોડું થાય તે ગમતું નથી. પણ સંજોગો પ્રમાણે અનુકૂળતા-પ્રતિકૂળતા ચાલ્યા કરે છે.

* * હરિઃ ૐ * *

## દિન ૧૨૦

**તા. ૧૬-૩-૮૩, બુધવાર, ફાગણ સુદ બીજ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે મળસ્કે અમેરીકાથી સમાચાર મળ્યા કે, સર્વેશ્વરીનાં માતાજી હૉસ્પિટલમાં છે. તેથી અમેરિકા ફોન ઉપર વાત થઈ. વળી પૂ.શ્રીની મંજૂરી મળતાં ભારત દેશમાં વ્યારા હૉસ્પિટલમાં પણ ફોનથી વાત થઈ. સમાચાર જાણ્યા. વળી, ટેલિગ્રામ પણ શ્રી શાંતિભાઈ મારફત થયો.

આજે મુલાકામાં એક દંપતી મળવા આવે છે. પૂ.શ્રી પાસે મંત્ર અંગે માર્ગદર્શન માગે છે. પૂ.શ્રી બહાર બાગમાં બેસીને તેમની સાથે વાતો કરે છે.

બપોરે ગોળ, ભાખરી ને ચણાના શાકનું ભોજન લઈએ છીએ.

હું બપોરના આરામને બદલે ત્રણ દિવસની ડાયરીનું લેખન કરી લઉં છું.

સાંજે સમયસર પ્રવચન થયું.

આજે ભારતની વ્યારા હૉસ્પિટલમાં ફોનથી તબિયતના સમાચાર જાણ્યા. ફોનની સગવડથી તરત જ દૂર દૂર વાતો થઈ જાય છે. એવી સગવડનો ઉપયોગ આગ્રહ કરીને કરાવવા માટે શ્રી રતિભાઈને અનેક અભિનંદન ઘટે છે.

* * હરિઃ ૐ * *

## દિન ૧૨૧

**તા. ૧૫-૩-૮૩, મંગળવાર, ફાગણ સુદ એકમ ૨૦૩૯**
**ડરબન શહેર**

સવારે નિયમિત નિત્યકર્મ થયું. આજે મુલાકાત માટે એક બહેન આવ્યાં હતાં. ખીચડી ને શાકના ભોજન બાદ શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં સ્વામીજી શ્રી શિવપાદાનંદજીની મુલાકાત લેવા જવાનું હતું.

બપોરે લગભગ દોઢ વાગ્યે એસેવીલના રામકૃષ્ણ સેન્ટરમાં પહોંચ્યાં ત્યારે સ્વામીજી પોતાની બેઠક ઉપર બેઠા હતાં. સ્વામી શારદાનંદજી પણ ત્યાં હતાં. હંમેશની જેમ સ્વામી શિવપાદાનંદજી આનંદપૂર્વક પ્રેમથી ઊભા થઈને સામે લેવા આવ્યા. હંમેશની જેમ નીચા નમીને નમસ્કાર કર્યા અને પૂ.શ્રીને પોતાની જ બેઠક ઉપર બેસાડવા લઈ ગયાં.

કૈલાસ આશ્રમ, શ્રી રામકૃષ્ણદેવ, શ્રી વિવેકાનંદ વિગેરેની વાતો થાય છે. પૂ.શ્રી સમક્ષ દૂધનો પ્યાલો સ્વાગતમાં મુકાય છે. પૂ.શ્રી તે પીએ છે. પછી, થોડી વારે ત્યાંથી વિદાય લઈને અમે ઉતારા ઉપર આવી જઈએ છીએ. આજે અવોકાના રામકૃષ્ણ સેન્ટરમાંથી શ્રી રામકૃષ્ણ પરમહંસની બંગાળી ફિલ્મની વિડીઓ કેસેટ પણ અમે ઉતારા ઉપર લઈ આવીએ છીએ.

આજે પ્રવચન સ્થળે સમયસર પહોંચી ગયાં. પ્રવચન બાદ સમૂહધ્યાનનો કાર્યક્રમ થયો. પૂ.શ્રીએ ધ્યાનની બેઠકનું જે સંચાલન કર્યુ તેની વ્યવસ્થિત રીતે કેસેટ તૈયાર થઈ છે. તે કેસેટ મારફતે અહીંનું ધ્યાન કેન્દ્ર મહિનાના બીજા શનિવારે ધ્યાનની બેઠકનું આયોજન કરશે.

પ્રવચન અને ધ્યાનની બેઠક બાદ, સાડા દશ વાગી ગયા હોવાથી અમે ત્યાંથી વિદાય લઈ ઉતારા ઉપર આવી ગયાં.

રાત્રે અગિયાર વાગ્યાથી રાતના એક વાગ્યા સુધી શ્રી રામકૃષ્ણ પરમહંસની જૂની બંગાળી ફિલ્મ જોઈ. ભાષા તો સમજાય નહીં, પણ તે ગમી. ભાવભક્તિવાળી એ સુંદર ફિલ્મ હતી. તેથી પૂ.શ્રીને પણ કંટાળો ના આવ્યો. ફિલ્મ ત્રણ કલાકની હતી. પણ ઉજાગરો ઘણો થાય એ ગણતરીએ થોડી બાકી છે તે ફિલ્મ આવતી કાલે જોઈશું એમ વિચારીને આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૨૨

**તા. ૧૮-૩-૮૩, શુક્રવાર, ફાગણ સુદ ચોથ ૨૦૩૯**
**ડરબન શહેર**

સવારે એ જ નિત્યક્રમ રહ્યો.

આઠ વાગ્યે ઝામ્બિયા ફોનથી વાત કરી. કપૂરા માતાજીની ગંભીર માંદગીની વાતો આજકાલ થઈ રહી છે. પૂ.શ્રીએ પોતાનો અંગત અભિપ્રાય જણાવી દીધો છે. વળી, અમેરિકાથી પણ માતાજીની માંદગીના સમાચાર આજે ફોનથી મળ્યા.

સાડા બાર વાગ્યે ઘણાં ભાઈબહેનો પૂ.શ્રીને મળવા આવે છે.

પૂ.શ્રી અમેરિકાથી ફોન આવે છે તેથી હિંમત આપતી વાતો કરે છે. મુલાકાતમાં નારાયણ સ્વામીની અને 'પ્રકાશના પંથે'ની થોડી વાતો થાય છે.

બપોરે શ્રી રામકૃષ્ણદેવની ગઈ કાલની અધૂરી ફિલ્મ બે થી ત્રણ, એમ એક કલાક જોઈએ છીએ.

પછી થોડો આરામ કરીએ છીએ. સાંજે સમયસર પ્રવચન-સ્થળે પહોંચી જઈએ છીએ. પૂ.શ્રી આજકાલ 'સંતોનો સમાગમ' ઉપર પ્રવચનો આપી રહ્યા છે. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં.

બટાકાની કાતરી, કેરી ને દૂધ લઈ આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૨૩

**તા. ૧૯-૩-૮૩, શનિવાર, ફાગણ સુદ પાંચમ ૨૦૩૯**
**ડરબન શહેર**

આજે સવારે એ જ નિત્યક્રમ રહ્યો. ખીચડી ને શાકનું ભોજન બનાવીને દરરોજની જેમ લઈ લીધું.

આજે બે-ત્રણ બહેનો મળવા આવે છે. તે પૈકીની બે બહેનોએ મંત્ર લીધો.

બપોરે થોડો આરામ કરી તૈયારી કરી. ત્રણ વાગ્યે અવોકાના શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં જવાનું હતું. તેથી ત્યાં સાડા ત્રણે પહોંચી ગયા. સ્વામી શારદાનંદજી સાથે થોડીવાર વાતો કરી, જેમાં સ્વામી યોગાનંદ, વિવેકાનંદ વિગેરેની વાતો થઈ.

સ્વામી શિવપાદાનંદજીને મળવાનું હતું. પરંતુ તેઓ કોઈક કારણસર મોડા પડ્યા. તેઓ અમને રામકૃષ્ણ મંદિરના હૉલમાં લઈ ગયાં. તેમણે સૌને ઊભા થઈને નમસ્કાર કરવાની સૂચના આપી. પૂ.શ્રી પોતાની બેઠક ઉપર બેઠા, એટલે સ્વામી શિવપાદાનંદજીએ પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પછી સૌને બેસી જવાની સૂચના આપી.

હૉલ આખોયે ભરાયેલો હતો. સૌ બેસી ગયાં. એક નાનકડી છોકરીને ધૂન ગવડાવવાની સ્વામીજીએ સૂચના આપી. તે છોકરીએ ધૂન ગવડાવી. પછી એક યુવાને શ્રીકૃષ્ણની ધૂન ગવડાવી. અંતે ખુદ સ્વામીજીએ 'ૐ તત્સત્'ની ધૂન બોલાવી. પછી તેમણે સ્વાગતનો નાનકડો વાર્તાલાપ આપી, પૂ.શ્રીને પોતાનું પ્રવચન શરૂ કરવા વિનંતિ કરી.

પૂ.શ્રી ઊભા થયા. પાસે જ પ્રવચન કરવાનું ટેબલ હતું, જ્યાં પૂ.શ્રી ઊભા રહ્યાં. એક કલાક સુધી એકધારી મધુર જ્ઞાનસભર વાણીનો પ્રવાહ પૂ.શ્રીના મુખેથી વહેતો રહ્યો. આજનો વિષય 'આત્મજ્ઞાન અને શ્રી રામકૃષ્ણ' હતો. અંગ્રેજી પ્રવચનોની માળાનો આજનો આ છેવટનો મણકો હતો. આજના પ્રવચનમાં પૂ.શ્રીએ ભારતીય સંતોની પરંપરામાં શ્રી રામકૃષ્ણદેવના વિશિષ્ઠ સ્થાનની સુંદર ચર્ચા કરી.

પ્રવચનને અંતે મારે સ્વામીજીની વિનંતિને માન્ય રાખીને ધૂન બોલાવવી પડી.

જય રામકૃષ્ણ ગુરુદેવ (૨)

જય શારદા માત ભવાની

જય અંબે માત ભવાની

ધૂનને અંતે અહીંના શિષ્ટાચાર મુજબ, 'ૐ શ્રી રામકૃષ્ણ ભગવાન કી જય, પવનસુત હનુમાન કી જય, શ્રી અંબે માત કી જય' એમ જયકાર બોલાવ્યા. ત્યારબાદ સ્વામી શિવપાદાનંદજીએ આભારદર્શન કર્યું અને પૂ.શ્રીને વિદાય આપતાં કહ્યું: આપના આગમનથી અમને ઘણો લાભ થયો. આપનો રામકૃષ્ણ ઉપર અપૂર્વ આદરભાવ જોયો. આપ ફરી ફરી અહીં આવો અને જનતાને લાભ આપો એ જ પ્રાર્થના. વિદાય વસમી હોય છે. આપને અમારી પ્રાર્થના છે કે આપ અમને હંમેશા યાદ રાખજો.

ફરીથી ઊભા થઈને વિદાય આપવાની સ્વામીજી વિનંતિ કરે છે. શ્રોતાવર્ગ ઊભો થાય છે. સ્વામીજી પણ ઊભા થાય છે. ફરીથી પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. સ્વામી શારદાનંદજી, સ્વામી પ્રેમાનંદજી પણ પૂ.શ્રીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. બીજાં ભાઈબહેનો પણ પ્રણામ કરે છે.

અમને વિદાય આપવા સ્વામીજી, તેમને ના કહેવા છતાં હૉલની બહાર સુધી આવે છે. બહાર અમને શ્રી શાંતિભાઈની કંપની મળે છે. તેમની સાથે આજે ભારત હૉલના છેવટના પ્રવચનની વ્યવસ્થા અંગે ચર્ચા થાય છે.

અવોકા આશ્રમનો વિસ્તાર ઘણો મોટો છે. આશ્રમમાં ઝાડીની વચ્ચે એક કુટિયા પણ છે, જે ૧૯૭૩માં બંધાઈ હતી. સ્વામી શ્રી શિવપાદાનંદ જ્યારે અવોકા આશ્રમમાં રહેતા ત્યારે આ કુટિયામાં જ રહેતા. કુટિયાને બહારથી જોવાનું બન્યું. આશ્રમમાં મોર પણ છે. વળી, કૂતરો પણ છે. આશ્રમનું કુદરતી સૌંદર્ય આકર્ષક છે. ઊંચી ટેકરી ઉપર ઝાડીઓની વચ્ચે આ આશ્રમ આવેલો છે.

આશ્રમમાંથી અમે વિદાય લઈને રિઝર્વહીલના અમારા ઉતારા ઉપર પંદર મિનિટના મોટર માર્ગે આવી જઈએ છીએ. ત્યારે જોહાનિસબર્ગથી અમારા યજમાન શ્રી મગનભાઈ ઉતારા ઉપર આવીને બેઠા છે. અમને ખૂબ આનંદ થયો. એમનો અમારા પ્રત્યેનો પ્રેમભાવ, આદરભાવ અદ્‌ભુત છે. એ પ્રેમના સંબંધે તેઓ આટલે દૂર અમને વિદાય આપવા પ્લેનમાં આવી પહોંચ્યા છે. તેમની સાથે થોડી વાતો કરી.

બાફેલી મકાઈ ને કેરીનો નાસ્તો કરી અમે ભારત હૉલમાં જવા વિદાય થઈએ છીએ. શ્રી મગનભાઈ અમારી સાથે જ આવે છે. ભારત હૉલમાં દરરોજની જેમ શ્રી શાંતિભાઈ બહાર ઊભા જ હતા.

બીજે માળે જે હૉલ છે ત્યાં દરરોજની જેમ અમે સમયસર પહોંચી જઈએ છીએ. શરૂઆતમાં ભજનમંડળને ભજન સંભળાવવાની પૂ.શ્રી સૂચના આપે છે. ભજન બાદ સંત પુનિત સેવા સંઘના પ્રમુખ શ્રી રતિભાઈ આજના વિદાય-સમારંભનું સંચાલન કરવા ઊભા થાય છે.

આજે મંચ ઉપર સ્વામી શ્રી સહજાનંદજી તથા સ્વામી શ્રી શિવપાદાનંદજીની બેઠકોનું પણ આયોજન થયેલું છે.

આ વિદાય-સમારંભમાં સૌપ્રથમ શ્રી દયાળભાઈ, જેઓ સંસ્થાના વયોવૃદ્ધ ટ્રસ્ટી છે તેઓ વિદાયનો સંદેશ વાંચીને પૂ.શ્રીને પુષ્પહાર અર્પણ કરે છે. વળી, શ્રી કમુબહેન મને ફૂલોનો મોટો ગુચ્છ અર્પણ કરે છે. ત્યારબાદ શ્રી ડાહ્યાભાઈ વિદાયનું પ્રવચન આપે છે.

ત્યાર પછી અહીંના સુપ્રસિદ્ધ પંડિત શ્રી નરદેવ વેદાલંકાર વિદાયો વાર્તાલાપ આપે છે. તેઓ સ્વામી શ્રદ્ધાનંદની વાત કરે છે. વળી, તેઓ પૂ.શ્રીના વિવિધ અનુભવયુક્ત ને જ્ઞાનસભર પ્રવચનો માટે આભાર દર્શાવે છે.

હિન્દીભાષી સમાજના શ્રી કૃષ્ણદાસ મહારાજ પોતાની વાત અંગ્રેજીમાં રજૂ કરતાં કહે છેઃ આવા મહાત્માઓ વારંવાર મળતા નથી. તેમનાં પ્રવચનોથી આપણને ઘણો લાભ મળ્યો છે. તેઓ જ્ઞાની જ નહીં, પણ અનુભવયુક્ત સાક્ષાત્કારી મહાપુરુષ છે. તેથી તેમને જોઈને આપણને ખૂબ જ શાંતિ મળે છે. એમનો લાભ આપણને ફરીવાર પણ મળે એવી આશા રાખીએ છીએ.

ડરબનના રેડિયો ટ્રરુરોનાં નિયામિકા શ્રી જયમતીબહેને પોતાના વિદાય વાર્તાલાપમાં કહ્યું: રેડિયો વાર્તાલાપ નિમિત્તે મને મહાત્માજીનો પરિચય થયો  છે. તેમના વિવિધ તહેવારો ને વિષયો ઉપરના જ્ઞાનસભર વાર્તાલાપો મેં રેડિયો ઉપર લીધા છે, તેમાંથી જનતાને ઘણો લાભ મળશે. આવા સંતોને આમંત્રણ આપીને આ સંસ્થા ખૂબ સુંદર સેવા કરી રહી છે.

વળી, સ્વામી શ્રી શિવપાદાનંદજીએ પોતાના વાર્તાલાપમાં કહ્યું: મહાત્માજીનો કોઈ પંથ કે આશ્રમ નથી. તેઓ સરળ ને સાદા છે, પણ તેમનામાં જ્ઞાનનું અનંત ઊંડાણ છે. તેઓ ખૂબ પ્રેમાળ છે. મને એમના નિકટ પરિચયમાં આવવાનું સદ્ભાગ્ય મળ્યું છે. આજે તેમની કદર કરવાનો પ્રસંગ મળ્યો તેથી આનંદ થાય છે. સાથે સાથે વિદાયનું દુઃખ પણ છે. અમારી મહાત્માજીને પ્રાર્થના છે કે, તેઓ અમને ના ભૂલે.

પછી, સ્વામી શિવપાદાનંદજીના શુભ હસ્તે પૂ.શ્રીને સન્માનપત્ર અર્પણ થાય છે.

ત્યારબાદ પૂ.શ્રી પોતાનું વક્તવ્ય આપે છે. ત્યાર પછી મેં પ્રસંગોચિત મારો વાર્તાલાપ આપ્યો.

પોણા અગિયાર વાગ્યે આખોયે કાર્યક્રમ પૂરો થયો. શ્રોતાવર્ગ આજે મંચ ઉપર આવીને પ્રણામવિધિ કરી વિદાય થાય છે.

બાર વાગ્યે ઉતારા ઉપર આવી ગયાં. રાતનાં પોણા બે વાગ્યે આરામ કર્યો.

* * હરિઃ ૐ * *

## દિન ૧૨૪

**તા. ૨૦-૩-૮૩, રવિવાર, ફાગણ સુદ છઠ ૨૦૩૯**
**ડરબન શહેરથી વિદાય**

સાત વાગ્યે રિઝર્વહીલ, ડરબનના નિવાસસ્થાનેથી વિદાય લેવાની હતી.

શ્રી રતિભાઈ, તથા શ્રી પાર્વતીબહેન અમને ચંદનતિલક કરીને પુષ્પહાર અર્પણ કરે છે. ઘરનાં બધા જ સભ્યો પ્રણામ કરે છે. શ્રી મગનભાઈ, શ્રી વનમાળીભાઈ પણ પુષ્પગુચ્છો અર્પણ કરે છે.

ઉતારાના ઓરડામાં ફરીથી કશું રહી તો નથી ગયું ને, એ જોવા માટે શ્રી પાર્વતીબહેન આગ્રહ કરવા લાગ્યાં. પૂ.શ્રીએ તેમને કહ્યું: હા, હા. જોઈ આવો, કંઈ દેખાય તો.

તે બહેન અંદર જાય છે. પીપરમીંટનું નાનું પેકેટ લઈને આવે છે.

પૂ.શ્રી કહે છે: જોયું, શું ભૂલી ગયાં? ફરી જોઈ આવો.

તે બહેન સમજી ના શક્યાં. પૂ.શ્રીએ છેવટે કહ્યું કે, અમે શું મૂકી જઈએ છીએ તે તમને નહિ દેખાય. અમારી શુભ ભાવના અને શુભાશીર્વાદ એ ઓરડામાં મૂકીને જઈએ છીએ.

વિદાય લઈને ઍરપોર્ટ ઉપર પહોંચી ગયાં. પચાસથી સાઠ ભાઈબહેનો વિદાય આપવા ઍરપોર્ટ ઉપર આવ્યાં હતાં, જેમાં યોગશાળાના શ્રી જગરૂપ, હિન્દીભાષી શ્રી કૃષ્ણદાસ મહારાજ, રેડિયો ટ્રુરોનાં શ્રી જયમતીબહેન ને તેમના પતિ, ડૉકટર સહિત પુનિત સેવા સંઘના સભ્યો અને અન્ય અનેક ભાઈબહેનોનો સમાવેશ થતો હતો. સૌ પોતપોતાની ભાવના વ્યક્ત કરતાં હતાં. ફરી આપ ક્યારે મળશો? અમને ભૂલશો નહીં. જલદી જલદી પાછા આવજો. ધર્મના પંથે અમને આશીર્વાદ આપ્યા કરજો. - આવા અનેક ઉદ્ગારો સાંભળવા મળ્યાં.

ટ્રુરો રેડિયોનાં શ્રી જયમતીબહેને કહ્યું: ઘણા ઘણા સંતમહાત્માઓ આવ્યા, પણ અમારા હૃદયને વિશેષ સ્પર્શી ગયા છો. અમને ઘણી શાંતિ મળી છે.

અંતે, સૌની વિદાય લઈને અમે અંદર, કસ્ટમ વિભાગમાં દાખલ થયાં ત્યારે નવ વાગવાની તૈયારી હતી. કસ્ટમ વિભાગમાં અમારા વીસાના મૂળ કાગળો લઈ લીધા. પાસપોર્ટમાં ડરબન વિભાગમાં અમારા વીસાના મૂળ કાગળો લઈ લીધા. પાસપોર્ટમાં ડરબન છોડ્યાનો સિક્કો લગાવ્યો.

વેઈટિંગ રૂમમાં આવીને બેઠાં. પાંચ મિનિટમાં જ સાઉથ આફ્રિકન ઍરવેઝના પ્લેન નંબર ૧૯૨માં બેસવા માટે દરવાજો ખૂલ્યો. અમે ૪૩-એ અને ૪૩-બી સીટ ઉપર બેઠાં. ત્યાં આગળના ભાગમાં પગ મૂકવાની સારી જગ્યા હતી.

અમારું પ્લેન દૂર ઊભું હતું. ચાલીને જ્યારે સીડી ઉપર ચઢ્યાં ત્યારે રોડ ઉપર શ્રી પુનિત સેવા સંઘના કાર્યકર્તાઓ અમારી રાહ જોઈને જ ઊભા હતા. દૂરથી હાથના ઈશારાથી તેમણે અમને છેવટની વિદાય આપી. અમે પ્લેનમાં અંદર બેસી ગયાં.

ડરબનથી મોરિશિયસ આવતાં માર્ગમાં રિયુનિયન નામનું ઍરપોર્ટ આવ્યું. ત્યાં પ્લેન એક કલાક ઊભું રહ્યું. ફ્રેન્ચ સરકારનો એ ટાપુ હતો. મોરિશીયસ અહીંથી ૪૦ માઈલ છે.

ત્યાં અમારી સીટની સામે પ્લેનમાં કાર્ય કરનાર એક અંગ્રેજ બેઠાં. પૂ.શ્રી સાથે તેમણે વાતો શરૂ કરી. અંગ્રેજીમાં પ્રશ્નોત્તરી થઈ: ભારતમાં કેટલી ભાષાઓ? તમને દક્ષિણ આફ્રિકા ગમ્યું? ત્યાં તમે કઈ ભાષામાં પ્રવચનો આપ્યાં? વગેરે વાતો થઈ. છેવટે પાંચ કલાકને અંતે મોરિશીયસ આવી ગયું. ત્યારે ડરબનની ઘડિયાળ પ્રમાણે બે વાગ્યા હતા. એટલે કે, નવથી બે-એમ પાંચ કલાકની મુસાફરીને અંતે અમે પ્લેનમાંથી ઊતર્યા.

જરૂરી વિધિ માટે મોરિશીયસના ઍરપોર્ટ ઉપરના પ્રથમ કાઉન્ટર ઉપર ગયાં ત્યાં એક નાનકડા હિન્દી ભાઈ બેઠા હતા. તેમણે અમારા ભરેલા ફોર્મમાં 'ધર્મપ્રચારક' વાંચીને થોડી વાતો કરી. તમે કયા વિષયો ઉપર પ્રવચનો કર્યા, વગેરે વાતો થઈ. ત્યાંથી આગળ બીજા એક કાઉન્ટર ઉપર મોરિશીયસમાં પ્રવેશવા માટેની વિધિ કરવાની હતી. ત્યાં પીળા ફ્રોકવાળી હિન્દી બહેનો જોવા મળી. તેમના કપાળ ઉપર લાલ ચાંદલા પણ જોવા મળ્યાં. આ દૃશ્ય આનંદ અને આશ્ચર્ય આપે એવું હતું.

અમે એ કાઉન્ટર ઉપરથી જેવા કસ્ટમ વિભાગમાં ગયાં ત્યાં જ મોરિશિયસના યુવાન યજમાન શ્રી ભૂપેન્દ્રભાઈ મળી ગયાં. તેમણે પ્રણામ કરી, પોતાનો પરિચય આપ્યા પછી કહ્યું: અહીં કસ્ટમ વિભાગ ઘણો કડક છે. પરન્તુ મેં ત્યાં કહ્યું કે અહીં અમારા સંતપુરુષ આવ્યા છે તેથી તેમણે મને અંદર આવવાની રજા આપી.

કસ્ટમમાં અમારી બેગનું ચેકિંગ ના થયું. જેનું એક કારણ પૂ.શ્રી સંત છે એ પણ હતું.

તરત જ બહાર નીકળી ગયાં. શ્રી ભૂપેન્દ્રભાઈએ પોતાના કાર્યક્રમની વાતો કરતાં કહ્યું: હજી તો સાડા ચાર જ વાગ્યા છે. તો આપણે અહીંના જાણીતા તીર્થસ્થાન પરીતળાવ ઉપર જઈ આવીએ. અહીં એક જ દિવસનું રોકાણ છે, એટલે આજે આપણે સીધાં જ ત્યાં જઈએ. ત્યાંથી કબીર મંદિર અને રામકૃષ્ણ મિશન થઈને ઘેર આવીને સાત વાગ્યે ભોજન કરીશું. રાત્રે આઠ વાગ્યે પ્રવચનનો કાર્યક્રમ છે.

શ્રી ભૂપેન્દ્રભાઈએ આગ્રહપૂર્વકની વિનંતિ કરતાં પૂ.શ્રીને કહ્યું: આપ અહીં એક અઠવાડિયું રોકાઈ જાઓ. અહીં કાર્યક્રમો ગોઠવવા અહીંના ભારતીય હાઈકમિશનર પણ તૈયાર છે. આપ રોકાઈ જાઓ. હું અહીંથી આવતી કાલના બદલે એક અઠવાડિયા પછીનું બુકિંગ કરાવી દઉં.

પૂ.શ્રીએ કહ્યું: ભારતના કાર્યક્રમો ગોઠવાઈ ગયા છે. ત્યાંના કાર્યકર્તાઓ અમને લેવા મુંબઈ પણ આવશે. અમારો બધો જ કાર્યક્રમ ફેરવવો પડે. એટલે નહીં રહી શકાય.

અમે શ્રી ભૂપેન્દ્રભાઈની ગાડીમાં બેઠાં.

નવો દેશ. મોરિશીયસ નામ. ૪૦×૭૦નો નાનકડો વિસ્તાર ધરાવતો દેશ. ચારે તરફ દરિયો. માર્ગની બન્ને બાજુએ શેરડીનાં ખેતરો, નાના વળાંકવાળા રસ્તા. સ્હાનાં ખેતરો, પાઈનેપલ ને જમરૂખની પણ ખેતી.

અહીં ૬૫ ટકા હિન્દુઓ વસે છે. આ દેશમાં રેલવે હતી, પણ હવે નથી. આ નાનકડા દેશમાં બસની સગવડ, ટેક્ષીની સગવડ છે. ઘરો ભારત જેવાં જ. અહીંના લોકો પણ ભારતની યાદ આપે એવાં. માર્ગમાં લોકો સાયકલ ઉપર કે પગે ચાલતા જોવા મળે. નાની નાની ખુલ્લી લારીઓમાં ખાવાનું મળે. વળી, ગંદકી

પણ ખરી. નાનકડા સ્કુટર ઉપર બબ્બે બેસનારા પણ જોયા. વળી, નાનાં નાનાં ઘરો ઉપર લાકડાના ભારા જોયા. સાયકલ ઉપર પણ નાનકડા ભારા ખેંચતો મજૂરવર્ગ પણ જોવા મળ્યો.

અહીં ગુજરાતીઓનાં આશરે પંદર જેટલાં ઘરો છે.

આ દેશમાં ૧૫૭ તામિલ ભાઈઓનાં મંદિરો છે. બીજાં ૧૭ મંદિરો છે. ઉપરાંત, કબીર મંદિર, રામકૃષ્ણ મિશન, ડિવાઈન લાઈફ, ગીતા મંડળ, હરે રામ હરે કૃષ્ણ મિશન, હિન્દુ મહાસભા, અરવિંદ કેન્દ્ર જેવી અનેક નાની નાની સંસ્થાઓ છે.

અહીં ગુજરાતી ભાઈઓ હોળી, નવરાત્રી, દિવાળી જેવા તહેવારો ઊજવે છે.

પરી તળાવનું સ્થળ આવી ગયું. અહીં શિવાલય છે. ભાગીરથી ભવન છે. પુસ્તકોની દુકાન છે. બધાં બોર્ડ હિન્દી ભાષામાં લખેલાં જોવા મળ્યાં.

તળાવ સ્વચ્છ હતું. તળાવને વિવિધ ઓવારાઓ હતા. અહીંના એક પ્રધાન શ્રી વસંતરાય નામે હતા, તેમણે આ સ્થાનને વિકસાવવામાં ઘણો ફાળો આપ્યો હતો. એ જાણવા મળ્યું.

તળાવના ઓવારે પૂજા વિવિધ સામગ્રી ફૂલો, કંકુ વગેરે જુદી જુદી જગ્યાએ જોવા મળ્યાં. ઓવારા ઉપર શિવ-પાર્વતીની મૂર્તિ પણ હતી. આસપાસ જંગલ જેવો વિસ્તાર હતો. આ સ્થાન સાથે દંતકથા પણ સંકળાયેલી છે. શિવરાત્રીને દિવસે ગામ-ગામથી લગભગ ત્રણ લાખ માણસો અહીં આવે છે. મંદિરની પાસે ભાગીરથી ભવન નામના હૉલમાં તે દિવસે ભજનકીર્તન  થાય છે. એ ઉત્સવ જોવા જેવો છે. આ બધી માહિતી શ્રી ભુપેન્દ્રભાઈએ આપી.

બંધ શિવાલયના ઓટલેથી દર્શન કરીને અમે ત્યાંથી વિદાય થયાં.

કબીર સ્મૃતિ મંદિરનું સ્થાન ત્યાંથી થોડે દૂર હતું. મંદિરમાં પ્રવેશતાં જ ત્યાંના મહંત શ્રી ભગવાનદાસ નામના એ સત્પુરુષ સામે મળ્યા. નમસ્કાર દ્વારા સ્વાગત કરીને અંદર લઈ ગયાં. વિશાળ મેદાનમાં એ મંદિર સંવત ૨૦૧૫માં બંધાયેલું છે. અંદર કબીર સાહેબની સુંદર સફેદ મૂર્તિ હતી. મોટો હૉલ હતો. મહંતજીની સાથે અમે બેઠાં એટલે બધા સત્સંગીઓ હૉલમાં આવી ગયાં. શ્રી ભગવાનદાસે પૂ.શ્રીને કંઈક સંદેશ આપવા વિનંતિ કરી. પૂ.શ્રીએ મને કબીરનું ભજન ગાવાનું કહ્યું. મેં ભજન ગાયું. ભજન પહેલાં અમારા બન્નેનું ચંપાની સફેદ સુગંધીદાર પુષ્પમાળાઓથી સ્વાગત થયું.

ભજન બાદ પૂ.શ્રીએ કબીર સાહેબ ઉપર નાનકડો વાર્તાલાપ આપ્યો. મહંતજીની ઈચ્છા પૂ.શ્રી આજે કબીર મંદિરની આરતી ઉતારે એવી હતી, પણ પૂ.શ્રીએ મહંતજીને જ આરતી ઉતારવા કહ્યું. અમારે મંદિરના ગર્ભદ્વારમાં જઈને આરતીમાં હાજરી આપવાનું બન્યું.

ત્યારબાદ મહંતજી પોતાના ઓરડામાં લઈ ગયાં. ત્યાં પૂ.શ્રીને દૂધનો આગ્રહ કર્યો. ફરી આવો ત્યારે અહીં કબીર સાહેબ ઉપર કાર્યક્રમ ગોઠવીએ એવી વિનંતિ થઈ.

ત્યાંથી વિદાય થઈને અમે પાંચદશ મિનિટના માર્ગે રામકૃષ્ણ મિશનમાં આવી ગયાં.

આ સંસ્થા પણ ઘણી મોટી છે. સુંદર મૂર્તિવાળું મંદિર છે, જેની સાથે જ હૉલ છે. સ્વામી બલરામાનંદજી બહાર આવી ગયાં. ભગવાં વસ્ત્ર ને માથે ગોળ ભગવી ટોપી. આંખ ઉપર ચશ્માં.

પૂ.શ્રીને પ્રણામ કરી તરત વિનંતિ કરી કે, આપ આજના સત્સંગમાં કંઈક બોલો. અંદર ગયાં તો મંદિર સાથે જ એક મંચ જોયો. મંચ ઉપર ત્રણ ખુરશીઓ હતી. સામે માઈક હતું. સ્વામીજી સાથે અમે મંચ ઉપર પહોંચ્યાં. સ્વામીજીએ પૂ.શ્રીનો પરિચય આપ્યો.

પૂ.શ્રીએ પોતાનો વાર્તાલાપ શરૂ કરતાં સ્વામીજીને પૂછ્યું કે, અંગ્રેજીમાં બોલવાનું કે હિન્દીમાં?

સ્વામીજીએ અંગ્રેજીમાં બોલવા વિનંતિ કરી.

પૂ.શ્રીએ 'શ્રીરામકૃષ્ણદેવનું જીવન અને સંદેશ' ઉપર અંગ્રેજીમાં વાર્તાલાપ આપ્યો.

અમારે સ્વામીજી કે મોરિશીયસની કોઈ પણ સંસ્થા કે વ્યક્તિ સાથે કોઈ જાતનો પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચય ન હતો, છતાં આ દેશની ધરતી ઉપર ઊતરતાં જ પરિચિત વ્યક્તિ સમા શ્રી ભૂપેન્દ્રભાઈનો પરિચય થયો.

મિશનના શ્રોતાઓમાં ત્રણચાર સફેદ વસ્ત્રવાળા સંન્યાસીઓ પણ જોવા મળ્યાં.

વાર્તાલાપને અંતે સ્વામીજીએ આભારદર્શનમાં કહ્યું: માનવી તે પોતે કેવી સોબત રાખે છે તેના ઉપરથી ઓળખાય છે, તેમ તેની વાણી ઉપરથી પણ ઓળખાઈ જાય છે. આજે શ્રી યોગેશ્વરજીને સાંભળ્યા એટલે આપણને પરિચય થયો કે તેમના હૈયામાં શ્રી રામકૃષ્ણદેવ માટે કેટલો બધો પવિત્ર પ્રેમ ભર્યો છે. એમણે સુંદર રીતે શ્રી રામકૃષ્ણદેવના જીવન અને કાર્યનું દર્શન કરાવ્યું. આ વાર્તાલાપ પાછળ એમનો અનુભવ દેખાઈ આવે છે.

ફરીથી મંદિરને પ્રણામ કરી હૉલમાંથી બહાર નીકળ્યા ત્યારે સાડા સાત વાગી ગયા હતા, છતાં સ્વામીજી આગ્રહપૂર્વક એક બીજા મકાનમાં અમને લઈ ગયાં. ત્યાં પૂ.શ્રીએ દૂધ લીધું.

થોડી વાતો થઈ, જેમાં સ્વામી પ્રેમરૂપાનંદજી, સ્વામી શિવપાદાનંદજીની વાતો થઈ.

સ્વામીજીની વિદાય લઈ અમે પંદર-વીસ મિનિટમાં યજમાન શ્રી ભૂપેન્દ્રભાઈના મકાનમાં આવી ગયાં.

મોરિશીયસમાં તો અમે છેક ચાર વાગ્યાનાં આવી ગયેલાં. પરન્તુ ઍરપોર્ટ ઉપરથી સીધાં પરી તળાવ, કબીર સ્મૃતિ મંદિર અને શ્રી રામકૃષ્ણ મિશનમાં જવાનું બન્યું., એટલે નવ વાગ્યા પછી જ અહીં આવી શક્યાં.

આજે સવારના સાત વાગ્યાથી યાત્રા ચાલુ જ હતી. છેક સાંજે ભાખરી ને શાકનું ભોજન લીધું.

અમારો ઉતારો શુકલ નામના કોઈ ભાઈના ખાલી મકાનમાં હતો, જેથી ભોજન બાદ અમે ત્યાં ગયાં. ત્યાં હિન્દીમાં પ્રવચન થયું.

પ્રવચન બાદ થોડી પ્રશ્નોત્તરી થઈ. તેમાં ચમત્કાર વિશે પ્રશ્ન પુછાયો, વળી, સ્ત્રીઓથી ભગવાન શંકરની પૂજા ન થાય? ઘરમાં સાપ નીકળે છે તો શું કરવું? જેવા પ્રશ્નો પુછાયા.

પૂ.શ્રીએ ટૂંકમાં ઉત્તરો આપ્યાં.

પ્રશ્નોત્તરી બાદ આરામ કર્યો.

*

## આજના દિવસની વિશેષ નોંધ

ચાર માસની સત્સંગયાત્રા નિમિત્તે નિર્વિઘ્ને પૂર્ણ થઈ. મોરિશીયસની ધરતી ઉપર પ્રથમવાર આવ્યાં. સત્સંગ કર્યો.

કબીર મંદિરમાં સત્સંગ પૂરો થયો ત્યારે અને શ્રી રામકૃષ્ણ મિશનના હોલમાંથી વિદાય લઈ દ્વાર પાસે પ્રસાદ લેતી વખતે આજે મને અલૌકિક દિવ્ય પ્રકાશનાં કિરણોનું પવિત્ર દર્શન થયું.

ડરબનની ધરતી ઉપર એક વાર એવું દર્શન થયું હતું. ફરીથી આજે બે વાર એ દર્શન થયું.

ખૂબ આનંદ થયો. એ અલૌકિક પ્રકાશ સ્વરૂપ શક્તિનાં દર્શન એ મારા જીવનના પરમ આશીર્વાદ છે.

એવા અલૌકિક આનંદ સાથે દક્ષિણ આફ્રિકાની યાત્રા પૂર્ણ થઈ.

* * હરિઃ ૐ * *

## દિન ૧૨૫

**તા. ૨૧-૩-૮૩ રવિવાર, ફાગણ સુદ સાતમ ૨૦૩૯**
**મોરિશીયસથી મુંબઈ**

સવારે નવ વાગ્યે અમે અમારા સામાન સાથે તૈયાર હતાં. આજે ભારતીય રાજદૂત (હાઈકમિશનર) શ્રી પ્રેમસીંગ સાથે મુલાકાત ગોઠવાઈ હતી, જેના આયોજક શ્રી ભૂપેન્દ્રભાઈ હતા.

અમારા ઉતારા ઉપરથી અમારો સામાન શ્રી ભૂપેન્દ્રભાઈને ત્યાં ફેરવવામાં આવ્યો. કારણ કે અહીં ઘર બંધ હોય તો ચોરી થવાનો ભય રહે છે.

દશ વાગ્યે ભારતીય દૂતાવાસના મુલાકાત-ખંડમાં મુલાકાત શરૂ થઈ તે પહેલાં શ્રી ભુપેન્દ્રભાઈની દુકાને જવાનું તથા ત્યાંના બજારમાંથી પસાર થવાનું બન્યું.

શ્રી પ્રેમસીંગે પૂ.શ્રીને નમસ્કાર કરી અમારું સ્વાગત કર્યું.

મુલાકાતના પ્રથમ વાક્યમાં જ એ રાજદૂત પૂ.શ્રીને વિનંતિ કરે છે: આપ અહીં એક અઠવાડિયું રોકાઈ જાઓ. પૂ.શ્રીએ એ અંગે કારણ સમજાવીને ના પાડતાં કહ્યું: ભવિષ્યમાં જોઈશું.

પછી નીચે મુજબ હિન્દીમાં પ્રશ્નોત્તરી થઈ:

શ્રી પ્રેમસીંગે નીચે મુજબના પ્રશ્નો પુછયા:

(૧) આપ કયા કયા વિષય ઉપર પ્રવચન આપો છો?

(૨) આપની વિદેશયાત્રામાં આર્થિક સહાય કોણ કરે છે?

(૩) આપે સંન્યાસ ક્યારે લીધો?

(૪) હિમાલયમાં આપે કોની પાસે રહીને સાધના કરી?

(૫) આપ શિષ્ય બનાવો છો?

(૬) મારે હવે આ કાર્યક્ષેત્ર છોડી દેવું છે. આપ શી સલાહ આપો છો?

(૭)ગુરુની કૃપા તો જરૂરી છે ને?

(૮) પ્રભુના ભરોસે આ કાર્યક્ષેત્ર છોડીને સંન્યાસ લઈએ તો પ્રભુ રસ્તો ન બતાવે?

(૯) આપ કોને ગુરૂ માનો છો?

(૧૦) હું આજકાલ ઘણી માનસિક અસ્વસ્થતા અનુભવું છું. આપ આશીર્વાદ આપો કે મને શાંતિ થાય.

પૂ.શ્રી સાથે આ ભારતીય રાજદૂતને સત્સંગ કરવામાં ખૂબ જ આનંદ આવ્યો. એમની એક પ્રધાન સાથેની મુલાકાત સાડા અગિયારે નક્કી થઈ હતી તે એમણે ફોનથી રદ કરાવી.

પૂ.શ્રીએ એમની સાથે વાતો કરતાં કહ્યું: આપ યુનિવર્સિટીમાં ભણ્યા ને હવે સર્વિસ કરો છો. આપને ભારત સરકાર પગાર આપે છે. એ રીતે અમે પણ નાનપણથી પ્રભુને જાણ્યા ને પ્રભુની નોકરી કરીએ છીએ. એટલે, પ્રભુ અમારું ધ્યાન રાખે છે.

અમે બે વાર વિદેશ આવ્યા ત્યારે સંસ્થાઓએ ટિકિટ મોકલી હતી. બાકીની ત્રણ વિદેશયાત્રાઓ અમે અમારા ખર્ચે કરી.

તમારું કાર્યક્ષેત્ર સારું છે. જનતાની સેવા થાય છે. છોડવાની જરૂર નથી. વરસમાં એકાદ માસ શાંતિથી એકાંતમાં રહો, ને ફરી નવી શક્તિ-નવી પ્રેરણા સાથે કામ કરો.

કાર્યક્ષેત્ર છોડતાં પહેલાં થોડી ભૂમિકા બનાવવી જોઈએ. નહીં તો પ્રભુ-માર્ગે પણ, તે એક નવો સંસાર હોઈ અવનવી ઉપાધિઓ ઊભી થાય છે.

પૂ.શ્રીએ પોતાને અલૌકિક દિવ્ય ગુરુનાં દર્શન થયેલાં તેની વાત કરી.

એ રાજદૂતને શાંતિ માટે પૂ.શ્રીએ દેવીનો મંત્ર પ્રદાન કર્યો.

મુલાકાત ઘણી લાંબી ચાલી. રાજદૂત સત્સંગપ્રેમી હોવાથી એમણે પૂ.શ્રીના સત્સંગનો સારો લાભ ઉઠાવ્યો.

સાડા બારે મુકામે આવી ગયાં. ભોજન લઈ ઉતારા ઉપર સાડા ત્રણ વાગ્યા સુધી આરામ કર્યો.

પૂ.શ્રી પોતાના કપડાં જાતે ધોઈને ઈસ્ત્રી કરે છે.

ઉતારા ઉપર શ્રી ભૂપેન્દ્રભાઈ અમને લેવા માટે આવ્યા ત્યારે પૂ.શ્રીને પ્રણામ કરી પૈસાનું કવર શ્રીચરણોમાં ધર્યું. પૂ.શ્રીએ તેનો સાભાર અસ્વીકાર કરી, 'પ્રસાદી છે' એમ કહીને તે કવર પાછું આપી દીધું.

શ્રી ભૂપેન્દ્રભાઈએ કહ્યુંઃ આપના એક જ દિવસના સત્સંગ ને સમાગમથી મને ઘણું બધું પ્રાપ્ત થયું છે, ઘણી બધી શાંતિ મળી છે ! તો, આપના ઋણનો હું કેવી રીતે બદલો વાળી શકું?

ત્યારબાદ પુસ્તકોની વાતો થાય છે.

'ફરી આવવાનું થાય ત્યારે અહીંનો કાર્યક્રમ જરૂર રાખજો.' એવા સદ્ભાવભર્યા ઉદ્ગારો સાંભળી અમે ઍરપોર્ટ ઉપર જવા વિદાય લીધી.

જરૂરી વિધિમાંથી પસાર થઈ ઍર ઈન્ડિયાના ૭૧૨ નંબરના પ્લેનમાં સાત ને પંદર મિનિટે બેઠાં.

મોરિશીયસથી મુંબઈ ૪,૭૪૦ કિલોમીટર દૂર છે. સાડા પાંચ કલાકનો એ માર્ગ છે. પચ્ચીસ હજાર ફૂટની ઊંચાઈએ અમારું પ્લેન ઊડવા લાગ્યું.

લગભગ અઢી કલાક ડાયરીનું લેખન કર્યા બાદ આરામ કર્યો.

વિદેશની યાત્રાનો આજનો છેવટનો દિવસ આ રીતે પરિસમાપ્તિએ પહોંચ્યો.

સાડી પાંચ કલાકના માર્ગમાં અંતરથી સતત પ્રાર્થના થતી રહીઃ પ્રભુ! માતાને શાંતિ ધરો. ગંભીર બિમારીમાંથી કંઈક મંગલ માર્ગ ધરો. મમતામાંથી, વાસનામાંથી, દુઃખમાંથી મુક્ત કરો.

છેવટે મુંબઈ આવી ગયાં ત્યારે મોરિશીયસની ઘડિયાળમાં એક વાગવાની તૈયારી હતી, ડરબનની ઘડિયાળમાં અગિયાર વાગવાની તૈયારી હતી. મુંબઈની ઘડિયાળમાં બે ને વીસ થવાની તૈયારી હતી.

બરાબર એકસો પચ્ચીસમા દિવસે અમે ભારતની પુણ્યભૂમિ ઉપર હવે થોડી ક્ષણોમાં જ ઊતરીશું.

જય હરિ!

* * હરિઃ ૐ * *

## વિશેષ સંસ્મરણો

## ફિનિક્ષ આશ્રમનાં શ્રી સુશીલાબહેન ગાંધીની મુલાકાત

ગાંધીજીની એ આરંભની કર્મભૂમિ.

એ ધરતી ઉપર અમે આ વરસે આવ્યાં.

ડરબન શહેરથી ૧૪ માઈલ દૂર ફિનિક્ષ નામનું ગામ છે. ગાંધીજીનો ત્યાં આશ્રમ છે.

આશ્રમમાં પુસ્તકાલય, દવાખાનું ને શાળા આજે પણ જોવા મળે છે. લગભગ સો એકરમાં એ આશ્રમ વિસ્તાર પામ્યો છે. એક જમાનામાં અહીંથી 'ઈન્ડીયન ઓપીનિયન' નામનું પેપર પ્રસિદ્ધ થતું હતું. ગાંધીજીના પુત્ર સ્વ. મણીલાલ ગાંધી એ આશ્રમના સંચાલક હતા.

આશ્રમ જોવા જવાનું સ્વાભાવિક મન થાય. અને ગાંધીજીનાં જ્યાં પુનિત પગલાં પડ્યાં હતાં તે સ્થાનને જોતાં વિશેષ આનંદ થયો.

આશ્રમનાં પુસ્તકાલયમાં પૂ.શ્રી યોગેશ્વરજીનું 'ગાંધીગૌરવ' પુસ્તક પણ જ્યારે અમે જોયું, ત્યારે થયું: ઓહો! યોગેશ્વરજીનો અક્ષરદેહ તો ક્યારનો અહીં આવી ગયો છે ને!

આશ્રમ તો જોયો, પણ આશ્રમ સાથે જોડાયેલી કોઈ વ્યક્તિ મળે ખરી? એના જવાબરૂપે અમને સંતોષ થાય એવી એક વ્યક્તિ મળી.

પ્રભુની કૃપાથી પૂ.શ્રી યોગેશ્વરજીના પ્રવચનમાં જ તે સન્નારી મળ્યાં, જેઓ ગાંધીજીની વિદેશની સેવાપ્રવૃત્તિમાં એક સ્તંભ સમાં હતાં.

ખાદીનાં સફેદ કપડાં, વૃદ્ધ શરીર, બાપુની વાતો કરવામાં આનંદ માણતું હૈયું.

એ સન્નારીનું શુભનામ શ્રી સુશીલાબહેન ગાંધી. ગાંધીજીના સુપુત્ર શ્રી મણિલાલ ગાંધીનાં એ ધર્મપત્ની, એમનો વિશેષ પરિચય તો, ભારતના પ્રસિદ્ધ ચિંતનકાર શ્રી કિશોરલાલ મશરૂવાળાનાં ભત્રીજી.

પ્રવચનને અંતે શ્રી સુશીલાબહેન પૂ.શ્રી યોગેશ્વરજીને મળ્યાં એટલે વાતો કરતાં તેમણે જણાવ્યું :

આજે તમે (યોગેશ્વરજીએ) પ્રવચનમાં ગાંધીજીની નીડરતાની વાત કરી, ત્યારે મને મારા જીવનનો એક પ્રસંગ યાદ આવી ગયો:

અમે બાપુ સાથે સેવાગ્રામ રહેતા હતાં. એક સાંજે બાપુએ મને બોલાવીને કહ્યું: 'આ પત્ર છે તે હમણાં જ વર્ધા જઈને જવાહરલાલજીને આપી આવ.'

મેં કહ્યું: બાપુ, અંધારું થઈ જશે. સવારે જાઉં તો ના ચાલે?

બાપુ કહે: ફાનસ લઈને જજે. ડર લાગે છે? ડર શાનો? રામ સાથે નથી?

મેં કહ્યું: બાપુ! કોઈ સંગાથ હોય તો સારું.

બાપુએ એક નાની છોકરીનો સંગાથ બતાવી કહ્યું: જોજે ફાનસ તપાસીને લઈ જજે.

આશ્રમમાં ઘણાં ભાઈબહેનો ત્યારે ત્યાં હતાં. છતાં મને જ એ કામ સોંપાયું એટલે મેં કચવાતે મને હા પાડી.

વર્ધાથી સેવાગ્રામ દૂર હતું. રસ્તામાં જ અંધારું થઈ ગયું. તે દિવસોમાં લૂંટફાટ પણ થતી. ડર તો લાગ્યો. અંધારું થતાં જ ફાનસ સળગાવવા પ્રયત્ન કર્યો. અંદર કેરોસીન તો હતું, છતાં ઘણાં પ્રયત્ને પણ ફાનસ સળગ્યું જ નહીં. અંતે જોયું તો ફાનસમાં વાટ જ ન હતી. હવે શું કરીએ? મેં મારા સાડલાની કિનાર ફાડીને વાટ બનાવી દીધી. ફાનસ સળગ્યું. રામનામ લેતાં લેતાં રાત્રે વર્ધા પહોંચી ગયાં. જવાહરલાલજીને પત્ર આપી દીધો. અમારો બીજે ઉતારો થયો. સવારે તે પત્રનો જવાબ લઈને અમે ફરી સેવાગ્રામ આવી ગયાં.

બાપુએ મને કહ્યું: મારે તો અહીં ઘણા સેવકો હતાં. હું તેઓમાંથી ગમે તેને મોકલી શક્યો હોત. પણ મારે તને નિર્ભયતાનો પાઠ આપવો હતો. તેથી મેં તને જ મોકલી."

શ્રી સુશીલાબહેને પ્રસંગ પૂર્ણ કરતાં કહ્યું કે બાપુની જીવન ઘડતરની એવી પદ્ધતિ હતી.

પ્રવચન સ્થળેથી વિદાય થતાં પહેલાં મને થયું: ઓહો! આ સન્નારી પાસે આવા તો કેટલાય પ્રસંગોનો ભંડાર હશે. એ ભંડાર આપણને મળે તો? એટલે મારે મૌનવાર હોવાથી મેં લખીને પૂછ્યું, તો એમણે કહ્યું: મને તો બાપુની વાતો કરવામાં ખૂબ આનંદ આવે, આપણે જરૂર મળીશું.

અને એક દિવસ સાંજે શ્રી શાંતિભાઈના પ્રયત્નથી ડરબનમાં જ મુલાકાતનો કાર્યક્રમ ગોઠવાયો.

એકાદ કલાકની એ મુલાકાતમાં ઘણું પ્રેરક ભાથું મળ્યું.

પ્રશ્નોની શરૂઆત કરતાં મેં પૂછ્યું: આપ ગાંધીજીને પ્રથમવાર ક્યાં ને ક્યારે મળ્યાં?

એ એક જ પ્રશ્નના પ્રત્યુત્તરમાં જ ઘણા ઘણા પ્રાણવાન પ્રેરક પ્રસંગોની તેમણે લ્હાણ ધરી.

એ વાર્તાલાપ એમના શ્રીમુખે જ સાંભળીએ:

"મારી અગિયાર વર્ષની નાનકડી ઉંમરે અમને ઘરમાંથી બાપુના આશ્રમમાં રહેવા મોકલ્યાં. પણ અમે તો રડીને પાછાં ઘરે આવી ગયાં. ત્યારે જીવનમાં પ્રથમવાર જ બાપુને જોયાં.

પછી વળી ૧૬-૧૭ વર્ષની વયે બાપુ અમારે ત્યાં અકોલા પધાર્યા હતાં. અમે પ્રણામ કરવા એમની પાસે ગયાં ત્યારે બાપુએ મારો કાન પકડીને કંઇક માંગણી કરતા હોય તેમ પોતાનો હાથ લંબાવ્યો. હું સમજી નહીં. મારા કાનમાં હીરાનાં લવંગિયા(બુટ્ટી) હતાં તે માંગ્યાં.

મેં મારા કાકા તરફ જોયું તો તેમણે કહ્યું: 'આપી દે.'

મારા કાકાએ કહ્યું એટલે મેં તે લવંગિયાં બાપુને આપવા માંડ્યાં, તો બાપુ કહે: 'એમ નહીં. એક શરત છે તે તું પાળે તો હું લઉં. શરત એ છે કે તારે હીરાની બીજી બુટ્ટી કરાવવી નહીં ને આ બુટ્ટી બાપુ પાસે ભવિષ્યમાં માગવી નહીં!'

શરત સાંભળ્યા પછી મેં બુટ્ટી (લવંગિયાં) બાપુને આપી દીધી. બાપુના દર્શનનો આ બીજો પ્રસંગ હતો."

પ્રશ્ન: આપ કસ્તુરબાને પ્રથમ વાર ક્યારે મળ્યાં?

શ્રી સુશીલાબહેન: "નાગપુર સત્યાગ્રહ સમયે જેલમાંના સત્યાગ્રહીઓને મળવા માટે કસ્તુરબા અમારે ત્યાં આવ્યાં હતાં. બાપુ જેવા મહાપુરુષનાં ધર્મપત્ની અમારે ત્યાં આવવાનાં હતાં, એટલે ઘરમાં આગળના ભાગમાં કસ્તુરબા માટે એક વિશેષ આસન મૂકવામાં આવ્યું હતું. પણ કસ્તુરબા તો ઘરમાં પ્રવેશતાંની સાથે

જ રસોડામાં ચાલ્યાં ગયાં, ને રસોડામાં મદદ કરવા લાગ્યાં. અમે એમને આગળના ઓરડામાં આસન ઉપર બેસવા ખૂબ આગ્રહ કર્યો. અમને ઘણો સંકોચ પણ થયો, પણ કસ્તુરબા તો સરળ અને સેવાભાવી હતાં. એટલે, તેઓ રસોડામાં જ રહ્યાં. એમનો એ પ્રથમ પરિચય."

શ્રી સુશીલાબહેનના શ્રીમુખે અન્ય રસપ્રદ ને પ્રેરક વાતો થતી રહી:

"મારો જન્મ મહારાષ્ટ્રમાં. શિક્ષણ પણ મેં મહારાષ્ટ્રમાં લીધું. ગાંધીજીના પરિવાર સાથે ૧૯૨૭થી લગ્નસંબંધે જોડાવાનું બન્યું.

લગ્ન કર્યા પછી તરત જ બા અને બાપુ સાથે મુસાફરી કરીને સાબરમતી આશ્રમમાં આવવાનું બન્યું. માર્ગમાં બાપુએ સોમવાર-મૌનવાર હોવાથી અમને લખીને વારંવાર સૂચના આપી કે, અમે નવદંપતી એકમેક સાથે બેસીએ, વાતો કરીએ, એકમેકને સમજવા પ્રયત્ન કરીએ. પણ એ પ્રથમવારની જ મુસાફરી હતી, જેથી એ બન્યું નહીં.

બાપુ મહાપુરુષ હતા, છતાં નાની નાની બાબતોમાં પણ તેઓ ઘણું ધ્યાન રાખતાં.

લગ્ન બાદ પ્રથમવાર જ સાબરમતી આશ્રમમાં અમે આવ્યા એટલે કંસારથી મીઠું મોં કરાવવાની કસ્તુરબાની ઈચ્છા હતી. પણ બાપુએ કહ્યું: 'તારે તો બધા જ પુત્રો સરખા. તું બધાંને કંસાર ખવડાવી શકે તો એમને ખવડાવ. પણ આપણી એવી શક્તિ નથી કે આપણે બધાંને તે ખવડાવી શકીએ.' બાપુની એ વિચારધારાને જાણ્યા પછી કસ્તુરબાએ તેમની વાત હસતે મુખે સ્વીકારી લીધી. માતૃહૃદયે કદાચ આઘાત અનુભવ્યો હશે, પણ આદર્શ પત્ની તરીકે કસ્તુરબાએ સાથ આપ્યો.

કસ્તુરબાએ બાપુના બધા જ આદર્શો પચાવ્યા હતાં. ઘણા પ્રસંગોમાં બાપુના આદર્શોને સહધર્મિણી કસ્તુરબા સમજપૂર્વક સાથ આપતાં. ઘણીવાર કસ્તુરબા હસતાં હસતાં કહેતા: 'બાપુ તો મારા શંકર છે. ત્રીજું નેત્ર ખોલે એટલે સૌ ચૂપ થઈ જાય.'

સન ૧૯૩૪માં હું, બા અને બાપુ સાથે રહેતાં હતાં. ત્યારે કસ્તુરબા પોતાનાં કપડાં જાતે જ ધોતાં. મેં આગ્રહ કરીને એ સેવા માગી. હું બાનાં કપડાં ધોવા લાગી.

બાપુએ એ વાત જાણી એટલે મને બોલાવીને ઠપકો આપતાં કહ્યું: 'તું બાને બગાડી રહી છે. એ જાતે કપડાં ધૂએ છે તો પછી તું કેમ ધોવા લાગી?'

મેં દલીલ કરતાં કહ્યું: 'હું મારા પતિનાં ને પુત્રનાં કપડાં ધોઉં છું, તો બા તો વડીલ છે. એમનાં કપડાં ધોઉં એમાં ખોટું શું છે?'

અંતે મારી દલીલ સામે બાપુએ મને-કમને પણ મને કપડાં ધોવાની રજા આપી.

કસ્તુરબા બાપુની નાની નાની જરૂરિયાતનું પણ ખૂબ ધ્યાન રાખતાં. બાપુના કાગળો સાચવવાનું, બાપુને સમયસર દૂધ કે ફળનો રસ આપવાનું કામ બા કરતાં. મુસાફરીમાં બાપુની નાની છરી લેવાનું પણ તેઓ ભૂલતાં નહીં. એટલે બાની વિદાય પછી ઘણીવાર કંઈ નાની ભૂલ થતી ત્યારે બાપુ હંમેશા કહેતા: 'બા હોત તો આવું ના થાત.' આમ, બાની ખોટ બાપુ પોતાના અંગત જીવનમાં ઘણીવાર અનુભવતા.

એકવાર અમે જગન્નાથપુરી પાસે ગાંધી સેવા સંઘની મીટિંગમાં ગયાં હતાં. બાપુ સાથે બા, હું કનુભાઈ ગાંધી, દુર્ગાબેન, વેલાબેન વગેરે હતા. બે દિવસ પછી કસ્તુરબાને જગન્નાથજી જવાની ઈચ્છા થઈ.

મહાદેવભાઈ પાસેથી રજા મેળવી અમે ગયાં. ત્યાંથી જગન્નાથજીના મંદિરમાં જવાની બાને ઈચ્છા થઈ. તેથી બા, દુર્ગાબેન ને વેલાબેન મંદિરમાં ગયાં. જે મંદિરમાં હરિજનોને પ્રવેશ ન હોય ત્યાં શા માટે જવું એ વિચારથી હું અને કનુભાઈ મંદિરમાં ન ગયાં. બહાર જ ઊભાં રહ્યાં.

સાંજે અમે જગન્નાથપુરીથી પાછાં આવી ગયાં, ત્યારે બાપુ સાંજે ફરવા જવાની તૈયારીમાં હતા. બાના ખભે હાથ મૂકી બાપુ આગળ ચાલ્યા. માર્ગમાં બાપુએ વાતો કરતાં પૂછ્યું: 'જઈ આવ્યા? ક્યાં ક્યાં ગયાં હતાં?' બાએ બધી જ વાત કરી. એટલે બાપુ તો નારાજ થઈ ગયાં. કહેવા લાગ્યા: 'મારું કહ્યું ઘરનાં જ કોઈ કરતાં નથી!' મને બોલાવીને કહે: 'તેં કેમ બાને મંદિરમાં જવા દીધા?' મહાદેવભાઈને બોલાવીને કહ્યું: 'તમે કેમ રજા આપી? રજા આપી તો ક્યાં ક્યાં જવાનું છે એ કેમ ન પૂછ્યું?'

સૌ ગભરાઈ ગયાં. વારાફરતી અમે સૌ માફી માગી ત્યારે જ બાપુ શાંત થયાં.

બાપુના આદર્શ સામે જો કોઈનાથી પણ નાનકડી ભૂલ થાય તો તેણે બાપુની નારાજગી વહોરી લેવી પડતી.

હું ૧૯૩૭-૩૮માં સેવાગ્રામમાં હતી. એકવાર સવારની સાડા ત્રણ વાગ્યાની પ્રાર્થનામાં હું ન ગઈ. થાકને લીધે ઊંઘી ગયેલી. સાંજે ફરવા જતી વખતે બાપુએ મને બોલાવીને પૂછ્યું: 'કેમ આજે તું પ્રાર્થનામાં ન દેખાઈ?' મેં હસતાં હસતાં કહ્યું: 'બાપુ! પ્રાર્થનામાં 'વૈષ્ણવજન'નું જે ગીત ગવાયું એમાં તો કહેવાયું છે કે તમારા જેવા મહાપુરુષ જે કુટુંબમાં હોય તેના સંસર્ગથી એની ઈકોતેર પેઢી તરી જાય, તો તમારી સાથે રહીએ છીએ ને તમારા પરિવારનાં જ છીએ એટલે તમારાં દર્શન કરીને અમે તો તરી જઈશું.'

એ સાંભળીને બાપુ ખૂબ હસ્યા. પછી, ગંભીર થઈને મને કહેવા લાગ્યા: 'તું દર્શનનો અર્થ જાણે છે?' મેં કહ્યું: 'ના.' ત્યારે બાપુ બોલ્યા: 'દર્શનનો અર્થ ફક્ત આંખોથી જોવું એટલો જ નથી થતો. પણ મહાપુરુષોને હૃદયમાં ઉતારવાના, એમના ગુણો ને ભાવો આપણા જીવનમાં ઉતારવાના. એવું દર્શન હૃદયમાં થાય ત્યારે જ દર્શન થયેલું ગણાય.'

એમ કહી બાપુએ મને એક નાનકડા પ્રવચન જેટલું સંભળાવ્યું. હું તો એ સાંભળી જ રહી. બાપુનો એ બોધપાઠ યથાર્થ હતો.

બાપુ પોતે તો જાગ્રત રહેતા જ, પણ બીજાં પણ જાગ્રત રહે તેવું તેઓ હંમેશા ઈચ્છતા.

હું દક્ષિણ આફ્રિકાથી ભારત ગઈ હતી ત્યારે સેવાગ્રામ ગયેલી. ત્યાં બાપુની કુટિયા સામે જ બાની કુટિયા હતી. બાપુ દરરોજ તે દિવસોમાં સવારે બાની કુટિયામાં બા પાસે માલિશ કરાવવા આવે. એ નિમિત્તે બા સાથે બાપુ થોડીઘણી વાતો કરે. હું બાની કુટિયામાં જ હતી. તે સવારે હું મારી પેટી ગોઠવીને સ્નાન કરવા ગયેલી.

હું સ્નાન કરીને બાની કુટિયામાં આવી ત્યારે બાપુ આવી ગયાં હતાં.

અમે ગાંધી પરિવારનાં સૌ દરરોજ સવારે સ્નાન કર્યા પછી બાપુને પ્રણામ કરતાં. એટલે મેં તે દિવસે પણ પ્રણામ કર્યા, ત્યારે બાપુએ મારા કાન પકડ્યા. હું સમજી ગઈ. મારી કંઈ ભૂલ થઈ જ હશે. તેથી મેં તરત જ બાપુને પૂછ્યું: 'બાપુ આ શાની શિક્ષા છે?' બાપુએ ઉત્તરમાં પોતાનો હાથ લંબાવ્યો, તો બાપુના હાથમાં એક પેની હતી. મારી પેટીમાંથી તે નીચે પડી ગઈ હશે. બાપુએ તે જોઈને લઈ લીધી હતી. મેં તે

પેની લેવા હાથ લંબાવ્યો. બાપુએ કહ્યું: 'એ તને નહીં મળે.' હું તો ઊભી જ રહી. બાપુએ તો નાનો વાર્તાલાપ આપવા માંડ્યો: 'તમે ફિનીક્ષમાં રહો છો. એ તો ધર્માદા ટ્રસ્ટ છે. તમે લોકો આમ એક પેની પણ વેડફો તે કેવું મોટું પાપ છે? તને પેનીની કિંમત ન હોય પણ અમારા ગરીબ દેશમાં તો આ એક પેનીની ઘણી કિંમત છે. તું તો ફિનીક્ષની મહારાણી છે એટલે તને શી ખબર પડે? હવે આ પેની હરિજન ફંડમાં જશે. તને નહિ મળે.'

હું તો ચૂપ થઈ ગઈ. આપણી પાસે એક નાની પેની હોય તે પણ ગમે તેમ વેડફાય નહીં. બાપુના એ સંદેશનો મને ખ્યાલ આવ્યો.

પૂનાની પ્રાર્થના સભાની એક તરફ નાની તારની વાડમાંથી એક ભાઈએ એક મોટો કરંડિયો આપતાં કહ્યું : 'આ કરંડિયો બાપુ માટે છે. એમને પહોંચાડો.' અમે તે કરંડિયો લઈ લીધો. બાપુને બતાવ્યો. બાપુએ કહ્યું: 'અંદર મકાનમાં લઈ જાઓ ને ખોલીને યોગ્ય ઉપયોગ કરો.'

અમે કરંડિયો અંદર મકાનમાં લઈ જઈને ખોલ્યો, તો અમને ખૂબ ખૂબ હસવું આવ્યું. શા માટે? એમાં ફળ નહી, પથ્થરોયે નહી, પણ ફાટેલાં-તૂટેલાં જોડા-ચંપલો હતાં.

અમે બાપુને વાત કરી, તો બાપુએ કહ્યું; 'ચાલો, એનો પણ આપણે ઉપયોગ કરીએ. અહીં બહાર રસ્તા ઉપર ઘણા મોચીઓ બેસે છે. તેમને પૂછી આવો કે આવાં ને આટલાં ચંપલ-જોડા છે. તમે એનું શું આપશો? અને એ રીતે પૂછતાં મોચીએ તે કરંડિયાના જોડા-ચંપલ પાંચ રૂપિયામાં ખરીદ્યાં. બાપુએ તે પાંચ રૂપિયા હરિજન ફંડમાં જમા કરાવ્યા.

બીજે દિવસે બાપુએ પ્રાર્થના સભામાં વાતો કરતાં કહ્યું: 'અમને મારવા માટે બૂટ-ચંપલો કોઈએ મોકલ્યાં, પણ તેમાંથી પણ અમે પાંચ રૂપિયા કમાયા ને તે હરિજન ફંડમાં મૂક્યા. ત્યાં તો સભામાંથી એક માણસે ઊભા થઈને વિરોધ કર્યો કે એ પાંચ રૂપિયા મને આપી દો. તેને હરિજનફંડમાં ન નંખાય. હું ભૂલતી ન હોઉં તો એ માણસ નથ્થુરામ ગોડસે જ હતો.

બાપુની વિદાય પહેલાં એણે ઘણી ઘણીવાર વિરોધ કરેલો.

સેવાગ્રામમાં બાપુની કુટિયા સામે જ અમે રાતે રેતીમાં ખુલ્લામાં શેતરંજી નાખીને સૂઈ જતાં. મને પહેલી રાતે ત્યાં ઊંઘ જ ન આવી. રાતભર પાસાં ફેરવ્યાં કર્યા. ત્યારે હું દક્ષિણ આફ્રિકાથી ત્યાં ગઈ હતી. સવારે બાપુએ મને બોલાવીને પૂછ્યું: 'રાતે ઊંઘ ન આવી? ફિનીક્ષમાં કેવી રીતે સૂએ છે?' મેં કહ્યું : 'પલંગ ઉપર.' બાપુ કહે : 'તે પલંગ કેવા છે?' મેં કહ્યું : 'સાધારણ ગાદલાવાળા.' વાતચીત ત્યાં જ પૂરી થઈ.

તે સાંજે બાપુએ એમના દીકરાને (મણીલાલ ગાંધીને) બોલાવ્યા ને બાપુએ કહ્યું: 'તું સુશીલાને બગાડી રહ્યો છે.' તેમને એ સાંભળીને નવાઈ લાગી. બાપુએ પલંગની વાત કરી. શ્રી મણીલાલ ગાંધીએ કહ્યું: 'બાપુ! અમે હવે ફિનિક્ષ જઈશું ને ત્યારે ત્યાં પણ સાદાઈથી રહીશું.'

અને સાચે જ અમે ભારતથી પાછા ફર્યાં ને ફિનીક્ષમાં આવ્યાં ત્યારે કાથીવાળા પલંગ ઉપર સૂવાનું શરૂ કર્યું. એ રીતે ઘણાં વરસો સુધી અમે સૂતાં. પાછળથી એ પલંગ ઉપર ફોમની તદ્દન પાતળી ગાદી નાખીને સૂતાં. હજી આજે પણ હું એ જ રીતે સૂવાનું પસંદ કરું છું.

જાન્યુઆરી ૧૯૪૮માં બાપુએ વિદાય લીધી. તેના એકાદ માસ પહેલાં જ હું બાપુને મળી હતી. ત્યારે મારી દીકરી બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હતી. તેને ભારત એકલી મૂકીને મારે દક્ષિણ આફ્રિકા જવાનું હતું. મને સ્વાભાવિક ચિંતા થઈ. કોને વાત કરું? બાપુને મારાથી એ વાત સહજ રીતે થઈ ગઈ. બાપુએ મારી ચિંતા જોઈને કહ્યું: 'તું ચિંતા ન કર. ચાલ, આજથી એ છોકરીનો હું માબાપ બનું છું. તું શાંતિથી જા.'

બીજે જ દિવસે હું મુંબઈ આવી. ત્યાંતી સ્ટીમરમાં બેસીને દક્ષિણ આફ્રિકા પહોંચવાનું હતું. મુંબઈ હતી ત્યાં જ બાપુનો પત્ર આવ્યો. બાપુએ એમાં લખ્યું હતું: ગઈકાલે મેં તને 'તારી છોકરીનો માબાપ બનીશ' એમ કહ્યું છે. પણ આ દેહનો શો ભરોસો? હું એનો માબાપ બની શકુ એમ નથી. મારું વચન હું પાછું ખેંચી લઉં છું. તું કોઈ બીજી વ્યવસ્થા કરી શકે છે.

મને પત્ર વાંચીને નવાઈ લાગી. મારે તો સ્ટીમરમાં બેસવાનું હતું. તેથી એવી વ્યવસ્થા કરવાનો મારી પાસે સમય પણ ન હતો. એટલે હું કોઈ વ્યવસ્થા કર્યા વિના જ ફિનિક્ષ આવી.

અને એકાદ માસમાં જ બાપુએ આ દુનિયામાંથી કાયમ માટે વિદાય લીધી.

વાર્તાલાપની પૂર્ણાહુતિ કરતાં શ્રી સુશીલાબેન ગાંધીએ કહ્યું:

"અમે તો નાનપણથી જ બાપુને એક સંતપુરુષ તરીકે જ જોઈએ છીએ. એવી જ શ્રદ્ધાભક્તિ બાપુ પ્રત્યે અમારી તો છે. જોકે બાપુ પાસે જવાનો અમને બહુ સમય મળતો નહી. નહીંતર અમે એમને હજુ વધુ સમજી શક્યાં હોત. બાપુ ક્યાં? અને અમે ક્યાં? એ સંતપુરુષને મન તો આખું વિશ્વ જ પરિવાર હતું."

શ્રી સુશીલાબહેન ગાંધી સાથે વાર્તાલાપ પૂરો થયો. એ વૃદ્ધ સેવાભાવી સન્નારીએ અંતે મારી પાસે એક ભજન ગવડાવ્યું. અંતે અમે વિદાય લીધી.

વિશ્વવિભૂતિ ગાંધીજીને જોવાનું સદ્‌ભાગ્ય તો ન મળ્યું, પરંતુ એમના જ પરિવારના આ સ્ત્રીરત્નને મળીને મને વ્યક્તિગત રીતે ઘણો આનંદ થયો. વિશેષ આનંદ તો એ માટે કે, વિદેશની આ ધરતી ઉપર કે જ્યાં ગાંધીજી પણ રહ્યા હતા ત્યાં જ આ મુલાકાત થઈ.

ગાંધીજીના જીવન-પ્રસંગોમાંથી સેવા, સમભાવ, જાગૃતિ, સાદાઈ, નિયમિતતા, નિયમપાલનનો સંદેશ જેમ શ્રી સુશીલાબહેનને મળ્યો તે રીતે આપણને સૌને મળો એવી પરમકૃપાળુને પ્રાર્થના.

* * હરિઃ ૐ * *

## દક્ષિણ આફ્રિકાની ધરતી પર પૂ.શ્રી યોગેશ્વરજીની વર્તમાનપત્રોની મુલાકાતો

| ક્રમ | તારીખ | વર્તમાનપત્ર | સ્થળ |
|---|---|---|---|
| ૧. | 30-૧૧-૮૨ | ધી લીડર | ડરબન શહેર |
| ૨. | ૧૯-૧૨-૮૨ | સન્ડે ટાઈમ્સ | ડરબન શહેર |
| 3. | ૮-૧-૮3 | ધી સ્ટાર | જોહાનિસબર્ગ |
| ૪. | ૮-૧-૮3 | લેનેશિયા ચાઈમ્સ | જોહાનિસબર્ગ |

## દક્ષિણ આફ્રિકામાં પૂ.શ્રી યોગેશ્વરજીએ આપેલા રેડિયો વાર્તાલાપ

| ક્રમ | તારીખ | વાર્તાલાપ | રેડિયોનું નામ |
|---|---|---|---|
| ૧. | ૮-૧૨-૮૨ | ૧ | એસ.એ.બી.સી. રેડિયો |
| ૨. | ૮-૧૨-૮૨ | ૧ | રેડિયો પોર્ટનાતાલ |
| 3. | ૧૫-૧૨-૮૨ | ૨ | રેડિયો ટ્રુરો |
| ૪. | ૬-૧-૮3 | ૧ | રેડિયો ટ્રુરો |
| ૫. | ૧૬-૨-૮3 | ૪ | રેડિયો ટ્રુરો |
| ૬. | ૮-3-૮3 | ૫ | રેડિયો ટ્રુરો |

## દક્ષિણ આફ્રિકામાં પૂ.શ્રી યોગેશ્વરજીની પ્રવચન-પ્રવૃત્તિ

(* અંગ્રેજીમાં * ગુજરાતીમાં)

| ક્રમ | તારીખ | શહેર | સ્થળ | વિષય |
|---|---|---|---|---|
| ૧ | ૨૧-૧૧-૮૨ | ડરબન | ભારત હોલ | સત્કાર સમારંભ |
| ૨ | ૨૨-૧૧-૮૨ | " | સપ્તાહ મંદિર | ભક્તિયોગ |
| 3 | ૨3-૧૧-૮૨ | " | " | " |
| ૪ | ૨૫-૧૧-૮૨ | " | યોગ સ્કૂલ | ધ્યાનયોગ |
| ૫ | ૨૭-૧૧-૮૨ | " | રામકૃષ્ણ સેન્ટર, અવોકા | ધ્યાન અને પરમશાંતિ |
| ૬ | ૨૮-૧૧-૮૨ | " | ભારત હોલ | ભક્તિયોગ |
| ૭ | " | " | માંધાતા મંડળ | સમાજસેવા |
| ૮ | " | | રામાયણ સભા | ભારતીય સંસ્કૃતિ |
| ૯ | ૨૯-૧૧-૮૨ | " | ભારત હોલ | ભક્તિયોગ |
| ૧૦ | 30-૧૧-૮૨ | " | " | " |
| ૧૧ | ૧-૧૨-૮૨ | " | " | " |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | ૨-૧૨-૮૨ | ડરબન | ભારત હોલ | ભક્તિયોગ |
| ૧૩ | ૩-૧૨-૮૨ | " | " | " |
| ૧૪ | ૪-૧૨-૮૨ | " | " | " |
| ૧૫ | ૫-૧૨-૮૨ | " | " | " |
| ૧૬ | ૬-૧૨-૮૨ | " | " | " |
| ૧૭ | ૭-૧૨-૮૨ | " | " | " |
| ૧૮ | ૮-૧૨-૮૨ | " | " | " |
| ૧૯ | ૯-૧૨-૮૨ | " | " | " |
| ૨૦ | ૧૦-૧૨-૮૨ | " | " | " |
| ૨૧ | ૧૧-૧૨-૮૨ | " | " | " |
| ૨૨ | ૧૨-૧૨-૮૨ | " | " | " |
| ૨૩ | ૧૨-૧૨-૮૨ | " | રામકૃષ્ણ સેન્ટર, એસેવીલ | દક્ષિણેશ્વરના મારા અનુભવો |
| ૨૪ | ૧૩-૧૨-૮૨ | " | હિન્દુ સેવા સમાજ, રીઝર્વહીલ | આત્મ-સાક્ષાત્કાર |
| ૨૫ | ૧૪-૧૨-૮૨ | " | " | " |
| ૨૬ | ૧૫-૧૨-૮૨ | " | " | " |
| ૨૭ | ૧૬-૧૨-૮૨ | પીટરમેરિસબર્ગ | શિવાનંદ સેન્ટર | નામ-સ્મરણ |
| ૨૮ | ૧૭-૧૨-૮૨ | " | " | " |
| ૨૯ | ૧૮-૧૨-૮૨ | ડરબન | ડીવાઈન લાઈફ સેન્ટર, રીઝર્વહીલ | ભારતના સંતો અને તેમનું કાર્ય |
| ૩૦ | ૧૯-૧૨-૮૨ | " | " | ગુરુભક્તિ |
| ૩૧ | ૨૦-૧૨-૮૨ | ફિનીક્ષ | સિવિક્સ સેન્ટર | શ્રી રામકૃષ્ણદેવ |
| ૩૨ | ૨૧-૧૨-૮૨ | ઈસ્પીંગો | હિન્દુ સોસાયટી | ગીતાનો સંદેશ |
| ૩૩ | ૨૩-૧૨-૮૨ | ડરબન | ભારત હોલ | સ્વામીનારાયણ સંપ્રદાય |
| ૩૪ | ૨૫-૧૨-૮૨ | ડન્ડી | - | નામનો મહિમા |
| ૩૫ | ૨૬-૧૨-૮૨ | ડન્ડી | - | " |
| ૩૬ | ૨૭-૧૨-૮૨ | ડન્ડી | સિવિક્સ સેન્ટર | મનુષ્યત્વં મુમુક્ષત્વં |
| ૩૭ | ૨૮-૧૨-૮૨ | ન્યુ કાસલ | રામકૃષ્ણ સેન્ટર | આત્મ-સાક્ષાત્કાર |
| ૩૮ | ૨૯-૧૨-૮૨ | આસ્કોટ | ગુજરાતી હોલ | નામ-સ્મરણ |
| ૩૯ | ૩૦-૧૨-૮૨ | લેડીસ્મિથ | સનાતન મંદિર | સંતોના જીવનપ્રસંગો |
| ૪૦ | ૩૧-૧૨-૮૨ | ન્યુ કાસલ | રામકૃષ્ણ સેન્ટર | ભક્તિયોગ |
| ૪૧ | ૨-૧-૮૩ | જોહાનિસબર્ગ | રામકૃષ્ણ હોલ, લેનેશિયા | ભગવાન રમણ મહર્ષિ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૨ | ૩-૧-૮૩ | જોહાનિસબર્ગ | પાટીદાર હોલ | ભક્તિયોગ |
| ૪૩ | ૪-૧-૮૩ | " | " | " |
| ૪૪ | ૫-૧-૮૩ | " | " | " |
| ૪૫ | ૬-૧-૮૩ | " | " | " |
| ૪૬ | ૭-૧-૮૩ | " | " | " |
| ૪૭ | ૯-૧-૮૩ | પ્રિટોરીઆ | હિન્દુ સેવા સમાજ | ભક્તિયોગ |
| ૪૮ | ૧૦-૧-૮૩ | " | " | " |
| ૪૯ | ૧૧-૧-૮૩ | " | " | " |
| ૫૦ | ૧૨-૧-૮૩ | બિનોની | ગુજરાતી સેવા સમાજ | નામ-સ્મરણ |
| ૫૧ | ૧૩-૧-૮૩ | " | " | " |
| ૫૨ | ૧૪-૧-૮૩ | સ્પ્રિંગ | સૂરત મંડળ | સમર્પણભાવ |
| ૫૩ | ૧૬-૧-૮૩ | જોહાનિસબર્ગ | સત્યસાંઈબાબા મંડળ | શીરડી સાંઈબાબાના અનુભવો |
| ૫૪ | ૧૭-૧-૮૩ | " | હિન્દુ સર્વ સેવા સંઘ, લેનેશિયા | ધ્યાનયોગ |
| ૫૫ | ૧૮-૧-૮૩ | " | " | " |
| ૫૬ | ૧૯-૧-૮૩ | " | " | " |
| ૫૭ | ૨૦-૧-૮૩ | " | સત્ય સાંઈબાબા સેન્ટર | સંતોનો મહિમા |
| ૫૮ | ૨૧-૧-૮૩ | " | લક્ષ્મીનારાયણ મંદિર | ભક્તિયોગ |
| ૫૯ | ૨૨-૧-૮૩ | " | " | " |
| ૬૦ | ૨૩-૧-૮૩ | " | " | ભક્તિયોગ |
| ૬૧ | ૨૪-૧-૮૩ | " | રામેશ્વર મંદિર | દિવ્ય અનુભવો |
| ૬૨ | ૨૬-૧-૮૩ | કેપટાઉન | કેપ હિન્દુ સોસાયટી | ભક્તિયોગ |
| ૬૩ | ૨૭-૧-૮૩ | " | " | " |
| ૬૪ | ૨૮-૧-૮૩ | " | " | " |
| ૬૫ | ૨૯-૧-૮૩ | " | યોગ સેન્ટર | યોગનું રહસ્ય |
| ૬૬ | ૨૯-૧-૮૩ | પોર્ટ ઇલિઝાબેથ | હિન્દુ સેવા સમાજ | ભારતીય સંતો |
| ૬૭ | ૩૦-૧-૮૩ | " | " | " |
| ૬૮ | ૩૧-૧-૮૩ | યુટનહેગ | મંદિર | ભક્તિયોગ |
| ૬૯ | ૧-૨-૮૩ | ગ્રેહામ ટાઉન | મંદિર | ભક્તિયોગ |
| ૭૦ | ૨-૨-૮૩ | કીંગવિલિયમ ટાઉન | - | " |
| ૭૧ | ૩-૨-૮૩ | ઈસ્ટ લંડન | મંદિર | પ્રાર્થના સાધના છે |
| ૭૨ | ૪-૨-૮૩ | " | " | " |

| | | | | |
|---|---|---|---|---|
| ૭૩ | ૫-૨-૮૩ | ઈસ્ટ લંડન | ઈસ્ટ લંડન સોસાયટી | પ્રાર્થનાની સાધના |
| ૭૪ | ૬-૨-૮૩ | ડરબન | ડિવાઈન લાઇફ સેન્ટર | ગીતાનો મર્મ |
| ૭૫ | ૭-૨-૮૩ | " | ભારત હોલ | નામ-સ્મરણ |
| ૭૬ | ૮-૨-૮૩ | " | " | " |
| ૭૭ | ૯-૨-૮૩ | " | " | " |
| ૭૮ | ૧૦-૨-૮૩ | " | " | " |
| ૭૯ | ૧૧-૨-૮૩ | " | સપ્તાહ મંદિર | શિવરાત્રી |
| ૮૦ | ૧૧-૨-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, એસેવીલ | શિવરાત્રી મહિમા |
| ૮૧ | ૧૧-૨-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, અવોકા | " |
| ૮૨ | ૧૨-૨-૮૩ | " | ડિવાઈન લાઈફ સેન્ટર, રીઝર્વહીલ | કર્મયોગ |
| ૮૩ | ૧૨-૨-૮૩ | પીટરમેરીસબર્ગ | વેદિક સભા હોલ | દયાનંદ સરસ્વતીનું જીવન |
| ૮૪ | ૧૩-૨-૮૩ | ડરબન | ડિવાઈન લાઇફ સેન્ટર | કર્મયોગ |
| ૮૫ | ૧૩-૨-૮૩ | " | આર્ય પ્રતિનિધિ હોલ | દયાનંદ સરસ્વતી - જીવન અને કાર્ય |
| ૮૬ | ૧૪-૨-૮૩ | વેરૂલમ | ગોપાલ ટેમ્પલ | ભારતીય સંસ્કૃતિ |
| ૮૭ | ૧૭-૨-૮૩ | ડરબન | ભારત હોલ | રામકૃષ્ણદેવ |
| ૮૮ | ૧૮-૨-૮૩ | " | " | " |
| ૮૯ | ૧૯-૨-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, અવોકા | નામ-સ્મરણ |
| ૯૦ | ૨૦-૨-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, એસેવીલ | " |
| ૯૧ | ૨૦-૨-૮૩ | " | ડિવાઈન લાઈફ સેન્ટર | કર્મયોગ |
| ૯૨ | ૨૧-૨-૮૩ | " | હિન્દુ સેવા સમાજ | રામાયણનો મર્મ |
| ૯૩ | ૨૨-૨-૮૩ | " | " | " |
| ૯૪ | ૨૨-૨-૮૩ | " | યોગ સેન્ટર, રીઝર્વહીલ | હઠયોગ અને રાજયોગ |
| ૯૫ | ૨૩-૨-૮૩ | " | હિન્દુ સેવા સમાજ | રામાયણનો મર્મ |
| ૯૬ | ૨૪-૨-૮૩ | " | " | " |
| ૯૭ | ૨૫-૨-૮૩ | " | ભારત હોલ | રામચરિતમાનસ |
| ૯૮ | ૨૬-૨-૮૩ | " | " | " |
| ૯૯ | ૨૭-૨-૮૩ | " | " | " |
| ૧૦૦ | ૨૭-૨-૮૩ | " | ડિવાઈન લાઇફ સેન્ટર | ગીતાનું અમૃત |
| ૧૦૧ | ૨૭-૨-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, અવોકા | સર્વ ધર્મ એકતા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૨ | ૨૮-૨-૮૩ | ડરબન | ભારત હોલ | રામચરિતમાનસ |
| ૧૦૩ | ૧-૩-૮૩ | જોહાનિસબર્ગ | - | કર્મયોગ |
| ૧૦૪ | ૫-૩-૮૩ | લુઈસટ્રીકાડ | મંદિર | ભક્તિયોગ |
| ૧૦૫ | ૬-૩-૮૩ | જોહાનિસબર્ગ | સત્યસાંઈ સેન્ટર | ભક્તિ અને ગુરુમાં શ્રદ્ધા |
| ૧૦૬ | ૭-૩-૮૩ | | " | પૂર્વ અને પશ્ચિમ સંસ્કૃતિ |
| ૧૦૭ | ૯-૩-૮૩ | ડરબન | ભારત હોલ | અષ્ટાંગ યોગ |
| ૧૦૮ | ૧૦-૩-૮૩ | " | " | રામચરિતમાનસ |
| ૧૦૯ | ૧૧-૩-૮૩ | " | " | " |
| ૧૧૦ | ૧૨-૩-૮૩ | " | " | શક્તિપૂજા |
| ૧૧૧ | ૧૩-૩-૮૩ | " | હિન્દુ એસોસીએશન | ધ્યાન શિબિર |
| ૧૧૨ | ૧૪-૩-૮૩ | " | ભારત હોલ | શક્તિ પૂજા |
| ૧૧૩ | ૧૫-૩-૮૩ | " | વેસ્ટવીલ યુનિવર્સિટી | સા વિદ્યા યા વિમુક્તયે |
| ૧૧૪ | ૧૫-૩-૮૩ | " | ભારત હોલ | ધ્યાનયોગ |
| ૧૧૫ | ૧૬-૩-૮૩ | " | " | સંત સમાગમ |
| ૧૧૬ | ૧૭-૩-૮૩ | " | " | " |
| ૧૧૭ | ૧૮-૩-૮૩ | " | " | " |
| ૧૧૮ | ૧૯-૩-૮૩ | " | " | વિદાય સમારંભ |
| ૧૧૯ | ૧૯-૩-૮૩ | " | રામકૃષ્ણ સેન્ટર, અવોકા | રામકૃષ્ણદેવ અને જ્ઞાનયોગ |
| ૧૨૦ | ૨૦-૩-૮૩ | મોરીશિયસ | શ્રી રામકૃષ્ણ મિશન | શ્રી રામકૃષ્ણદેવ |

**(* અંગ્રેજીમાં * ગુજરાતીમાં)**

## Maa Sarveshwari



Spiritual heir of Shri Yogeshwarji, Maa Sarveshwari was born on November 13th, 1943 in a small village, Kapura near Vyara in Southern Gujarat. Born to a rich yet religious farmer's family, she was youngest of six kids of Kalidas and Bhikhiben. After her school education, she moved to Surat for further studies. She graduated in Arts with flying colors and received 'Umashankar Joshi Gold Medal' for her outstanding achievement in Gujarati language. After completing her studies, she started as a teacher at Sadhna Vidya Bhavan, Surat where she later became Principal.

It was December of 1970, when she first met Shri Yogeshwarji. In no time, she recognized him as her spiritual master. Her pre-birth samskaras changed the course of her life and she began her journey on the divine path. Active and timely guidance from her Guru Yogeshwarji increased her enthusiasm manifold and she was encouraged to stay often at the Maun Mandir (Temple of silence).

With utmost passion and zeal, she devoted all her time after spiritual advancement. Her spontaneous conversation with the Divine took the form of melodious Bhajans. Later on, 'Arghya' marked the publication of her first collection of Bhajans followed by another entitled 'Anjali'.

During the South India tour with Shri Yogeshwarji, She was blessed by an extraordinary diksha (spiritual initiation) at Shrishailam. Thereafter, her spiritual progress became unhindered and her life became subtly changed and charged. In 1979, by the command of Mother Goddess, Yogeshwarji gave her a new name 'Maa Sarveshwari' and thereafter she became known by her present name.

November 9, 1979 marked the turning point in her life when Shri Yogeshwarji had a fatal heart attack and was admitted to hospital. Without any hesitation, she resigned from her post of Principal and forever decided to be at the service of her Guru. With her sincere service and prayers, Yogeshwarji recovered. Thereafter she stayed with Yogeshwarji. She accompanied him in India as well as abroad to USA, UK, Canada and South Africa on spiritual mission and actively contributed there with her performance of Yoga and her melodious bhajans.


March 18th, 1984 Yogeshwarji left his physical body but she steadfastly continued to worship him. Devotees looked at her as a spiritual heir of Yogeshwarji. She proved her mettle in an extraordinary way. She left taking food grain from that day yet took charge of all activities and began managing it in her own superb way.

She not only fulfilled the dream of her Guru, but exceeded everyone's aspiration by building a magnificent complex at Ambaji on the land selected by Shri Yogeshwarji. Today, Swargarohan is abuzz with manifold benevolent activities like medical camps, eye operations, food giving, cloth giving, etc under her active guidance and utmost involvement.

In 2003, a grand celebration - 'Sannidhi Parva' at her birth place Kapura marked 60 years of her inspiring life. Thousands of devotees from India and abroad participated in this unique divine festival. She showed the world that in a small looking physical body lies all powerful soul. More than 21 years (since March 18th, 1984) without a single food grain, she displayed that with strong determination and sheer will power, one can achieve anything in life beside God's grace.

A living legend, Maa Sarveshwari is an idol of devotion and love. Her blessed vision is enough to fill one’s mind with peace and divine joy.

*



## શ્રી. સર્વેશ્વરી – એક પરિચય

કેટલીક પળો જગતની પાવન પળો હોય છે. શ્રી. સર્વેશ્વરીનો જન્મ પણ એવી જ પાવન પળોમાં થયો.

શૈશવથી જ એમની શકિત અને પ્રકૃતિ અસાધારણ હતી. બી.એ., બી.એડ. કરીને કેળવણી-ક્ષેત્રે પદાર્પણ કર્યા પછી એમના આધ્યાત્મિક સંસ્કારો સર્વોચ્ચ સ્વરૂપે પ્રાદુર્ભાવ પામ્યા.

ઈ.સ. ૧૯૭૧માં એમને શ્રી. યોગેશ્વરજીનો સમાગમ થયો. એમનો પ્રેમ, વિશ્વાસ, સમર્પણભાવ સોળે કળાએ ખીલી ઊઠયાં.


સુરતના સાધના વિદ્યાભવનના પ્રાથમિક વિભાગનાં આચાર્યા તરીકે એમને પ્રશંસકો, ભકતો, અનુયાયીઓ પરમ પૂજ્યભાવે નિહાળવા લાગ્યા. એમના હૃદયમાંથી નીકળતાં સ્વરચિત ભજનો સાંભળીને મન મુગ્ધ બનતું.

ઈ.સ. ૧૯૭૯ના નવેમ્બરમાં શ્રી. યોગેશ્વરજીને ભયંકર હાર્ટ-એટેક થયો ત્યારે એમણે ખૂબ જ પ્રેમપૂર્વક સેવા કરી અને શાળાના આચાર્યા-પદેથી રાજીનામું આપી દીધું. એમનું જીવન શ્રી. યોગેશ્વરજીની સેવામાં સમર્પિત થયું. એમણે શ્રી. યોગેશ્વરજી સાથે ઝામ્બિયા, ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા અને સાઉથ-આફ્રિકાના પ્રવચન-પ્રવાસો કરીને ત્યાંની જનતાની ચાહના પ્રાપ્ત કરી છે.

એમના બે ભજનસંગ્રહો 'અર્ઘ્ય' અને 'અંજલિ' નામે આ પહેલાં પ્રસિદ્ધિ પામ્યા છે અને તે ખૂબ જ લોકપ્રિય બન્યા છે.

તેઓ એક સુંદર લેખિકા તથા વકતા પણ છે. સમાજ એમની પાસેથી ઘણી ઘણી આશાઓ રાખે છે. એમને પ્રકટાવીને ગુજરાતની ધરતી ધન્ય બની છે.

## શ્રી યોગેશ્વરજી - એક પરિચય



**(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)**

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી

સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

* * * * *

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

* * * * *

**For more information**
**on Life and works**
**of**

# Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**